# પ્રસાદ નં. ૫૧

## સમયસાર ગાથા ૬૫—૬૬ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૨, મંગળવાર, ૨૦૦૭)

અહીં તો એમ કહે છે કે જીવની પર્યાયમાં જે જીવસ્થાનના ભેદ પડે છે તે જીવ નથી, કેમ કે કારણ જેવું જ કાર્ય હોય, કારણ અને કાર્ય જુદા હોય નહિ. એકેન્દ્રિયાદિ, પર્યાપ્તિપણું જીવને નથી અને જીવને લઈને તે થયા નથી. જીવને લઈને તો સ્વાભાવિક વીતરાગીપર્યાય થાય માટે જીવસ્થાનના ચૌદ ભેદ તે જીવને નથી.

'અમને પંચેન્દ્રિયપણું મળ્યું છે'—એમ કહેનાર જીવને સમજતો નથી. જીવ તો ચૈતન્ય જ્ઞાતા અભેદ તત્ત્વ છે, અને ઇન્દ્રિયપણું તો જડ છે. તે જીવને મળે તો જીવને જડ મળ્યું કહેવાય કારણ કે જીવ કારણ અને જડ કાર્ય થયું. પણ તેમ બને નહિ. તેથી જીવસ્થાનના ભેદ જીવથી થયા નથી; જેમ સોનાનું પાંદડું સોનામાંથી થયું છે, તેમ જીવમાંથી ચૌદ પ્રકારનાં જીવસ્થાનો થયાં નથી, જીવનું એ સ્વરૂપ નથી.

કોઈ એવી દલીલ કરતું હોય કે મનુષ્યપણું પ્રાપ્ત થયું માટે સમજવાનું ટાણું પ્રાપ્ત થયું છે, તો એમ માનનાર પણ જીવના સ્વભાવને સમજ્યો નથી. જીવનો સ્વભાવ તો ચૈતન્ય ઉપયોગથી ભરેલો છે તે છે. તેનામાં ચૌદ ભેદ નથી. માટે જીવસ્થાનવાળો જીવને માનવો નહિ. જાણવા—દેખવાનો સ્વભાવ તે જીવ છે, પંચેન્દ્રિયપણું તે જીવ નથી, એવા જીવતત્ત્વને માન્યે સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય માન્યાં કહેવાય.

એ રીતે સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન—તેઓ પણ પુદ્ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં હોવાથી પુદ્ગલ જ છે. જીવસ્થાનની જેમ આ આઠે નામકર્મની પ્રકૃતિથી રચાયેલાં હોવાથી બધાં પુદ્ગલમય જ છે.

પૂર્વે શુભભાવો કર્યા હતા માટે સુંદર અને સારું શરીર મળ્યું છે, તેવું ખોટું અભિમાન કરીશ નહિ. કેમ કે તે બધું નામકર્મની પ્રકૃતિનું કાર્ય છે. જીવનું કારણ તેમાં નથી. ભગવાન આત્માના કારણનું કાર્ય તે નથી. આત્માનું કાર્ય તો જ્ઞાતાદ્રષ્ટા વીતરાગી ભાવ તે છે. તે ભાવથી સંયોગો મળે નહિ. જે કારણે સંયોગો મળે તે કારણ પણ આત્મામાં નથી. ભગવાનમાંથી ભગવાનપણું મળે પણ સંયોગ મળે નહિ.

આત્મા વિકારમાં કારણ ખરેખર હોઈ શકે નહિ. એ રીતે શરીર, સંઘયણાદિ જડનું કાર્ય હોવાથી જડથી અભિન્ન છે. તંદુરસ્ત શરીર હોય તો જીવને ઠીક પડે અને પછી ધર્મ કરવાની મજા પડે, તે દેહ હોય તો ધર્મ થાય—એમ માને છે. પણ જીવ તત્ત્વ હોય તો ધર્મ થાય—એમ માનતો નથી. પર્યાય, વિકાર, રાગાદિ ધર્મનું સાધન નથી તો શરીર, નિમિત્તાદિ સાધન થાય એમ તો બનતું જ નથી. અહીં તો ચૈતન્ય અને જડ બેની વાત છે. કર્મ તે કારણ અને પંચેન્દ્રિયપણું તે કાર્ય અને જીવ તે કારણ ને વીતરાગતા તે કાર્ય—એમ બંનેના કારણ–કાર્ય બતાવ્યાં છે.

## કળશ ૩૮

અર્થ :—જે વસ્તુથી જે ભાવ બને, તે ભાવ તે વસ્તુ જ છે, કોઈ રીતે અન્ય વસ્તુ નથી; જેમ જગતમાં સોનાથી બનેલા મ્યાનને લોકો સોનું જ દેખે છે, કોઈ રીતે તરવાર દેખતા નથી. તેવી રીતે ચૈતન્યદ્રવ્યને વિષે પર્યાયમાં રહેલો વિકાર, ભેદ તથા વર્ણાદિ બધા ભાવો અજીવનું કાર્ય છે, તે જીવનું કાર્ય દેખાતું નથી.

જેમ સોનાનું મ્યાન છે, તેને લોકો સોનું દેખે છે પણ પ્રત્યક્ષ તરવારને સોનાની છે, એમ દેખતા નથી. તેમ તમો પણ વર્ણાદિ ભાવોને પુદ્‌ગલના દેખો, અને આત્માના નથી, એમ દેખો. આત્મા તરવાર સમાન છે અને ચૌદ જીવસ્થાનના ભેદો મ્યાન એટલે ઉપરના ખોખા સમાન છે. મ્યાન તે તરવાર નથી, તેમ ચૌદ પ્રકારના ભેદો પર્યાયમાં પડે છે, તે જ્ઞાયકસ્વભાવરૂપી આત્મા નથી.

સોનાનું મ્યાન દેખીને તરવારને સોનાની કહેવી, તે વ્યવહાર છે. પણ જેમ મ્યાનમાં તરવાર જુદી છે તેમ આ વર્ણાદિ ભેદોથી આત્મા, ત્રિકાળજ્ઞાતા જુદો છે. તેને ચૌદ ભેદવાળો વ્યવહારથી કહેવાય છે, પણ તે ખરેખર સ્વભાવમાં નથી. માટે ભેદ વગેરે જીવ નથી. જો ભેદ કે વિકાર જીવની સાથે અભેદ હોય તો જીવ તેનાથી જુદો પડે નહિ. માટે વર્ણાદિ ભાવો બધા પુદ્‌ગલથી બનેલા છે તેથી પુદ્‌ગલ જ છે, જીવ નથી.

## કળશ ૩૯

આચાર્ય ભગવાન એમ સંબોધન કરે છે કે, અહો જ્ઞાનીજનો! અહો ધર્માત્મા! આ ગુણસ્થાનાદિ ભાવો છે તે બધા જડથી રચાયેલા છે. રાગ, વિકાર, ભેદ—એ બધા ભાવોને પુદ્‌ગલની રચના જાણો, કેમકે વસ્તુ છે તેનો ભાવ તેનાથી જુદો નથી. ભેદ—નિમિત્તાદિનો ભાવ તે પુદ્‌ગલવસ્તુથી અભેદ છે પણ જીવવસ્તુથી તે અભેદ નથી. એટલે તે ભાવો આત્મા ન હો, પુદ્‌ગલ જ હો.

જ્યારે આત્માને પુદ્‌ગલાદિ દ્રવ્યોથી ભિન્ન જણાવવો હોય ત્યારે આત્માની વર્તમાન પર્યાયમાં થતો વિકાર તે આત્મદ્રવ્યનો છે પણ જડનો નથી, એમ કહેવાય. કેમ કે આત્મા પોતે તે કરે છે, કાંઈ જડ તે કરાવતું નથી. એમ પરદ્રવ્યથી ભિન્ન આત્મા છે તેને જાણ્યા પછી આત્માનો ત્રિકાળી સ્વભાવ છે તેની દ્રષ્ટિ કરાવવા માટે પર્યાયમાં થતા વિકારીભાવો તથા ભેદો જડના છે; જડથી થયેલા છે, તેમ કહેવામાં આવે છે. પણ તે ભાવો ચૈતન્યસ્વભાવથી બનેલા નથી. વિકાર એક સમયથી વધારે નથી હોતો, સ્વભાવ તો અભેદ ત્રિકાળ છે. તેવી રીતે ઔપાધિક તથા સ્વભાવિક ભાવને યથાર્થ જાણવા તે સમ્યક્જ્ઞાન છે.

અહો જ્ઞાનીજનો! વર્ણાદિ બધા ભાવો પુદ્‌ગલનું કાર્ય છે માટે પુદ્‌ગલ જ છે. પોતાની મેળે સમયસાર વાંચીને ભાવ કાઢે કે, આવું લખાણ છે, માટે તે ભાવો કર્મ કરાવે છે—તો એમ નથી. ગુરુગમ વગર પોતાની મેળે ઊંધા અર્થ કાઢે તે સમયસારને સમજતો નથી. અહીં તો તે વર્ણાદિ ભાવો છે, તે આત્માના સ્વભાવની રચના નથી, તેમ બતાવવા માટે તે પુદ્‌ગલના કારણથી થયા છે—એમ કહ્યું છે.

ગુણસ્થાન કે જીવસ્થાનાદિ ભાવો પુદ્‌ગલની રચના છે. પુદ્‌ગલ કારણ અને ગુણસ્થાનાદિ કાર્ય છે, અને કારણ તથા કાર્ય જુદાં હોય નહિ, તેથી તે ભાવો પુદ્‌ગલ જ છે, આત્મા નથી. આત્મા તો વિજ્ઞાનઘન છે, ચૈતન્યપિંડ છે, જ્ઞાયકસ્વભાવ દળ છે. એ સિવાય બીજું તેનું સ્વરૂપ નથી. આત્મા ચૈતન્યઘનસ્વભાવી છે અને વર્ણાદિ ભાવોમય નથી—એમ અનેકાંત કર્યું છે. આત્મા વિજ્ઞાનઘન અભેદ તત્ત્વ છે. નિચલી દશામાં પર્યાયમાં ભેદ હોય પણ તે આત્માનું કાર્ય નથી, માટે આત્મા નથી પણ પુદ્‌ગલ જ છે.

હવે આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે—એમ કહે છે.

**પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

ટીકા :—બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વિંદ્રિય, ત્રિંદ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત, એ દેહનાં નામોને સૂત્રમાં જીવના નામથી વર્ણન કર્યાં છે. તે જીવનું સ્વરૂપ નથી, છતાં તેને જીવ કહેવો, તે વ્યવહાર છે. 'ઘીના ઘડા'ની જેમ તે વ્યવહાર પ્રયોજનભૂત નથી. ગાથા ૧૨માં વ્યવહારને પ્રયોજનભૂત કહ્યો છે. ત્યાં તો વ્યવહારનું જ્ઞાન કરાવે છે અને અહીં વ્યવહાર પ્રયોજનભૂત નથી, એમ કહેવાનું કારણ વ્યવહારનો આશ્રય છોડાવવો છે. કેમ કે વ્યવહારથી લાભ નથી, માટે પ્રયોજનભૂત નથી, તે વાતને સ્પષ્ટ કરે છે :

જેમ કોઈ પુરુષ જન્મથી માંડીને માત્ર 'ઘીનો ઘડો' જ જોયો હોય તે સિવાય ખાલી માટીનો ઘડો જોયો ન હોય તેને સમજાવવા "જે આ 'ઘીનો ઘડો' છે તે 'માટીમય છે' ઘીમય નથી." અહીં 'માટીમય છે' તેના ઉપર વજન છે. ઘીના ઘડા ઉપર નથી. ઘીનો ઘડો તો એટલા માટે કહ્યો છે કે તેણે બીજો ઘડો જોયો નથી, અને તે પુરુષને ઘીનો ઘડો જ ઘૂંટાયા કરે છે. એટલે ઘીનો ઘડો છે તે માટીમય છે. માટીથી અભેદ છે; પણ ઘીથી અભેદ નથી—એમ સમજાવનાર વડે ઘડામાં 'ઘીના ઘડાનો' આરોપ કરવામાં આવે છે.

તેમ અજ્ઞાનીને અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે એટલે અજ્ઞાનીના ખ્યાલમાં પર્યાય જ આવી છે. સ્વભાવ ખ્યાલમાં આવ્યો નથી. કર્મવાળો, રાગવાળો, ગુણસ્થાનવાળો, એમ અનેક પ્રકારથી ભેદવાળો જીવને માન્યો છે. એટલે આચાર્ય ભગવાને એટલું તો જાણ્યું છે કે જીવે અનાદિકાળથી વ્યવહારનું તો જ્ઞાન કર્યું છે, પણ અભેદ સ્વભાવને જાણ્યો નથી.

શુદ્ધ જીવનું જ્ઞાન કરતી વખતે ગુરુ આદિનું નિમિત્ત હોય છે તે પણ સાથે નિયમ કહે છે કે એવા અજ્ઞાનીને સમજાવવા કહે છે કે 'આ "વર્ણાદિવાળો જીવ" છે તે જ્ઞાનમય છે,' વર્ણાદિમય નથી. ગુરુએ કહ્યું કે જીવ તો જ્ઞાનમય છે. મય શબ્દ તે અભેદ સ્વભાવને સૂચવે છે. પર્યાય, વિકાર, નિમિત્તાદિના સંબંધવાળો જીવ જાણ્યો છે પણ તે જીવ નથી. જીવ તો જ્ઞાનમય છે.

ભેદનો વ્યવહાર તો જ્ઞાનમય આત્મા છે, તે સમજાવવા કહ્યો છે. જીવને જ્ઞાનમય ન સમજે તો વ્યવહાર પણ સમજ્યો કહેવાય નહીં. ભેદ, વિકારાદિવાળો જીવ છે, તેમ પ્રસિદ્ધ છે, તેમ કહ્યું તો ખરું પણ જીવ છે તે જ્ઞાનમય છે—તેમ ખરેખર કહેવું છે; વર્ણાદિવાળો છે, તેમ બતાવવા કહ્યું નથી. વર્ણાદિમાન નથી પણ જ્ઞાનમય છે. પ્રથમ વ્યવહાર, ભેદ, નિમિત્તનો સ્વીકાર કરીને, તે જીવ નથી પણ જીવ તો જ્ઞાનમય છે, તેમ સમજે તો વ્યવહારને જાણ્યો કહેવાય.

અહીં તો અનાદિનો અજ્ઞાની છે, તેને આ ઉપદેશ આપે છે. તેને વ્યવહાર તો અનાદિનો પ્રસિદ્ધ છે. તેને કહે છે કે ભેદ, વિકાર તે જીવ નથી; જ્ઞાનમય જીવ છે. 'જીવ વર્ણાદિમાન છે' તે તો જીવ તેનાથી રહિત છે તે જણાવવા વ્યવહારથી કહેવામાં આવ્યું છે. અહીં ગુણસ્થાન જીવને કહેવા તે ઘીના ઘડાની જેમ વ્યવહાર છે—એમ કહે છે તે વ્યવહાર અપ્રયોજનભૂત હોવા છતાં જ્ઞાન કરાવવા કહેલ છે.

# કળશ ૪૦

જેમ ઘીનો ઘડો કહેતાં પણ ઘડો છે તે ઘીમય નથી પણ માટીમય જ છે, તેવી રીતે વર્ણાદિમાન જીવને કહેતાં પણ જીવ વર્ણાદિમાન નથી. પણ જ્ઞાનઘન જ છે. ચૌદમા ગુણસ્થાનનો ભેદ પણ જીવને ઘીના ઘડાની જેમ વ્યવહાર છે. વસ્તુના સ્વભાવમાં તે ભેદનો પ્રવેશ નથી. વિજ્ઞાનઘન સિવાય વિકાર-ભેદ આદિવાળો જીવને માનવો તે જીવનો ઘાત કરવા જેવું છે અને વિજ્ઞાનઘનરૂપ જીવને માનવો તે આત્માની સાચી અહિંસા અને દયા છે.

ભાવાર્થ :—ઘીથી ભરેલા ઘડાને વ્યવહારથી ઘીનો કહેવામાં આવે છે છતાં ખરેખર ઘડો ઘીસ્વરૂપ થયો નથી. ઘી, ઘી સ્વરૂપ છે. માટી, માટી સ્વરૂપ છે. તેવી રીતે વર્ણ, પર્યાપ્ત ઇત્યાદિ સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધવાળા જીવને સૂત્રમાં વ્યવહારથી પર્યાપ્ત જીવ, દેવ જીવ આદિ કહેવામાં આવ્યો છે, છતાં નિશ્ચયથી જીવ તે સ્વરૂપ નથી. ઇન્દ્રિયો આદિ પુદ્‌ગલસ્વરૂપ છે અને જીવ જ્ઞાનસ્વરૂપ છે—એમ સમજવું.

# પ્રસાદ નં. ૫૨

## સમયસાર ગાથા ૬૮ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૩, બુધવાર, ૨૦૦૭)

ગાથા ૬૭માં વર્ણાદિભાવો જીવ નથી એ સિદ્ધ કર્યું હતું, તેવી રીતે ગાથા ૬૮માં રાગાદિભાવો પણ જીવ નથી, તે પણ સિદ્ધ થયું છે.

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં ? ૬૮.**

અહીં ગુણસ્થાનનો બોલ કહીને એમ કહ્યું કે પ્રથમ જે ઓગણત્રીસ બોલ કહ્યા હતા તે બધા જીવ નથી. અહીં તો મોહકર્મના ઉદયે ગુણસ્થાન થયા છે, તેમ શાસ્ત્રમાં તો કહ્યું છે માટે નિમિત્ત કારણ છે તેને ઉડાવવું જોઈએ નહિ, તેમ અજ્ઞાની કહે છે.

આત્મામાં જે અશુદ્ધપર્યાય થાય છે તે તો પોતાની યોગ્યતાના કારણે થાય છે, પણ તેમાં કર્મનું નિમિત્ત છે, તેથી કર્મના ઉદયે થયો તેમ કહેવાય છે. પણ અહીં તો કહેવું છે કે તે કર્મ અને કર્મના નિમિત્તે થતો વિકારીભાવ તે જીવ કેમ હોઈ શકે ? કેમ કે તેઓ સદા અચેતન છે, તેમ આગમમાં પણ કહ્યું છે.

ટીકા :—ગાથા ૬૭માં જીવસ્થાનો નામકર્મની પ્રકૃતિના કારણે થાય છે, તેમ કહ્યું હતું એટલે તેમાં કર્મનું નિમિત્તપણું હતું. અહીં મિથ્યાત્વ આદિ ગુણસ્થાનો પૌદ્‌ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક છે. એટલે મોહકર્મ નિમિત્ત છે અને પોતાની પર્યાયની યોગ્યતાના કારણે ગુણસ્થાનના ભેદો છે ખરા; પણ શુદ્ધ સ્વભાવદ્રષ્ટિમાં અશુદ્ધતા ને નિમિત્તના આશ્રયે વ્યવહાર ગણીને તે જીવનું સ્વરૂપ નથી—એમ કહ્યું છે.

ગુણસ્થાન આત્માની એક સમયની પર્યાય છે, મિથ્યાત્વ નામનું મોહકર્મ છે, તેના ઉદયે થયેલો મોહનો ભાવ છે. તે આત્માની યોગ્યતાથી થયેલો હોવા છતાં તે પર્યાયનો અંશ જીવસ્વભાવમાં નથી માટે ગુણસ્થાન તે જીવ નથી, એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

મોહના ઉદયપૂર્વક ચૌદે ગુણસ્થાન કહ્યાં છે. બારમા ગુણસ્થાને મોહનો ઉદય હોતો નથી. પણ અહીં તો ગુણસ્થાનના ભેદો સ્વભાવમાં પડતા નથી માટે તે જીવના નથી–એમ કહ્યું છે. નિમિત્ત—નૈમિત્તિક સંબંધ છે, તેનું જ્ઞાન કરવું પ્રયોજનભૂત છે પણ ભેદ આદરવા જેવો નથી.

માત્ર શાસ્ત્ર વાંચી જવાથી કે ધારણા કરવાથી શાસ્ત્રનું રહસ્ય સમજાય તેમ નથી, પણ અંતરદ્રષ્ટિપૂર્વક અભ્યાસ કરે તો સમજાય તેમ છે. ગુણસ્થાનનો ભેદ જીવસ્વભાવ હોય તો ગુણસ્થાન રહિત જીવ થઈ શકે નહિ. ભેદ, વિકાર અને નિમિત્તનો આશ્રય કરે તો અભેદ તત્ત્વ સમજાય નહિ. આત્મા પર્યાયમાં ઊંધી શ્રદ્ધા કરવાને લાયક થાય છે, ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે. કેમ કે કર્મનો ઉદય તો નિમિત્તની પર્યાય છે અને ઊંધો ભાવ તો જીવનો છે. જડની પર્યાય જીવની પર્યાયને સ્પર્શતી નથી, છતાં અજ્ઞાની કહે છે કે જડની પર્યાયથી જીવની પર્યાય થાય છે. આમ માનતાં તો નિમિત્ત અને ઉપાદાન બંનેની પર્યાયનો અભાવ થાય છે. એ રીતે બન્ને દ્રવ્યને તેણે માન્યાં નહિ. તેનું નામ મિથ્યાત્વ ગુણસ્થાન છે. સ્વભાવના લક્ષે મિથ્યાત્વ ગુણસ્થાનનો ભેદ પડતો નથી માટે અચેતન છે.

બીજું ગુણસ્થાન સાસાદન તે અનંતાનુબંધીના કષાયના વિપાકથી થયું હોવાથી અચેતન છે, કેમ કે જીવસ્વભાવમાં ગુણસ્થાન ભેદ નથી.

ત્રીજું ગુણસ્થાન—મિશ્ર છે. તે મિશ્ર પ્રકૃતિના ઉદયથી થાય છે. જો કે મિશ્ર ગુણસ્થાન આત્માની પર્યાય છે અને તે પોતાના કારણે થાય છે. પણ અહીં તો સ્વભાવદ્રષ્ટિ કરાવવા તે ગુણસ્થાનભેદ અને નિમિત્ત બંનેને જડ—અચેતન કહ્યાં છે.

ચોથું ગુણસ્થાન, અવિરત સમ્યગ્દ્રષ્ટિનું છે. અપ્રત્યાખ્યાનાવરણીય કર્મના ઉદયપૂર્વક હોવાથી, સમ્યગ્દ્રષ્ટિ હોવા છતાં વ્રત લઈ શકતો નથી, તેમ વ્યવહારથી કહેવાય છે, પણ ખરેખર તો પોતે તે પ્રકારની આસક્તિ છોડી શકતો નથી. છતાં તે આસક્તિને કર્મના ઉદયે થઈ, એમ કહેવામાં આવ્યું છે, પણ તે ઉપાધિભાવ આત્મામાં નથી.

પાંચમું ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણીય કર્મના ઉદયથી થયેલું છે. આત્મજ્ઞાન હોવા છતાં સર્વથા આસક્તિભાવ છોડી શકતો નથી, તેને પણ નિમિત્ત સાથે ગણીને અચેતન કહ્યું છે.

છઠ્ઠા ગુણસ્થાનમાં સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય છે પણ યોગ્યતા આત્માની છે. સ્વભાવમાં ભેદ નથી માટે તે ભેદ, પર્યાય તથા નિમિત્ત કર્મ સાથે અચેતન કહ્યાં છે.

સાતમા ગુણસ્થાને સંજ્વલન કષાયનો મંદ ઉદય છે, આઠમામાં મંદતર અને નવમામાં મંદતમ ઉદય છે. એ ત્રણે ગુણસ્થાનમાં જે આસક્તિભાવ છે તે પોતાની યોગ્યતાથી છે, પણ સ્વભાવમાં નથી માટે કર્મનું કાર્ય છે, તેમ કહી તેને અચેતન કહ્યાં છે.

દસમા ગુણસ્થાનમાં મોહનો ભાગ જે સૂક્ષ્મ લોભ છે, તેનો ઉદય છે. અગિયારમામાં મોહકર્મનો ઉપશમ અને બારમામાં ક્ષય છે. તેરમા ગુણસ્થાનમાં યોગનો ઉદય અને ચૌદમામાં અયોગ એટલે તે નિમિત્તનો પણ અભાવ હોય છે. તે વખતે આત્માની પર્યાયની યોગ્યતા પણ એ પ્રકારની હોય છે અને તેમાં મોહ અને યોગના ઉદયના અભાવરૂપ નિમિત્ત હોય છે ખરું. સ્વભાવમાં ભેદની યોગ્યતા હોતી નથી માટે મોહ અને યોગના કારણે જે ગુણસ્થાનો કહ્યાં છે તે અચેતન છે, એમ કહ્યું છે.

વિકાર થાય છે તે આત્માનો સ્વભાવ નથી, તે બતાવવા માટે જેના લક્ષે તે થાય છે, તેના તે ભાવ છે, એમ કહ્યું છે. કારણ જડ છે માટે કાર્ય પણ જડ જ છે. આત્માની પર્યાયમાં થતો ભેદ જડ છે, એમ કહેવાનો આશય સ્વચ્છંદી બનાવવાનો નથી. કર્મના કારણે થાય છે એટલે પોતાને કાંઈ પુરુષાર્થ કરવાનો રહેતો નથી, એમ માનીને સ્વચ્છંદી થવા કહ્યું નથી. રુચિપૂર્વક વિકાર કરે પોતે અને કર્મના કારણે થયો, એમ માને તો તે સ્વચ્છંદીપણું છે.

ચૈતન્ય ધ્રુવ આનંદકંદ સ્વભાવને માને તો કલ્યાણ થાય એમ છે. જેમ જવપૂર્વક જવ થાય છે; ડાંગર વાવે તો જવ થાય નહિ, એ ન્યાયે પુદ્‌ગલપૂર્વક થયેલો ભાવ તે જડ છે. એટલે ગુણસ્થાનની પર્યાયને જડ કહી છે. કેમ કે સ્વભાવ ભેદવાળો નથી અને તે ભાવ કાયમ જીવ સાથે રહેતો નથી માટે પુદ્‌ગલ જ છે, જીવ નથી. સ્વભાવદ્રષ્ટિ કરાવવા તે બધાને અચેતન કહ્યાં છે.

જેણે પોતાની પર્યાય કર્મના કારણે થાય, એમ માન્યું તેણે પર્યાયને પણ સ્વતંત્ર માની નહિ. તેને તો આખો ત્રિકાળી સ્વભાવ સ્વતંત્ર છે, તે વાત બેસતી જ નથી. આત્મા પદાર્થ છે, તે સત્સ્વરૂપ છે, તે કોઈ પરને લઈને હોય નહિ. તારામાં વિકાર થાય છે તે તારે લઈને થાય છે. જડના કારણે થાય તો વિકાર કાયમ રહે. પર્યાયના સ્વભાવને જુએ નહિ અને સંયોગને જુએ તેને સ્વભાવ જોતાં આવડતું નથી.

૧. જવપૂર્વક જવ થાય તે યુક્તિ કહી. જેમ કેરીની ગોટલીમાંથી આંબો પાકે પણ આકોલિયું પાકે નહિ. તેમ આત્મામાંથી આનંદ પાકે પણ વિકાર પાકે નહિ. માટે ગુણસ્થાન કર્મનું કાર્ય છે.

૨. આગમમાં પણ ગુણસ્થાન મોહકર્મના ઉદયથી છે, તેમ કહેલ છે માટે તે અચેતન છે.

૩. અનુભવમાં પણ આવે છે કે આત્મા ચૈતન્યસ્વભાવથી વ્યાપ્ત છે, તેનાથી ભિન્ન એવા ગુણસ્થાનાદિના ભેદો સ્વભાવદ્રષ્ટિએ જણાતા નથી માટે અચેતન છે. સ્વભાવની મુખ્યતાથી ભેદનો અનુભવ થતો નથી, માટે જડ છે.

આ રીતે યુક્તિ, આગમ અને અનુભવથી, ગુણસ્થાનના ભેદો પોતાની પર્યાયમાં હોવા છતાં પણ સ્વભાવદ્રષ્ટિ કરાવવા, એ ત્રણે પ્રકારે તેને અચેતન કહ્યાં છે.

ચૈતન્ય સ્વભાવમાં સદા જાગૃત તે આત્મા છે. પણ ગુણસ્થાનના ભેદોમાં ફેલાયેલો તે આત્મા નથી. તેથી તે ભેદો અચેતન છે. યુક્તિ, આગમ, અનુભવથી સ્વભાવદ્રષ્ટિ કરાવી વીતરાગ થવા માટે તેને અચેતન કહ્યાં છે, પણ સ્વચ્છંદી થવા માટે જડના કહ્યાં નથી. પ્રવચનસારના જ્ઞેય અધિકારમાં આત્માનું સ્વરૂપ સામાન્ય—વિશેષ સહિત જણાવ્યું છે. ત્યાં રાગ- ભેદ તે સ્વજ્ઞેય છે, તેમ જણાવ્યું છે. કેમ કે ત્યાં જ્ઞાન અપેક્ષાએ કથન છે. અહીં તો સ્વભાવદ્રષ્ટિ કરાવવા એક સામાન્ય સ્વભાવ તે જીવ છે; ભેદ તે જીવ નથી, તેમ કહેવાય છે.

રાગ ચારિત્રમોહકર્મના ઉદયથી થયેલો હોવાથી અચેતન છે. તે યુક્તિ છે અને આગમમાં પણ તેમ જ કહેલ છે અને અનુભવથી પણ સ્વભાવથી ભિન્ન છે, માટે રાગ અચેતન છે. ચૈતન્યના બીજમાંથી રાગ થયો નથી, તેથી પણ તે અચેતન સાબિત થાય છે.

દ્વેષ, ક્રોધ, માનના ઉદયથી થાય છે. નિમિત્તના આશ્રયે થયેલો છે અને સ્વભાવથી ભિન્ન છે તેથી અચેતન છે,—એમ ત્રણે પ્રકારે તેનું અચેતનપણું સમજવું.

તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ આત્માની પર્યાયમાં થાય છે. તેમાં દર્શનમોહ નિમિત્ત છે. એટલે મોહના ઉદયથી થયેલ હોવાથી જેવું કારણ તેવું કાર્ય હોવાથી તે અચેતન છે અને આત્માના અનુભવથી પણ ભિન્ન હોવાથી તે અચેતન છે.

કર્મ, નોકર્મ તે તો જડ છે. જીવ નથી કેમ કે તે પુદ્ગલનું કાર્ય છે. માટે અચેતન છે.

વર્ગ, વર્ગણા, સ્પર્દ્ધક એ બધાં કર્મના પ્રકારો છે. તેના ઉદયથી આત્માની પર્યાય પણ એ પ્રકારની હોય છે પણ તે પુદ્ગલનું કાર્ય હોવાથી અને કર્મના ઉદયે થતો ભાવ હોવાથી અને અનુભવથી તે સ્વભાવથી ભિન્ન હોવાથી અચેતન જ છે.

**અધ્યાત્મસ્થાન :** એટલે અધ્યવસાયસ્થાન. આત્મા પોતે પોતાના કારણે શુભાશુભભાવ કરે છે માટે તેને અધ્યાત્મસ્થાન કહ્યાં છે. પણ અહીં તો સ્વભાવદ્રષ્ટિ કરાવવા તેમાં મોહકર્મ નિમિત્ત હોય છે. માટે કર્મનું કાર્ય છે. વળી સ્વભાવદ્રષ્ટિ કરતાં તે ભાવો થતા નથી માટે ત્રણે પ્રકારથી અચેતન કહ્યાં છે.

**યોગસ્થાન :** મન, વચન અને કાયાનું નિમિત્ત અને આત્મામાં થતું કંપન, તે બધું અચેતન છે. આત્માનો ચૈતન્યસ્વભાવ તેનાથી ભિન્ન છે માટે યોગસ્થાન અચેતન છે.

**બંધસ્થાન :** તેના ચાર પ્રકાર છે. પ્રકૃતિ, પ્રદેશ, અનુભાગ, સ્થિતિ. એ બધા અચેતન છે, જીવ નથી. જીવસ્વભાવમાં ત્રણ કાળમાં બંધ હોતો નથી, માટે બંધસ્થાનો અચેતન છે.

**ઉદયસ્થાન :** જડમાં ઉદય આવે છે પણ જીવસ્વભાવમાં ઉદય આવતો નથી. પર્યાયમાં ભેદ પડે છે તે કર્મનું કાર્ય છે, સ્વભાવનું કાર્ય નથી માટે અચેતન છે.

**માર્ગણાસ્થાન :** ગતિ, ઇન્દ્રિયાદિ નામકર્મના ઉદયથી છે, તે નિમિત્તથી કહ્યું છે. અશુદ્ધ ઉપાદાનની પર્યાય હોવા છતાં સ્વભાવદ્રષ્ટિ કરાવવા તેને અચેતન કહ્યાં છે અને આગમ પણ તેને અચેતન કહે છે. ગતિ, ઇન્દ્રિય તે પુદ્ગલનું કાર્ય છે, આત્માનું કાર્ય નથી, માટે અચેતન છે, જીવ નથી.

# પ્રસાદ નં. ૫૩

## સમયસાર ગાથા ૬૮ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૪, ગુરુવાર, ૨૦૦૭)

આત્મા છે તેની પર્યાયમાં જે માર્ગણાસ્થાનના ભેદો છે, તે પુદ્‌ગલ છે. ગતિ, ઇન્દ્રિય નામકર્મની પ્રકૃતિનું કાર્ય હોવાથી પોતાની પર્યાયમાં હોવા છતાં, તે જીવનું સ્વરૂપ નથી. આત્માની પર્યાયમાં પોતાના કારણે મનુષ્યાદિ ગતિની યોગ્યતા છે ખરી, પણ તે કાયમનો સ્વભાવ નથી અને પરના નિમિત્તે થતી હોવાથી તેને પુદ્‌ગલ કહેલ છે.

ત્રસસ્થાવર નામકર્મના ઉદયથી આત્માની પર્યાયમાં થતી યોગ્યતાને કર્મના નિમિત્તની મુખ્યતાથી થયેલો ભાવ હોવાથી અને સ્વભાવભાવ નહિ હોવાથી પુદ્‌ગલપૂર્વક થયેલા કહીને પુદ્‌ગલ જ તેમ કહેવામાં આવ્યું છે.

**યોગ :** મન, વચન, કાયાના નિમિત્તે આત્મામાં કંપન થાય અથવા કર્મગ્રહણશક્તિની યોગ્યતા છે, તેને યોગ કહેવાય છે. તે યોગ્યતા અને મન, વચન, કાય બંને એક સમયપૂરતા કર્મપૂર્વક હોવાથી અને સ્વભાવપૂર્વક નહિ હોવાથી તે પુદ્‌ગલ જ છે, જીવ નથી.

**વેદ :** દ્રવ્યવેદ તે જડ છે. સ્ત્રી, પુરુષ, નપુંસકવેદના નિમિત્તે આત્માની પર્યાયમાં સ્ત્રીને પુરુષ સાથે અને પુરુષને સ્ત્રી સાથે રમવાની વાસના છે, તેને બંનેને કર્મપૂર્વક થયેલા કહીને અચેતન કહ્યાં છે. પુદ્‌ગલકર્મ તો નિમિત્ત છે, પણ આત્માની પર્યાયમાં ભોગવાસના થાય છે, તે કાંઈ કર્મ કરાવતું નથી, પણ કર્મના લક્ષે થતી હોવાથી તેને અચેતન કહેલ છે. અને આગમમાં પણ એમ જ કહ્યું છે. સ્વભાવદ્રષ્ટિમાં તે વિકારની યોગ્યતાનો અનુભવ હોતો નથી માટે યુક્તિ, આગમ, અનુભવથી વેદ ને અચેતન કહેલ છે.

**કષાય :** ક્રોધ, માન, માયા, લોભ તે કર્મની પ્રકૃતિના નિમિત્તે આત્માની પર્યાયમાં થાય છે, પણ સ્વભાવપૂર્વક કષાય થતો નથી. માટે પુદ્‌ગલકર્મપૂર્વક થયો કહેવાય છે. આગમમાં પણ કર્મના ઉદયે તે ભાવો થાય છે, એમ કહેલ છે અને અનુભવમાં આવે છે કે તે કષાયભાવો પોતાની પર્યાયમાં પોતાના કારણે થતા હોવા છતાં સ્વભાવદ્રષ્ટિએ તે ભાવો થતા નથી માટે અચેતન છે, તેમ કહ્યું છે.

**જ્ઞાન :** આત્માના જ્ઞાનગુણની પર્યાય છે. મતિજ્ઞાનાદિમાં જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની અપેક્ષા છે અને કેવળજ્ઞાનમાં જ્ઞાનાવરણીયના

ક્ષયની અપેક્ષા એટલે નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે. તેથી જ્ઞાન આત્માની પર્યાય હોવા છતાં કર્મપૂર્વક થયેલું કાર્ય છે—એમ કહીને પુદ્‌ગલ છે, તેમ કહેલ છે. કર્મના નિમિત્તની અપેક્ષાવાળી પર્યાયબુદ્ધિ છોડાવવા અને કેવળજ્ઞાન પણ પર્યાય હોવાથી તેના તરફ લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે, માટે પર્યાયબુદ્ધિ છોડાવવા તે ભાવને પણ પુદ્‌ગલ જ કહેલ છે.

**દર્શન :** ચક્ષુદર્શનાદિ કર્મના ક્ષયોપશમ અને ક્ષયથી ઉત્પન્ન થયેલા હોવાથી નિમિત્તની અપેક્ષા આવે છે અને ભેદ પડે છે માટે તેને પણ અચેતન કહેલ છે. નિરપેક્ષ સ્વભાવમાં અપેક્ષાવાળો ભેદ દ્રષ્ટિના વિષયમાં હોતો નથી. આ રીતે આગમમાં પણ દર્શનમાર્ગણાને અચેતન કહેલ છે અને સ્વભાવના અનુભવમાં પણ તેવા ભેદ હોતા નથી, માટે અચેતન છે.

**લેશ્યા :** યોગ કષાય અનુરંજીત પરિણામ તે લેશ્યા, આત્માની અવસ્થામાં પોતે કરે તો થાય છે. કર્મના કારણે થતી નથી પણ સ્વભાવમાં લેશ્યા નથી માટે કર્મપૂર્વક થયેલી હોવાથી પુદ્‌ગલ છે—અચેતન છે, તેમ કહેલ છે.

**ભવ્ય અને અભવ્ય :** અભેદ સ્વભાવ દ્રષ્ટિમાં ભવ્ય—અભવ્યના ભેદ પડતા નથી અને ભેદ ઉપર લક્ષ જતાં વિકલ્પ અને રાગ થાય છે, માટે તેને અચેતન કહેલ છે.

**સંજ્ઞા :** મનના અવલંબને વિકલ્પ થાય છે અને તે સ્વભાવને રોકનાર છે. વળી કર્મપૂર્વક થયેલ છે, માટે તેને અચેતન કહેલ છે.

**આહાર :** તે પુદ્‌ગલ જ છે અને કર્મપૂર્વક થયેલ છે.

આ રીતે ચૌદ પ્રકારના માર્ગણાના ભેદો એક સમયની પર્યાય છે, ત્રિકાળી સ્વભાવ નથી અને આગમે પણ તેને અચેતન કહ્યા છે, માટે પુદ્‌ગલ જ છે.

**સ્થિતિબંધસ્થાન :** આત્મામાં કર્મની સ્થિતિ નથી. આત્મા તો જ્ઞાનઘન છે, તેમ જાણવું તે સમ્યગ્દર્શન છે. તેથી સ્વભાવદ્રષ્ટિએ તેને અચેતન કહેલ છે.

**સંક્લેશસ્થાન :** ક્રોધ, માન, માયા, લોભના તીવ્ર પરિણામ થાય તેને પાપ પરિણામ કહે છે, તે જીવનું સ્વરૂપ નથી. તે આત્માના સ્વભાવમાં નથી તેથી અચેતન છે અને આગમે પણ અચેતન કહ્યાં છે અને સ્વભાવદ્રષ્ટિના વિષયમાં તે અનુભવમાં આવતા નથી, માટે પણ અચેતન છે.

**વિશુદ્ધિસ્થાન :** પુણ્યપરિણામ છે તેને અજ્ઞાની ધર્મ માને છે. જ્ઞાનીને પણ પુણ્ય પરિણામ આસક્તિનો ભાવ હોવાથી પોતાની યોગ્યતાના કારણે હોય છે, તેનું જ્ઞાન કરે છે પણ તે પોતાના સ્વભાવમાં નથી તેમ જાણતાં પુદ્‌ગલનાં છે, એમ કહેલ છે. ચૈતન્યતત્ત્વમાં પુણ્યભાવ નથી માટે ચૈતન્યજ્ઞાતાની શ્રદ્ધા કરવી તે ધર્મ

છે. ચૈતન્ય સ્વભાવના આશ્રયે પુણ્યભાવ થાય નહિ અને થાય તો તે કદી ટળે નહિ, પણ એમ બનતું નથી.

**સંયમલબ્ધિસ્થાન :** આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તેવું ભાન થઈને વિશેષ આનંદની લીનતા થાય તેને સંયમભાવ કહે છે. પણ તે સંયમની પર્યાય વધુ ઓછી થાય તેના ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે. તેથી તે ભાવોને પણ કર્મપૂર્વક થતા હોઈને પુદ્‌ગલ જ કહેવાય છે. અચેતન તે ચેતન નથી. અપરાધ ચેતનનું ખરું સ્વરૂપ નથી માટે તે આત્મા નથી પણ પુદ્‌ગલ જ છે—અચેતન જ છે.

**ભાવાર્થ :** શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દ્રષ્ટિએ ચૈતન્ય અભેદ છે, કાયમનો સ્વભાવ છે. તેને જોનારને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહે છે. તેમાં તો આત્માનો ચૈતન્યસ્વભાવ અભેદ છે. તેમાં કર્મ કે કર્મના નિમિત્તનો ભાવ પણ નથી અને પરિણામ પણ સ્વાભાવિક જ્ઞાન દર્શન છે. એટલે સ્વભાવ તરફ ઢળતાં દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ થાય તે નિર્મળ છે. તેમાં વિકલ્પ હોતો નથી.

કર્મના નિમિત્તે વૃત્તિ ઊઠે છે, તે વિકલ્પ છે. તે ચૈતન્ય જેવો લાગે છે, પણ ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નથી, એટલે કે સિદ્ધદશામાં નથી. તેથી ચૈતન્યથી રહિત છે, માટે જડ છે. ચૈતન્યની જાગૃતિને રોકનાર હોવાથી તે વિકારને જડ કહ્યો છે.

આત્માનો જાણવા—દેખવાનો સ્વભાવ તે બધા ભાવમાં વ્યાપે છે, પણ વિકાર બધા ભાવોમાં વ્યાપતો નથી માટે જડ કહ્યો છે. પરપદાર્થો તો આત્મામાં ત્રિકાળ વ્યાપતા નથી પણ તેના નિમિત્તે થતા કષાયાદિ ભાવ એક સમયની આત્માની પર્યાયમાં થાય છે, પણ તે ત્રિકાળ સ્વભાવમાં વ્યાપતા નહિ હોવાથી, તે ચૈતન્યશૂન્ય છે, માટે જડ છે. આ પણ એક યુક્તિ આપી છે કે આ રીતે પણ વિકારને પુદ્‌ગલ જ કહ્યો છે. આગમમાં પણ તેને અચેતન કહ્યા છે અને ભેદજ્ઞાનીઓ રાગાદિને ચૈતન્યથી ભિન્ન અનુભવે છે. એટલે ચૈતન્યમૂર્તિ છું એવા અનુભવમાં વિકાર હોતો નથી, માટે અચેતન છે. એ રીતે યુક્તિ, આગમ અને અનુભવથી ગુણસ્થાનાદિ બધા અચેતન છે, પુદ્‌ગલ જ છે.

પ્રશ્ન : જો સંકલ્પ—વિકલ્પાદિ ચેતન નથી, તો તેઓ કોણ છે? પુદ્‌ગલ છે?

ઉત્તર : પુદ્‌ગલપૂર્વક થતા હોઈ તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતાં એટલે અશુદ્ધ ઉપાદાનથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે.

હવે પૂછે છે કે વર્ણાદિક અને રાગાદિક જીવ નથી, તો જીવ કોણ છે? તેના ઉત્તરરૂપ શ્લોક કહે છે :—

## કળશ ૪૧

આત્મા અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયો નથી. જીવ દ્રવ્ય છે અને ચૈતન્ય તેનો સ્વભાવ છે, તે કોઈ કાળે નવો થાય નહિ. પર્યાયમાં વિકાર થાય છે, તે પરના લક્ષે થતો હોવાથી પરમાં જાય છે અને સ્વભાવદ્રષ્ટિએ નિર્વિકાર થાય તે અભેદમાં ભળે છે, માટે સ્વભાવવાનનો સ્વભાવ કોઈ કાળે પણ નાશ થતો નથી. કેવળજ્ઞાન નવું થાય છે, તે અહીં લીધું નથી. અહીં તો જાણવા—દેખવાનો સામાન્યસ્વભાવ છે, તેને લીધો છે.

જાણવા—દેખવાનો એકરૂપ સ્વભાવ આત્માનો છે તે સ્વભાવ અચળ છે. તે સ્વભાવ પુણ્ય—પાપની પેઠે ચલાયમાન થતો નથી. આદિ અને અંત વગરનો તથા અસ્થિરતા વગરનો છે. આત્માનો ચૈતન્યસ્વભાવ ચળાચળતા રહિત અચળ છે, ધ્રુવ છે. તેવો આત્માનો સ્વભાવ માને તો જીવ તત્ત્વને સાચું માન્યું કહેવાય, તેને સમ્યક્દર્શન કહે છે.

# પ્રસાદ નં. ૫૪

## સમયસાર કળશ ૪૧ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૫,શુક્રવાર, ૨૦૦૭)

વર્ણાદિભાવો અને રાગાદિભાવો તે જીવ નથી, તો જીવ કેવો છે, તેનું સ્વરૂપ કેવું છે કે ખ્યાલમાં આવ્યે ધર્મ થાય? તેનો ઉત્તર આપે છે.

अनादिअनंतम् જીવનો ચૈતન્ય સ્વભાવ છે, તે અનાદિ અનંત છે, એટલે ઉત્પત્તિ રહિત અને નાશ રહિત છે. अचलम् અચળ છે, એટલે કંઈક ચળે અને કંઈક ન ચળે એવો નથી. અસંખ્યપ્રદેશી, અકંપસ્વભાવી, અભેદ છે. વર્તમાન પર્યાયમાં કંપન થાય છે, છતાં તેનો સ્વભાવ અકંપ-અચળ છે, તે કદી કંપ્યો નથી, એટલે સ્વભાવ અચળ છે. स्वसंवेद्यम નિમિત્તથી જણાય એવો નથી, વિકલ્પથી જણાય એવો જીવ પદાર્થ નથી. આત્મા પોતે પોતાથી જણાય એવો છે એટલે સ્વસંવેદ્ય છે. પોતાથી અનુભવવા યોગ્ય છે. બીજાથી એટલે ઇન્દ્રિય, વિકલ્પ અને પરથી આ ભગવાન આત્મા ઓળખાય એવો નથી.

સ્વાભાવિક ચૈતન્ય વસ્તુનો ખેલ, ભેદ અને વિકલ્પ ન હોય. સ્વભાવ, વિકલ્પનો આશ્રય લે એવો ન હોય. એનો અર્થ એવો નથી કે વર્તમાન પર્યાયમાં જે ભેદ અને વિકાર થાય છે તે કર્મના કારણે છે. જો કર્મના કારણે હોય તો પોતે વિકાર અને ભેદથી રહિત થઈ શકે નહિ. અહીં તો એમ કહે છે કે પોતે પોતાથી વેદવાયોગ્ય છે. વિકાર અને કર્મ પણ છે. જો પરને લઈને વિકાર હોય તો વિકારથી છૂટી સ્વસંવેદ્ય થઈ શકે નહિ, પણ પોતે પરનું વેદન કરતો હતો, તે હવે પોતાના સ્વભાવના વેદનમાં પરનું વેદન કરતો નથી માટે તે વિકારનું વેદન સ્વભાવમાં નથી અને કર્મને કારણે છે, એમ કહીને તે જીવ નથી—તેમ કહ્યું છે.

स्फुटम् એટલે પ્રગટ જ છે. ચૈતન્ય લક્ષણ છૂપું નથી. વર્તમાન પર્યાય અને ગુણને અભેદ કરીને આત્મા પ્રગટ જ છે—એમ કહેલ છે. આત્માનો ચૈતન્ય ધ્રુવસ્વભાવ પ્રગટ જ છે, તેવા ધ્રુવસ્વભાવને જાણ્યો એટલે પર્યાય પ્રગટ થઈ. તેથી ધ્રુવસ્વભાવને પ્રગટ જ કહ્યો છે.

આત્મા ચૈતન્ય પ્રગટ પ્રતીતમાં આવે એવો હાજર છે. ચૈતન્યસ્વભાવપણું હાજરાહજૂર છે. કર્મનો ઉદય હોવા છતાં, તેનું લક્ષ છોડીને આત્મા પોતે પોતાનું વેદન કરી શકે છે માટે કર્મના કારણે વિકાર નથી. નિમિત્ત નહિ, વિકાર નહિ, પર્યાય જેટલો નહિ, પણ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યો છે તે જીવ છે. બીજા કોઈ વિકારાદિથી જીવ શોધવા જઈશ તો મળશે નહિ. આત્મદ્રવ્ય પોતાના

ચૈતન્ય સ્વભાવથી શોભતું—દીપતું છે, તે કર્મના નિમિત્તથી અત્યંત ભિન્ન છે. કર્મની અસ્તિથી પોતે આત્મદ્રવ્ય નથી. આત્મા તો ચૈતન્યપ્રકાશના ભાવરૂપ છે અને કર્મના અભાવસ્વરૂપ છે.

સ્વભાવદ્રષ્ટિવાળો ધ્રુવસ્વભાવને વર્તમાનમાં જ આખો કબૂલે છે. આત્મા જાણવા-દેખવાના સ્વભાવથી શોભી રહ્યો છે, પણ રાગથી કે પુણ્યથી શોભી રહ્યો નથી. જેમ કોઈ મૂઢ ગાંડો માણસ બાવળને પોતે પકડે અને માને કે બાવળે મને પકડ્યો છે; તેમ અજ્ઞાની પોતે કર્મને વળગે છે એટલે કર્મ મને નુકશાન કરે છે—તેમ તે માને છે. અહીં કહે છે કે આત્મા કર્મ કે નિમિત્તના અભાવસ્વભાવસ્વરૂપ છે એટલે જેનો અભાવ છે તેનો નિષેધ કરવાપણું રહેતું નથી. પોતે જ્ઞાન-દર્શનસ્વભાવમય છે તેનાથી આત્મા શોભી રહ્યો છે તે જ જીવ છે, એટલે અજીવનો અભાવ છે. અજીવનો ભેદ જીવમાં નથી તે માન્યે જીવતત્ત્વ માન્યું કહેવાય.

**ભાવાર્થ** :--વર્ણાદિ અને રાગાદિભાવો તે જીવ નથી પણ ઉપર કહ્યો તેવો ચૈતન્યભાવ તે જ જીવ છે. ચૈતન્યસત્તાના વલણમાં રાગાદિ ભાવોને જડના વલણથી થતા ગણીને જડ પુદ્ગલ કહ્યા છે, તેને જીવ કહ્યા નથી.

હવે, ચેતનપણું એટલે જાણવા-દેખવાપણું જ જીવનું યોગ્ય લક્ષણ છે, તે કહે છે :—

## કળશ ૪૨

અર્થ :--અજીવ બેપ્રકારે છે—એક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સહિત છે અને એક વર્ણાદિ રહિત છે. એક પુદ્ગલ સિવાય બીજાં પાંચ દ્રવ્યો વર્ણાદિરહિત અમૂર્ત છે. જીવ અમૂર્ત છે, એવું લક્ષણ બાંધીને ઓળખવા માગે તો જીવદ્રવ્ય ઓળખાય નહિ, કેમકે જીવ સિવાય બીજા ચાર દ્રવ્યો—ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—પણ અમૂર્ત છે. તેથી જીવને અમૂર્ત લક્ષણ દ્વારા જુદો પાડી શકાતો નથી. આમ પરીક્ષા કરીને ભેદજ્ઞાની પુરુષોએ ચેતનપણાને જીવનું લક્ષણ બાંધ્યું છે, તે લક્ષણ બધા જીવમાં વ્યાપે છે માટે અવ્યાપ્તિદોષ રહિત છે અને ચૈતન્ય લક્ષણ જીવદ્રવ્ય સિવાય બીજા દ્રવ્યમાં હોતું નથી માટે અતિવ્યાપ્તિદોષ રહિત છે.

જાણવા-દેખવાના સ્વભાવ વડે જીવ જાણી શકાય છે માટે ચૈતન્ય લક્ષણ યોગ્ય છે. વળી તે પ્રગટ છે, ગુપ્ત નથી. રાગ-દ્વેષ અને વિકલ્પ દેખાય છે પણ જાણવા–દેખવાનો સ્વભાવ દેખાતો નથી—એમ નથી. જાણવા-દેખવાના સ્વભાવે જ જીવને પ્રગટ કર્યો છે, પણ અમૂર્તપણાના લક્ષણ વડે જીવ પ્રગટ થતો નથી. જીવ

અચળ છે અને સદા મોજૂદ છે. હે જગતના જીવો ! જાણવા-દેખવાનો જેનો સ્વભાવ છે તેવા જીવદ્રવ્યનું અવલંબન કરો! અહીં તો એક ચૈતન્યસ્વભાવનું જ અવલંબન કરો—એમ કહેલ છે.

ખરેખર તો ચૈતન્યસ્વભાવનું જ અવલંબન કરવાનું આચાર્યદેવ કહે છે. તેનો અર્થ સમજ્યા વગર અજ્ઞાની આક્ષેપ કરે છે કે મૂર્તિનું અવલંબન અને રાગનું અવલંબન જ્ઞાનીને નીચલી દશામાં પણ હોતું નથી, તો તેની વાત ખોટી છે. કેમ કે જ્ઞાનીને પણ જ્યાં સુધી ચૈતન્યસ્વભાવનો સંપૂર્ણ આશ્રય ન હોય અને આત્મામાં ઠર્યો ન હોય ત્યાં સુધી રાગાદિનું અવલંબન આવ્યા વગર રહેતું નથી અને સ્વભાવને સમજ્યા વગર એકલા રાગનું અને મૂર્તિનું અવલંબન લે તોપણ અજ્ઞાની છે. જ્ઞાની પણ અશુભ વિકલ્પનું અવલવંબન છોડી શુભરાગમાં વર્તે ખરો અને તે રાગ અનેક પ્રકારનો-સ્વાધ્યાય,પૂજા, ભક્તિ આદિનો હોય છે અને નિમિત્તો પણ તેવાં હોય છે એમ જો જાણે તો નિશ્ચય-વ્યવહારનું બરાબર જ્ઞાન કર્યું કહેવાય.

જાણવા-દેખવાનો સ્વભાવ છે તેનું અવલંબન કરો, એમ કહેતાં સાબિત થાય છે કે રાગાદિનું અવલંબન છે, તે અવલંબન છોડીને નિશ્ચયનું અવલંબન કરવાનું કહ્યું છે. પણ રાગાદિ છે તેને ન જાણે તો સ્વભાવનો પણ વિવેક રહેતો નથી. નિશ્ચયનું અવલંબન કરવાનું કાંઈ કેવળીને કહેવાતું નથી અને નિર્વિકલ્પ દશામાં મુનિ વર્તે છે તેને પણ કહેવાતું નથી, પણ જેને રાગ અને નિમિત્તનું અવલંબન વર્તે છે તેને કહેવાય છે કે ચૈતન્યનું અવલંબન કરો.

ચૈતન્યસ્વરૂપ જીવદ્રવ્ય રાગરહિત લૂખું અને નિર્ગ્રંથ એટલે લાગણીના લૂગડાં રહિત નગ્ન છે, તેનું અવલંબન લેતાં એટલે સ્વભાવનો આશ્રય કરતાં બહારમાં પણ રાગરહિત વીતરાગ સ્વરૂપનું જ અવલંબન હોય એટલે જ્ઞાનીને વિકલ્પ હોય ત્યારે લક્ષ પણ નિર્ગ્રંથ નગ્નમુનિ અને વીતરાગી પ્રતિમા ઉપર જ જાય છે.

જગતના લોકો કહે છે કે નગ્નપણું ન હોય,પણ તેમને ખબર નથી એટલે તેમ કહે છે. ભાઈ, જીવ તો નિર્ગ્રંથ નગ્નસ્વરૂપ છે. તેનું અવલંબન કરનારને બહારમાં વસ્ત્રવાળા અને પરિગ્રહવાળા જીવોનું અવલંબન હોય—એમ બને નહિ. અકષાય નિર્ગ્રંથ વીતરાગી સ્વભાવ છે, તેનું અવલંબન કરો. તેનું અવલંબન કરતાં નિર્ગ્રંથ થવાય છે. પૂર્ણ અવલંબન થતાં વીતરાગતા પ્રગટી કેવળજ્ઞાન થાય છે.

કોઈ કહે કે મુનિનું સ્વરૂપ નગ્ન ન હોય પણ વસ્ત્રવાળું હોય તો તેને મુનિના સ્વરૂપની ખબર નથી. સ્વભાવ અકષાય નિર્ગ્રંથ વીતરાગી છે. તેનું અવલંબન

કરતાં વિકલ્પ બાકી રહે તેમાં વીતરાગી મુનિ, વીતરાગી પ્રતિમા અને વીતરાગી ભગવાનનું જ અવલંબન હોય છે. જેને સ્વભાવની ખબર નથી તેને નિમિત્તની પણ ખબર નથી, રાગની ખબર નથી અને સાધકદશાની પણ ખબર નથી.

**ભાવાર્થ** :--નિશ્ચયથી વર્ણાદિભાવો તથા રાગાદિભાવો જીવમાં વ્યાપતા નથી. તે ખરેખર જીવને ઓળખવાનું લક્ષણ (સાધન) નથી, જે બધી દશામાં રહે તેનાથી ઓળખી શકાય. જો વ્યવહારથી એક સમય પૂરતું પણ રાગાદિને જીવનું લક્ષણ માનવામાં આવે તો અવ્યાપ્તિદોષ આવે છે કેમકે સિદ્ધ જીવોમાં રાગ નથી માટે ત્યાં રાગના અભાવમાં જીવનો અભાવ થશે. ખરેખર સ્વભાવથી રાગાદિ જીવનું લક્ષણ નથી, પણ વ્યવહારથી રાગને જીવનું લક્ષણ માનવામાં આવશે તોપણ તે કાયમનું લક્ષણ નહિ રહેવાથી જીવ જાણી શકાશે નહિ.

અમૂર્તપણું જો કે સર્વ જીવોમાં વ્યાપે છે તોપણ તેને જીવનું લક્ષણ માનતાં અતિવ્યાપ્તિ દોષ આવે છે, કેમ કે અમૂર્તપણું બીજાં ચાર દ્રવ્યોમાં વ્યાપે છે. માટે અમૂર્તપણાનો આશ્રય કરવાથી પણ જીવ જાણી શકાતો નથી.

આત્માનું ચૈતન્ય લક્ષણ સર્વ જીવોમાં હોવાથી અવ્યાપ્તિદોષથી રહિત છે અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યોમાં નહિ હોવાથી અતિવ્યાપ્તિદોષથી રહિત છે; વળી ત પ્રગટ છે; તેથી તેનો જ આશ્રય કરવાથી યથાર્થ સ્વરૂપને જાણી શકાય છે.

**ચૈતન્યજીવન જીવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો !**

# પ્રસાદ નં. ૫૫

## સમયસાર કળશ ૪૩ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૬, શનિવાર, ૨૦૦૭)

આત્મા ચૈતન્યલક્ષણ વડે પ્રગટ છે, છતાં અજ્ઞાની લોકોને તેનું અજ્ઞાન કેમ રહે છે? એમ આચાર્યદેવ આશ્ચર્ય અને ખેદ કરે છે.

## કળશ ૪૩

અહો! આત્મા તો ઉપર કહ્યા પ્રમાણે ચૈતન્ય લક્ષણવાળો છે; તેથી અજીવથી ભિન્ન છે, એટલે નિમિત્ત વડે, સંયોગ વડે આત્મા જણાય નહિ પણ જાણવા-દેખવાના સ્વભાવ વડે જાણી શકાય છે. ચૈતન્ય લક્ષણવાળા જીવથી જડ જુદું છે. તે જડ એની મેળે પોતાના સ્વભાવે વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષો અનુભવે છે. એટલે અજીવ અને જીવ ભિન્ન છે, એમ જાણે છે, પણ એક છે એમ જાણતા નથી. ચૈતન્ય સ્વરૂપના ભાનમાં અજીવ એવા રાગાદિ ભિન્ન જણાય છે, કેમકે સ્વભાવના આશ્રયે તે થતા નથી.

અજ્ઞાની કહે છે કે ક્ષુધા ખોરાકથી મટે છે, તૃષા પાણીથી મટે છે અને નિમિત્તના સામર્થ્યથી ઉપાદાનમાં કામ થાય છે, તેમ કહેનાર દ્રવ્યને ભિન્ન માનતો નથી. અહીં તો કહે છે કે આત્માના શુદ્ધ ઉપાદાનના જ્ઞાનમાં તે બધા પ્રકાર બરાબર જણાય છે. સ્વભાવની દ્રષ્ટિમાં પુણ્ય-પાપાદિ અજીવ છે અને નિરુપાધિભાવ તે જીવ છે. સ્વભાવદ્રષ્ટિવાળો જીવ રાગને કરતો નથી, પણ રાગ થાય છે તેને જાણી લે છે, તોપણ અજ્ઞાનીનો અમર્યાદિત મોહ કેમ નાચે છે?

અજ્ઞાનીનો મોહ અમર્યાદિત છે. દ્રવ્યાનુયોગનું શાસ્ત્ર હોય તેવું જ્ઞાન થાય, કરણાનુયોગનું હોય તો તેવું જ્ઞાન થાય, જે જે પ્રકારનું જ્ઞાન કરવું હોય તેવાં શાસ્ત્રોથી તે જ્ઞાન થાય છે, તેમ અજ્ઞાની માને છે, પણ તેને ખબર નથી કે જ્ઞાનની યોગ્યતા આત્માની છે. માટે શાસ્ત્ર છે તો જ્ઞાન છે—એમ નથી. આ બધો અમર્યાદિત મોહ છે.

વળી અમર્યાદિત મોહમાં અજ્ઞાન ઉછળે છે કે આત્માનું કાર્ય કરવા માટે નિમિત્તોને મેળવવા જોઈએ, પણ અજ્ઞાનીને ખબર નથી કે અહીં ઉપાદાનમાં કાર્ય થાય છે ત્યારે નિમિત્તમાં આરોપ અપાય છે. અહીં (ઉપાદાનમાં) કાર્ય ન થયું તો નિમિત્ત કોનું કહેવાશે? નિમિત્ત શોધવા તરફ જેનું લક્ષ છે, તેને ભ્રાંતિ છે, તે ભ્રાંતિ કેમ ફેલાવ પામી છે, તેનો આચાર્યદેવને આશ્ચર્ય અને ખેદ છે.

નિમિત્તના સામર્થ્યને શોધવા જતાં અજ્ઞાનીને ઉપાદાનના સામર્થ્યને શોધવાનો વખત રહેતો નથી. કેમકે નિમિત્તો અને રાગના અનેક પ્રકાર છે, તે બેહદ–અનંતકાળના અનંત નિમિત્તોને શોધવામાં તેનું વીર્ય કામ કરી રહ્યું છે. રાગ અને નિમિત્તને શોધનાર, રાગ અને નિમિત્ત વગરનું જીવદ્રવ્ય ન હોય તેમ માનનાર, મોહમાં કૂદકા મારી રહ્યો છે. પણ ઉપાદાન- સ્વભાવને જાણવાનું સામર્થ્ય તેને હોતું નથી.

અજ્ઞાની કહે છે કે કર્મ નાકમાં નથ નાખીને જીવને ખેંચી જાય છે અને મદારી જેમ વાંદરાને નચાવે તેમ કર્મ આત્માને નચાવે છે. અનંત નિમિત્તની અને અનંત રાગની રુચિવાળો જીવ પોતાનો અનંત જ્ઞેયને જાણવાનો સ્વભાવ છે તેની રુચિ છોડીને અમર્યાદિત મોહમાં નાચી રહ્યો છે. એનું મિથ્યાત્વ કૂદી રહ્યું છે. તેનો આચાર્યદેવ આશ્ચર્ય અને ખેદ બતાવે છે કે સ્વની તાકાતને ભૂલી પરની તાકાત જ અજ્ઞાની ભ્રમણાથી માની રહ્યો છે.

આત્માનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. સ્વ તરફ વળતાં તે સ્વભાવ પ્રગટે છે. આ જીવને પોતાનો જ્ઞાતાસ્વભાવ છે તે શરણભૂત છે પણ સિદ્ધભગવાન આ જીવને શરણભૂત નથી, કેમકે આ જીવની અપેક્ષાએ સિદ્ધભગવાનનો જીવ તે અજીવ છે, અને સિદ્ધભગવાનના જીવની અપેક્ષાએ આ જીવ અજીવ છે. સિદ્ધનો જીવ સિદ્ધથી જીવ છે અને આ જીવ આ જીવની અપેક્ષાએ જીવ છે. આત્મા ચૈતન્યગુણની અપેક્ષાએ જીવ છે અને ચૈતન્ય સિવાયના બીજા અસ્તિત્વાદિ ગુણોની અપેક્ષાએ આ જીવ પણ અજીવ છે. આ જીવતત્ત્વમાં બીજા જીવતત્ત્વો નથી અને બીજા જીવોમાં આ જીવ નથી.

આમ અસ્તિ-નાસ્તિ સ્વભાવ વડે દરેક દ્રવ્ય પરિણમી રહ્યું છે, છતાં અજ્ઞાનીનો મોહ કેમ નાચી રહ્યો છે. અહીં આ જીવની અપેક્ષાએ આખા જગતને અજીવ કહ્યું છે. આ જીવથી ભિન્ન પરદ્રવ્ય વિલસતું અને પરદ્રવ્યથી ભિન્ન આ દ્રવ્ય વિલસતું હોવાથી પરદ્રવ્ય અજીવ છે, છતાં અજ્ઞાની જીવનો મોહ કેમ નાચી રહ્યો છે, તેનો આચાર્ય ભગવાનને ખેદ છે.

અહો! આવી સત્ય વાત સાંભળતાં રુચિવાળા જીવોને અંતરમાં હકાર આવે છે, તે પાત્રતા છે; અને તે જ ઉપાય છે, તેનો અજ્ઞાનીજનોને ખ્યાલ નથી તેથી અજ્ઞાનીનો મોહ નાચે છે. તે જોઈને આચાર્યને ખેદ થાય છે કે અહો જીવો !—એમ પોકાર કરીને કહે છે કે તમો ચૈતન્યસ્વભાવી આત્મા છો. તેનું અવલંબન કરો.

## કળશ ૪૪

આ અનાદિકાળના મોટા અવિવેકના નાટકમાં જીવ અજ્ઞાનથી નાચી રહ્યો છે. પરપદાર્થ હોય તો મારું તત્ત્વ ટકે એમ માનનાર અજ્ઞાનરૂપી અખાડામાં નાચે છે. અનાદિ અનંત જીવસ્વભાવમાં રાગાદિનો નાચ છે જ નહિ. અનાદિઅનંત જીવનું વર્ણન ૩૮ ગાથામાં કર્યું હતું. અનાદિઅનંત દ્રવ્યનું વર્ણન કરવામાં અનંતકાળ જોઈએ નહિ કેમકે નાટકમાં ત્રણ-ચાર કલાકમાં રાજા વગેરેનું આખું જીવન બતાવી દે છે, તેમ અહીં સમયસારમાં એક નાટક તરીકે આખા જીવનું વર્ણન ટૂંકમાં કર્યું છે.

અહીં તો, રાગાદિ છે તે અજીવનો ખેલ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેની પર્યાયમાં નિમિત્તાદિનો આશ્રય છે, તે પર્યાયબુદ્ધિ છોડાવવા તેને અજીવ કહીને પુદ્‌ગલ જ નાચે છે—એમ કહ્યું છે. અંશી એવા દ્રવ્યનું ભાન ન થાય ત્યાં સુધી અંશ ઉપર લક્ષ ગયા વગર રહે નહિ અને અંશ બુદ્ધિવાળાને જડનું લક્ષ રહે છે માટે તે પર્યાયબુદ્ધિને પણ પુદ્‌ગલ જ નાચે છે, તેમ કહ્યું છે.

અભેદ ચૈતન્યસ્વભાવમાં વિકારાદિના ભેદ હોતા નથી માટે તે નાચ ભેદનો છે,પણ જીવનો નાચ નથી. અજ્ઞાની એમ કહે છે કે સંયોગ અથવા કર્મ આત્માને નચાવે છે, પણ એમ નથી. અહીં તો પર્યાયબુદ્ધિ છોડાવવા પોતે પુણ્ય-પાપાદિના ભાવો અવસ્થામાં કરી રહ્યો હોવા છતાં તે, જડ અને ભેદના આશ્રયે થતા હોવાથી જડ જ નાચે છે—એમ કહ્યું છે. કેમકે ચૈતન્ય સ્વભાવની અભેદતામાં નાચ જ નથી, માટે પુદ્‌ગલનો નાચ છે, તેમ સમજવું.

દયા, દાન, સંકલ્પ-વિકલ્પાદિ પુદ્‌ગલ વિકારોથી તદ્દન વિરુદ્ધ જાણવા-દેખવાના લક્ષણવાળો આત્મા શુદ્ધ ચૈતન્યધાતુને ધારી રાખે એવો છે, વિકારને ધારી રાખે એવો જીવનો સ્વભાવ નથી. આત્મા શરીરને ધારતો નથી; રાગને ધારતો નથી; પણ ચૈતન્યધાતુને ધારે છે. જેમ સોનું સોનાના ભાવને ધારી રાખે છે તેમ ચેતન ચૈતન્યધાતુને ધારી રાખે છે, વિકાર કે જડને ધારી રાખતો નથી.

ભાવાર્થ :–રાગ-દ્વેષાદિના ભાવો ચૈતન્યના વિકારો છે માટે તે ચૈતન્ય છે—એમ ભ્રમણા ન કરવી. કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપે તે ચૈતન્ય કહેવાય. કોઈ અવસ્થામાં હોય અને કોઈ અવસ્થામાં ન હોય તે ચૈતન્ય કહેવાય નહીં. મોક્ષ અવસ્થામાં રાગાદિભાવોનો અભાવ છે, માટે તે ચૈતન્ય નથી.

સંસાર પર્યાય કરતાં સિદ્ધ પર્યાય જે પ્રગટે છે, તે અનંતગુણી છે. એક ચૈતન્યદ્રવ્યના ત્રણકાળના સમયની અનંત પર્યાય છે. તેમાં જે સંસારની પર્યાય અનાદિસાંત છે તેના કરતાં સાદિ અનંત સિદ્ધપર્યાય અનંતગુણી છે. રાગાદિ

પર્યાયો સિદ્ધમાં હોતા નથી તેથી તે ચૈતન્ય કહેવાય નહીં. વળી રાગાદિની પર્યાયોનો અનુભવ આકુળતામય દુઃખરૂપ છે, તેથઈ પણ તેઓ ચેતન નથી. એક તો એ કહ્યું કે બધી અવસ્થામાં હોતા નથી માટે ચેતન નથી અને બીજું એ કહ્યું કે તે દુઃખમય છે માટે જીવ નથી, પણ જડ છે. જગતને  શાંતિ જોઈએ છે તો જડના આશ્રયે શાંતિ હોય નહિ. ચૈતન્યનો અનુભવ તો નિરાકુળ છે. તે જ જીવનો સ્વભાવ છે. ને તેના આશ્રયે શાંતિ પ્રગટે છે—એમ જાણવું.

# પ્રસાદ નં. ૫૬

## સમયસાર કળશ ૪૫ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૭, રવિવાર, ૨૦૦૭)

હવે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ દ્વારા આ જ્ઞાતાદ્રવ્ય પોતે પ્રગટ થાય છે એમ કળશમાં મહિમા કરી આ જીવ-અજીવ અધિકાર પૂર્ણ કરે છે.

### કળશ ૪૫

જીવે ધર્મ કરવા પ્રથમ શું કરવું જોઈએ? કે તેણે જીવને જાણવો જોઈએ. કેમકે ધર્મી એવો જે આત્મા શુદ્ધ જ્ઞાતાદ્રવ્ય તેનું ભાન કર્યા વગર ધર્મ પ્રગટ થતો નથી. શરીરાદિ તથા રાગાદિભાવો તરફ નાસ્તિભાવ કરીને સ્વભાવ તરફનો અસ્તિભાવ પ્રગટ કરે તો ધર્મ થાય.

જેમ લાકડાના બે કટકા કરવત વડે થાય છે, તેમ આત્મા અને પુદ્‌ગલનો એકક્ષેત્રાવગાહ સંબંધ અનાદિનો છે. તે જ્ઞાનરૂપી કરવત વડે જુદા પડે છે, એટલે કે હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું, વિકલ્પો હું નથી—એવો અભ્યાસ કરવો.

આત્મા જાણનાર-દેખનાર ધ્રુવસ્વભાવી તરફ લક્ષ થતાં અને વિકાર તરફનું લક્ષ છૂટતાં જે ભેદજ્ઞાન થાય છે, તેને ધર્મ કહે છે. જ્ઞાતાદ્રષ્ટા છું અને કાયમ ટકનાર શુદ્ધસ્વભાવી છું તેવા અંતર્મુખ તરફની એકાગ્રતાના અભ્યાસને વારંવાર નચાવવો જોઈએ. જેમ, કરવત લાકડા ઉપર મૂકી રાખે પણ ચલાવે નહીં તો લાકડાના કટકા થાય નહિ, તેમ જ્ઞાનરૂપી અભ્યાસને નચાવે નહિ—પરિણમાવે નહિ તો ભેદજ્ઞાન થાય નહિ. જ્ઞાન તે હું અને વિકાર તે હું નહિ, અંતર ચૈતન્યસ્વભાવી વસ્તુ છું, એનો વારંવાર અભ્યાસ, સ્વભાવ તરફની રુચિપૂર્વક કરવો જોઈએ.

દયા, દાન, વ્રત, પૂજાદિના ભાવો છે તે વિકાર છે, જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તે હું છું, એવો અભ્યાસ કરવો. જ્ઞાનની રુચિ કરીને વારંવાર એકાગ્ર થવું, તે જ ઉપાય છે. તેમાં સમ્યગ્દર્શન નિર્વિકલ્પ થાય છે અને પૂર્ણ એકાગ્રતા થાય ત્યારે વીતરાગદશા થઈ કેવળજ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન થતાં જીવ અને અજીવ જુદાં છે એવું શ્રદ્ધાન થાય છે અને સિદ્ધદશામાં સર્વથા જુદા થાય છે.

વસ્તુ તે વસ્તુના સ્વભાવથી ભરેલી છે, તે બહારથી આવે તેમ નથી. જેમ ગોળ ગળપણથી ભરેલ છે, લીંબુ ખટાશથી ભરેલ છે, અફીણ કડવાશથી ભરેલ છે, તે સ્વભાવ બહારથી આવતો નથી, તેમ ચૈતન્ય સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છે, તે બહારથી આવતો નથી. તેનું શ્રુતજ્ઞાન દ્વારા ભાન થાય ત્યારે લોકાલોકને

પ્રતીતિમાં જાણે છે અને કેવળજ્ઞાન થતાં લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. આ રીતે ચૈનત્યસ્વભાવને જાણ્યા વગર તેનો નિર્ણય થતો નથી અને સ્વભાવ તરફ વળતો નથી. તે સ્વભાવને જાણ્યા વગર નિઃશંક થશે નહિ અને નિઃશંક થયા વગર ડામાડોળ મટશે નહિ અને ડામાડોળ મટ્યા વગર જ્ઞાન ઠરશે નહિ.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની દ્રષ્ટિ થઈ તે વડે ચૈતન્યકળી ખીલીને સમ્યક્જ્ઞાન અને કેવળજ્ઞાન થાય છે. જેમ ફૂલની કળી ખીલી ઉઠે છે પણ પત્થરની કળી ખીલતી નથી, તેમ ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં સમ્યક્જ્ઞાન અને કેવળજ્ઞાન ખીલી ઊઠે છે. રાગરૂપી પત્થરની કળી ખીલતી નથી. આત્મા પોતે સ્વયંભૂ છે, તે પોતે પોતાથી પ્રગટ થાય એવો છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવી છે એવી રુચિનું જોર આપે તો આત્મા વિકાસ પામે, જેમ ભેંસના આઉમાં દૂધ તો ભરેલું છે પણ જેટલું જોર આપે તેટલું દૂધ નીકળે છે, તેમ આત્મસ્વભાવ તો પરિપૂર્ણ જ્ઞાનાનંદથી ભરેલો છે. એની શ્રદ્ધાનું અને સ્થિરતાનું જેટલું જોર આપે તેટલો વિકાસ થાય. એટલે અંદરમાં છે તેમાંથી નીકળશે, સ્વભાવનું જોર થતાં એની મેળે અતિવેગથી કેવળજ્ઞાન અત્યંતપણે પ્રકાશી નીકળે છે.

અસંગ તત્ત્વની પ્રતીતિ કરતા સમ્યગ્દર્શન પ્રગટે છે અને સ્વભાવના આશ્રયના જોરે એકાગ્રતાનો અભ્યાસ કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. અનાદિથી પરદ્રવ્યના કારણે જીવ રોકાયો ન હતો પણ સ્વનો અભ્યાસ છોડી પરનો અભ્યાસ પોતે કરતો હતો. હવે ચૈતન્યસ્વભાવનું લક્ષ કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને પૂર્ણ અભ્યાસ કરતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

આત્મા ચૈતન્યકંદનો ગાંગડો ભર્યો પડ્યો છે. સકરકંદના એક રાઈ જેટલા ટૂકડામાં અસંખ્યાત ઔદારિક શરીર છે અને એકેક શરીરમાં અનંતા જીવો છે. તે દરેક આત્મા આ કેવળજ્ઞાનના કંદરૂપી સ્વભાવથી ભરેલા છે. એકેક આત્મામાં પરિપૂર્ણ સ્વભાવ ભર્યો છે, તેવો સ્વભાવ નિર્વિકલ્પ શ્રદ્ધામાં આવ્યો ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જે રાગ, પર્યાય, નિમિત્ત વગેરે પરપદાર્થમાં એકપણું માનતો હતો તે હવે જ્ઞાન ગુણ અને આત્મા ગુણી—તેમાં એકપણું માનવા લાગ્યો. તે સમ્યગ્દ્રષ્ટિ પુરુષ શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે અને નિશ્ચયથી વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો તેનો સ્વભાવ છે, માટે તે વિશ્વને જાણે છે, એમ કહ્યું—એ એક આશય થયો.

બીજો આશય એ છે કે જીવ-અજીવનો અનાદિ જે સંયોગ છે તે મોક્ષ થયા પહેલાં સર્વથા છૂટતો નથી. મોક્ષ થયા પહેલાં આત્મા કેવળજ્ઞાનનો ગર્ભ છે,

તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. (પણ વિકારમાંથી તે પ્રગટ થતું નથી) એવી સ્વભાવની રુચિ થતાં ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં નિર્વિકલ્પદશા પ્રગટે છે, ત્યારે આત્માનો કેવળ અનુભવ રહે છે અને તે શ્રેણિ અત્યંત વેગથી આગળ વધતાં સ્વભાવની એકાગ્રતાથી કેવળજ્ઞાન પ્રગટે છે. સમ્યગ્દર્શનપૂર્વક સ્વભાવનો અભ્યાસ કરતાં, કેવળ આત્માનો અનુભવ થતાં, અંતર્મુખ થતાં, એકાગ્ર થાય એટલે કેવળજ્ઞાન પ્રગટે છે અને અઘાતીકર્મનો નાશ થતાં જીવ, અજીવથી સર્વથા જુદો થાય છે. જીવ-અજીવ ભિન્ન થવાની આ રીત છે.

આ રીતે જીવ અને અજીવ જુદા જુદા થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા. જેમ બહુરૂપી વેષ કાઢીને આવે, એને જો સામો માણસ બરાબર ઓળખી જાય તો તે ચાલ્યો જાય છે. તેમ અહીં જીવ-અજીવ બન્ને ભેગા થઈને વેષ કાઢીને આવ્યા હતા. તેને સમ્યગ્દ્રષ્ટિ જીવે બરાબર ઓળખી લીધા. સમ્યગ્દ્રષ્ટિ પુરુષે સમ્યગ્જ્ઞાન દ્વારા તેમનાં લક્ષણભેદ વડે પરીક્ષા કરીને બન્નેને જુદા-જુદા જાણ્યા, એટલે બન્ને જુદાજુદા થઈને અખાડામાંથી ચાલ્યા ગયા—એમ અલંકાર કરીને વર્ણન કર્યું.

હવે જીવ-અજીવ અધિકારની પૂર્ણાહુતિ કરે છે.

જીવ-અજીવ અનાદિથી સંયોગે ભેગા છે. તેને અજ્ઞાની જીવો ઓળખતા નથી. અજીવનો સંયોગ દેખીને સ્વભાવની રુચિ ન કરે તેને આત્મજ્ઞાન થાય નહિ. પણ વિકારથી જુદો ચૈતન્યસ્વભાવી આત્મા છે, તેની રુચિ કરે તો પોતે પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે. શ્રીગુરુનો ઉપદેશ સાંભળીને પોતે પોતાનો કાળ (સ્વ પુરુષાર્થ) પામીને અજ્ઞાનનો નાશ કરે છે, તે જીવ જગતમાં મહંત કહેવાય છે. તે શિવ (નિરુપદ્રવ મોક્ષ)માં જાય છે અને અનંતકાળ સુખ પામે છે.

ગાથા ૩૮ સુધી જીવદ્રવ્યનું વર્ણન કર્યું અને ગાથા ૩૦માં અજીવ તે જીવનું સ્વરૂપ નથી, અજીવનો ભેખ તે જીવ નથી. એમ જીવ-અજીવ દ્રવ્યનું જુદું જુદું વર્ણન કર્યું. પહેલાં જીવ અધિકારમાં અસ્તિથી કથન કર્યું અને અજીવ અધિકારમાં નાસ્તિથી કથન કર્યું.

હવે જીવ અને અજીવ બન્ને જુદા છે. તે બન્નેને જુદા માન્યા તો તેનું કાર્ય શું? અને બન્નેને એક માને તો તેનું કાર્ય શું? એ કર્તાકર્મના બીજા અધિકારમાં વર્ણન કરશે. કર્તાકર્મના અધિકારની ટીકા ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય એટલે અન્યમતમાં કે અન્ય સંપ્રદાયમાં તો નથી જ, પણ સનાતન જૈનદર્શનમાં પણ અહીં સમયસારમાં જે સ્પષ્ટતાથી કહેશે તેવી કર્તાકર્મની ટીકા અન્ય શાસ્ત્રોમાં ક્યાંય નથી.

સમયસારમાં કર્તાકર્મ અધિકારમાં અદ્દભુત રીતે સંગ્રહ કર્યો છે. એવો બીજે ક્યાંય નથી.

## જીવ-અજીવ અધિકાર સમાપ્ત.

# પ્રસાદ નં. ૫૭

## સમયસાર કર્તાકર્મ અધિકાર (શરૂ)

(માગશર વદ ૮, સોમવાર, ૨૦૦૭)

## શ્રી કુંદકુંદ ભગવાનને આચાર્યપદવી આરોહણ દિન

આત્મા કર્તા અને વિકાર એનું કાર્ય. એવો જે અજ્ઞાનભાવ તેનો, આત્મા કર્તા અને જ્ઞાન એનું કામ—એવા જ્ઞાન વડે નાશ થાય છે. વિકારનો નાશ થતાં કર્મનો નાશ થાય એટલે આત્માનું પૂર્ણાનંદ કલ્યાણસ્વરૂપ પદ છે તેને પામે ને એમાં સાદિ અનંતકાળ રહે. અહો! એવી દશાને હું માન મૂકીને વંદન કરું છું.

એ રીતે પંડિત જયચંદ્રજીએ આ શ્લોકમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ પણ સાબિત કર્યા છે કે પ્રથમ કર્તાકર્મરૂપી જે વિકાર હતો તેનો નાશ કરી જ્ઞાન પ્રગટ કર્યું અને આત્મા કાયમ ટકી રહ્યો.

અહીં પ્રથમ ટીકાકાર કહે છે કે જીવ-અજીવ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે, એટલે કે જીવ કર્તા અને અજીવ એટલે વિકાર તેનું કાર્ય—એમ અજ્ઞાની માને છે, તેનું વર્ણન કરે છે. જેમ બે પુરુષો એકસરખો વેશ લઈને નાચવાની જગ્યામાં પ્રવેશ કરે તેમ જીવ અને અજીવ એક કર્તાકર્મના વેશે દાખલ થાય છે—એમ ટીકાકારે અલંકાર કર્યો છે.

આત્મા અને વિકાર અનાદિથી સાથે ને સાથે છે. પર્યાયમાં કોઈ વખત પણ વિકારરહિત થયો નથી. તેથી અજ્ઞાનીને ભ્રમ પડે છે કે આત્મા કર્તા છે અને વિકાર એનું કાર્ય છે, પણ જ્ઞાની તો યથાર્થ જાણી લે છે કે હું તો જ્ઞાનસ્વભાવી છું. વિકારનો કર્તા હું નથી પણ જ્ઞાનનો કર્તા છું અને જ્ઞાન મારું કાર્ય છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :—

### કળશ ૪૬

અહો! 'આ લોકમાં'—એમ કહેતાં જીવ અને અજીવનું અસ્તિત્વ અનાદિનું છે, એમ સાબિત થયું; તેમાં ચૈતન્યસ્વભાવી આત્મા વિકારનો રચનાર છું અને ક્રોધાદિભાવો મારું કામ છે, એટલે ચૈતન્યસ્વભાવ છે તેની રુચિ છૂટીને દયાદાનાદિ તથા કામક્રોધાદિ વિકારી ભાવોનું કાર્ય સ્વીકાર્યું, તેને વિકારની રુચિ હોવાથી આત્મા પ્રત્યે તેને કોપ-ક્રોધ વર્તે છે. જડના આશ્રયે થતો ભાવ અને સ્વભાવને બન્નેને એક માને છે. તેની દ્રષ્ટિ પર્યાય ઉપર ગઈ છે.ક્રોધાદિ ભાવો મારું કાર્ય છે, તેમ બેઠું છે પણ સ્વભાવ મારું કાર્ય છે, તે વાત બેસતી નથી.

પ્રવચનસારમાં સપ્તભંગીની વાતમાં પોતાના સ્વભાવનું અને પર્યાયનું એમ બન્નેનું જ્ઞાન કરાવ્યું છે. કેમ કે આત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે એટલે તારી પર્યાયમાં રાગ થાય છે, તે કોઈ પર કરાવતું નથી પણ તારો અપરાધ છે—એમ જ્ઞાન કરાવ્યું છે.

અહીં તો કહે છે કે અજ્ઞાની એમ માને છે કે વિકાર મારું કાર્ય અને આત્મા એનો કર્તા છે—તે ભ્રમણા છે. આત્માને વિકારનો કર્તા માને તેને વિકારની રુચિ છે—સ્વભાવની રુચિ નથી માટે તે આત્મા ઉપર ક્રોધ કરે છે.

આત્મા જ્ઞાન છે અને ક્રોધાદિ તેનું કાર્ય છે, એમ માનનારને અંશ અને પર્યાય લક્ષમાં આવ્યા પણ ત્રિકાળ સ્વભાવ પડ્યો છે તે લક્ષમાં આવ્યો નહીં એટલે અંશબુદ્ધિ-પર્યાયબુદ્ધિ તે હું છું—એવી અજ્ઞાનીને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. જડકર્મ છે માટે તે પ્રવૃત્તિ છે, એમ કહ્યું નથી, પણ અજ્ઞાની દયાદાન વ્રતાદિના ભાવો છે, તે મારું કાર્ય છે અને જીવ તેનો કર્તા છે એમ માને છે. તેને ચૈતન્યસ્વભાવ હું છું એ લક્ષમાં આવતું નથી, તેથી તે ચૈતન્યસ્વભાવની મર્યાદા બહાર જાય છે માટે કર્તાકર્મની પ્રવૃત્તિ હોય છે. આથઈ નક્કી થયું કે પર્યાયમાં અજ્ઞાન છે ખરું. કોઈ કહે કે અજ્ઞાન નથી તો તેમ નથી.

આવી કર્તાકર્મની પ્રવૃત્તિને ચારે બાજુથી નાશ કરીને—વિકાર પુણ્ય-પાપના ભાવો તે મારું કાર્ય જ નથી એમ જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. જેમ (દીવાળીના ફટાકડા) ફુલખરણીમાંથી તણખા ઝરે છે તેમ આત્માની જ્ઞાનજ્યોતિ સ્વભાવનું લક્ષ કરતાં પ્રગટ થાય છે. તે જ્યોતિ બધી તરફથી વિકારની પ્રવૃત્તિને શમાવતી (મટાડતી)—કોઈ કાળે હવે, કર્તાકર્મની પ્રવૃત્તિ પ્રગટ ન થાય એવી રીતે નાશ કરતી—પ્રગટ થાય છે, એટલે કે જ્ઞાનજ્યોતિ પ્રગટી તે પ્રગટી. તેનો હવે નાશ થશે નહિ.

તે જ્ઞાનજયોતિ કેવી છે? પરમ ઉદાત્ત છે, કોઈને આધીન નથી. ચૈતન્યસ્વભાવને આધીન છે પણ કર્મને આધીન નથી. કર્મ ખસ્યું માટે જ્યોતિ પ્રગટી—એમ નથી. જ્ઞાનજ્યોતિ પ્રગટવામાં કોઈની ગરજ પડતી નથી, કોઈની સહાયની જરૂર નથી. સંસારમાં તો લગ્નમાં સગાની ઓશિયાળ, નોકરીમાં શેઠની ઓશિયાળ જે ભોગવવી પડે છે તેમ અહીં કોઈની ઓશિયાળ ભોગવવી પડતી નથી. આત્માની જ્ઞાનજ્યોતિ ખીલવવામાં કોઈની સહાયની જરૂર નથી. આવી જ્ઞાનજ્યોતિ કોઈની સહાય માગે નહિ અને પોતાની સહાય છોડે નહિ. તે કોઈનું કરે નહિ પણ બધાને જાણે એવો એનો સ્વભાવ છે.

અત્યંત ધીર છે. જેમ કેરી પાકે ત્યારે આંબો નમી જાય તેમ ચૈતન્યસ્વભાવ તરફ ઢળતાં જ્ઞાન ઠરતું જાય પણ કૂદકા મારે નહિ. જ્ઞાન ખીલ્યું એટલે બધાને

જાણે પણ કોઈનું કરે નહિ. ચૈતન્યસ્વભાવમાં ઠરવું તે તેનું કામ છે. દેશનું કરી દઉં, કુટુંબનું કરી દઉં, શાસ્ત્રનું કરી દઉં અને જૈનધર્મનું કરી દઉં—એવો જ્ઞાનનો સ્વભાવ નથી પણ જ્ઞાન તો ધીરું છે, શાંત-અનાકુળ છે.

ચૈતન્યનો સ્વભાવ પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને જાણવાનો છે. તે બધા દ્રવ્યોને પૃથક્ પૃથક્ જાણે છે. ક્ષાયોપશમિકજ્ઞાનવાળો અને કેવળજ્ઞાનવાળો બન્ને પોતાની મર્યાદાપણે સમસ્ત દ્રવ્યોને સાક્ષાત્—પ્રત્યક્ષ જાણે છે. આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના તફાવતને જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે,—એમ ગાથામાં કહે છે :--

**આત્મા અને આસ્રવતણો, જ્યાં ભેદ જીવ જાણે નહિ,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯**
**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦**

અર્થ :—કામ, ક્રોધ, દયા, દાનાદિના ભાવો તે આસ્રવ છે કેમ કે તે સ્વભાવમાંથી આવ્યા નથી, એટલે કે પરમાં અટકવાથી આવ્યા છે. તે ભાવોને અને આત્મા જ્ઞાનસ્વભાવી છે તેને જ્યાં સુધી જુદા ન જાણે ત્યાં સુધી અજ્ઞાની રહે છે, એમ કહ્યું છે, પણ કર્મ જ્યાં સુધી રહે ત્યાં સુધી અજ્ઞાની રહે છે—એમ કહ્યું નથી. આ રીતે ક્રોધાદિમાં પ્રવર્તે છે, તેને કર્મનો સંચય થાય છે. ખરેખર સર્વજ્ઞદેવે આ રીતે કર્મનું બંધન જીવને છે—એમ કહ્યું છે.

આત્માને જ્ઞાન સાથે તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે એટલે આત્માને અને જ્ઞાનને એકરૂપ સંબંધ છે. તેમાં વિશેષ (તફાવત) નહિ હોવાથી જુદાપણું નથી. અહીં ગુણ-ગુણી અભેદ છે તે કહેવું છે, તેમને પ્રદેશભેદ નથી. આત્માને જાણતાં જ્ઞાન જણાય છે અને જ્ઞાનને જાણતાં આત્મા જણાય છે, તેથી તેમાં જુદાઈ નહિ જણાવવાથી નિઃશંકપણે હું જ્ઞાન છું, તેમ જ્ઞાની માને છે. જ્ઞાન તે જ આત્મા છે, તેમ નિઃશંકપણે જ્ઞાની વર્તે છે. વિકારભાવને અને સ્વભાવભાવને ભેદ છે પણ સ્વભાવ અને સ્વભાવવાનને ભેદ નથી.

કોઈ એમ માને કે સાંભળતાં સાંભળતાં જ્ઞાન આવ્યું, તેણે આત્મામાંથી જ્ઞાન થાય છે, એમ માન્યું નહિ પણ બહારથી આવ્યું છે, તેમ માન્યું. તેમ માનનાર ગુણ-ગુણીને અભેદ માનતો નથી. જ્ઞાની તો જ્ઞાનગુણ તે જ આત્મા છે, તેમ નિઃશંકપણે પોતામાં વર્તે છે. આ જ્ઞાનક્રિયામાં દર્શન, જ્ઞાન,ચારિત્ર ત્રણેનો સમાવેશ થાય છે.

# પ્રસાદ નં. ૫૮

## સમયસાર ગાથા ૬૯—૭૦ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૯, મંગળવાર, ૨૦૦૭)

અહીં કર્તાકર્મ અધિકાર ચાલે છે. થનાર તેને કર્તા કહેવાય અને થનારનું પરિણામ તેને કર્મ કહેવાય. થનાર, રચનાર, કરનાર એ બધું કર્તાના અર્થમાં જાય છે, થાય છે. રચાય છે અને કરાય છે—તે કર્મના અર્થમાં જાય છે એટલે કે પર્યાય, કાર્ય, પરિણામ તેને કર્મ કહેવાય છે.

હવે ધર્મીનું કાર્ય કેવું હોય તે કહે છે. જ્ઞાનને અને આત્માને અભેદ સિદ્ધ થયેલો સંબંધ છે. સંકલ્પ—વિકલ્પ ઊઠે છે તે જ્ઞાન નથી તેથી આત્મા સાથે તેનું અભેદપણું નથી. જ્ઞાની ચોથા ગુણસ્થાનવાળો ધર્મી, આત્મા અને જ્ઞાનને તાદાત્મ્ય સિદ્ધસંબંધ છે તે જાણે છે પણ શરીરાદિની ક્રિયાને તથા વિકારાદિની ક્રિયાને પોતાની માની રુચિ કરતો નથી. જ્ઞાની પોતાની જ્ઞાન ક્રિયા છે, એમ માને છે.

આત્મા અને જ્ઞાનને અભેદ દેખતો થકો, જ્ઞાનને અને આત્માને જુદા નહિ દેખતો થકો, અંતર્મુખની અભિપ્રાય દ્રષ્ટિથી ગુણગુણીને જુદા નહિ દેખતો થકો નિશંકપણે જ્ઞાનમાં વર્તે છે. પ્રવચનસારમાં જ્ઞાન પ્રધાન સમ્યક્ત્વની વાત છે. ત્યાં તો આત્માની વિકારી પર્યાય પણ પોતાની પોતાના કારણે થાય છે. તે કર્મ કે પર કોઈ કરાવતું નથી, તેમ જ્ઞાન કરાવ્યું છે અને અહીં દર્શન-પ્રધાન સમ્યક્ત્વની વાત છે, તેમાં ગુણ ગુણીને અભેદ કરતો અને રાગાદિ વિકારી પર્યાયોનો ભેદ કરતો જ્ઞાની નિશંકપણે જ્ઞાનમાં પ્રવર્તે છે.

આચાર્યદેવે આ ગાથામાં અદ્‌ભુત વાત કરી છે. પણ વાચક શબ્દથી વાચ્ય એટલે ભાવ જુદો છે કેમ કે વાચક તે વાચ્ય નથી. જો વાચક દ્વારા જીવ સમજે તો વાચક એવા શબ્દને નિમિત્ત કહેવાય છે. સિદ્ધ ભગવાનને બિલકુલ રાગ હોતો નથી. અજ્ઞાનીને રાગનું જ્ઞાન હોતું નથી, પણ સાધકદશામાં રાગ હોય છે અને રાગનું જ્ઞાન પણ હોય છે. સ્વભાવ દ્રષ્ટિના જોરે જ્ઞાની રાગની રુચિ કરતો નથી. જ્ઞાની પોતાની નબળાઈના કારણે રાગ, ભેદ પર્યાયમાં વર્તે છે, પણ તેના ઉપર તેની રુચિ હોતી નથી. જ્ઞાનને અને જ્ઞાતાને જુદો નહિ પાડતો, ભેદ નહિ કરતો તે નિશંકપણે જ્ઞાનને વેદે છે.

જ્ઞાનીને જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત છે. વિકારની ક્રિયાને જ્ઞાની પોતાની માનતો નથી. ધર્મીને રાગની ક્રિયા ગૌણ હોય છે અને જ્ઞાનની ક્રિયા મુખ્ય હોય છે. આ ધર્મની શરૂઆતની વાત કહેવાય છે.

જ્ઞાની રાગની ક્રિયાનો સ્વીકાર કરતો નથી અને જ્ઞાનની ક્રિયાનો નિષેધ પણ કરતો નથી, એટલે કે જ્ઞાની જ્ઞાનની ક્રિયાનો સ્વીકાર કરે છે; સ્વભાવ તરફ જ્ઞાનનો ઝુકાવ થયો તે વખતે જ્ઞાનની ક્રિયા આત્મામાં અભેદ થઈ માટે તેને નિષેધવામાં આવી નથી.

શરીર, વાણી અને મન વગેરે તો પર છે અને દયા, દાન, વ્રતાદિના ભાવ છે તે અનિત્ય, કૃત્રિમ, ઔપાધિક ભાવ છે અને સ્વભાવ તરફ ઢળતાં જે ક્રિયા થઈ તે જ્ઞાનની અભેદ ક્રિયા છે. તે આત્માની નિર્મળક્રિયા હોવાથી નિષેધવામાં આવી નથી.

જ્ઞાનની ક્રિયા તે જ મોક્ષમાર્ગ છે. તે આત્માની નિર્દોષ પર્યાય છે. મોક્ષમાર્ગ આત્માને છોડીને શરીરમાં કે વિકારમાં રહેતો નથી. પણ સ્વભાવની રુચિપૂર્વક જ્ઞાન, દર્શન, ચારિત્રની અભેદતા થાય છે, તે મોક્ષમાર્ગ છે. જ્ઞાતા દ્રવ્ય કર્તા થઈને જ્ઞાન ક્રિયારૂપે પરિણમે તે ધર્મ છે અને શરીર કે વિકારની રુચિએ પરિણમવું તે અધર્મ છે.

ધર્મ ક્યાં થાય છે? આત્માની પર્યાયમાં થાય છે. શરીર, વાણી કે મનમાં થતો નથી. ધર્મ કેવી રીતે થાય? વસ્તુ સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે. તેવી દ્રષ્ટિ કરવાથી ધર્મ થાય છે. ધર્મ આત્માની પર્યાયમાં થાય છે, છતાં પર્યાયના આશ્રયે ધર્મ થતો નથી. કેમ કે પર્યાયમાંથી પર્યાય થતી નથી પણ દ્રવ્યમાંથી થાય છે માટે દ્રવ્યના આશ્રયે ધર્મ થાય છે.

જ્ઞાની જ્ઞાનમાં વર્તતો હોવાથી તે જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત છે. તેથી તેને નિષેધવામાં આવી નથી. આત્માના આશ્રયે ધર્મ પર્યાય પ્રગટે છે, પણ નિમિત્ત કે વિકારના આશ્રયે પ્રગટતી નથી. સમ્યક્ત્વની પર્યાયના આશ્રયે ચારિત્ર પ્રગટતું નથી. ચારિત્રની પર્યાય પ્રગટી હોય તેના આશ્રયે પણ ચારિત્ર પ્રગટે નહિ તો પછી દયા, દાન, વ્રતાદિ તથા શરીરાદિના આશ્રયે ચારિત્ર પ્રગટે એમ માનવું તે અજ્ઞાનીનો મોહ છે. ખરેખર તો આત્મા જ્ઞાતા તરફનું વલણ કરી આત્મા અને ગુણનો પણ ભેદ પાડતો નથી તે જ્ઞાનની ક્રિયારૂપે પરિણમતો દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરે છે.

આ રીતે વસ્તુને સમજ્યા વગર ધર્મ થતો નથી. કલ્પનાથી માનીને બેસી જાય એથી કરીને ધર્મ થતો નથી. અહીં તો મોક્ષમાર્ગ બતાવી દીધો છે કે :–જ્ઞાન અને આત્માને અભેદ કરતો જ્ઞાનરૂપે પરિણમે છે. આ પંચમકાળમાં ગાથાકારે તીર્થંકર જેવું અને ટીકાકારે ગણધર જેવું કામ કર્યું છે. અદ્દભુત ભાવો ભર્યા છે.

જ્ઞાનની ક્રિયા કહો કે મોક્ષની ક્રિયા કહો અથવા તો જ્ઞાન, દર્શન, ચારિત્રની ક્રિયા કહો તે બધું એક જ છે, તેથી તેને નિષેધવાનું રહેતું નથી.

જેવી રીતે જ્ઞાની ગુણ ગુણીને અભેદ કરે છે, તેવી રીતે અજ્ઞાની આ આત્માને અને ક્રોધાદિ ભાવો જે સંયોગ સિદ્ધ સબંધે છે તેને અભેદ કરતો એટલે કે એક જાણતો ક્રોધાદિમાં નિઃશંક રીતે વર્તે છે. આત્મા અને ક્રોધાદિને તદ્-રૂપ સંબંધ નથી પણ આત્માને અને જ્ઞાનને તદ્-રૂપ સંબંધ છે. છતાં ક્રોધાદિ ભાવોને અભેદ કરતો અજ્ઞાની સ્વભાવની રુચિ છોડી પરની રુચિ કરી રહ્યો છે. તેથી તેને આત્માનો અરુચિભાવ છે ને તેને અહીં ક્રોધ કહ્યો છે.

સ્વભાવભાવ સાથે જ્ઞાનને ત્રિકાળ સંબંધ છે અને વિકારભાવને એક સમય પૂરતો સંબંધ છે. વિકારમાં અનેક ભેદ પડે છે. સ્વભાવ તો એકરૂપ અભેદ છે, રાગ વિકાર સંયોગી ભાવ છે. તેથી આત્મામાં તે તન્મય થતો નથી. સ્વભાવની દ્રષ્ટિએ ઔપાધિકભાવને સંયોગી ભાવ કહ્યો છે. વળી વિકારભાવ નાશ પામે છે. તે અપેક્ષાએ પણ તેને સંયોગસિદ્ધસંબંધ કહ્યો છે. એક સમય પૂરતો હોવાથી સંયોગસંબંધ કહીને તે આત્મામાં નથી, એમ કહ્યું છે.

આત્મા વસ્તુસ્વભાવે નિર્મળ છે. તેની રુચિ નહિ કરતાં વિકાર કે અંશની રુચિ કરે તેને સ્વભાવનો અણગમો છે માટે તેને અનંતાનુબંધી ક્રોધ વર્તે છે, તેમ કહ્યું છે. વિકાર એક સમયનો પર્યાય છે. તેની રુચિ કરે છે પણ ત્રિકાળી સ્વભાવ છે તેની રુચિ કરતો નથી. દયા, દાન, વ્રતાદિના પરિણામો થાય તે મારું કામ છે. એમ અજ્ઞાની વિકારની રુચિ કરે છે. જેને એક સમયના રાગ અને વિકારની રુચિ છે તેને ત્રણે—કાળના વિકારની અને પર પદાર્થની રુચિ છે અને સ્વભાવ ત્રણે કાળનો ધ્રુવ છે, તેનો અણગમો વર્તે છે એટલે તેને અનંતાનુબંધી ક્રોધ વર્તે છે.

મુનિ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલતાં હોય છે. ત્રણ કષાયનો—અભાવ સ્વભાવ દ્રષ્ટિએ કર્યો છે. તેવી દશામાં શરીરની પણ નગ્ન દશા સહજ હોય છે. શરીરની નગ્નદશા મુનિ કરતા નથી કેમ કે તે જડની ક્રિયા છે. તેવા મુનિને ઉત્તમ ક્ષમા હોય છે. ત્યારે અજ્ઞાની કે જે સ્વભાવની રુચિ કરતો નથી પણ રાગની, વ્રતની, શરીરની ક્રિયાની રુચિ કરે છે તેને ઉત્તમ ક્ષમાથી વિરુદ્ધ એવો અનંતાનુબંધી ક્રોધ વર્તે છે. બંનેમાં વિરુધ્ધતા છે, ઉત્તમ ક્ષમાની સામે નીચ ક્રોધ લીધો છે.

વ્યવહાર ક્રિયાથી આત્મામાં ધર્મ થશે તેમ માનનારને સ્વભાવની રુચિ નથી. રાગને પર્યાયની રુચિ કરનારને સ્વભાવની રુચિ ખસી જાય છે, તેને અનંતાનુબંધી ક્રોધ વર્તે છે. નિમિત્તની અનુકૂળતાથી ધર્મ પર્યાય પ્રગટે છે, એમ તો નથી પણ દયા, દાન, પૂજા, વ્રતાદિના ભાવથી પણ ધર્મની પર્યાય પ્રગટતી નથી અને

પર્યાયના ભેદના આશ્રયે પણ શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. સ્વભાવમાં ઢળતાં શુદ્ધ પર્યાય પ્રગટે છે.

સ્વભાવની દ્રષ્ટિ વિના સાચી ક્ષમા હોતી નથી, પછી ભલે દ્રવ્યલિંગી મુનિપણું ધારણ કરેલું હોય. સ્વભાવની અરુચિવાળાને અનંતાનુબંધી ક્રોધ છે. તે મિથ્યાત્વમાં વર્તે છે. સ્વભાવનો અનાદર કરનારો, અનંતભવનો આદર કરનાર, આત્માનો દ્વેષી—વેરી છે, ક્રોધી છે. વિકલ્પ ઊઠે તેને જ સર્વસ્વ માની લે તો ધ્રુવ સ્વભાવી ભગવાનની પ્રભુતા રહેતી નથી. પરથી આ આત્માની પ્રભુતા રહેતી જ નથી પરંતુ વિકારથી પણ પ્રભુતા રહેતી નથી. આત્મ ભગવાનની પ્રભુતા તો પોતાનો અખંડ પ્રતાપ ધારી રાખવામાં છે. પણ પોતાની પ્રભુતાને ન જાણતાં વિકાર અંશ કે પરને જે પ્રભુતા આપે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

# પ્રસાદ નં. ૫૯

## સમયસાર ગાથા ૬૯—૭૦ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૦, બુધવાર, ૨૦૦૭)

આ કર્તાકર્મ અધિકાર છે. એમાં જ્ઞાનીનું કર્તા થઈને સ્વભાવભાવરૂપી કાર્ય એટલે નિર્દોષ ધર્મપર્યાય હોય છે. કેમકે આત્માનું લક્ષ થતાં, ગુણ—ગુણીનો ભેદ નહિ કરતાં, જ્ઞાનદર્શનરૂપ પર્યાય થઈ તે કર્તાનું કાર્ય છે. ધર્મીનો ધર્મ આત્માની પર્યાયમાં હોય છે પણ શરીરમાં કે વિકલ્પમાં હોતો નથી. અંતર્મુખ દ્રષ્ટિના આશ્રયે ધર્મ થાય છે અને સ્વભાવના અભેદપણામાં વીતરાગતા થાય તે ધર્મીનું કાર્ય છે.

આત્મા અને જ્ઞાનસ્વભાવ જુદા નથી. તેમ પોતાના સ્વભાવમાં જોવું તે ધર્મની ક્રિયા છે. આત્માની પર્યાયમાં જે દયા, દાનાદિના ભાવો થાય તે આસ્રવતત્ત્વ છે. તેની અને આત્માની જુદાઈ જે જાણતો નથી તેને તે રાગાદિ જે અનિત્ય તાદાત્મ્ય સંબંધે છે તેની રુચિ હોવાથી મિથ્યાત્વ થાય છે.

પ્રવચનસારમાં સ્વજ્ઞેયનું અખંડપણું બતાવીને પોતાની પર્યાયમાં જે વિકાર થાય છે, તે તારો અપરાધ છે, તેમ જ્ઞાન કરાવ્યું છે. અહીં આત્મા અને જ્ઞાનને નિત્ય તાદાત્મ્ય સંબંધ છે તે તેમ અભેદતા કરાવીને વિકાર આદિને અનિત્ય તાદાત્મ્ય સંબંધ હોવા છતાં તેનો આશ્રય છોડાવવા માટે તે રાગાદિને સંયોગ સંબંધ કહ્યો છે. આત્માની પર્યાયમાં એક સમયનો વિકાર છે ખરો અને તેથી તેને અનિત્ય તાદાત્મ્ય સંબંધ કહ્યો છે પણ તેની રુચિ કરવાથી સ્વભાવનું ચૂકવું થાય છે, તે મિથ્યાદ્રષ્ટિપણું છે.

ધર્મની રુચિ હું આત્મા જ્ઞાતાદ્રષ્ટા છું એવા સ્વભાવ ઉપર છે. વિકારની રુચિ તેને હોતી નથી એટલે વિકારી પર્યાયને સંયોગસંબંધ તરીકે ગણી છે. ઔપાધિકભાવ એક સમયનો છે અને સ્વભાવભાવ ત્રિકાળ ધ્રુવ છે. વિકારભાવ ત્રિકાળસ્વભાવમાં નહિ હોવાથી તેને સંયોગસંબંધ કહ્યો છે. વિકલ્પ ઊઠે છે તે વિકાર છે છતાં તે સ્વભાવને મદદ કરે છે અને તે મારું સ્વરૂપ છે એમ માની તેની રુચિ કરવી, તે અનંતાનુબંધી ક્રોધ છે—એમ કહ્યું છે.

એક સમયનો ઔપાધિકભાવ તે આસ્રવ છે. અજ્ઞાની પોતાના જ્ઞાતાસ્વભાવથી આસ્રવ જુદો છે, એમ ભેદ પાડતો નથી પણ આસ્રવ મારું કર્તવ્ય છે, એમ તે માને છે. જેને વિકારની રુચિ છે તેને આત્માનો અનંતો અણગમો છે, તેથી અનંતો ક્રોધ વર્તે છે. વિકારી પર્યાય છે અને સ્વભાવ પણ છે. આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે તે બન્નેમાં જુદાઈ જાણતો નથી.

આત્મા તો જ્ઞાનસ્વભાવી છે તેથી આત્મા અને જ્ઞાનને જુદા પાડી શકાતાં નથી. તેથી આત્મા અને જ્ઞાનનો ભેદ ન પાડવો તે તો ધર્મ છે પણ વિકલ્પ જે એક સમય પૂરતો છે, તેને આત્મા સાથે અભેદ કરવો તે મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ધ્રુવસ્વભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાય નિમિત્તમાંથી કે વિકારમાંથી તો આવતી નથી જ પણ પર્યાયમાંથી પણ પર્યાય થતી નથી. જ્ઞાનીનું જ્ઞાતા સન્મુખ વલણ હોવાથી તેના આત્મામાં જ્ઞાનની ક્રિયા થાય છે પણ અજ્ઞાની, શુભાશુભ લાગણી થાય છે તેને આત્મા સાથે અભેદ કરતો થકો, તેના ભેદને જાણતો નથી. એ રીતે જ્યાંસુધી તે જ્ઞાતાસ્વભાવને દેખતો નથી, ત્યાંસુધી નિઃશંકપણે ક્રોધાદિમાં વર્તે છે.

'જ્ઞાની સ્વભાવને અભેદ કરતો'—એમ કહ્યું છે. ત્યાં પર્યાયમાં વિકાર થયો તે વખતે તેનો ભેદ પાડીને સ્વભાવમાં અભેદ થાય છે—એમ નથી પણ સ્વભાવમાં અભેદ થતાં મિથ્યાત્વનો પર્યાય થતો જ નથી. વિકારનું અભેદપણું હોય અને તે જ સમયે સ્વભાવનું અભેદપણું હોય એમ બન્ને એકી સાથે હોય નહિ. સ્વભાવની રુચિ થતાં વિકારની રુચિ ઉત્પન્ન જ થઈ નહિ તેને સ્વભાવમાં અભેદ થતો—એમ કહેવામાં આવ્યું છે.

અજ્ઞાની સ્વભાવને અભેદ નહિ કરતો આત્મા અને આસ્રવ કે જે સંયોગ સંબંધે છે તેને અભેદ કરતો થકો નિઃશંકપણે ક્રોધાદિમાં વર્તે છે. તે એમ માને છે કે કાંઈક શાસ્ત્ર વાંચવાથી કે બહારનાં સાધન વડે જ્ઞાન થાય. જેમ નૈયાયિક કહે છે કે ગુણ બહારથી આવે છે એમ આણે (અજ્ઞાનીએ) પણ પરથી જ્ઞાન માન્યું, તેથી માન્યતામાં બન્ને સરખા થયા. જ્ઞાન તો સ્વભાવમાં અભેદ થતાં થાય છે, જ્ઞાન પોતાના સ્વભાવમાંથી પ્રગટે છે તે વાત અજ્ઞાનીને બેસતી નથી.

અહીં કહ્યું છે કે જ્યાંસુધી આત્મા વિકારથી ભિન્ન થતો નથી ત્યાંસુધી ક્રોધાદિમાં વર્તે છે. તેનો અર્થ એ થયો કે જો સ્વભાવની અભેદતા કરે તો ક્રોધાદિમાં વર્તે નહિ, એટલે કે ક્રોધાદિ થાય જ નહિ. તેથી સિદ્ધ થયું કે ક્રોધાદિ ક્ષણિક, વિકારી, સંયોગીભાવ છે તેથી તેનો નાશ થઈ શકે છે.

આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પરદ્રવ્ય તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે, બંને ભિન્ન ભિન્ન છે. એવી બે દ્રવ્યની ભિન્નતા પણ જેને ભાસતી નથી, તેને પોતાની વિકારી પર્યાયથી ભિન્ન પોતાના સ્વભાવને જાણવાની તાકાત પ્રગટતી નથી. દરેક પદાર્થ ભિન્ન ભિન્ન પરિણમી રહ્યા છે. એકને લઈને બીજો નહિ અને બીજાને લઈને આ નહિ—એમ પૃથક્ કરતાં જેને આવડતું નથી, તે એક

સમયનો વિકાર છે તે સ્વભાવમાં નથી, એમ ભિન્નતા કરી શકતો નથી ને તેથી તેને સમ્યગ્દર્શન થતું નથી.

સાચી વસ્તુ સમજવાની પોતાની પાત્રતા થાય ત્યારે નિમિત્ત તરીકે સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનો યોગ હોય જ, નિમિત્ત મેળવવા પડતાં નથી, સહજ હોય છે—એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત કોઈ મેળવી શકતું નથી કેમકે નિમિત્ત પરવસ્તુ છે, તે આત્માને આધીન નથી. જેને વીતરાગી દ્રષ્ટિ તો થઈ છે પણ પુરુષાર્થની નબળાઈને લીધે હજુ વિકલ્પ વર્તે છે અને લક્ષ પર તરફ જાય છે ત્યારે તેને વીતરાગી નિમિત્તો ઉપર બહુમાન થાય છે પણ રાગીનું બહુમાન તે કરતો નથી.

સાચી દ્રષ્ટિ થઈ હોય પણ હજુ સ્થિરતા થઈ ન હોય ત્યારે વિકલ્પ રહે તેનું લક્ષ નિર્ગ્રંથ મુનિ અને વીતરાગી પ્રતિમા ઉપર જાય છે અને અનેકાંત બતાવનારાં શાસ્ત્રો કે જેનું તાત્પર્ય વીતરાગતા છે, તેના ઉપર જાય છે. સાચા દેવ—ગુરુ—શાસ્ત્ર કેવાં હોય, વિકલ્પ કેવો હોય, તે બધાનું જ્ઞાન જ્ઞાનીને વર્તે છે, છતાં નિમિત્ત કે વિકલ્પનો આશ્રય જ્ઞાની કરતો નથી અને વિકલ્પ તથા નિમિત્ત કેવાં હોય તેનો વિવેક પણ કર્યા વગર રહેતો નથી. વીતરાગી પૂર્ણજ્ઞાન પ્રગટ્યું હોય તેને દેવ માને અને વીતરાગી નિર્ગ્રંથ (અંતર તથા બાહ્ય પરિગ્રહરહિત) હોય તેને ગુરુ માને પણ સગ્રંથને ગુરુ માને નહિ.

અજ્ઞાની જાણતો નથી કે વ્યવહારમાં શુભભાવ અને તેના નિમિત્તો કેવાં હોય છે. કદાચ નિમિત્ત અને શુભભાવને જાણે તો તેનાથી લાભ થાય તેમ અજ્ઞાની માને છે. પણ જે સ્વભાવસન્મુખ થયો છે, તેને રાગની રુચિ રહેતી નથી. રાગનો સર્વથા અભાવ થાય ત્યારે વીતરાગદશા થાય છે અને સર્વજ્ઞતા થાય છે. મારો સ્વભાવ પણ સર્વજ્ઞ જેવો છે પણ વર્તમાન પર્યાયમાં પરલક્ષે અપૂર્ણતા છે, તે સ્વલક્ષે પૂર્ણતા થશે જ, એમ સ્વભાવનો નિર્ણય કરે તો સર્વજ્ઞની પ્રતીત સાચી કરી કહેવાય.

જે જીવ સર્વજ્ઞ છે, એમ નક્કી કરે, તે નિમિત્ત, વિકાર કે અલ્પજ્ઞતાને સ્વીકારતો નથી. તે સર્વજ્ઞની શક્તિ પરિપૂર્ણ ખીલી ગઈ છે એવી પ્રતીતિ કરે છે. તે પોતાના સ્વભાવને પરિપૂર્ણ માને છે અને પર્યાયમાં અલ્પજ્ઞપણું છે તેમાંથી સર્વજ્ઞપણું પ્રગટે નહિ પણ સ્વભાવ પરિપૂર્ણ છે તેની પ્રતીતિ થયે સર્વજ્ઞપણું પ્રગટે છે—એમ માને છે. જે સર્વજ્ઞ થયા છે તે પોતાના સ્વભાવમાંથી થયા છે; હું પણ જ્ઞાનસ્વભાવમાંથી સર્વજ્ઞ થઈશ, એમ પ્રતીત કરે તો સર્વજ્ઞની પ્રતીતિ કરી કહેવાય.

ઘણા તો સર્વજ્ઞને જ માનતા નથી, સર્વજ્ઞને માને તો તેમણે જેમ જોયું છે તેમ વસ્તુનું પરિણમન થયા કરે છે, પછી તેમાં પુરુષાર્થ કરવાનો રહેતો નથી— એમ અજ્ઞાની માને છે, પણ તેને સર્વજ્ઞની પ્રતીતિ જ નથી. જો સર્વજ્ઞની પ્રતીતિ કરે તો વીતરાગ થયા વગર રહે નહિ. જેને ધ્રુવસ્વભાવની પ્રતીત થઈ તેને ધ્રુવસ્વભાવમાં ભવ નથી તેથી, ભવની રુચિ છૂટી ગઈ. અને સ્વભાવની રુચિ થાય તેને ભવની શંકા રહે નહિ. આ એક જ પંથ છે. પરમાર્થનો પંથ એક જ હોય છે; બીજો હોઈ શકે જ નહિ.

સ્વભાવદ્રષ્ટિપૂર્વક લીનતા થતાં વસ્ત્રનો વિકલ્પ પણ છૂટી જાય છે. તેને છઠ્ઠા ગુણસ્થાનની મુનિદશા કહે છે, તે સહજ હોય છે. તે સમજે નહિ અને આગ્રહ રાખે તો કાંઈ વસ્તુનો સ્વભાવ બદલી જાય એમ નથી. નિશ્ચય—વ્યવહાર કેવો હોય તેની અજ્ઞાનીને ખબર પડે નહિ. જેને પર્યાયની રુચિ પડી છે, તે તો આંધળો છે, તેને આત્માની કે પર્યાયની કે નિમિત્તની ખબર નથી.

દયા, દાન, વ્રતાદિની જે ક્રિયા થાય છે તે વિભાવભાવ હોવાથી નિષેધવામાં આવી છે. પર્યાયબુદ્ધિથી મિથ્યાત્વ થાય છે. અજ્ઞાની પરથી લાભ થાય એમ માને છે, પણ કોઈની પર્યાયનો કોઈ ધણી નથી. કોઈ કોઈને નરકમાં કે મોક્ષમાં જતો અટકાવી શકે નહિ. તો પણ અજ્ઞાનીને ક્રોધાદિની ક્રિયા સ્વાભાવિક છે એવો અધ્યાસ હોવાથી તે દ્વેષરૂપે, રાગરૂપે, મોહરૂપે પરિણમે છે.

## કેવળજ્ઞાનની બંસરી બજાવનાર શ્રીસદ્‌ગુરુદેવનો જય હો....

# પ્રસાદ નં. ૬૦

## સમયસાર ગાથા ૬૯—૭૦ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૧, ગુરુવાર, ૨૦૦૭)

આત્મા ચૈતન્યસ્વભાવી છે અને સંકલ્પ—વિકલ્પ જે થાય છે, તે આસ્રવ છે. તેનો ભેદ (જુદાઈ) જે જાણતો નથી, તે આત્મા નિઃશંકપણે ક્રોધાદિમાં વર્તે છે. ચૈતન્યસ્વભાવી આત્મા ઉપાધિભાવની રુચિમાં વર્તે છે, તેને અનંતાનુબંધીનો ક્રોધ વર્તે છે. સ્વભાવની દ્રઢતા ચૂકીને જેને પુણ્યનું માન થાય છે, તે અનંતાનુબંધી માન છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેને કબૂલવામાં આડ નાખે, તે અનંતાનુબંધીની માયા છે અને સ્વભાવને પુણ્યથી લાભ થાય તેમ માને, તે અનંતાનુબંધીનો લોભ છે.

ક્રોધ, માન, માયા, લોભાદિની વિકારી ક્રિયા પરભાવ હોવાથી તે સ્વભાવ સન્મુખ થવામાં નુકશાન કરે છે. તેથી તે ક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો છે. સ્વભાવની દ્રષ્ટિએ ક્રોધાદિને છોડી શકાય છે. છતાં અજ્ઞાની ક્રોધાદિને સ્વભાવભૂત માનતો હોવાથી ક્રોધરૂપ, રાગરૂપ, મોહરૂપ પરિણમે છે.

જ્ઞાની જ્ઞાતા તરફ વળતા જ્ઞાતાપણે જાણવાનું જ કામ કરે છે ત્યારે અજ્ઞાની વિકારને પોતાનું કાર્ય માની પર્યાયમાં અટકીને મિથ્યાત્વ ભાવ કરી રહ્યો છે. શરીર, વાણી, મન તો જડ છે. તે તો આત્મામાં ત્રિકાળ નથી, પણ આત્માની પર્યાયમાં થતા વિકારને જે પોતાનો માને તેને અનંતાનુબંધીનો રાગ છે.

ધર્મી જીવની સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ હોવાથી, પર્યાયમાં રાગ હોવા છતાં પણ તે જ્ઞાનપણે વર્તે છે. અજ્ઞાનીને દ્રવ્યસ્વભાવનો અભિપ્રાય નથી પણ રાગ અને વિકારનો અભિપ્રાય છે તેથી તે મિથ્યાત્વરૂપે પરિણમે છે. અજ્ઞાની વિકારમાં એકાકાર થાય છે. વસ્તુસ્થિતિ અને તેની મર્યાદાની ખબર નહિ હોવાથી પુણ્ય, વ્યવહારાદિ હોય તો નિશ્ચય આત્માને લાભ થાય એમ માની અજ્ઞાની મિથ્યાત્વરૂપ પરિણમે છે.

અહીં તો કહે છે કે કોઈ પ્રકારની ઇચ્છા થાય, દેવ—ગુરુ—શાસ્ત્રાદિ પ્રત્યે બહુ માનનો વિકલ્પ થાય, અને તેને પોતાનું કર્તવ્ય માને તે મિથ્યાત્વી છે. કેમ કે તેને ઇચ્છા છૂટતી નથી. ઇચ્છા સમયે સમયે નવી થાય છે. ઇચ્છા પર્યાય છે, તેના ઉપર લક્ષ જતાં પર્યાયબુદ્ધિ થતાં મિથ્યાત્વ થાય છે.

આત્મા કોઈ પરની સહાય લેતો નથી અને કોઈને સહાય દેતો નથી. પોતાના ચૈતન્ય સ્વભાવનું ભાન નથી તેથી અજ્ઞાનભાવરૂપે થાય છે. આત્માનું

જ્ઞાનભવન માત્ર જે સહજ ઉદાસીન દશા છે તેને ત્યાગીને અજ્ઞાનભવનમાત્ર થાય છે. અર્થાત્ ક્રોધાદિરૂપ પ્રવર્તતો જણાય છે, તે કર્તા છે.

પોતાના સ્વભાવ ભાવના કારણે જ્ઞાનનું થવું, શ્રદ્ધાનું થવું અને વીતરાગતાનું થવું તે જ્ઞાનભવનમાત્ર છે. આત્માનું કાર્ય તો જ્ઞાનના ભવનરૂપે થવું તે છે; વિકારના અભાવરૂપે થવું તે કાર્ય છે. તે જ્ઞાનભવનરૂપ સ્વભાવ સામે ન જોતાં ક્રોધાદિરૂપ પરિણમે છે એટલે જ્ઞાનભવનમાત્રનો ત્યાગ કરતો અજ્ઞાનરૂપે પરિણમે છે, તેમ કહ્યું છે. આ તો સહજ જ્ઞાતાદ્રષ્ટામાત્ર વસ્તુ છે. તે ક્રિયાકાંડથી પ્રાપ્ત થાય એમ નથી.

આત્માના ચૈતન્યમૂળમાંથી જ્ઞાનનું જ ભવન થાય છે. જેને અજ્ઞાનભાવ છે તેને સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી, તેથી તે પર્યાયબુદ્ધિમાં ટકી રહ્યો છે.

આ તો અલૌકિક ટીકા છે. કેવળજ્ઞાનનાં પેટ રેડ્યાં છે, દૈવીશક્તિ છે. વાણીના સમયે વાણી છૂટી ગઈ છે.

જ્ઞાનના ભવનમાત્રરૂપ થતો નથી તે અજ્ઞાનરૂપે થતો ક્રોધાદિ વ્યાપારરૂપે પ્રવર્તતો પ્રતિભાસે છે. એટલે શાંતિરૂપ પ્રતિભાસતો નથી, પણ અશાંતિરૂપ પ્રતિભાસે છે. તે કર્તા છે એટલે અજ્ઞાનભાવથી વિકારનો કર્તા થાય છે.

સ્વભાવભાવનું ભવન થવું તે સ્વભાવનું કાર્ય છે. જ્ઞાનભવનવ્યાપારરૂપ જે પર્યાય થવી જોઈએ તે થતી નથી પણ ક્રોધાદિરૂપ પર્યાય થાય છે, એટલે સ્વભાવના ભવનથી ક્રોધાદિની ક્રિયા જુદી જાતની છે. સ્વભાવની દ્રષ્ટિ કરીને સ્વભાવમાં પરિણામ અભેદ થવા જોઈએ તે થતાં નથી ત્યારે તેનાથી જુદા એવા ક્રોધાદિ પરિણામો અંતરંગમાંથી ઉત્પન્ન થતા પ્રતિભાસે છે, તે ક્રોધાદિ પરિણામો અજ્ઞાની કર્તાનું કાર્ય છે, પણ તે કોઈ બીજાનું કાર્ય નથી. કોઈનું કાર્ય કોઈ કરી શકતું નથી. માટે તે કર્તાનું કાર્ય કોઈ બીજાથી થાય એમ ત્રણ કાળમાં બનતું નથી. અજ્ઞાનીને પરની કર્તૃત્વબુદ્ધિ છૂટતી નથી તેથી તેને પાપ મટતું નથી.

અહીં તો કહે છે કે અજ્ઞાની પણ કોઈ પરની ક્રિયાનો કર્તા પ્રતિભાસતો નથી પણ વિકારની ક્રિયા કરતો પ્રતિભાસે છે. પરની ક્રિયા તો કોઈ કરી શકતું જ નથી. વસ્તુનો જે સ્વભાવ હોય તેમ જ રહે એથી વિરુદ્ધ માને તો માન્યતા વિપરીત થાય પણ તેથી વસ્તુનો સ્વભાવ ફરે નહિ. અજ્ઞાની અજ્ઞાનનો કર્તા છે અને અજ્ઞાન તેનું કાર્ય છે. શિક્ષક, બાળકને અભ્યાસ કરાવે છે તેમ માનનાર પરનો કર્તા થાય છે, કેમકે ખરેખર તો બાળકના આત્માની પર્યાય શિક્ષણરૂપે પરિણમી છે. શિક્ષક તે રૂપે પરિણમતો નથી. બાળક છે તો તેનું વર્તમાન તેનાથી હોય પણ શિક્ષકની પર્યાયથી તેનું વર્તમાન હોય છતાં અજ્ઞાની પરપદાર્થનો કર્તા પ્રતિભાસે છે.

આ પ્રમાણે અનાદિકાળની અજ્ઞાનથી થયેલી આ આત્માની કર્તાકર્મની પ્રવૃત્તિ છે; એટલે કર્તાકર્મની પ્રવૃત્તિ કર્મના કારણે નથી. છતાં અજ્ઞાની માને છે કે કર્મે ભુલાવ્યો છે, ઘણા કાળનાં કર્મો પડ્યાં છે તે બળપૂર્વક ભૂલાવે છે, તેમ માનનાર કર્મની પર્યાય અને આત્માની પર્યાયને એક માને છે. કર્મને કારણે આત્માની પર્યાય માનવામાં આવે તો આત્માની ઉપાદાન પર્યાય જ રહેતી નથી. આ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મની પ્રવૃત્તિ છે, તે સિદ્ધ કર્યું.

આ ગાથામાં ત્રણ પ્રકારના સંબંધ બતાવ્યા છે.

(૧) આત્માને અને જ્ઞાનને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એટલે કે અભેદ સંબંધ છે;

(૨) આત્માને અને વિકારને સંયોગસિદ્ધ સંબંધ છે કેમકે તે આત્મામાં ત્રિકાળ રહેતો નથી,

(૩) આત્માને અને કર્મને પરસ્પર અવગાહ સંબંધરૂપ બંધ છે. તે હવે કહે છે :—

આ રીતે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આત્માને, તે ક્રોધાદિ પરિણામનું નિમિત્ત પામીને કર્મો પોતપોતાના ભાવથી એકઠાં થાય છે. આત્મામાં વિકારીપરિણામ થયા તે અજ્ઞાનીએ અજ્ઞાનમાં પોતાનું કાર્ય માન્યું તે વખતે તે પરિણામનું નિમિત્તમાત્ર પામીને, પરમાણુ પોતાની લાયકાતથી કર્મરૂપે પરિણમતું એકઠું થાય છે. એવો સહજ નિમિત્ત—નૈમિત્તિક સંબંધ છે, તેનું જ્ઞાન કરાવ્યું છે. વિકારને અને કર્મના એકઠા થવાને સમયભેદ નથી. જે સમયે આત્મામાં રાગાદિ થાય તે જ સમયે કર્મ થાય છે.

જેવી રીતે થરમામીટરમાં જેટલો તાવ હોય તેટલું જ માપ આવે છે. પણ થરમામીટરના કારણે તાવ નથી અને તાવના કારણે થરમામીટર નથી. બન્ને પોતપોતાના સ્વભાવે પરિણમે છે. તેવી રીતે રાગની પર્યાય રાગના કારણે અને કર્મની પર્યાય કર્મના કારણે હોય છે, કેમ કે રાગની પર્યાયમાં કર્મનો અત્યંત અભાવ છે અને કર્મની પર્યાયમાં રાગનો અત્યંત અભાવ છે. માટે રાગ કર્યો એટલે કર્મની પર્યાયને આવવું પડ્યું, એમ નથી. કર્મની પર્યાય પહેલાં નહોતી થવાની અને થઈ—એમ પણ નથી. પણ એ સમયે એવી જ પર્યાય થવાની હતી તે થઈ છે, તે વખતે રાગની પર્યાયનું નિમિત્તમાત્ર છે. આત્માની પર્યાયનું પરિણમન કેવું છે તેનું જ્ઞાન કરાવે છે, પૃથક્તાનું જ્ઞાન કરાવે છે પણ તે નિમિત્તમાં એકપણું બતાવતું નથી.

અજ્ઞાની માને છે કે રાગ થયો ન હોત તો કર્મ ન થાત, તેમ માનનાર કર્મને અને રાગને પૃથક્ માનતો નથી. અહીં તો કહે છે કે રાગ છે છતાં તું કહે છે કે રાગ ન હોત તો?—એવો પ્રશ્ન જ અસ્થાને છે કેમ કે અજ્ઞાનીએ અજ્ઞાનરૂપ કર્મ તો કર્યું, પછી તે કર્મ ન હોત તો? એવો પ્રશ્ન શું? એનો અર્થ તો એ થાય કે આત્મા ન હોત તો ? પણ તે તો છે જ. જે કાળે ઉત્પાદ થયો તે કાળે તેનો વ્યય હોતો નથી. માટે રાગ છે તેને કર્મમાં નિમિત્ત કહેવાય છે.

આત્મા કરતાં પરમાણુંની સંખ્યા અનંતગુણી છે એટલે કાર્મણવર્ગણા અનંતગુણી છે. માટે આત્મામાં રાગ થાય અને કર્મ ન બંધાય, તેમ બને નહિ અને કર્મ ઉદયરૂપ છે માટે અહીં રાગ કરવો પડે, એમ પણ નથી. આત્મા રાગ ન કરે તો કર્મનો ઉદય હોવા છતાં તેને નિર્જરા કહેવાય છે. કેવળી ભગવાનની ઔદયિકી ક્રિયાને ક્ષાયિકી ગણવામાં આવી છે.

અહીં તો કહે છે કે આત્માની પર્યાયમાં રાગ થયો ત્યારે તેના સ્વકાળે કર્મની પર્યાય એકઠી થાય છે. આત્માના શુભાશુભ ભાવથી કર્મમાં ફેરફાર થાય—એમ નથી. પણ કર્મની પર્યાય ક્રમબદ્ધ છે, શુભાશુભ ભાવને આધારે નથી. ક્રમબદ્ધપર્યાય તો દ્રવ્યનું લક્ષ કરાવે છે, પણ પરનું કર્તૃત્વ કરાવતું નથી.

દરેક વસ્તુની પરિણતિ પોતપોતાના કારણે છે; પરના કારણે નથી. એમ દ્રષ્ટિ કરે તો પરનો અહંકાર છૂટે. અહીં તો જે આત્મા ક્રોધાદિરૂપ પરિણમે છે, તેને કર્મનો બંધ થાય છે, તે સિદ્ધ કર્યું.

આ રીતે જીવને અને કર્મને, પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. વિકાર થયો તે જ સમયે કર્મની પર્યાય કર્મને કારણે થઈ તેને એક ક્ષેત્રાવગાહ સંબંધ કહેવાય છે.

જેમ સર્વજ્ઞની વાણીમાં એક સમયમાં આખું વસ્તુસ્વરૂપ આવે છે, તેમ અહીં આચાર્ય ભગવાનની એકેક ગાથામાં આખું વસ્તુસ્વરૂપ આવી જાય છે. સર્વજ્ઞની વાણી અભેદ હોય છે અને છદ્મસ્થની વાણીમાં ભેદ પડે છે, છતાં એકેક ગાથામાં સળંગ આખું સ્વરૂપ બતાવી દીધું છે.

# પ્રસાદ નં. ૬૧

## સમયસાર ગાથા ૬૯—૭૦ ટીકાના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૩, શુક્રવાર, ૨૦૦૭)

કર્તાકર્મ અધિકાર છે. જીવની પર્યાયમાં જે ક્રોધાદિ થાય છે, તેને જીવની સાથે સંયોગ સંબંધ છે. જ્ઞાનને અને આત્માને જેવો સંબંધ છે તેવો સંબંધ આત્માને અને વિકારને નથી. જ્ઞાનને અને આત્માને અભેદ સંબંધ હોવાથી તે છૂટી શકતો નથી પણ ક્રોધાદિ ભાવો જે સંયોગ સંબંધે છે તે છૂટી શકે છે. તે ક્રોધાદિભાવો નવાં કર્મને નિમિત્તમાત્ર છે. આ રીતે વિકારી ભાવવાળાને નવું બંધન થાય છે, એમ સિદ્ધ કર્યું છે.

જીવ અને પરમાણુમાં અનેકપણું હોવા છતાં અનાદિ એક પ્રવાહરૂપ હોવાથી ઇતરેતરાશ્રય દોષ આવતો નથી. અનાદિ પ્રવાહરૂપે છે, તેથી અજ્ઞાન હતું માટે બંધન થયું અને બંધન હતું માટે અજ્ઞાન થયું, એવો દોષ આવતો નથી. અજ્ઞાનીથી એનો એ બંધ થતો નથી. વર્તમાન અજ્ઞાન છે માટે જૂનું બંધન છે—એમ નથી, પણ જૂના બંધનનું નિમિત્ત પામીને અજ્ઞાન થાય છે અને અજ્ઞાનનું નિમિત્ત પામીને નવું બંધન થાય છે. આ રીતે અનાદિથી પ્રવાહરૂપે બંધન સિદ્ધ થાય છે. જૂનો બંધ અજ્ઞાનને નિમિત્ત થાય છે અને અજ્ઞાનથી જૂનો બંધ થતો હોય તો ઇતરેતરાશ્રય દોષ આવે પણ એમ બનતું નથી.

**ભાવાર્થ :**—આ આત્મા, જેમ પોતાના સ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાંસુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે ત્યાંસુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

એકસો અડતાલીશ પ્રકૃતિ જે ભાવે બંધાય તે બધો વિકાર છે. તીર્થંકર નામકર્મની પ્રકૃતિ પણ જે ભાવે બંધાય તે બંધનભાવ છે. તે વિકારભાવની રુચિ તે જ મિથ્યાત્વનું કારણ છે, અથવા તો અધર્મ છે. જેને વિકારની ભાવના છે તેને સ્વભાવની ભાવના રહેતી નથી. વિભાવ હોય ખરો પણ તેની રુચિ થવી એ તો મિથ્યાત્વનું કારણ છે.

જ્ઞાનીને હું જ્ઞાનસ્વભાવી આત્મા છું તેવી દ્રષ્ટિમાં વિકાર હોવા છતાં પણ તેનો આદર નથી એટલે સ્વભાવનું અને રાગનું જ્ઞાન રહ્યું પણ રાગ તે મારું કામ છે તેમ માન્યું તો નિશ્ચય જુદો ન રહ્યો, રાગને જ નિશ્ચય માન્યો તેથી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. દ્રવ્યલિંગીને વ્યવહાર કહ્યો છે તે તો કથનમાત્ર છે, કેમ કે નિશ્ચય સ્વભાવના ભાન વગર સાચો વ્યવહાર હોતો નથી.

આત્મા સ્વભાવમાં તદ્દન અભેદ થાય તો સર્વજ્ઞ થઈ જાય તેથી સર્વજ્ઞને નય હોતો નથી કેમકે તેમને પ્રમાણ થઈ ગયું છે, અને કથંચિત્ અભેદ ન હોય તો પણ નય ન હોય. જો એકલો ભેદ હોય તો ભેદ જ સર્વસ્વ થઈ જાય, તો તેમાં પણ નય હોતો નથી. કર્તાકર્મની મૂઢદ્રષ્ટિ છે ત્યાંસુધી તે જ્ઞાન અને વિકારને જુદા પાડી શકતો નથી, તેથી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

ક્રોધાદિરૂપ પરિણામનો અજ્ઞાની પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કાર્ય છે. નિરુપાધિ ભાવ તે કર્તા છે અને નિરુપાધિક પર્યાય તે જ્ઞાનીનું કાર્ય છે. નિશ્ચયના આશ્રય માટે વ્યવહારનો નિષેધ કરવામાં આવે છે ત્યારે અજ્ઞાની કહે છે કે વ્યવહારને માનતા નથી, પણ અહીં તો વ્યવહારને બરાબર જેમ છે તેમ માન્યો છે. વ્યવહારથી સંસાર જ છે, એટલે વ્યવહારનું ફળ સંસાર છે અને તેનો અભાવ તે મોક્ષનું કારણ છે, વ્યવહાર જેમ છે તેમ તેનું જ્ઞાન કરાવે છે.

જ્યાંસુધી વીતરાગ ન થાય ત્યાંસુધી રાગ હોય છે ખરો, પણ રાગ છે માટે સ્વભાવ પ્રગટે છે—એમ નથી. જેની દ્રષ્ટિ સંયોગ અને પર ઉપર છે તેને એમ લાગે છે કે નિમિત્ત અને વ્યવહાર એટલે રાગ હોય તો ધર્મ થાય પણ તેમ માનનાર અજ્ઞાનબુદ્ધિવાળો છે.

અસદ્ભુત વ્યવહારના બે ભેદ છે. વ્યક્ત રાગાદિની પર્યાયને અસદ્ભુત ઉપચાર અને અવ્યક્ત રાગાદિની પર્યાયને અસદ્ભુત અનુપચાર કહ્યો છે. તે અસદ્ભુત વ્યવહાર આદરવા માટે નથી પણ જ્ઞાન કરવા માટે છે. પણ રાગથી ધર્મ માને તો નિશ્ચય અને વ્યવહાર બન્ને રહેતા નથી. આત્માના શુદ્ધ ઉપાદાનને નિશ્ચય અને અશુદ્ધ ઉપાદાનને વ્યવહાર કહ્યો છે.

શુભભાવનો વિકાર સદાય રહેતો નથી તેથી જ્ઞાનીને તેની ભાવના હોતી નથી. શુભભાવ હોય ખરો પણ જ્ઞાનીને તેની રુચિ રહેતી નથી. તીર્થંકર પ્રકૃતિના કારણે કેવળજ્ઞાન થતું નથી કેમ કે તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો કેવળજ્ઞાન પ્રગટ થયા પછી થાય છે. શાસ્ત્રમાં તીર્થંકર પ્રકૃતિને મોક્ષનું પરંપરા કારણ કહેવામાં આવે છે. એનો અર્થ તો એવો છે કે આત્મા રાગ ટાળીને વીતરાગ થાય અને કેવળજ્ઞાન પ્રગટ કરે ત્યારે પરંપરા કારણ કહેવાય છે. તીર્થંકર પ્રકૃતિના ભાવ તો આત્માને ઝેરરૂપ છે, અમૃતરૂપી આત્માના સ્વાદને લૂંટનારા છે. તે જ્યાંસુધી ન સમજાય ત્યાંસુધી બંધનની રુચિ છૂટતી નથી.

પંચકલ્યાણકાદિના ભાવ કરે તો પણ ભવનો અભાવ થાય નહિ. જેનામાં ભવ નથી એટલે ભવનો ભાવ નથી એવા સ્વભાવની દ્રષ્ટિ કર્યા વગર ભવનો અભાવ થાય નહિ. મંદિર આદિની ક્રિયા વિકલ્પ ઊઠ્યો માટે થાય છે, એમ નથી.

તે તો પુદ્‌ગલ પરાવર્તનનાં નિયમ પ્રમાણે થાય છે, પણ તે થવાનું છે, માટે આત્મામાં રાગ થયો છે—એમ પણ નથી. દ્રવ્યલિંગીને શુભભાવ થાય પણ તેનાથી ભવનો અભાવ થાય નહિ. શુભભાવથી ધર્મ માને તો કર્તાકર્મની પ્રવૃત્તિ થાય છે.

ભગવાનની પાસે જાય તો શુભભાવ થાય, તે વાત પણ ખોટી છે. જો ભગવાન પાસે જવાથી શુભભાવ થતો હોય તો ભગવાન (પ્રતિમા) ઉપર તો ચકલા—ચકલી પણ બેસે છે, તો તેને ઘણો શુભભાવ થવો જોઈએ, પણ એમ થતું નથી. અહીં તો કહે છે કે શુભભાવ પોતાથી થાય છે પણ તેનાથી કલ્યાણ થશે, તેમ માનવું તે કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે ભગવાનના દર્શન કરવાથી નિદ્ધત અને નિકાચિત કર્મ ચૂરચૂર થઈ જાય છે, તો તે દર્શન કેવાં હશે ?—તો કે ભગવાન ચૈતન્ય હું છું, એવી દ્રષ્ટિપૂર્વક વીતરાગી ભગવાનનાં દર્શન હોય તો કર્મનો નાશ થાય છે. કેમ કે ભગવાન ઉપર આરોપ કોણ કરી શકે છે? કે જેણે પોતાનો સ્વભાવ અણારોપ છે, તેને જાણ્યો હોય, તે પરમાં આરોપ (નિક્ષેપ) કરે છે, પણ મિથ્યાદ્રષ્ટિને સાચો આરોપ હોતો નથી.

જેને નિશ્ચય પ્રગટ થયો હોય, તેને સાચો વ્યવહાર હોય છે. અને વ્યવહારનય હોય તો તેનો વિષય—નિક્ષેપ હોય છે, પણ અજ્ઞાનીને નય પ્રગટ નહિ હોવાથી તેને નયનો વિષય એવો નિક્ષેપ પણ હોતો નથી એટલે અજ્ઞાનીને ભગવાનની સાચી સ્થાપના પણ હોતી નથી.

આ જ સત્યમાર્ગ છે, આડોઅવળો માને તે વસ્તુનો સ્વભાવ નથી. અજ્ઞાની રાગ, વિકાર સાથે એકપણું માની ક્તાકર્મની પ્રવૃત્તિ કરે છે પણ પરની ક્રિયા આત્મા કરી શકે નહિ અને શુભરાગથી ધર્મ થતો નથી, એમ સાચી માન્યતા થાય તો વિકારનું એકત્વપણું છૂટી સ્વભાવની દ્રષ્ટિ થાય છે. આમ સાંભળીને કોઈ એમ કહે કે બહારની ક્રિયા કોઈ કરશે નહિ. તો કહે છે કે કોઈ બહારની ક્રિયા કરતો હતો અને હવે અટકી જશે, એમ છે નહિ, કેમકે બહારની ક્રિયાનો કોઈ ફેરફાર કરી શકતો જ નથી. વિકારભાવ કરતો હતો તે સ્વભાવની દ્રષ્ટિપૂર્વક નહિ કરે, છતાં પૂર્ણદશા ન થાય ત્યાં સુધી રાગ થયા વગર રહેશે નહિ.

આ રીતે ક્રોધાદિરૂપ પરિણમતો અજ્ઞાની પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. તેથી અનાદિથી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે, તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે.—એ પ્રમાણે અનાદિથી પ્રવાહ છે માટે ઇતરેતરઆશ્રય દોષ આવતો નથી.

# પ્રસાદ નં. ૬૨

## સમયસાર ગાથા ૭૧ના પ્રવચનમાંથી.

(માગશર વદ ૧૪, શનિવાર, ૨૦૦૭)

હવે પૂછે છે કે કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય ? તેનો ઉત્તર :—

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્માતણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહિ તેને થતું. ૭૧.**

**અર્થ :—**અનંતકાળથી પુણ્ય—પાપને અને આત્માના ચૈતન્ય સ્વભાવને એકપણું જાણે છે ત્યાંસુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. પણ જ્યારે આ જીવ ક્રોધાદિભાવોથી આત્માનો ચૈતન્યસ્વભાવ જુદો છે, એમ ભેદ જાણે છે, ત્યારે તેને બંધ થતો નથી.

**ટીકા :—**આ જગતમાં વસ્તુ છે તે પોતાના સ્વભાવમાત્ર જ છે. સ્વનું ભવન તે સ્વભાવ છે, માટે ખરેખર જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. પ્રવચનસારમાં જ્ઞેય અધિકારમાં વિકારભાવનું પરિણમન થવું તે સ્વભાવ નિષ્પન્ન છે, તેમ કહ્યું હતું. ત્યાં તો વિકારરૂપે પરિણમે છે તે આત્મા પરિણમે છે, પોતે પરિણમે છે તે બતાવવું છે. અહીં સ્વભાવદ્રષ્ટિપૂર્વક જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે, બીજું નથી. માટે સ્વનું ભવન તેને જ આત્મા કહ્યો છે.

વીતરાગી જ્ઞાતાનું લક્ષણ નિરુપાધિ ભાવ છે. તેથી નિરુપાધિ અવસ્થાએ થવું તે આત્મા છે. દયાદાનાદિના પરિણામ થાય તે આત્મા નથી, અનાત્મા છે. કારણ કે તે વિકાર, સ્વભાવમાંથી નીકળી જાય છે. માટે તે મૂળસ્વભાવ નથી, મૂળસ્વભાવ હોય તે વસ્તુસ્વરૂપ કહેવાય, ઉપર ટપકે આવે તે વસ્તુસ્વરૂપ નથી.

આ જગતમાં વસ્તુ છે તે સ્વયંસિદ્ધ છે, તે સ્વભાવમાત્ર છે. વસ્તુને કોઈએ કરી નથી તો તેની વર્તમાન અવસ્થા પણ કોઈ કરી શકતું નથી. સ્વભાવે થાય તે વસ્તુ છે. સર્વજ્ઞને લક્ષમાં લઈને વૃત્તિ ઉઠાવે તે સ્વભાવ નથી, પણ વર્તમાન સ્વનું થવું તે સ્વભાવ છે. માટે આત્મા થનાર અને જ્ઞાન તેનું કાર્ય છે. જાણવાનું કામ કરે તે આત્મા છે.

ક્રોધાદિનું થવું તે તો ક્રોધાદિ છે. 'જ્ઞાન હું છું' તે તો આત્મા છે પણ તેવા સ્વભાવને ચૂકીને દયાદાનાદિની વૃત્તિ ઊઠે છે તે સ્વભાવની અપ્રીતિરૂપ ભાવ થયો તે ક્રોધાદિ છે પણ સ્વભાવ નથી. જેમ સાકરનો સ્વભાવ ગળપણ છે, પણ સાકર

ઉપર જે મેલ હોય તે સાકર નથી; તેમ આત્મા જ્ઞાનરૂપે થાય તે તો આત્મા છે અને સંકલ્પ–વિકલ્પ, દયાદાનાદિ ભાવરૂપે થવું તે ક્રોધાદિ છે, પણ તે સ્વભાવ નથી.

'દુકાનનો ધણી છું,' 'પૈસાનો ધણી છું', તેમ 'વિકારરૂપે છું'. તે ક્રોધાદિરૂપે થાય છે, તે ખરું છે. અભિમાન કરે તો અભિમાનરૂપ છે અને જ્ઞાતા છું, એમ જાણીને જ્ઞાનરૂપે પરિણમે તો જ્ઞાન છે. વિકલ્પ વખતે પણ જ્ઞાનીને જ્ઞાતાસ્વભાવની મુખ્યતા હોવાથી વિકલ્પની મુખ્યતા હોતી નથી.

વળી જ્ઞાનનું પરિણમવું તે ક્રોધાદિનું પરિણમવું નથી. હું જ્ઞાતા છું અને ક્રોધાદિરૂપ પણ છું, એમ બન્ને પ્રકારે આત્મા છે–તેમ બની શકે નહિ. સ્વભાવ કરનાર સ્વભાવરૂપે છે અને વિકાર કરનાર વિકારરૂપે છે, પણ વિકારનું કર્તવ્ય અને જ્ઞાતાનું જ્ઞાનરૂપે થવું, તે બંનેની રુચિ એક સાથે હોતી નથી. જ્ઞાતાની અધિકાઈમાં વિકારની ગૌણતા થઈ જાય છે. ધ્રુવસ્વભાવની રુચિએ જ્ઞાનસ્વભાવે થવું તે જ મુખ્યતા છે, પણ વિકારની અધિકાઈ જ્ઞાનીને ક્યારેય હોતી નથી.

ખરેખર જ્ઞાનનું પરિણમવું થાય અને ઉપાધિની પર્યાયબુદ્ધિ પણ રહે, એમ બની શકે નહિ. દયાદાનાદિનું કર્તવ્ય મારું છે એવી બુદ્ધિ પણ રહે અને જ્ઞાન મારું કાર્ય છે તેવો અભિપ્રાય પણ રહે, એમ એક સાથે સંભવતું નથી. જ્ઞાનસ્વભાવની મુખ્યતાએ વિકારની મુખ્યતા રહેતી નથી.

જ્ઞાનમાત્ર જ પરિણામ છે, તેમાં એકલું જ્ઞાન જ આવતું નથી પણ શ્રદ્ધારૂપે થવું, વીતરાગતારૂપે થવું, તે બધું સાથે આવે છે. એકલું જ્ઞાનનું પરિણમન નથી. જાણનાર–દેખનારના પરિણમન વખતે જાણનાર–દેખનાર જ ભાસે છે પણ ક્રોધાદિપણે હું છું, એમ ભાસતું નથી. ચૈતન્ય સ્વભાવના આદરમાં તે વખતે જ્ઞાતાનો અનાદર માલૂમ પડતો નથી. જ્ઞાતા રહ્યો, દ્રષ્ટા રહ્યો, સાક્ષી રહ્યો, તેમ ભાસે છે, ત્યારે હું ક્રોધાદિરૂપે થયો, વિકારી થયો, રાગમાં વધ્યો, એમ બન્ને સાથે ભાસતું નથી. જ્ઞાતાસ્વભાવના ભાસમાં હું વિકારી થઈ ગયો છું–એમ ભાસતું નથી.

વ્યવહારનાં કામો અમે કર્યા; ઘરનાં કામો અમે કર્યાં એવી અધિકાઈમાં હું જ્ઞાન છું–એમ ભાસતું નથી અને જ્યારે જ્ઞાતા રહ્યો એમ ભાસ્યું ત્યારે મલિન થયો, એમ ભાસતું નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન અને રમણતા વખતે ધર્મ થતો માલૂમ પડે છે પણ અધર્મ થતો માલૂમ પડતો નથી. લડાઈમાં જ્ઞાની ઊભો હોય ત્યાં પણ જ્ઞાનની અધિકાઈ ભાસે છે પણ વિકારની મુખ્યતા ભાસતી નથી. તે વખતે વૃત્તિ તો દ્વેષની ઊઠી છે છતાં ત્યાં વિકારની અધિકાઈ થઈ ગઈ છે, તેમ ભાસતું નથી.

લડાઈમાં જો ક્રોધ એકલો ભાસ્યો તો ત્યાં ચૈતન્યસ્વભાવ ભાસતો નથી. પાંચ લાખના નફામાં પાંચ રૂપિયા વ્યાજના ભરવા પડે તેની મુખ્યતા હોતી નથી, તેમ જ્ઞાતાસ્વભાવી છું, તેના લાભમાં વિકારની મુખ્યતા ભાસતી નથી.

જેને પરનો ઉત્સાહ છે, તેને સ્વભાવનો અણઉત્સાહ છે; પર પદાર્થના રાગમાં સાવધાની થઈ તેને સ્વભાવની સાવધાની રહેતી નથી. અણારોપ સ્વભાવની દ્રષ્ટિમાં વિકલ્પની દ્રષ્ટિ રહેતી નથી.

એક ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિમાં વિકાર, કર્મ અને સંયોગને પર કહ્યાં છે, તેની રુચિએ આત્માનો અણગમો થાય છે. અજ્ઞાની માને છે કે આખો દિવસ આત્મા, આત્મા ને આત્મા જ કરો છો પણ વ્રતાદિ કરો તો ધર્મ કહેવાય, તે ક્રિયા કરવી ઘણી કઠણ છે—તેમ માનનારને આત્માનો અણગમો વર્તે છે. ભૂખ્યા અને તરસ્યા તો ઢોર પણ રહે છે, તો તેને ધર્મ થઈ જાય. આ આત્માની સમજણ ઘણી મોંઘી છે, તે વાત અજ્ઞાનીને બેસતી નથી. જેને વ્રતાદિની રુચિ છે તેને આત્માની રુચિ નથી, તેમ અહીં કહે છે.

અહીં તો કહે છે કે તીર્થંકરનામકર્મની પ્રકૃતિ જે ભાવે બંધાય તે ભાવ પણ વિકાર અને આસ્રવ છે. તેની રુચિ કરે તેને બંધન થાય છે. તેણે આસ્રવના દરવાજા ખૂલ્લા મુક્યા છે પણ જ્યારે આત્મા તે આસ્રવથી જુદો છે તેમ ભેદ પાડે ત્યારે કર્તાકર્મની પ્રવૃત્તિ અનાદિની હોવા છતાં પણ તે નિવૃત્ત થાય છે.

અનાદિનું અજ્ઞાન છે માટે ન જાય, એમ નથી. અહીં તો કહ્યું છે કે પોતે સ્વભાવ અને આસ્રવને ભિન્ન જાણે છે ત્યારે વિકારનો કર્તા અને વિકાર મારું કાર્ય એવું અજ્ઞાન નાશ પામે છે. આ રીતે કર્તાકર્મની પ્રવૃત્તિ અનાદિની હોવા છતાં નિવૃત્તિ પામે છે.

વસ્તુસ્વભાવ આનંદનો ભંડાર છે. તેમાં વિકાર નથી એમ ભિન્નતા જાણે ત્યારે કર્તાકર્મનો અજ્ઞાનભાવ નાશ થાય છે અને ભેદજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ રીતે રાગદ્વેષ અને અજ્ઞાનનો નાશ થતાં તેના નિમિત્તે થતો પુદ્ગલકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે.

નવા બંધનું કારણ કર્તાકર્મની પ્રવૃત્તિ લીધી છે. અજ્ઞાન હતું ત્યાં સુધી પુદ્ગલ કર્મનો બંધ હતો અને સ્વભાવના ભાનથી અજ્ઞાન ટળ્યું એટલે કર્મના બંધનું પણ નિવૃત્તપણું થાય છે. કર્મનો અભાવ કરવો પડતો નથી. કર્મનો બંધ થવાનો હતો તે અટકી ગયો, એમ પણ નથી. અજ્ઞાનનો નાશ થતાં પુદ્ગલ કર્મનો બંધ થતો જ નથી.

આ રીતે જ્ઞાનમાત્રથી જ બંધની નિવૃત્તિ થાય છે. ચૈતન્ય સ્વભાવ સન્મુખ જ્ઞાન થયું એટલે સ્વભાવની રુચિપૂર્વક જ્ઞાનથી બંધનું અટકવું થાય છે પણ શુભભાવથી કે વ્રતાદિથી બંધનું અટકવું થાય છે—એમ નથી. પુણ્યાદિના ભાવથી બંધની નિવૃત્તિ સિદ્ધ થતી નથી પણ જ્ઞાનમાત્રથી કર્મના બંધનો અભાવ સિદ્ધ થાય છે.

# પ્રસાદ નં. ૬૩

## સમયસાર ગાથા ૭૧ ભાવાર્થના પ્રવચનમાંથી.

[માગશર વદ ૦)), રવિવાર, ૨૦૦૭]

આ કર્તાકર્મ અધિકાર છે. તેમાં આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે તેને વિકાર મારું કાર્ય છે તેમ માને તો જ્ઞાનસ્વભાવની રુચિ છૂટી જાય છે પણ જો આત્માના સ્વભાવનો કર્તા થઈને કાર્ય કરે તો જાણવા—દેખવાનું કાર્ય નિર્મળ થાય. અહીં આત્મા જ્ઞાયક સ્વભાવી વસ્તુ છે, તેનાથી વિરુદ્ધ સંકલ્પ—વિકલ્પ થાય તેને ક્રોધાદિ કહ્યા છે. વ્રતાદિના ભાવ તે ઉપાધિભાવ છે અને સ્વભાવભાવ તે નિરુપાધિભાવ છે. તે બંનેને અહીં જુદા ગણવામાં આવ્યા છે.

પરમાણુ, શરીર, કર્મ એ તો અજીવ—જડ છે, અને આત્મવસ્તુ જ્ઞાનસ્વભાવપણે છે, તેની પર્યાયમાં વિકાર થાય તે સ્વભાવમાં તન્મય નથી માટે ભિન્ન ગણવામાં આવ્યો છે. સ્વભાવના ભાનમાં સ્વરૂપની અરુચિમય ક્રોધાદિ નથી અને વિકારી પરિણામ મારું કાર્ય છે, તેવા અભિપ્રાયમાં જ્ઞાતાનું કાર્ય રહેતું નથી.

દયાદાનાદિ મારું કાર્ય છે એમ માને તો જ્ઞાતાસ્વભાવનો અભિપ્રાય ઊંધો થાય છે અને સ્વભાવ છું એવા અભિપ્રાયમાં વિકારની રુચિ રહેતી નથી. આમ બન્નેના જુદાપણાનું જ્ઞાન થતાં બન્નેના એકપણાના અભિપ્રાયરૂપ અજ્ઞાન ટળી જાય છે અને અજ્ઞાન જવાથી તેનું નિમિત્ત પામીને જે બંધ થતો, તે બંધ પણ થતો નથી. બીજી કોઈ ધર્મની ક્રિયા નથી. સ્વભાવના ભાનમાં વિકારનું સ્વામીપણું થતું નથી ને તેથી બંધન થતું નથી.

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કેવી રીતે થાય ? કોઈ ક્રિયાથી કે શુભભાવથી બંધનનો અભાવ થાય, તેમ કહ્યું નહિ. શુભભાવ કરતાં કરતાં કર્મનો નાશ થાય અને દયા-દાન-વ્રતાદિના ભાવથી કલ્યાણ થાય તે વાત આવી નહિ. તો હવે આત્માનું ભાન કરવાથી બંધનો નિરોધ કેવી રીતે થાય ? તેનો ઉત્તર :—

### ગાથા ૭૨

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

**અર્થ :—**આત્મામાં દયા, દાન, વ્રત, પૂજા આદિના ભાવ થાય તેને પુણ્યાસ્રવ કહે છે અને હિંસા, અસત્ય, ચોરી આદિના ભાવ થાય તેને પાપાસ્રવ કહે છે. તે આસ્રવો મલિન છે, આત્માનો સ્વભાવ નિર્મળ છે. આત્મા જ્ઞાનઘન છે અને

આસ્રવો જડ છે. દયા, દાન, પૂજા, ભક્તિ આદિના પરિણામ તે શુભાસ્રવ છે, તે દુઃખનાં કારણ છે. તીર્થંકર નામકર્મ જે ભાવથી બંધાય તે ભાવ પણ મલિન, જડ અને દુઃખનું કારણ છે, કેમ કે તે આસ્રવ છે. જીવ ચૈતન્યની જાતને તે રોકનાર છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિએ પુણ્ય અને પાપાસ્રવ બંને દુઃખનાં કારણ છે. એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે, તેને ધર્મ થાય છે, એટલે સ્વભાવના આશ્રયે આસ્રવો થતા નથી. તેને નિવૃત્તિ કરે છે–એમ કહેવાય છે.

**ટીકા :—**પાણીમાં શેવાળ છે, તે મેલ છે. તે શેવાળની માફક ચૈતન્ય સ્વભાવરૂપ જ્ઞાનજળને વિષે પુણ્ય–પાપના ભાવો મેલ છે. તે મલિનતા આત્માને લાભદાયક નથી. આત્મામાં જેટલો વિકલ્પ ઊઠે તે બધો ચૈતન્યમાં મલિનપણે અનુભવાય છે, માટે અશુચિ–અપવિત્ર છે, તે આત્માનું કાર્ય નથી.

આ આત્મા સદાય–ત્રણે કાળે અતિ નિર્મળ છે. નિગોદમાં પણ આત્મા સ્વભાવથી નિર્મળ છે. સિદ્ધ થાય ત્યારે સ્વભાવ નિર્મળ થાય, એમ નથી પણ સદા અતિ નિર્મળ છે. એક સમયનો વિકારભાવ તે મલિન છે અને સ્વભાવ નિર્મળ છે, માટે વિકારભાવને જ્ઞાની પોતાનું કાર્ય માનતો નથી. ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ થાય એટલે મલિનતાની ઉત્પત્તિ જ થતી નથી.

ચૈતન્ય સ્વભાવ અભિપ્રાયમાં ન આવે તેને રખડવાનો અભિપ્રાય રહે છે. જેને રખડવું ન હોય તેણે આ ચૈતન્ય સ્વભાવને જાણવો જોઈએ. પુણ્યપાપને પોતાનાં માનીને રોકાય છે, તેને ફેરવીને સ્વભાવ સન્મુખ દ્રષ્ટિ કરવી તે મલિનતાના અભાવનો ઉપાય છે. આ સમજ્યા વગર પુણ્ય–પાપના ભાવ કરશે તો સુખ થશે નહિ, પણ ચારગતિમાં રખડશે.

પુણ્યપાપના વિકલ્પો રહિત આત્મા છે, તેવો નિર્ણય કરવો, તે જ સાચો ઉપાય છે. એ સિવાય બીજો ઉપાય નથી. વાત સમજવાની છે, અંતર્મુખ થવાની છે, સ્વભાવમાં ઠરવાની છે. આચાર્યભગવાન કહે છે કે વિકાર તો ક્ષણિક ઉપાધિ છે. આત્મામાં ઉપાધિ નથી અને મલિનતા પણ નથી, તો આત્માની શ્રદ્ધા કરવાથી ઉપાધિ અને મલિનતા રહેશે નહિ.

જેમ છાલાવાળું નાળિયેર હોય, ને તેને જોરદાર માણસ જોરથી જમીન ઉપર પછાડે, તો તેના કટકા થઈ અંદરથી સફેદ ટોપરું ઉપર આવે છે. તેમ આ શરીર નાળિયેરના છાલાની જેમ છે. કાર્મણ શરીરરૂપ કાચલી છે અને વિકારરૂપી રતાશ છે. ભગવાન આત્માનો સ્વભાવ સફેદ ટોપરાની જેમ મીઠો, આનંદકંદ પડ્યો છે.

સ્વભાવદ્રષ્ટિનું જોર આપે તો એક સમયમાં શરીરથી, કર્મથી અને વિકારથી જુદો આત્માનો અમૃતરૂપી સ્વભાવ પ્રગટ થાય છે.

ચૈતન્યજ્યોતિ જ્ઞાનસ્વરૂપ છે, કર્મ જડ છે અને પુણ્ય–પાપના વિકલ્પ મલિન છે–તેમ જાણવું તે સમ્યક્જ્ઞાનની ક્રિયા છે. તે ક્રિયા જગતને ખ્યાલમાં આવતી નથી. આવું ભાન કરે તે જગતમાં શ્રેષ્ઠ કહેવાય છે. બાકી તો પુણ્યથી અનંતવાર શેઠ થયો પણ તેથી આત્માને શાંતિ કે સુખ થયું નથી.

ભગવાન આત્મા નિત્યાનંદની દ્રષ્ટિ થતાં વિકાર પરિણામ ન થાય તેથી કર્મનું બંધન થતું નથી. આસ્રવો મલિનપણે અનુભવાય છે અને સ્વભાવ તો સદાય અતિ નિર્મળ ચૈતન્યમાત્રપણે અનુભવાય છે, એટલે અત્યંત પવિત્ર છે, ઉજ્જવળ છે–એમ ઓળખાણ કરીને અંતર્મુખ થવું તે જ ધર્મ છે.

કોઈ ન માને તેથી કાંઈ સ્વભાવ અપવિત્ર થતો નથી, પણ તેની પર્યાય અપવિત્ર થાય છે. સ્વભાવ તો સદાય પવિત્ર જ છે. એટલે ચૈતન્યસ્વભાવમાં સંસારનો વિકલ્પ માત્ર નથી. જાણવા–દેખવાના વેદનથી શાંતિ થાય છે માટે ભગવાન આત્મા અત્યંત ઉજ્જવળ છે અને આસ્રવો મલિન છે. આ પ્રથમ ધર્મ એટલે સમ્યગ્દર્શનની વાત ચાલે છે. દેહ દેવળમાં તો ભગવાન આત્મા જુદો છે પણ પુણ્ય–પાપાસ્રવથી પણ જુદો છે, તેમ કહે છે.

આત્માના ત્રિકાળી નિર્મળ સ્થિર સ્વભાવને સમજ્યા વગર ધ્યાન કરવા બેસી જાય તો તેને ધ્યાનમાં સ્થિરતા થાય નહિ, પણ સ્થિર સ્વભાવને જાણે તો સ્વભાવના અવલંબને સ્થિરતા થયા વગર રહે નહિ. આત્મા ભગવાન છે. તેની રુચિ નથી તેને પર પદાર્થની રુચિ છૂટતી નથી અને જેને આત્માની રુચિ છે તેને ચૈતન્ય સ્વભાવી આત્મા કર્તા થઈને સ્વભાવનું કાર્ય થાય છે.

આસ્રવો કે જે પુણ્ય–પાપરૂપ છે, તે જડ ભાવ છે. કેમકે તે ચૈતન્યસ્વભાવને રોકનાર છે, ચેતનાની શક્તિને અટકાવનાર છે, તેથી ભગવાને તેને જડ કહ્યા છે. તીર્થંકર નામકર્મ જે ભાવે બંધાય તે ભાવ પણ જડ છે. ચૈતન્યની જાગૃતિને અટકાવનાર હોવાથી જડ છે. વળી રાગ છે તે પોતાને જાણતો નથી. રાગથી રાગ જણાય નહિ પણ જ્ઞાનથી રાગ જણાય છે, માટે રાગ પણ જડ છે.

જેમ કે વીસ વર્ષના જુવાન દીકરાને ક્ષયરોગ લાગુ પડ્યો હોય અને છેલ્લી અવસ્થા હોય અને બહારના માણસો આવીને કહે પણ ખરા કે આને છેલ્લી અવસ્થા છે, પણ તેના બાપને રાગના કારણે છેલ્લી અવસ્થા ભાસતી નથી. તે રાગ સાચું જ્ઞાન કરવા દેતું નથી. માટે રાગ પોતે જાણતો નથી પણ જ્ઞાનને રોકે છે. વિષયનો પ્રેમ વિષયમાં દુઃખ છે, તેને જોવા દેતો નથી. તેમ રાગ અચેતન છે,

ચેતનની જાગૃતિને રોકીને ઊભો થયો છે. તે રાગ દુઃખને જોવા દેતો નથી, કેમ કે રાગને રાગનું જ્ઞાન હોતું નથી.

જેને દયા, દાન, વ્રત, પૂજા આદિની રુચિરૂપ રાગ છે તેને કહેવામાં આવે કે આ પુણ્ય આસ્રવ છે અને જડ છે, તે ચૈતન્યસ્વભાવની ઊલટી દશા છે, ચેતનની જાગૃતિને રોકીને થાય છે માટે અધર્મ છે અને દુઃખ છે તો તેને પુણ્યનો રાગ સાચું જ્ઞાન થવા દેતું નથી, તે વાત રાગને લઈને બેસતી નથી. ચૈતન્યને રોકનાર ચૈતન્યની જાગૃતિને મદદ કરે, એમ બને નહિ. આસ્રવો ચૈતન્ય સ્વભાવથી અન્ય સ્વભાવવાળા છે. ભગવાન આત્મા તો સદા વિજ્ઞાનઘન છે. જેમ શિયાળાની ઠંડીથી ઘી જામી જાય, તેમાં આંગળી પણ પેસે નહિ, તેમ આત્મા જ્ઞાનઘન નિબિડ છે, તેમાં પુણ્ય–પાપ આસ્રવો પેસતા નથી.

આત્મા પોતે જ્ઞાનનો સદા નિધિ છે. તેથી રાગની જાતથી જુદી જાતનો છે, તેવું ભાન કરે તો સમ્યગ્દર્શન થાય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને વિકારવાળો પણ છે, એમ જાણી જુદો પાડવા જાય તો જુદો પડે નહિ. પણ અહીં તો વિજ્ઞાનઘન પોતે છે, એમ જાણતાં ભેદજ્ઞાન થાય છે, તેમાં વિકારનું લક્ષ થતું જ નથી. આ જ ધર્મ છે અને સાચી તપશ્ચર્યા છે.

# પ્રસાદ નં. ૬૪

## સમયસાર ગાથા ૭૨ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧, સોમવાર, ૨૦૦૭)

કર્તાકર્મ અધિકાર ચાલે છે. તેમાં ધર્મીનું કાર્ય શું ? તે કહે છે. તેના બે બોલ થયા છે.

(૧) આત્મામાં પુણ્ય–પાપના ભાવ થાય તે મલિન છે અને આત્માનો સ્વભાવ તો નિર્મળ છે, તેથી પુણ્ય–પાપ તે આત્માનું કર્તવ્ય નથી. જેમ પાણીમાં શેવાળ મેલ છે તેમ આત્મામાં દયા, દાન, વ્રતાદિના ભાવો તે પુણ્ય મેલ છે અને હિંસા, અસત્ય, ચોરી આદિના ભાવ તે પાપ મેલ છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી, આત્મા તો જ્ઞાતા ચૈતન્યસ્વરૂપ છે, તેમ જાણવું–માનવું તે ધર્મ છે.

(૨) આત્મામાં પુણ્ય–પાપાદિના ભાવો થાય છે, તે જડ છે કેમકે જ્ઞાતાનો સ્વભાવ અટકે છે ત્યારે શુભાશુભ ભાવો થાય છે. ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વભાવ છે, એ અપેક્ષાએ પુણ્ય–પાપ જડ છે. આત્માની દ્રષ્ટિ થતાં પુણ્યપાપ ભાવો છૂટી જાય છે, તેથી દ્રવ્યદ્રષ્ટિથી તે ભાવો ચૈતન્યના નથી, પણ જડના છે.

(૩) આત્મામાં પુણ્ય-પાપ, વ્રત-પૂજા, કામ-ક્રોધાદિના ભાવો થાય છે, તે બધા આકુળતાના ઊપજાવનારા છે, કેમ કે તે રાગ છે. તેથી તે આસ્રવો દુઃખનું કારણ છે. કેમકે તેમાંથી આકુળતા ઉત્પન્ન થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે રાગ છે, માટે આકુળતાનું કારણ હોવાથી દુઃખ છે. જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ દુઃખ જ છે, કારણ કે તે રાગ હોવાથી દુઃખનું કારણ છે. શુભ હોય કે અશુભ હોય પણ જેમાં આકુળતાનું વેદન થાય તે સુખનું કારણ હોઈ શકે નહિ. વળી જે ભાવે બંધન થાય તે ભાવમાં સુખ હોય નહિ. ભગવાનઆત્મા તો સદાય નિરાકુળ સ્વભાવવાળો છે, તેમ જાણવું, તે ધર્મ છે.

શરીર, વાણી અને મન તો સુખદુઃખનાં કારણ નથી અને આત્મામાં જે શુભાશુભ ભાવ થાય છે, તેનાથી તો આત્માના આનંદનો નાશ થાય છે, માટે દુઃખરૂપ છે. ભગવાનની ભક્તિ કરે તે પણ રાગ છે, તેથી દુઃખ છે. નીચલી દશામાં સમ્યગ્દ્રષ્ટિને તેવો રાગ હોય ખરો, પણ તે દુઃખ છે અને તેનાથી ધર્મ થાય, તેમ તે માને નહિ. શુભાશુભ ભાવ આકુળતાવાળા હોવાથી ઝેરરૂપ છે. ભગવાનઆત્મા તો અમૃતરસથી ભરેલો છે, તેને પુણ્યભાવથી લાભ થાય, એવું છે જ નહિ. શુભભાવ આકુળતામય છે, તે કારણ થઈને નિરાકુળતા તેનું કાર્ય થતું નથી. શુભભાવને આરોપથી સાધન કહ્યું છે, પણ ખરેખર તે સાધન નથી.

પુણ્ય-પાપ તે સ્વભાવથી વિપરીતભાવ છે માટે દુઃખનું કારણ છે. આત્મા કોઈનું કાર્ય નથી. ઈશ્વરે બનાવ્યો માટે ઈશ્વર કારણ ને આત્મા કાર્ય—એમ નથી.

આત્મા ચૈતન્ય જ્ઞાનઘન છે. તે વિકારનું કારણ છે જ નહિ. જો વિકારનું કારણ વસ્તુસ્વભાવ થાય તો વિકાર કદી નાશ પામી શકે નહિ. પુણ્ય-પાપનો ભાવ તે આકુળતા છે અને આત્મસ્વભાવ નિરાકુળ છે. તે શાંત અકષાય સ્વભાવ, વિકારનું કાર્ય નથી અને વિકારનું કારણ પણ નથી. પર્યાયમાં વિકાર થાય છે તેને જાણે છે, પણ અહીં તો દ્રવ્યદ્રષ્ટિમાં વિકારનું કારણ આત્મા છે જ નહિ. આત્મા દુઃખનું કારણ જ નથી. દુઃખનું કારણ તો વર્તમાન પર્યાયબુદ્ધિ છે. તે પર્યાયબુદ્ધિને આત્મા ગણ્યો નથી. અહીં તો ત્રિકાળી સ્વભાવ તે આત્મા છે.

આત્મા નિર્મળ છે અને ક્રોધાદિ વિકારભાવ તે મલિન છે.

આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ છે અને ક્રોધાદિ જડ છે.

આત્મા નિરાકુળ સુખરૂપ છે અને ક્રોધાદિ આકુળતામય દુઃખરૂપ છે.

એ રીતે ક્રોધાદિથી જુદો આત્માને જાણે છે, તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવર્તે છે, એટલે વિકારથી આત્મા જુદો થાય છે. સ્વભાવની રુચિ છૂટીને વિકાર પરિણામ થતા તે સ્વભાવની દ્રષ્ટિ થતાં વિકારીભાવોથી નિવર્તે છે. જે આત્મા વિકાર ભાવથી નિવર્તતો ન હોય તેણે આત્મા અને આસ્રવના ભેદને જ જાણ્યો નથી.

અહીં તો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. તે કેવી રીતે? તેનો ઉત્તર આપ્યો છે કે આત્માનું ભાન થાય અને તે જ વખતે વિકાર રોકાય નહિ તો ભેદજ્ઞાન થયું નથી. સાચું ભેદજ્ઞાન થાય અને આસ્રવોથી નિવૃત્ત ન થાય, એમ બને નહિ. સ્વભાવ સન્મુખ થાય એટલે વિકારનું સન્મુખપણું રહે નહિ.

જ્ઞાતાસ્વભાવી આત્મા તે હું છું, એ સમ્યક્ અભિપ્રાય છે અને ક્રોધાદિ તે મારા છે, તે મિથ્યાત્વ છે. હું જ્ઞાતાસ્વભાવી છું, એવો અભિપ્રાય થતાં ક્રોધાદિનો અભિપ્રાય હોતો નથી, એટલે અજ્ઞાનનો નાશ થાય છે. વિકારની નિવૃત્તિ સાથે અવિનાભાવ સંબંધવાળું જ્ઞાન પ્રગટ થાય છે.

વિકારની નિવૃત્તિ થતાં જ કર્મબંધન થતું નથી એટલે જ્ઞાન થયું, તેથી કર્મબંધન રોકાઈ ગયું—એમ કહ્યું છે. જ્ઞાન એટલે ધારણાની વાત કરી નથી, પણ જે જ્ઞાનથી વિકારની નિવૃત્તિ થાય તેવા જ્ઞાનની વાત કરી છે.

કોઈ કહે કે ગાંડપણું ગયું પણ ડહાપણ ન થયું તો એમ બને નહિ કેમ કે ગાંડપણના અભાવની સાથે ડહાપણની ઉત્પત્તિનો અવિનાભાવ સંબંધ છે. તેમ આત્માના જ્ઞાનની સાથે વિકારની નિવૃત્તિનો અવિનાભાવ સંબંધ છે. તેથી

જ્ઞાનમાત્રથી વિકારની નિવૃત્તિ થાય છે અને તેથી કર્મના બંધનો નિરોધ પણ સિદ્ધ થાય છે.

વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે ? એટલે આત્મા જ્ઞાનસ્વભાવી છે અને વિકાર તે હું નહિ, એવું પૃથક્ જ્ઞાન થયું. તે અજ્ઞાન છે કે જ્ઞાન ?

હવે જો તેને અજ્ઞાન કહો તો આત્મા અને વિકારનું ભેદજ્ઞાન કર્યું, તે જ્ઞાન અને અજ્ઞાનની કાંઈ વિશેષતા ન રહી. એટલે કે જો અજ્ઞાન કહેવામાં આવે તો આત્મા અને વિકારનો ભેદ તો થયો નહિ, તો ભેદજ્ઞાનની વિશેષતા ન રહી.

હવે જો તે ભેદજ્ઞાન થયું છે, તે જ્ઞાન છે, તો તે જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું છે કે નથી નિવર્ત્યું? જો આસ્રવોમાં પ્રવર્તે છે, તો આત્મા અને આસ્રવોના એકપણાના જ્ઞાનથી એટલે કે અજ્ઞાનથી તે ભેદજ્ઞાનની કાંઈ વિશેષતા ન થઈ. જીવને ભેદજ્ઞાન થાય અને તે આસ્રવોથી નિવર્તે નહિ તો તેને ભેદજ્ઞાન કહેવાય નહિ. આસ્રવોથી નિવર્તે નહિ તો પણ એની એ વાત થઈ એટલે કે અજ્ઞાન જ રહ્યું પણ ભેદજ્ઞાન થયું નહિ. પર સન્મુખ રહ્યા કરે તે જ્ઞાન જ કહેવાતું નથી. આત્માની પર્યાયમાં શુભાશુભભાવ થાય છે, તેની રુચિ છૂટી તો તેને ભેદજ્ઞાન થયું કહેવાય.

કોઈ કહે કે ભેદજ્ઞાન તો થયું છે, પણ આદરવું શું? તે ખબર પડતી નથી. તો કહે છે કે એમ બને નહિ. ચૈતન્ય ધ્રુવસ્વભાવ આદરણીય છે અને રાગ વિકાર આદરણીય નથી,—એનું નામ ભેદજ્ઞાન છે. શું આદરવું તેની ખબર પડે નહિ તો ભેદજ્ઞાન નથી, પણ મિથ્યાત્વ જ છે. પુણ્યને ઉપાદેય માને અને વળી જ્ઞાન થયું છે, એમ પણ માને, તો તે તો અજ્ઞાન જ છે.

કોઈ કહે કે વિકાર ઉપાદેય નથી એ ખબર છે, પણ શું ઉપાદેય છે એ ખબર નથી. તો તેને વિકાર ઉપાદેય નથી, એ યથાર્થપણે સમજાયું જ નથી. ભેદજ્ઞાનમાં વિકાર ઉપાદેય નથી અને આત્મા ઉપાદેય છે, તેમ સાથે આવી જાય છે, કેમ કે તેને અવિનાભાવ સંબંધ છે.

અંતરંગતત્ત્વ અંતરના અભ્યાસથી પ્રાપ્ત થાય છે; બીજા બહારના સાધનથી થતું નથી. શુભભાવને વ્યવહારથી સાધન કહેવાય છે પણ ખરેખર સાધન નથી. શરીરમાં રોગ હોય તો છ મહિના કે બાર મહિના પડ્યો રહે છે અને કાળ ગાળે છે પણ આત્મા કોણ છે, તેને જાણવા માટે કાળ ગાળે નહિ. પોતે કોણ છે તે જાણવાનો પ્રયાસ કરે, તો કોણ રોકે છે ? આત્માને જાણવા માટે બહારનાં સાધનોની જરૂર નથી. નિવૃત્તિથી વિચાર કરે કે આ આત્મા છે તે જ્ઞાયકસ્વરૂપ છે

તો પુણ્ય–પાપની રુચિ રહેતી નથી. એટલે જ્ઞાન તો જ્ઞાન જ રહ્યું પણ વિકારની નિવૃત્તિ ન રહે તો અજ્ઞાન જ રહે છે.

અને જો વિકારની નિવૃત્તિ થાય છે તો જ્ઞાનમાત્રથી કર્મનો બંધ રોકાઈ ગયો, એમ સિદ્ધ થયું–આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ જે ક્રિયાનય એટલે કે વિકલ્પ વડે ધર્મ થાય તેવી માન્યતાનું ખંડન થયું. દયા, દાન, વ્રતાદિના ભાવ તે અજ્ઞાન છે કેમકે તે ચૈતન્ય જ્ઞાનઘનથી વિપરીત છે, માટે ક્રિયા તે અજ્ઞાનનો અંશ છે એટલે વ્યવહારથી ધર્મ થાય એવા અજ્ઞાનનું ખંડન થયું.

વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે, તે જો આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી. આત્મા જ્ઞાનસ્વભાવી જુદો છે તેનું તો જ્ઞાન થયું પણ તે વિકારથી છૂટ્યું નહિ તો તે જ્ઞાન મુક્તિનું કારણ નથી, માટે તે એકાંત પરલક્ષી જ્ઞાનનો પણ નિષેધ કર્યો છે.

ક્ષાયોપશમિક જ્ઞાન પરસન્મુખ છે તે સ્વભાવનું કારણ નથી પણ બંધનું કારણ છે, તેવા જ્ઞાનનો નિષેધ કર્યો છે. કેમ કે જ્ઞાન તો એને કહેવાય કે જે વિકારથી નિવર્તે. તેવું જ્ઞાન ન થાય તેને જ્ઞાન કહેવાય નહિ. રાગમાં રાગની પ્રધાનતા હોવાથી, તેવી રાગની ક્રિયા અને ક્ષાયોપશમિક જ્ઞાનનો નિષેધ કરવામાં આવ્યો છે. જ્ઞાતાનું જ્ઞાન સ્વભાવ તરફ ઢળ્યું એટલે વિકારનો નાશ થાય જ.

અહીં તો એકાંત ક્રિયાનય અને એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું છે. કર્મબંધન રોકવાની બીજી કોઈ ક્રિયા નથી. ભક્તિ, પૂજા, ઉપવાસ, આયંબિલ વગેરેમાં જો રાગ મંદ કરે તો પુણ્ય થાય, પણ ધર્મ થાય નહિ. તેને ધર્મ માને તો પુણ્યની મીઠાશ વર્તે છે, તેને ભેદજ્ઞાન હોતું નથી અને જો ભેદજ્ઞાન થાય તો પુણ્યની રુચિ છૂટ્યા વગર રહેતી નથી. બન્ને એક સમયમાં હોય છે. સ્વભાવ સન્મુખ થતાં જ વિકાર અટકી જાય છે. તે અનેકાંત થયું પણ સ્વભાવ–સન્મુખતા થઈ અને વિભાવસન્મુખતા પણ રહે તો તે એકાંત થયું, તો તેવા એકાંતથી કર્મના બંધનો નાશ થતો નથી.

# પ્રસાદ નં. ૬૫

## સમયસાર ગાથા ૭૨ ભાવાર્થના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૨, મંગળવાર, ૨૦૦૭)

**ભાવાર્થ :**—મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગાદિ આસ્રવો મલિન છે, જડ છે, દુઃખનાં કારણ છે. શુભાશુભભાવ ચૈતન્ય જાગૃતિના ભાવ નથી માટે તે જડ છે. પ્રવચનસારમાં ચૈતન્યના વિકારી ભાવોને ચૈતન્ય કહ્યા હતા. ત્યાં તો સ્વજ્ઞેયમાં આત્માની પર્યાય તે આત્મા જ છે, આત્માથી જુદી નથી. અહીં તો દ્રવ્યદ્રષ્ટિમાં તે વિકારીભાવો સ્વભાવમાં નથી, માટે જડ કહ્યા છે. જાણવા—દેખવાના સ્વભાવમાં જાગૃત રહે તો કેવળજ્ઞાન પ્રગટ થાય છે. હરખશોકના પરિણામમાં જાગૃત રહે તે જાગૃત નથી.

ભગવાન આત્મા પવિત્ર છે, વિકારી ભાવો અપવિત્ર છે. પવિત્રતાનો આશ્રય લેવા તેને જડ કહ્યાં છે; ભગવાન આત્મા જ્ઞાતા છે અને વિકાર જડ છે; આસ્રવો દુઃખનાં કારણ છે અને આત્મા શાંતરસ છે. એમાં દુઃખ નથી—એ રીતે બન્નેનાં લક્ષણો જુદાં જાણી આસ્રવોથી આત્મા નિવર્તે છે. એટલે ખરેખર અંતર્મુખદ્રષ્ટિ થતાં બહિર્મુખ પરિણામોથી આત્મા નિવૃત્ત થાય છે, તેથી આત્માને કર્મનો બંધ થતો નથી.

આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો વિકારથી નિવૃત્તિ ન થાય તો તે જ્ઞાન જ નથી. એટલે સ્વભાવસન્મુખ થઈને અંતર્મુખ જ્ઞાન ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે :—સ્વભાવનું ભાન તો થયું છે પણ હજુ આસક્તિ છૂટી નથી, એવા અવિરત સમ્યગ્દ્રષ્ટિને ભ્રાંતિ અને અનંતાનુબંધી કષાય થતા નથી, તેથી તે પ્રકૃતિનો આસ્રવ થતો નથી પણ હજુ અસ્થિરતા છે. એના કારણે અન્ય પ્રકૃતિનું આવવું જ્ઞાનીને પણ થાય છે, તો તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ?

ઉત્તર :—સમ્યગ્દ્રષ્ટિ તો જ્ઞાની જ છે, સ્વભાવનું ભાન થવા છતાં પણ પોતાની નબળાઈના કારણે જ્ઞાનીને એવો ભાવ હોય ખરો, છતાં તે જ્ઞાની છે, કેમકે તે આસક્તિના ભાવ કરવાનો અભિપ્રાય નથી. રાગાદિના પરિણામ કરવાની રુચિ નથી અને ભાવના પણ નથી. શુભાશુભ ભાવો સારા છે અને કરવા જેવા છે, તેવો અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી.

જ્ઞાનીને ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા છું, એવા ભાનમાં પરપદાર્થનું અને વિકારનું સ્વામીપણું નથી. તેને પોતાના સ્વભાવનું સ્વામીપણું વર્તે છે, વીતરાગતાનું

પ્રગટપણું નથી. દ્રષ્ટિએ વીતરાગ હોવા છતાં સ્થિરતાની વીતરાગતા થઈ નથી, તેથી રાગ થાય છે, તેમાં ચારિત્રમોહનું નિમિત્ત છે અને તેના ઉદય વખતે જ્ઞાની પોતાના પુરુષાર્થની નબળાઈ અનુસાર જેટલો જોડાય તેટલો રાગ થાય છે. ચારિત્રમોહનો ઉદય આત્માને અનુસરાવે છે—એમ નથી. પણ એનું અનુસરણ પોતે કરે એટલો રાગ થાય છે.

અજ્ઞાની લખાણને પકડે છે, પણ લખાણના ભાવને ન સમજે તો ધર્મ થાય નહિ. જાગૃત થઈને વાત કરવી છે કે ઉંઘીને ? જો જાગૃત થઈને વાત કરવી હોય તો મારા અપરાધમાંથી હું જોડાઉં તો રાગ થાય છે, પણ કર્મ કરાવતું નથી—એમ માને તો રાગથી છૂટે અને જ્યારે આત્મા જ્ઞાતામાં લીન થઈને શાંતરસમાં રસબોળ થતો નથી ત્યારે પર્યાયની યોગ્યતા પ્રમાણે નબળાઈનો રાગ થાય છે, તે આસ્રવનું સ્વામીપણું જ્ઞાનીને હોતું નથી.

શાસ્ત્રમાં લખાણ આવે કે આત્માના રાગાદિ પરિણામો જડ છે, તેથી કરીને કાંઈ તે જડ છે—એમ નથી. વળી કર્મના કારણે વિકાર થાય છે—એમ પણ શાસ્ત્રમાં લખાણ આવે, તેથી કર્મ વિકાર કરાવે છે—એમ નથી. આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે પરને કારણે થાય છે, એમ માને તેને ધર્મ તો થતો નથી પણ તેને શુભભાવનો પણ પુરુષાર્થ ઊપડતો નથી.

જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે, તેનું કારણ એ છે કે અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ તેના સ્વભાવના ભાન વડે નાશ થયો પછી અસ્થિરતાના કારણે થોડી સ્થિતિવાળો બંધ થાય છે, તે દીર્ઘ સંસારનું કારણ નહિ હોવાથી તેને અહીં ગણ્યો નથી.

અથવા તો જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાંસુધી ઊંધી શ્રદ્ધા હતી ત્યાં સુધી બંધ થતો હતો પણ તે મિથ્યાત્વ ને અજ્ઞાનનો અભાવ થતાં હવે બંધ થતો નથી—એમ કહ્યું છે. વિકાર જે બંધનું કારણ છે તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી. જ્ઞાનમાં બંધ નથી પણ બંધમાં બંધ છે. જાણવાના સ્વભાવમાં ભ્રાંતિ નથી—એમ જ્ઞાનની પંક્તિ જુદી છે, માટે પણ જ્ઞાનીને બંધ ગણવામાં આવ્યો નથી.

## કળશ ૪૭

**અર્થ :**—આત્મા જ્ઞાતાદ્રવ્ય છે. 'વિકાર, શરીર તે હું નહિ' તેમ સ્વભાવનું ભાન થતાં ભ્રાંતિ થતી નથી એટલે તેને પર પરિણતિને છોડતું—એમ કહ્યું છે. અને ભેદનાં કથનોને તોડી પાડતું—ભેદભાવને તોડી નાખતું—રાગમાં અટકતું હતું તેને

તોડતું, સ્વભાવમાં અભેદ થતું, આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.

અહો! આવા જ્ઞાનમાં કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે ? રાગ તે મારું કાર્ય અને રાગનો હું કર્તા—તે, અજ્ઞાનવડે માનતો હતો. સ્વભાવ તરફ જે જ્ઞાન વળ્યું તે જ્ઞાનમાં કર્તાકર્મની પ્રવૃત્તિને સ્થાન જ નથી. સ્વભાવની ઉગ્રતાની શક્તિનો વિકાસ થયો ત્યાં વિકાર મારું કાર્ય અને તેનો હું કર્તા, તે હોઈ શકે નહિ. સ્વભાવ ખીલવા માંડ્યો ત્યાં કર્તાકર્મપણું હોતું નથી.

જાણવાયોગ્ય પદાર્થોના નિમિત્તથી તથા ક્ષયોપશમના ભેદથી ખંડખંડ જ્ઞાન થતું હતું તે ચૈતન્યસ્વભાવ તરફ પર્યાય થયો એટલે પર્યાય અખંડપણાને પામ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું. ક્ષયોપશમના વિશેષો ક્યારે કહેવાયા ? કે તે વિશેષો રાગમાં ઢળે તો વિશેષો કહેવાય પણ વિકાસની પર્યાય સ્વભાવનું અવલંબન લે તો તે અખંડતાને પામે છે, વિશેષપણું રહેતું નથી.

જે જ્ઞાન પરજ્ઞેય, ખંડખંડ ને ભેદનો અનુભવ કરતું હતું તે જ્યારે સ્વને જ્ઞેય તરીકે જાણે ત્યારે અખંડપણાને પામ્યું. જ્ઞાનમાત્રની એકલી દશા અનુભવમાં આવી એટલે અખંડપણાનું વિશેષણ પામ્યું. જ્ઞાનમાં એકતા થઈ એટલે અનેકતા કરતું જ્ઞાન સ્વભાવમાં વળ્યું ત્યારે તેને અખંડજ્ઞાન કહેવામાં આવ્યું.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનાદિ જે અનેક ભેદો કહેવાતા હતા, તે સ્વભાવમાં અભેદ થતાં, ભેદપણું રહેતું નથી, તેથી 'ભેદનાં કથનોને તોડી પાડતું'-એમ કહ્યું. પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે સ્વભાવનું ભાન થતાં સ્વભાવમાં એકાગ્ર થયું ત્યારે પરપરિણતિને છોડતું એટલે અભાવ કરતું—એમ કહ્યું છે. નબળાઈના કારણે નિમિત્તના આશ્રયે પ્રવૃત્તિ હતી તે પુરુષાર્થપૂર્વક સ્વભાવનો આશ્રય કરતું વિકારરૂપે પરિણમતું નથી, બળવાન છે તેથી 'અત્યંત પ્રચંડ' કહ્યું છે.

ભાવાર્થ :—કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો એટલે કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનરૂપ જ હતી. હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી, સ્વભાવમાં એકાકાર થયો એટલે જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય ? અર્થાત્ ન હોય.

હવે પૂછે છે કે કઈ વિધિ (રીત)થી આ આત્મા આસ્રવોથી નિવર્તે છે ? તેનો ઉત્તર :—

## ગાથા ૭૩

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

**અન્વયાર્થ :**—જ્ઞાની વિચારે છે કે ખરેખર હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું એટલે અપૂર્ણતાની દ્રષ્ટિ નથી. એ રીતે સ્વભાવમાં રહેતો અને ચૈતન્યસ્વભાવમાં લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આસ્રવોનો ક્ષય કરું છું, ખરેખર તો સ્વભાવનો આશ્રય થતાં, ક્રોધાદિ ઉત્પન્ન થતા નથી, તેને ક્ષય કરું છું—એમ કહ્યું છે.

**ટીકા :**—હું કોણ છું, તે કહે છે. હું આત્મા—પ્રત્યક્ષ, અખંડ, અનંત ચિન્માત્ર જ્યોતિ છું. ખંડપણું નથી, બેહદ જ્ઞાનપ્રમાણ છું—અપરિમિત જ્ઞાનપ્રમાણ સ્વભાવજ્યોતિરૂપ છું. અખંડ છું, સ્વથી જણાય એવો છું, અનાદિઅનંત નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘન સ્વભાવપણાને લીધે એક છું.

# પ્રસાદ નં. ૬૬

## સમયસાર ગાથા ૭૩ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૩, બુધવાર, ૨૦૦૭)

આત્મા આસ્રવોથી કઈ વિધિએ નિવર્તે છે ? એટલે પર્યાયને વિષે જે વિકારી ભાવો થાય તે આસ્રવો છે, મલિનભાવ છે અને અધર્મ છે. તેનાથી નિવર્તવાની કઈ રીતિ છે ?—તે કહે છે. જે જીવ આસ્રવોથી નિવર્તવા માગે છે, તેણે જીવતત્ત્વ કેવું છે તે જાણવું જોઈએ. પુણ્ય—પાપ જે નાશ થાય છે તેના આશ્રયે આસ્રવોનો નાશ ન થાય, પણ નાશ ન થાય એવો પદાર્થ હોય તેના આશ્રયે આસ્રવોનો નાશ થાય છે. હવે તે નાશ ન થાય એવો આત્મપદાર્થ છે, તે કેવો છે? તે કહે છે :—

**(૧) હું એક છું.** હું આત્મા—પ્રત્યક્ષ, અખંડ, અનંત જ્ઞાનમાત્રજ્યોતિ, અનાદિઅનંત નિત્ય ઉદયરૂપ જ્ઞાનઘન સ્વભાવવાળો હોવાથી એક છું. પોતે પોતાના વેદનથી જાણી શકાય એવો છું. પરથી, નિમિત્તથી કે વિકારથી જાણી શકાય એવો નથી, એ નાસ્તિની વાત તો અહીં લીધી નથી. આ આત્મા જ્ઞાનથી જ્ઞાનને જાણવાવાળો અખંડ છે, જ્ઞાયક સ્વભાવમાં ખંડતા નથી. પ્રત્યક્ષતાના આશ્રયે પરોક્ષતાનો નાશ થાય અને અખંડતાના આશ્રયે ખંડતાનો નાશ થાય.

આત્મા અનંત જ્ઞાનમાત્રજ્યોતિ છે. સ્વભાવનું સામર્થ્ય—સત્ત્વ અનંત કે બેહદ છે, મર્યાદા નથી. જ્ઞાનપ્રમાણ જ્યોતિ પ્રત્યક્ષ, અખંડ, અનંત છે. જેમ અગ્નિનો સ્વભાવ ઉધઈને બાળવાનો છે, તેમ અનંત ચિન્માત્રજ્યોતિ હું છું, તેનો સ્વભાવ વિકારનો નાશ કરવાનો છે.

આદિ-અંતરહિત, નિત્ય પ્રગટરૂપ વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે હું એક છું. બધા આત્મા ભેગા મળીને હું એક છું—એમ નહિ અને વિકારની સાથે એક—એમ નહિ પણ જ્ઞાનપ્રમાણ એક છું.

**(૨) હું શુદ્ધ છું.** ચૈતન્યસ્વભાવ જ્ઞાયક છે, તેમાં કારકોના વિશેષોનો અભાવ બતાવે છે. શરીર, વાણીનો હું કર્તા, કર્મ, સાધન નથી. શરીરનો આધાર પણ નથી. એટલે આત્મામાં શરીરના કારકો તો નથી પણ હું આત્મા જ્ઞાયકસ્વભાવે થનારો છું, જ્ઞાનસ્વભાવ મારું કામ છે, ચૈતન્ય સ્વભાવનું હું સાધન છું. આત્માએ સ્વભાવને આપ્યો અને આત્મામાંથી સ્વભાવ પ્રગટ્યો તથા આત્મા ચૈતન્યનો આધાર છે—એવા કારકોના ભેદ પણ મારામાં નથી.

આત્માના એકપણામાં અનેકપણાના ભેદ નથી. વસ્તુસ્વભાવ તરફ ઢળતાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ—એવા કારકોના ભેદનું

વલણ રહેતું નથી. પરના કર્તા, કરણાદિની તો વાત જ નથી પણ સ્વભાવ તરફ ઢળતાં, આત્મા જ્ઞાનરૂપે થનાર છે એ આદિ કારકોના ભેદનો વિકલ્પ ઊઠે તે પણ મારા સ્વભાવમાં નથી.

આત્મા વિજ્ઞાનઘન વીતરાગ સ્વભાવી છે. તેની એકતામાં છ પ્રકારના કારકોના ભેદોના વિકલ્પોથી પાર ઊતરેલી (રહિત) એવી આત્માની અનુભૂતિ થાય છે. સંસારનો આ વિધિએ નાશ થાય છે. આત્મામાં કર્તાપણું, કર્મપણું આદિ કારકો હોવા છતાં તે ભેદના લક્ષે વિકલ્પો ઊઠે છે તેનો અભાવ કરતો આત્માની અનુભૂતિ પ્રગટ કરે છે. રાગને પૃથક્ કરવાનો આ જ ઉપાય છે. અનુભૂતિ પ્રગટ થતાં રાગ પૃથક્ થઈ જાય છે.

આત્માની પર્યાયમાં વિકાર છે ખરો અને નિમિત્ત પર પદાર્થ પણ છે, પરંતુ અહીં તો કહે છે કે આત્મા જ્ઞાયક છે, તેના સ્વભાવમાં છ પ્રકારના કારકોના ભેદ નથી. આત્મા તો ચૈતન્ય અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છે.

**(૩) મમત્વરહિત છું.** આત્માની પર્યાયને વિષે રાગદ્વેષાદિ થાય તેનો સ્વામી જડ છે. તે પર્યાય આત્માની હોવા છતાં જડના આશ્રયે થયેલી હોવાથી તેનું સ્વામીપણું આત્માને નથી. જ્યારે સ્વભાવનું સ્વામીપણું થયું ત્યારે ક્ષણિક વિકારનું સ્વામીપણું જડનું છે, એમ કહેવામાં આવ્યું છે. સ્વભાવનું સ્વામીપણું ન હતું ત્યારે પણ વિકાર તો જડના આશ્રયે જ થતો હતો, તેથી જડ જ તેનો સ્વામી હતો અને અત્યારે સ્વભાવના આશ્રયે વિકાર થતો નથી, તેથી હું મમતારહિત છું.

સ્વભાવના સ્વામીપણે જડના સ્વામીપણે પરિણમતો નથી એટલે વિકારરૂપે પરિણમતો નથી. વિકાર થાય છે અને પરિણમતો નથી—એમ નથી પણ આત્માની એકતામાં અનેકપણે પરિણમતો નથી. ક્રોધાદિ વિકારમાં વિશ્વવ્યાપીપણું—અનેકપણું થતું હતું તે સ્વભાવના એકપણામાં અનેકપણું ઉત્પન્ન જ થતું નથી, તેથી તે વિકારનો જડ સ્વામી છે. તેથી હું મમતારહિત છું. આત્મા વિકારના ધણીપણે સદાય પરિણમતો નથી. એટલે આત્મામાં વિકારભાવ છે જ નહિ તેથી મમતારહિત છું.

હું અસ્તિરૂપ છું, એક છું અને શુદ્ધ છું. તે વખતે મમતા રહિત એટલે વિકારની નાસ્તિરૂપે હું પરિણમું છું. અહીં તો મિથ્યાત્વના અભાવની મુખ્યતાએ વાત છે, અસ્થિરતાના ભાવની ગૌણતા છે.

**(૪) દર્શનજ્ઞાન પૂર્ણ છું.** વળી ચિન્માત્રવસ્તુ સામાન્ય—વિશેષસ્વરૂપ છે. જ્ઞાનમાત્ર ભગવાન આત્મા વસ્તુસ્વભાવથી દર્શન—જ્ઞાનસ્વરૂપે પરિપૂર્ણ છે. સ્વભાવથી જ પરિપૂર્ણ છું. પરિપૂર્ણતા બહાર લાવવી પડતી નથી પણ પરિપૂર્ણ

સ્વરૂપ જ છું. વિકાર નહિ, શરીર નહિ તેથી અલ્પજ્ઞતા પણ નહિ કેમકે તે એક સમયની અવસ્થા છે. હું તો જ્ઞાનદર્શન પૂર્ણ છું.

અહીં વસ્તુદ્રષ્ટિ કરાવે છે. જ્યારે અભેદદ્રષ્ટિ કરાવે છે ત્યારે પરિપૂર્ણતા નથી અને પરિપૂર્ણતા થશે એવી દ્રષ્ટિ કરાવવાની રહેતી નથી. પર્યાયબુદ્ધિથી અધર્મ પર્યાયનો નાશ થાય નહિ પણ ચૈતન્યસત્તાથી પરિપૂર્ણ છું એમ વર્તમાન પર્યાયને સ્વભાવમાં વાળતાં વિકાર થતો જ નથી.

વસ્તુ છે તે પરને આશ્રયે હોઈ શકે જ નહિ અને વસ્તુ સત્ છે તો તે પરિપૂર્ણ ન હોય તેમ બને નહિ અને વર્તમાન જે અપૂર્ણતા ભાસે છે તે પરના આશ્રયે ભાસે છે. વસ્તુ છે તો તેનો સ્વભાવ પરનો આશ્રય લેવાનો ન હોય. વસ્તુ તો જ્ઞાનદર્શનથી ભરેલી છે, તે સામાન્ય—વિશેષસ્વરૂપ જ છે. આ ધર્મ કેવી રીતે થાય અને અધર્મનો નાશ કેવી રીતે થાય, તે કહેવાય છે.

ગાથા ૬૯ થી ૭૨ સુધી ચાર ગાથામાં તે કર્તાકર્મનો અધિકાર સમજાવ્યો પણ આ ગાથામાં (૭૩માં) તો શિષ્ય પોતે કહે છે કે હું વસ્તુને સમજ્યો છું. તમો કહો એ માટે નહિ. સામાન્ય વિશેષ એટલે દર્શનજ્ઞાનમય પરિપૂર્ણ છું, તેમ તે કહે છે. જેમ આકાશાદિ દ્રવ્યો છે તેમ હું પારમાર્થિક ખાસ વસ્તુ છું.

સ્વભાવથી ભરેલો, એક શુદ્ધ, મમતારહિત, જ્ઞાનદર્શનપૂર્ણ હું એક ખાસ પદાર્થ છું. બીજા પદાર્થો છે તેનાથી હું જુદો છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યોની પ્રવૃત્તિથી નિવર્તું છું એટલે પ્રથમ પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ પરિણમતો હતો—એમ નક્કી થયું. પણ તેનો અર્થ એમ નથી કે શરીર, વાણી આદિની પ્રવૃત્તિ આત્મા કરતો હતો. પણ આત્મા પોતે પર્યાયમાં પરદ્રવ્યનું લક્ષ કરતો હતો તે હવે સ્વભાવનું લક્ષ કરતા પરદ્રવ્યનું લક્ષ થતું નથી માટે નિવર્તું છું—એમ કહ્યું છે. કોઈ બીજો નિવર્તાવતો નથી અને કોઈની મદદથી હું નિવર્તતો નથી.

આ રીતે પરદ્રવ્યથી નિવર્તતો થકો, પોતાના સ્વભાવમાં વર્તું છું. પરદ્રવ્યના નિમિત્તથી એટલે આત્માના અશુદ્ધ ઉપાદાનથી થતા ચંચળ શુભાશુભ વિકલ્પો, તેનો અભાવ કરીને આત્માને અનુભવું છું. પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિ ભાવો, તે સર્વને ક્ષય કરું છું.

આત્મામાં વિકાર થાય છે, તે પુદ્ગલદ્રવ્યના આશ્રયે થતા હોવાથી પુદ્ગલના કહ્યા છે. શુદ્ધ દ્રષ્ટિની અપેક્ષાએ તેને પુદ્ગલના કહ્યા છે. આ ક્રોધાદિભાવોને હું જ્ઞેય કરું છું—એમ હજુ નિર્ણય કરે છે ત્યાંસુધી વિકલ્પ છે. તે ક્રોધાદિને નાશ કરવાનો કામી જીવ નક્કી કરે છે કે પુણ્ય—પાપાસ્રવ તે મારા સ્વભાવના આશ્રયે ટકતા નથી.

આ રીતે નિશ્ચય કરવો તે પ્રથમ ભૂમિકા છે—એ સિવાય બીજી ભૂમિકા નથી. હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું અને જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું એવો મારો સ્વભાવ છે. તે સ્વભાવના આશ્રયે વિકારનો નાશ થાય છે, તેમ પ્રથમ નિર્ણય કરવો.

અહીં તો કઈ વિધિએ આસ્રવનો નાશ થાય તેને પ્રથમ ખ્યાલમાં લે છે. વિકારભાવ સ્વભાવદ્રષ્ટિએ પરનો છે, અશુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ નિમિત્તના આશ્રયે થાય છે અને પર્યાયની અપેક્ષાએ વિકારાદિભાવો પોતાના છે—એમ જાણીને સ્વભાવનું લક્ષ કરવાથી વિકારનો ક્ષય થાય છે. ચૈતન્ય જ્ઞાતા છે તેનો જન્મ સંસારનો નાશ કરવા માટે છે. જેમ કૃષ્ણનો જન્મ કંસનો નાશ કરવા માટે હતો, તેમ આત્માનો સ્વભાવ વિકારનો નાશ કરે છે—એમ પ્રથમ નિર્ણય કરે છે.

સ્વભાવ ચૈતન્યસ્વરૂપ છે. તેમાં કર્તા—કરણાદિના ભેદને અવકાશ નથી તેવો નિશ્ચય કરીને મોહનો ક્ષય કરું છું. જેમ ઘણા વખતથી વહાણ સમુદ્રના વમળમાં પકડાયું હતું તે વમળના છૂટવાથી છૂટી જાય છે, તેમ અહીં આત્મા અનાદિકાળથી વિકલ્પોના વમળમાં પકડાયો હતો તે સ્વભાવમાં દ્રષ્ટિ થતાં વિકારના વમળો છૂટી જાય છે, વિકાર રહેતો નથી. તેને ક્ષય કરું છું—એમ કહ્યું છે.

# પ્રસાદ નં. ૬૭

## સમયસાર ગાથા ૭૩ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૪, ગુરુવાર, ૨૦૦૭)

શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે આત્મા ચૈતન્યસ્વભાવી છે. તેમાં પુણ્ય–પાપરૂપી આસ્રવો થાય તે કઈ રીતે છૂટી શકે ? તેની વિધિ શું છે ? તે કહે છે.

પ્રથમ તો આત્મા ચિન્માત્ર નિત્ય ઉદ્યોતરૂપ જ્ઞાનઘનસ્વભાવવાળો હોવાથી હું એક છું. કારકોના ભેદોના વિકલ્પોરહિત નિર્મળ અનુભૂતિમાત્ર હોવાથી શુદ્ધ છું. ક્રોધાદિભાવો પુદ્‌ગલના આશ્રયે થતા હોવાથી તેનું સ્વામીપણું આત્માનું નહિ હોવાથી મમતારહિત છું. સામાન્ય–વિશેષ વડે પરિપૂર્ણપણું હોવાથી જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું. આ રીતે પોતાના સ્વભાવને જાણીને ક્રોધાદિભાવોને સ્વભાવના જોરે નાશ કરવાની તાકાત છે–એમ પ્રથમ નિર્ણય કરીને ક્રોધાદિ ભાવોનો નાશ કરે છે.

આત્મા પદાર્થ છે, તે જ્ઞાન સ્વભાવથી ભરેલો છે, તે પરનો આશ્રય માગે નહિ, વિકાર ટાળવા માટે પરનું અવલંબન ઇચ્છે નહિ એવો નિશ્ચય કરીને ક્રોધાદિ ભાવોથી છૂટો થાય છે. જેમ ઘણા વખત થયાં વહાણ પાણીના વમળમાં પકડાયેલું હોય અને વમળો જેમ તે વહાણને છોડી દે છે, તેમ આત્મા અનાદિ કાળથી વિકલ્પોના વમળોમાં ગુંચાતો હતો, તે પોતે વિકલ્પોથી છૂટો પડતો ન હતો, પુણ્ય–પાપાદિ ભાવો અને સંકલ્પ–વિકલ્પના વમળોમાં અટકતો હતો, સ્વભાવના આશ્રયે વિકલ્પરૂપી વમળોને તેણે જલદી વમી નાખ્યા છે.

કેવી રીતે? તે કહે છે. નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માનું અવલંબન લેતો થકો આ આત્મા આસ્રવોથી છૂટો પડે છે. જે પકડાયો હતો તે સ્વભાવના આશ્રયે છૂટો પડે છે. સ્વભાવના અવલંબને નવો વિકાર થતો નથી. તેને આસ્રવોથી છૂટો પડે છે–તેમ કહેવાય છે. વિકલ્પોની ઉપાધિ થવા દેતો નથી, તેને નિવર્ત્યો–એમ કહ્યું છે.

**ભાવાર્થ :—**શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું. શુદ્ધ છું. પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ વસ્તુ છું.' જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વભાવમાં રહેતો થકો આત્માના જ અનુભવરૂપ થાય છે, ત્યારે ક્રોધાદિ આસ્રવો ક્ષય પામે છે, વિકારી પર્યાયો ઉત્પન્ન થવા દેતો નથી એટલે વિકારી પર્યાયોનો નાશ કરે છે, એમ કહેવાય છે.

જાણવા–દેખવાના ત્રિકાળી સ્વભાવને ચૂકીને ક્ષણિકના આશ્રયે પુણ્યપાપનો નાશ કરવા માગે તો ન થાય પણ સ્વભાવના આશ્રયે વિકારનો નાશ થાય છે,

એવો વિશ્વાસ પ્રથમ આવવો જોઈએ. સર્વજ્ઞતા અને વીતરાગતા જ મારું સ્વરૂપ છે અને ક્રોધાદિ ક્ષણિક નાશવાન છે, તેવો નિર્ણય કરવો તે જ વિકારને નાશ કરવાનો ઉપાય છે.

જેમ ઘણાં કાળથી વહાણ વમળમાં પકડાયેલું હોય, પણ વમળ તેને તત્કાળ છોડી દે છે, વાર લાગતી નથી. તેમ અનાદિથી વિકલ્પોના વમળમાં હોવા છતાં, સ્વભાવના આશ્રયે વિકલ્પોના વમળને ઉત્પન્ન થવા દેતો નથી એટલે છોડી દે છે, વાર લાગતી નથી.

હવે પૂછે છે કે સમ્યગ્જ્ઞાન થવાનો અને આસ્રવોને છૂટવાનો એક કાળ કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :—

## ગાથા ૭૪

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

**અન્વયાર્થ :**—આ આસ્રવો જીવની સાથે નિબદ્ધ છે એટલે સંયોગ સંબંધે છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેનું ફળ છે એવા છે—એવું જાણીને જ્ઞાની તેમનાથી છૂટો પડે છે.

**ટીકા :**—આસ્રવો જીવની સાથે બંધાયેલા છે. જેમ વૃક્ષ અને લાખ, તેમાં વૃક્ષ હણાવાયોગ્ય છે અને લાખ ઘાતક છે; તેમ જીવ હણાવાયોગ્ય છે અને પુણ્યપાપાદિ ઘાતક છે. જેમ લાખના નિમિત્તથી એટલે વૃક્ષના અશુદ્ધ ઉપાદાનની યોગ્યતાથી ઝાડનો નાશ થાય છે, જે ઝાડની યોગ્યતા નાશ થવાની ન હોય તે ઝાડને લાખ ચોડવામાં આવે તો કાંઈ તે ઝાડ નાશ પામે નહિ.

લાખ ઘાતક છે અને ઝાડ હણવાયોગ્ય છે. બંને વિરુદ્ધ સ્વભાવવાળા છે. તેમ આત્મા હણાવાયોગ્ય એટલે આત્માની વર્તમાન પર્યાય હણાવાયોગ્ય છે, ત્યારે પર્યાયબુદ્ધિ હણનાર છે. આ રીતે બન્નેના વિરુદ્ધ સ્વભાવ હોવાથી આસ્રવો જીવના નથી.

આત્મામાં પુણ્ય—પાપના પરિણામ થાય છે, તે ઘાતક છે. તે તો નિમિત્તનું કથન છે. પણ ખરેખર તો આત્માની હણાવાની યોગ્યતા હોય છે ત્યારે પુણ્ય—પાપને ઘાતક કહ્યા છે. ભગવાન આત્મા ચિદાનંદ છે. તેની દ્રષ્ટિ છોડી ત્યારે પર્યાયમાં હણાવાની યોગ્યતા થઈ એટલે પુણ્ય—પાપને ઘાતક કહ્યા છે. કર્મને લઈને પર્યાયબુદ્ધિ નથી પણ વર્તમાન પર્યાયની યોગ્યતા પર્યાયબુદ્ધિની છે તે જીવને ઘાતક છે ત્યારે આસ્રવો ઘાતક છે—એમ કહેવાય છે.

ભગવાન આત્મા અનાદિ નિત્ય છે, તેને ભૂલીને પર્યાયબુદ્ધિ થાય છે તે નાશ થવાની યોગ્યતા છે. વિકારીભાવ તે હું–એમ સ્વભાવનો અસ્વીકાર તે જ પર્યાયબુદ્ધિની યોગ્યતા છે, તે જ હણાવાયોગ્ય છે. ત્યારે આસ્રવો ઘાતક છે. આ રીતે બન્નેના સ્વભાવો એક નહિ હોવાથી, આસ્રવો જીવ નથી.

આત્મસ્વભાવ ત્રિકાળી શુદ્ધ છે, પર્યાયબુદ્ધિ વડે તેની પર્યાયમાં હણાવાની યોગ્યતા છે. પણ સ્વભાવ તો હણાતો નથી પણ પર્યાયમાં યોગ્યતા થઈ ત્યારે આસ્રવોને ઘાતક કહ્યાં છે. આ રીતે જીવ સાથે આસ્રવોને સંયોગ સંબંધ છે પણ સ્વભાવ સંબંધ નથી.

**अध्रुव** આસ્રવો વાઈના રોગના વેગની જેમ વધતા–ઘટતા છે.જેમ વાઈનો રોગ ઘડીમાં ઓછો અને ઘડીમાં વધારે વેગવાળો હોય છે, તેમ આત્મામાં જે પુણ્ય–પાપાદિના ભાવો થાય છે તે ઓછા–વધતા થાય છે, એકરૂપ રહેતા નથી. ઘડીમાં જુઓ તો તીવ્ર અશુભ ભાવ હોય અને ઘડીમાં જુઓ તો એકદમ મંદ અશુભ ભાવ હોય. વળી ઘડીમાં જુઓ તો દ્રવ્યલિંગી મુનિના મંદકષાય હોય, વળી પાછો મંદકષાય ઘટી જાય. તે તીવ્ર અને મંદ પરિણામ વાઈના રોગ જેવા છે.

આ રીતે આસ્રવો વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે. તેની રુચિ કરવા જેવી નથી પણ ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. કોઈ એમ કહે કે આત્મામાં પાપના પરિણામ થાય તે ઘટતાં ઘટતાં પુણ્યપરિણામ થાય અને પછી ધર્મ થાય–પણ એમ નથી. ઘટતા અને વધતા પરિણામ અધ્રુવ છે. તેના આધારે ધર્મ થાય નહિ પણ ચૈતન્ય ધ્રુવ પદાર્થ છે, તેના આધારે ધર્મ થાય છે. પુણ્ય–પાપ વાઈના રોગ જેવા છે.

**अनित्य** આસ્રવો ટાઢિયા તથા ઉના તાવની માફક અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે. જેમ ટાઢિયો તાવ આવે ત્યારે એકદમ ગોદડાં વગેરે ઓઢવા મંડી જાય અને વળી થોડીવાર થાય ત્યાં પરસેવો વળી જાય ત્યારે પાછા કાઢી નાખે. તેમ ટાઢિયા તાવની માફક ઘડીમાં પુણ્યભાવ થાય અને વળી પાછો તે આવેશ ઓછો થઈ જાય ને એકદમ ઉના તાવની માફક અશુભભાવ એટલે પાપભાવ થાય. તે પુણ્ય અને પાપભાવ પર્યાયની રુચિથી ઉત્પન્ન થયેલા છે, વસ્તુની રુચિથી ઉત્પન્ન થયેલા નથી, તેથી અનિત્ય છે.

આસ્રવો અનુક્રમે ઉત્પન્ન થાય છે. પુણ્ય વખતે પાપભાવ હોતો નથી અને પાપ વખતે પુણ્યભાવ હોતો નથી તેથી અનિત્ય છે. આત્મા તો વિજ્ઞાનઘન સ્વભાવી છે, તેથી નિત્ય છે.

આસ્રવો વધતા–ઘટતા હતા તે કારણે તેને અધ્રુવ કહ્યા હતા અને અહીં અનિત્ય કહ્યા છે. તેમાં તદ્દન પલટો છે એટલે કે શુભાશુભ ભાવ અનુક્રમે થાય છે.

તે બંનેના આશ્રયે ધર્મ થતો નથી. ધર્મ તો આત્મા ધ્રુવ અને નિત્ય પદાર્થ છે તેના આશ્રયે થાય છે. આ રીતે આસ્રવો જીવનિબદ્ધ એટલે જીવની સાથે સંયોગ સંબંધવાળા છે. અધ્રુવ એટલે વધતા–ઘટતા છે અને અનિત્ય એટલે અનુક્રમે થવાવાળા છે. એમ ત્રણ બોલ થયા.

# પ્રસાદ નં. ૬૮

## સમયસાર ગાથા ૭૪ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૫, શુક્રવાર, ૨૦૦૭)

આસ્રવો જીવની સાથે નિબદ્ધ, અધ્રુવ, અનિત્ય, અશરણ, દુઃખરૂપ અને દુઃખફળરૂપ છે, એમ જાણીને જ્ઞાની તેનાથી જુદો પડે છે.

**जीवनिबद्ध** આસ્રવો છે તે જીવની સાથે બંધાએલા છે. એટલે તે જીવનો સ્વભાવ નથી. જીવ છે તે હણાવાયોગ્ય છે અને આસ્રવો ઘાતક છે. ધ્રુવ નિત્યસ્વભાવ તો હણાવાયોગ્ય નથી પણ પર્યાયમાં વિકારીપણાનો સ્વીકાર થતાં સ્વભાવપર્યાય ઉત્પન્ન ન થાય તે પર્યાય વધ્ય કહેવાય છે, એટલે હણવાયોગ્ય છે અને આસ્રવો ઘાતક છે. નિર્મળ પર્યાય થતી નથી એટલે જીવને હણાવાયોગ્ય કહ્યો છે.

વિકારની રુચિ તે વિરુદ્ધ સ્વભાવ છે તેથી તે પર્યાયબુદ્ધિ જ વધ્ય છે. ધ્રુવસ્વભાવની દ્રષ્ટિ ન રહી તેથી જીવ હણાવાયોગ્ય અને વિકાર હણનાર છે. અવિરુદ્ધ સ્વભાવભાવ ન પ્રગટ્યો ત્યારે વિરુદ્ધભાવથી હણાવાયોગ્ય છે, તેમ કહ્યું છે. જેમ ઝાડ હણાવાયોગ્ય અને લાખ ઘાતક છે, તેમ આત્માએ અંશબુદ્ધિમાં— પર્યાયમાં ધ્રુવ સ્વભાવને ન માન્યો એટલે ધ્રુવસ્વભાવ જ હણાવાયોગ્ય અને આસ્રવો ઘાતક છે, તેમ કહ્યું છે.

**अध्रुव** આસ્રવો અધ્રુવ છે. આસ્રવો વાઈના રોગની જેમ વધતા ઘટતા હોવાથી અધ્રુવ છે. અશુભભાવના અત્યંત તીવ્ર પરિણામો–તત્ત્વનો વિરોધ કરીને નિગોદમાં જીવ ચાલ્યો જાય તેવા—થાય અને ઘટીને તે અશુભભાવ સાધારણ કામક્રોધાદિના થાય અને શુભભાવ પણ વધીને નવમી ગ્રૈવેયક જાય તેવા દ્રવ્યલિંગી મુનિના થાય, પાછા ઘટીને સાધારણ દયાદાનાદિના શુભભાવ થાય. તે અશુભભાવ તથા શુભભાવ વધે ને ઘટે, તેવો આસ્રવોનો સ્વભાવ છે, તેથી આસ્રવો અધ્રુવ છે, ભગવાન આત્મા તો ધ્રુવ છે, તે વધેઘટે એવો નથી. તેથી ધ્રુવસ્વભાવના આશ્રયે આસ્રવોનો અભાવ થાય છે.

**अनित्य** આસ્રવો અનિત્ય છે. જેમ ટાઢિયો તાવ હોય તેમાંથી ઉનિયો તાવ થાય છે, તેમ શુભ અશુભ ભાવો જલદી બદલી જાય છે, માટે અનિત્ય છે. શુભ વખતે અશુભ ન હોય અને અશુભ વખતે શુભ ન હોય, તે ક્રમે થાય છે, તેથી અનિત્ય છે. ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન, એકરૂપ નિત્ય છે તે કદી બદલતો નથી. ક્ષયનો દર્દી હોય તેને ઘડીમાં તાવ વધે અને ઘડીમાં ઘટે, પણ તાવ

હાડમાંથી ખસે નહિ તો તે રોગમાંથી મુક્ત થતો નથી. તેમ અહીં પુણ્ય–પાપ પરિણામો તે તાવ છે, તે અનિત્ય છે. અંતરમાંથી પુણ્યની રુચિ ન ખસે તો તે રુચિએ કરીને નિગોદમાં જાય છે. સંસારથી મુક્ત થતો નથી. તેમ તે શુભાશુભ ભાવો ક્રમે થતા હોવાથી અનિત્ય છે અને ભગવાન આત્મા તો નિત્ય છે, તેના આશ્રયે આસ્રવો છૂટી જાય છે.

**अशरण** આસ્રવો અશરણ છે, કેમ કે તે નિત્ય નથી. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય છે, તે વખતે કામવાસના પણ છૂટી જાય છે. તેમ કર્મ છૂટવાના વખતે વિકાર પણ છૂટી જાય છે. ખરેખર તો સ્વભાવદ્રષ્ટિએ વિકારનો અભાવ થાય છે, ત્યારે આસ્રવો છૂટી જાય છે. તેને કોઈ રોકનાર નથી, માટે તે આસ્રવો અશરણ છે. આત્મા જ્ઞાયક નિત્યાનંદ છે, તે શરણભૂત છે પણ પુણ્ય–પાપ અશરણ છે. આસ્રવો જીવનો સ્વભાવ નથી તેથી નિત્ય નથી, પણ તેઓ તેની યોગ્યતાના કાળ પૂરતા છે.

કર્મના નિમિત્તે અનુસરવાની યોગ્યતા એક સમયની છે માટે નિમિત્તના અવલંબને થતો પર્યાય છૂટી જાય છે. તેથી આસ્રવો અશરણ છે. આત્મામાં સહજ ચિત્શક્તિ સદાય છે, તેથી જીવ જ શરણસહિત છે.

શુભાશુભ ભાવો કદી રોકી રાખી શકાતા નથી અને ભગવાન આત્મા આપોઆપ પોતાથી રક્ષિત છે. કેમકે ચૈતન્ય શક્તિરૂપ સદાય છે, તેથી જીવ જ શરણસહિત છે. સમયે સમયે વિકારની યોગ્યતા થાય છે, તેવી યોગ્યતા ફરી કરવા માગે તો ન આવે. સંસાર ભોગવવાની અશુભ ઇચ્છાની મીઠાશ આવી તે મીઠાશ ફરીને લેવા માગે તો ન આવે, કેમ કે તે ફરતી છે; માટે અશરણ છે. ચૈતન્ય શક્તિરૂપ આત્મા સદાય શરણભૂત છે.

**दुःखरूप** આસ્રવો સદાય આકુળતા સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે. ભગવાન આત્મા તો અનાકુળ સ્વભાવવાળો હોવાથી સુખરૂપ છે. તેથી તેના શરણે શાંતિ અને સુખ થાય છે. આસ્રવો ભલે શુભ હોય તો પણ દુઃખરૂપ છે. શુભભાવમાં જગતને શાંતિ લાગે છે, પણ તે દુઃખરૂપ છે. પાંચ–પચીસ હજાર રૂપિયા દાનમાં ખર્ચ્યા હોય અને કોઈ માનપત્ર આપે તો અજ્ઞાનીને સુખ લાગે છે, પણ ભગવાન આચાર્યદેવ તો અહીં કહે છે કે તે દુઃખરૂપ જ છે.

લાખ બેલાખનું મકાન કર્યું હોય અને તેનું વાસ્તુ લેવાતું હોય તો હરખ ન માય પણ તે તો અશુભભાવ છે, એકલો દુઃખરૂપ છે. પણ ભક્તિ, પૂજા, જાત્રામાં, ભગવાનની પ્રતિમાના દર્શન વખતે જ્યારે શુભભાવનો ઉત્સાહ વર્તતો હોય ત્યારે અજ્ઞાનીને તેમાં શાંતિ લાગે છે, અને સુખ ઊપજે છે, એમ માને છે પણ તે બધા

આકુળતાવાળા હોવાથી દુઃખરૂપ જ છે. ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવવાળો હોવાથી સુખરૂપ છે. અખંડ આત્મા શરણભૂત અને સુખરૂપ છે, પણ ખંડખંડ થાય તે સુખરૂપ ન હોય. શુભભાવ તો કટકે કટકે થતા હોવાથી તે સદાય આકુળતાવાળા છે અને દુઃખરૂપ છે. સીનેમા જોવા જાય તો પ્રથમ હરખ અને પાછો શોક. તે કૃત્રિમ છે, ખંડખંડ છે. પૂજા, ભક્તિ આદિના પરિણામ તે શુભભાવ છે અને તેની હદ છે, તેમાં બેહદપણું નથી. તે શુભાશુભ ભાવ કાયમ રહેતા નથી તેથી સદાય આકુળતાવાળા છે. સદાય નિરાકુળ જ્ઞાયકસ્વભાવ જીવ જ એક સુખરૂપ છે.

**दुःखफलरूप** આસ્રવો આગામી કાળમાં આકુળતા ઊપજાવનારા એવા પુદ્‌ગલ પરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. એટલે આસ્રવોનું ફળ દુઃખ જ છે. ભવિષ્યમાં નવા પુદ્‌ગલકર્મોના ઉદય વખતે આકુળતા ઉત્પન્ન કરાવનારા હોવાથી આસ્રવો દુઃખનું ફળ છે. જો જીવ એવો ને એવો ભાવ ચાલુ રાખે તો તેને ભવિષ્યમાં દુઃખફળરૂપ કહ્યા છે. ભવિષ્યમાં આકુળતારૂપ પરિણમે છે, ત્યારે જૂનાં કર્મના ઉદયને નિમિત્તરૂપે કહેવાય છે. વર્તમાન પરની રુચિ કરવાથી નવાં કર્મ બંધાય છે અને તે કર્મના ઉદય વખતે જીવ પાછો જોડાય તો આસ્રવોને દુઃખફળરૂપ કહ્યા છે.

ભગવાન આત્માનો સ્વભાવ તો નવાં કર્મો બંધાય તેમાં નિમિત્તરૂપ થવાનો નથી, કર્મપ્રકૃતિ બંધાય તેનો હેતુ આત્મા નથી, તીર્થંકરગોત્ર બંધાય તેનો હેતુ આત્મા નથી. માટે આત્મા દુઃખફળરૂપ નથી, વર્તમાન સુખરૂપ છે ને ભવિષ્યમાં પણ સુખફળરૂપ જ છે.

આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાંવેંત જ કર્મનો વિપાક શિથિલ થઈ જાય છે. કર્મ કર્મમાં હોવા છતાં, આત્મામાં ભેદજ્ઞાન થતાંવેંત જ કર્મમાં કર્મના કારણે શિથિલપણું થાય છે.

અહીં તો કહે છે કે આત્મા જ્યારે પર ઉપર લક્ષ કરી રુચિ કરતો ત્યારે કર્મોનો સંગ્રહ થતો હતો અને જ્યારે સ્વભાવની એકાગ્રતામાં પર્યાયની રુચિ છૂટી ગઈ ત્યારે કર્મો શિથિલ થતાં જાય છે.

જેમ સૂર્ય ઊગે ત્યારે જથ્થાબંધ વાદળાં ખંડિત થાય છે. જેમ જેમ સૂર્યનો પ્રકાશ વધતો જાય છે તેમ તેમ વાદળાંઓ ખંડિત થતાં જાય છે; તેમ આત્મા કે જેની ચિત્શક્તિ અમર્યાદિત છે તેનો વિકાસ થાય છે, સહજપણે ફેલાવ પામતી જાય છે, જેમ જેમ જ્ઞાનઘન થતી જાય છે તેમ તેમ આસ્રવો નિવૃત્ત થતા જાય છે. આત્મા નિત્ય સ્વભાવમાં વધતો જાય છે તેમ તેમ આસ્રવોથી છૂટતો જાય છે અને

જેમ જેમ પર તરફથી નાસ્તિસ્વરૂપ થતો જાય છે તેમ તેમ સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે, તે બંનેનો કાળ એક જ છે.

તેટલો વિજ્ઞાનઘન ભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે. સ્વભાવના આશ્રયે આસ્રવો છૂટે તો સમ્યક્પ્રકારે નિવર્ત્યો કહેવાય પણ આત્માના ભાન વિના માત્ર કષાયની મંદતા કરે તે સમ્યક્પ્રકાર નથી. સ્વલક્ષે કષાયનો અભાવ કરે તો આસ્રવોથી નિવર્તે છે. અને તેટલો આસ્રવોથી નિવર્તે છે કે જેટલો સમ્યક્ પ્રકારે ચૈતન્ય વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે. આ રીતે સમ્યક્જ્ઞાનનો અને આસ્રવોની નિવૃત્તિનો એક કાળ છે.

કર્તાકર્મની પ્રવૃત્તિથી છૂટવાનો આ જ ઉપાય છે. આત્મા સ્વભાવ તરફ ઢળ્યા વગર આસ્રવથી નિવર્તતો નથી, જેટલો સ્વભાવ તરફ ઢળે તેટલો આસ્રવોથી છૂટે છે. પણ સમ્યગ્દર્શન થાય એટલે બધો આસ્રવ છૂટી જાય—એમ નથી. જો એકલો કૂટસ્થ માનવામાં આવે તો પણ આસ્રવ છૂટે નહિ. પણ પર્યાય છે તેમાં જેટલું સ્વભાવનું પરિણમન થાય છે તેટલો આસ્રવથી છૂટે છે.

એકલા આત્મામાં એટલે અદ્વૈતપણામાં ભેદજ્ઞાન કરવાનો અવકાશ રહેતો નથી. પણ આત્મામાં અનંતશક્તિ હોવા છતાં શક્તિવાન એક છે. તેની વર્તમાન એક સમયની પર્યાયમાં જેટલો સ્વભાવ સન્મુખ થાય તેટલું પર સન્મુખપણું છૂટે છે તેથી આત્મામાં ધ્રુવપણું અને પરિણમનપણું બંને માન્યા વગર આ બધા પ્રકારો બની શકે નહિ.

આસ્રવો કરનારો પણ પોતે હતો અને આસ્રવો છોડનારો પણ પોતે છે—એમ જાણીને સ્વભાવ સન્મુખ થઈને પર સન્મુખપણું છોડે છે. આવા સ્વરૂપને કહેનારા દેવ—ગુરુ—શાસ્ત્ર કેવાં હોય તેને જાણ્યા વગર દ્રષ્ટિ સમ્યક્ થાય નહિ. ત્રિકાળસ્વભાવી વસ્તુ છે અને પર્યાયમાં રાગ છે, નિમિત્ત પણ છે. આવા તત્ત્વને સમજીને પૂર્ણતા પ્રાપ્ત કરી હોય અને સાધકદશામાં તત્ત્વને પ્રાપ્ત કરી રહ્યા હોય તેઓ આસ્રવોથી નિવર્તવાના માર્ગને બતાવી રહ્યા હોય, તે બધાનું યથાર્થ જ્ઞાન કર્યા વગર વસ્તુનું સ્વરૂપ સમજાય નહિ. આ રીતે ઉત્પાદ, વ્યય ને ધ્રુવનો સ્વીકાર કરે તો મિથ્યાત્વની પર્યાયનો નાશ અને સમ્યક્ત્વની પર્યાયનો ઉત્પાદ થાય છે.

# પ્રસાદ નં. ૬૯

## સમયસાર ગાથા ૭૪ ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૬, શનિવાર, ૨૦૦૭)

**ભાવાર્થ :**—આસ્રવોનો અને આત્માનો પ્રથમ કહ્યો તે પ્રમાણે ભેદ જાણતાં જ, જેટલા અંશે આત્મામાં જ્ઞાનઘન થાય છે તેટલા અંશે વિકારથી નિવૃત્ત થાય છે. આત્મામાં થતા ઉપાધિભાવનો અને પોતાના ત્રિકાળી નિરુપાધિ ભાવનો ભિન્ન સ્વભાવ જાણીને જેટલો આત્મામાં એકાગ્ર થાય છે તેટલો આસ્રવોથી નિવર્તે છે. અને જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવરૂપે થાય છે ત્યારે સમસ્ત પ્રકારે વિકારની ઉત્પત્તિ થતી નથી. આ રીતે સમ્યગ્જ્ઞાન અને આસ્રવોની નિવૃત્તિનો એક કાળ છે.

આ આસ્રવો ટળવાનું અને સંવર ઊપજવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતોમાં છે, ત્યાંથી જાણવું. અહીં તો દ્રવ્યાનુયોગનું કથન હોવાથી સામાન્ય પ્રકારે કહ્યું છે.

આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. એટલે શું ? ઉત્તર :—આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જ્યાંસુધી મિથ્યાત્વ હોય, ત્યાંસુધી કદાચ જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ તે અજ્ઞાન જ છે. દ્રવ્યલિંગી મુનિને અગિયાર અંગ ને નવ પૂર્વજ્ઞાન હોવા છતાં સમ્યગ્દર્શનના અભાવને કારણે તે બધું જ્ઞાન, અજ્ઞાન જ કહેવાય છે. અને મિથ્યાત્વનો નાશ થયા પછી એટલે જ્ઞાતા ચૈતન્યસ્વભાવ નિરુપાધિ ભાવની દ્રષ્ટિ થયા પછી વિજ્ઞાન કહેવાય છે. ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તો પણ તેને વિજ્ઞાન કહેવાય છે, પરની રુચિપૂર્વકના જ્ઞાનના ઉઘાડને વિજ્ઞાન કહેવાતું નથી. આ રીતે અજ્ઞાન અને વિજ્ઞાન વચ્ચે આંતરો બતાવ્યો.

પર્યાયમાં રાગની બુદ્ધિ રહીને જ્ઞાનનો ઉઘાડ ગમે તેટલો થાય તો તે અજ્ઞાન જ છે. સ્વભાવની રુચિએ અંશે પણ એકાગ્ર થયો તો તે વિજ્ઞાનઘન છે.

જેમ જેમ તે વિજ્ઞાન જામતું જાય છે અર્થાત્ ઘટ થતું જાય છે એટલે સ્થિર થતું જાય છે, તેમ તેમ વિકારીભાવની નિવૃત્તિ થતી જાય છે. અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થાય છે તેમ તેમ જ્ઞાન જામતું જાય છે—સ્થિર થતું જાય છે, આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. જેમ આત્માના સુખને માટે બહારની ક્રિયાની અને શુભભાવની મહત્તા નથી, તેમ પરલક્ષે થતા જ્ઞાનના ઉઘાડની પણ મહત્તા નથી. પર સન્મુખ થઈને સ્વસન્મુખતાનો અનાદર કર્યો તે જ અજ્ઞાન છે, પણ સ્વ સન્મુખ વળેલું જ્ઞાન જ વિજ્ઞાનઘન થાય છે.

www.vitragvani.com



હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૪૮

इत्येवं विरचय्यं संप्रति परद्रव्यान्निवृतिं परां

स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्रुवानः परम् ।

अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं

ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ।।48।।

**અર્થ :**—એ રીતે પૂર્વ કહેલી વિધિથી એટલે નિરુપાધિ સ્વભાવભાવની એકાગ્રતાથી વિજ્ઞાનઘન થયો તે જ વિધિથી હમણાં જ—તુરત જ પરદ્રવ્યથી સર્વપ્રકારે નિવૃત્ત થાય છે અને વિજ્ઞાનઘન ચૈતન્યસ્વભાવમય આત્મા કેવળ પોતાનો આશ્રય નિર્ભયપણે કરતો થકો, નિઃશંકપણે આસ્તિક્ય ભાવમાં સ્થિર થાય છે—નિર્ભય સ્વભાવ તરફ વલણ કરીને આરૂઢ થાય છે; ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તા—કર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશને આત્માના આશ્રયે નિવૃત્ત કરે છે. અને પોતે જગતનો જાણનાર—દેખનાર, (જ્ઞાતાદ્રષ્ટા), પુરાણ પુરુષ આત્મા અહીંથી હવે પ્રકાશમાન થાય છે.

જ્ઞાનસ્વભાવી આત્મા અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિને સ્વભાવના આશ્રયે નિવૃત્ત કરે છે. અજ્ઞાનસ્વરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ ક્લેશ છે અને આત્મા જ્ઞાનસ્વરૂપી અકલેશ છે, તે અકલેશના આશ્રયે ક્લેશ નાશ પામે છે. પુરાણપુરુષ એટલે અનાદિનો જૂનો આત્મા છે તે પ્રકાશમાન થાય છે, એટલે પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. અને ક્ષણિક વિકાર હતો તે ગયો. અને અકૃત્રિમ ત્રિકાળસ્વભાવ હતો તે પ્રગટ થાય છે—તેમ કહ્યું.

હવે પૂછે છે કે આત્મા જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય ? ધર્મી જીવ ક્યા લક્ષણથી ઓળખાય ? તેનો ઉત્તર :—

## ગાથા ૭૫

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે,**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

**અન્વયાર્થ :**—જ્ઞાનીનું લક્ષણ કહે છે. જે આત્મા આ કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને કરતો નથી, પરંતુ જાણે છે—તે જ્ઞાની છે.

**ટીકા :**—ખરેખર મોહ એટલે પર તરફની સાવધાની—પરનો ઉત્સાહભાવ તે કાર્ય અને આત્મા તેનો કર્તા છે—એમ છે નહિ. પણ મોહરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું

જડકર્મ છે. પુદ્‌ગલકર્મ વ્યાપક છે અને મોહ વ્યાપ્ય છે, એટલે ખરેખર આત્મામાં થતા ભ્રાંતિના ભાવનો કર્તા જડકર્મ છે અને મોહ તેનું કાર્ય છે.

આત્મા પોતાની વિકારી મોહની પર્યાયને સ્વતંત્રપણે કરે છે, તેમ પ્રથમ માન્યા વગર તેને પુદ્‌ગલ કર્મ કરે છે, તેમ કહે તો તે સ્વચ્છંદી થાય છે. પણ પ્રથમ આત્માની પર્યાય સ્વતંત્ર છે, એમ નક્કી કર્યા પછી સ્વભાવની દ્રષ્ટિએ વિકારભાવ જે મોહ છે, તે પુદ્‌ગલના કારણે થયેલો હોવાથી પુદ્‌ગલના પરિણામ છે—તેમ યથાર્થ જણાય. કેમકે જીવનો સ્વભાવ વિકારરૂપે થવાનો નથી અને વિકારની રુચિ નહિ હોવાથી તે વિકારીભાવને પુદ્‌ગલના કહ્યા છે, પણ વિકારની રુચિ રાખે તો તે જડના નથી પણ તે અજ્ઞાનીની વાત અહીં નથી. અહીં તો જ્ઞાનીની વાત કરે છે કે જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી વિકાર પરિણામ તે નિશ્ચયથી પુદ્‌ગલના છે. અને પર્યાયદ્રષ્ટિથી નિશ્ચયથી જીવના છે, પણ અહીં પર્યાયદ્રષ્ટિની મુખ્યતા નથી.

આત્મા તો નિરુપાધિ સ્વભાવમય છે. તેનું કાર્ય મોહ ન હોય. આત્મા ચૈતન્યનું કાર્ય તો જાણવા—દેખવાના પરિણામનું હોય, પણ રાગદ્વેષનું ન હોય. રાગદ્વેષ તે પુદ્‌ગલના પરિણામનું કાર્ય છે. સ્વભાવમાં પ્રીતિ કે અણગમાનો ભાવ હોય નહિ. પ્રવચનસારમાં વિકારભાવ તે જીવના આશ્રયે થાય છે માટે જીવના છે, જડના હોય નહિ—તેમ કહ્યું છે. ત્યાં આત્માના વિકારીભાવ સ્વતંત્રપણે જીવ કરે છે, તેમ પ્રથમ સ્વીકાર ન કરે તો તેનો અભાવ કરી શકે નહિ—એમ સ્વીકાર્યા પછી અહીં તો સ્વભાવની દ્રષ્ટિએ વિકારભાવને પુદ્‌ગલના કહ્યા છે. કેમ કે તે છૂટી જાય છે અને ત્રિકાળી સ્વભાવમાં નથી.

ખરેખર સ્વભાવના લક્ષે થયેલા પરિણામ તે આત્માનું કાર્ય છે. આત્મામાં હરખ થવો કે શોક થવો, તે બધું કર્મનું પરિણામ છે. ભલે તે સુખદુઃખનું પરિણમન થાય છે આત્માની પર્યાયમાં, પણ પરલક્ષે થતું હોવાથી અને સ્વભાવ તે રૂપે થવાનો નહિ હોવાથી તે કર્મનું પરિણામ છે. અંતરંગમાં થાય છે એટલે આત્માની પર્યાયમાં થાય છે પણ તે મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ કર્મનું પરિણામ છે, આત્માનુ પરિણામ નથી. સ્વભાવની દ્રષ્ટિમાં અસ્થિરતાથી વિકારી પરિણામ થાય તે મારું કાર્ય નથી, તેમ જ્ઞાની માને છે. તેથી **અહીં તો મોહરાગદ્વેષાદિ નિશ્ચયથી પુદ્‌ગલના છે અને વ્યવહારથી જીવના છે** તેમ કહે છે. અહીં દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાથી વાત છે.

શિષ્યનો પ્રશ્ન એ હતો કે જ્ઞાની કેવી રીતે ઓળખાય ? તો કહે છે કે : જ્ઞાની-ધર્મી ધર્મની પર્યાયથી ઓળખાય છે. ધર્મીની પર્યાય ધર્મ હોય, અધર્મ ન હોય.

તેથી કહે છે કે ધર્મીની પર્યાય તો જ્ઞાનરૂપે થવું તે છે. રાગદ્વેષાદિની પર્યાય તે ધર્મીની નથી એટલે ખરેખર જીવની નથી.

સ્પર્શ, રસ, ગંધાદિ તો શરીરના પરિણામ છે. શરીરમાં ઉષ્ણતા કે ઠંડી લાગે છે, તે જીવના કારણે નથી; ઉષ્ણતા અને ઠંડી તે શરીરની પર્યાય છે. જેવી રીતે મોહ, રાગાદિ અંતરંગ પરિણામ છે તેને કર્મના પરિણામ કહ્યા હતા તેવી રીતે સ્પર્શાદિની અવસ્થા તે નોકર્મની અવસ્થા છે. બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બાહ્યમાં જેટલું ઉત્પન્ન થાય છે તે બધું નોકર્મનું પરિણામ છે, તે આત્માના કારણે નથી. પુદ્‌ગલ તેમાં વ્યાપે છે, આત્મા વ્યાપતો નથી.

પરમાર્થે જેમ ઘડાને અને માટીને વ્યાપ્ય વ્યાપક ભાવનો સદ્‌ભાવ છે. એટલે માટી ઘડામાં વ્યાપે છે. માટી કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે; માટી વ્યાપક અને ઘડો વ્યાપ્ય છે, તેવી રીતે દયા દાનાદિ તથા કામક્રોધાદિના વિકારી પર્યાયો વ્યાપ્ય છે અને પુદ્‌ગલ વ્યાપક છે. પુદ્‌ગલ ફેલાઈને વિકારરૂપે થાય છે. વિકારને અને પુદ્‌ગલને કર્તાકર્મપણું છે. જેમ ઘડાનો કર્તા માટી છે તેમ દયાદાનાદિના ભાવનો કર્તા પુદ્‌ગલ છે. પુદ્‌ગલદ્રવ્ય તે વ્યાપક અને વિકારાદિ ભાવો વ્યાપ્ય છે. જેમ ઘડાને અને માટીને કાર્યકારણનો સંબંધ છે, તેમ પુદ્‌ગલ સ્વતંત્રપણે વ્યાપક થઈને સંસારની પર્યાય ઉત્પન્ન કરે છે.

'પ્રવચનસાર'માં આવ્યું હતું કે વિકારી ભાવ પોતાની પર્યાયમાં થાય છે. તે કર્મથી કે નિમિત્તથી થતા નથી તેમ જાણ્યા પછી તે વિકારી પર્યાય પોતાના દ્રવ્યસ્વભાવમાં નથી. ચૈતન્ય જ્ઞાનવાનની દ્રષ્ટિએ અનાકુળ શાંત પરિણામ જ આત્માનું કાર્ય છે. તેથી રાગાદિને વ્યાપ્યવ્યાપક સંબંધ પુદ્‌ગલ સાથે છે.

જેમ વાણીમાં પુદ્‌ગલ સ્વતંત્રપણે વ્યાપે છે પણ આત્મા વ્યાપતો નથી, તેમ વિકાર પુદ્‌ગલના લક્ષે થતો હોઈને; અને સ્વભાવ નહિ હોવાથી પુદ્‌ગલ તેમાં વ્યાપે છે—એમ કહ્યું છે. ચૈતન્યની દ્રષ્ટિ કરાવવા અને વિકારની દ્રષ્ટિ છોડાવવા, પુદ્‌ગલ જ સ્વતંત્રપણે કર્તા છે અને વિકાર તેનું કાર્ય છે—એમ કહ્યું છે.

આ રીતે પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું સમસ્ત કર્મ—નોકર્મરૂપ પુદ્‌ગલ પરિણામ છે. એટલે કર્મ ને નોકર્મ પુદ્‌ગલદ્રવ્ય વડે કરાતું હોવાથી પુદ્‌ગલનું જ કાર્ય છે. જેમ ઘડાને અને કુંભારને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી તેમ પુદ્‌ગલપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. માટે કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ હોવાથી પરમાર્થે આત્મા પુદ્‌ગલના પરિણામનો કર્તા નથી.

પુદ્ગલ કર્તા અને વિકાર કાર્ય—એમ સિદ્ધ થાય છે પણ જીવ કર્તા અને વિકાર કાર્ય—એમ સિદ્ધ થતું નથી. કેમ કે ધર્મી ધર્મકાર્યથી ઓળખાય છે પણ અધર્મના કાર્યથી ઓળખાતો નથી. જેમ ઘડાને અને કુંભારને ખરેખર વ્યાપ્યવ્યાપક ભાવનો અભાવ છે તેમ આત્માને અને કર્મ એટલે દયાદાનાદિ વિકારી પરિણામને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. માટે પરમાર્થે જીવ કર્મ–નોકર્મ પરિણામનો કર્તા નથી.

# પ્રસાદ નં. ૭૦

## સમયસાર ગાથા ૭૫ ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૭, રવિવાર, ૨૦૦૭)

જ્ઞાનીનું લક્ષણ શું હોય છે, તે બતાવે છે.

આત્મા પરમાર્થે વિકારને કરતો નથી, સ્વભાવભાવ–જ્ઞાતાદ્રષ્ટાપણુ તે આત્માનું કાર્ય છે, પણ બહારમાં વીર્ય બહુ ફોરવે તે ધર્મનું લક્ષણ નથી. જેમ ઘટને અને કુંભારને કર્ત્તાકર્મપણાનો પરમાર્થે સંબંધ નથી કેમ કે ઘટ જુદી ચીજ છે અને કુંભાર જુદી ચીજ છે. ઘટ તે કાર્ય અને માટી તે કર્ત્તા છે. તેમ વસ્તુસ્વભાવની દ્રષ્ટિએ વિકારનું કારણ કર્મ છે પણ આત્મા નથી. કેમ કે વિકારને અને આત્માને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી.

આત્મા તો જ્ઞાનદર્શન સ્વભાવનો પિંડ છે. તે દેહાદિ પરની ક્રિયાનો તો કર્તા નથી. અજ્ઞાનીનો આત્મા પણ દેહાદિની ક્રિયાનો કર્તા છે જ નહિ. અજ્ઞાની માને કે મારાથી થાય છે, તોપણ કર્તા નથી અને ન માને તોપણ શરીરાદિની ક્રિયાનો તો કોઈપણ આત્મા કર્તા નથી. કારણ જડ પોતે પલટીને તે ક્રિયા કરે છે. આત્મા હોય કે ન હોય તો પણ તે બધું કાર્ય જડનું છે, આત્માનું નથી. પરમાણુ છે તે જગતના અચેતન તત્ત્વો છે, તે બદલતાં બદલતાં શરીરરૂપે થાય છે, તેથી આત્મા તેનું કાર્ય તો વ્યવહારે પણ કરતો નથી.

હવે આત્મામાં જે વિકારી પર્યાય થાય છે તેને અજ્ઞાની કર્તા થઈને હું આ કરું છું અને આ મારું કર્તવ્ય છે–એમ માને છે. વિકાર તે અંશ છે અને અંશબુદ્ધિવાળો 'હું તેનો કર્તા છું'–એમ માને છે. કેમકે તેને આત્માના શુદ્ધ સ્વભાવની ખબર નથી. અહીં તો કહે છે કે આત્મા પુદ્‌ગલપરિણામનો–વિકારીભાવનો કર્તા નથી. પણ તેનો માત્ર જાણનાર છે. તે પણ વ્યવહારે જાણનાર છે. નિશ્ચયથી એટલે ખરેખર તો ચૈતન્ય છું એવી સ્વભાવદ્રષ્ટિ થઈ, તે વખતે જ્ઞાન ખીલ્યું તેમાં પુદ્‌ગલનું જ્ઞાન થઈ જાય છે, માટે પુદ્‌ગલનું જ્ઞાન વ્યવહારે છે–તેમ કહ્યું છે.

'હું ચૈતન્ય ત્રિકાળી ધ્રુવ છું'–એમ સ્વને જાણતો જ્ઞાની પરને જાણી લે છે. દયા, દાન, વ્રતાદિના ભાવો તે પોતાનું કાર્ય છે, તેમ જ્ઞાની સ્વીકારતો નથી. તેથી તે વિકારીભાવોને અહીં પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. આત્મા ધ્રુવસ્વભાવે પરિણમ્યો ત્યારે શરીરની ક્રિયા અને વિકારી પરિણામને જાણે છે. તે શુદ્ધપર્યાય

થયો તે જ આત્માનું કાર્ય છે. સ્વભાવની દ્રષ્ટિએ નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા થઈ તેને જ્ઞાની પોતાનું કાર્ય માને છે.

ખરેખર સ્વભાવનું પરિણમન તે નિર્વિકારી હોય. જ્ઞાની પોતાના આત્માને જાણતાં પરને જાણી લે છે. દયા, દાનાદિ વિકલ્પના પરિણામ જેવા થાય તેવું જ જ્ઞાન થાય છે. છતાં તે વિકારી પરિણામ થયા તેના કારણે જ્ઞાન નથી. પણ આત્મા, જ્ઞાતાપણાના સ્વભાવના પરિણામ વડે સ્વને જાણતાં જેટલા પ્રમાણમાં રાગના પરિણામ થયા તેટલા પ્રમાણમાં તેને જાણે છે. જ્ઞાતાનો સ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં, પરપ્રકાશક શક્તિ હોવાથી, જેવું પર હોય તેવું જ જાણે છે. પોતાના સન્મુખ થઈને જાણે છે, પર સન્મુખ થઈને જાણતો નથી. રાગાદિ વિકાર થાય તેનું કાર્ય તો આત્માનું નથી પણ રાગ-વિકાર પર્યાય થયો તેવું જ્ઞાન થવા છતાં તે વિકારના કારણે જ્ઞાન નથી. સ્વભાવનું જ્ઞાન થતાં તે વિકારને જાણી લે છે.

અહીં તો કહે છે કે ધર્મીની તાકાત કેટલી છે ? જ્ઞાની આત્મા જાણે છે કે આત્મા અનાદિઅનંત તત્ત્વ છે. તે તત્ત્વ વિકારને આધારે હોય તેમ તે માનતો નથી. જ્ઞાની પુણ્યાદિ વિકાર અને પરદ્રવ્યોથી અત્યંત ભિન્ન પોતાને જાણે છે. એ રીતે સ્વભાવના જ્ઞાનમાં પરનું જ્ઞાન કરતો પોતાપણે રહીને જાણે છે. પોતાને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપે થયો થકો જાણે છે પણ પરરૂપે થયો થકો જાણે છે—એમ નથી.

હવે, પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે ? તે કહે છે.

આત્મામાં દયાદાનાદિ તથા કામક્રોધાદિના શુભાશુભ ભાવો તે પુદ્‌ગલના પરિણામ છે. અને તે પુદ્‌ગલના પરિણામને જાણનાર તે જ્ઞાન છે. પરમાર્થે તે વિકારને એટલે પુદ્‌ગલપરિણામને અને આત્માને એટલે જ્ઞાતાના શુદ્ધ પરિણમનને કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. કેમકે વિકારીભાવના કારણે આત્માનું જ્ઞાન નથી. જેવો વિકાર થાય તેવું જ્ઞાન થવા છતાં તે વિકાર કર્તા ને જ્ઞાન તેનું કાર્ય—એમ નથી. વિકારના કારણે જ્ઞાન નથી.

અહીં દયા, દાન, ભક્તિ આદિના ભાવને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. કેમ કે સ્વભાવદ્રષ્ટિમાં તો નિર્મળ શુદ્ધ પરિણમન થાય, પણ રાગના પરિણામ ન થાય. જીવ દ્રવ્યની સાથે વિકારને સંબંધ નથી કેમ કે વિકાર જીવના સ્વભાવનું કાર્ય થાય નહિ, ચૈતન્યદળમાં વિકારના અંકૂરા પ્રગટે નહિ. માટે વિકાર પુદ્‌ગલના આશ્રયે થતો હોવાથી પુદ્‌ગલ જ ફેલાઈને તે પરિણામ થાય છે. તેથી વિકારને પુદ્‌ગલની સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ છે.

ભરત અને બાહુબલીજી લડાઈમાં ઊભા છે. ભરતે બાહુબલીજી ઉપર ચક્ર ફેંક્યું, તેમાં ભરતને દ્વેષનો ભાવ છે ખરો, જેવો દ્વેષ થયો તેવું જ્ઞાન ભરતને થાય છે, તેથી કરીને દ્વેષના કારણે જ્ઞાન નથી પણ ચૈતન્યની હયાતીના કારણે જ્ઞાન છે. જો વિકારના કારણે જ્ઞાન હોય તો વિકાર વધતાં જ્ઞાન વધવું જોઈએ અને વિકારના અભાવમાં જ્ઞાનનો અભાવ થાય—પણ તેમ નથી. ઘરમાં પ્યાલો ફૂટ્યો, તે વખતે દ્વેષ થયો અને જ્ઞાન પણ તેવું થયું. તો તે જ્ઞાન પ્યાલો કે દ્વેષ છે માટે થયું નથી, પણ આત્મા છે તો જ્ઞાન છે. અજ્ઞાનીને પણ પર વસ્તુ છે તેના કારણે જ્ઞાન થાય છે—એમ નથી. પણ જ્ઞાન છે તો જ્ઞાનના કારણે જ્ઞાન થાય છે, પણ અજ્ઞાની માને છે કે જ્ઞાન પર વસ્તુ હતી તો તેના કારણે થયું. જ્ઞાની માને છે કે પરના કારણે જ્ઞાન નથી કેમ કે તેની સ્વ તરફ બુદ્ધિ છે.

કોઈ કહે કે જેવો વિકાર થયો તેવું જ્ઞાન થયું માટે તે વિકાર કર્તા અને જ્ઞાન તેનું કાર્ય છે ? એટલે ક્રોધ તે વ્યાપક અને જ્ઞાન તેનું વ્યાપ્ય છે ? તો કહે છે કે ના. રાગદ્વેષ થયા છે માટે જ્ઞાન થયું નથી. પણ કર્તા આત્મા અને જ્ઞાન તેનું કાર્ય છે. તેમ આત્માને અને જ્ઞાનને વ્યાપ્યવ્યાપક સંબંધ છે. જ્ઞાનની શક્તિ તો સ્વ—પરપ્રકાશક છે તેમ ન માને તો જ્ઞાનની યથાર્થતા જાણતો નથી. જેવો પદાર્થ હોય તેવું જ્ઞાન કરવું તે જ્ઞાનનું યથાર્થ કામ છે. તે કાર્ય જ્ઞાનનું છે પણ પરનું કાર્ય નથી. કલુષિત પરિણામ થાય તેને શાંતિના પરિણામ જાણે તો જ્ઞાન અયથાર્થ કહેવાય. તે જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન ન કહેવાય.

આત્મામાં જ્ઞાનરૂપે થવાની તાકાત છે. તેને પરને લઈને થાય એમ માને તો જ્ઞાનની તાકાતને સમજ્યો નથી. જેમ ઘડાને અને કુંભારને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે તેમ પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકપણાના સંબંધનો અભાવ છે.

એટલે દેવ—ગુરુ—શાસ્ત્રની શ્રદ્ધા છે તો સમ્યગ્દર્શન છે—એમ નથી. પંચમહાવ્રતના પરિણામ છે તો છઠ્ઠા ગુણસ્થાનના પરિણામ છે—એમ નથી, વ્યવહારશ્રદ્ધા અને વ્યવહારચારિત્ર તે કર્તા અને આત્માની શુદ્ધ નિશ્ચયદશા તે કાર્ય, તેમ કર્તા કર્મપણું નથી. સમ્યગ્દર્શન વખતે દેવ—ગુરુ—શાસ્ત્રની શ્રદ્ધા હોવા છતાં તેના કારણે સમ્યગ્દર્શન નથી. અને છઠ્ઠાગુણસ્થાન વખતે પંચમહાવ્રત તથા શરીરની નગ્નદશા હોવા છતાં તેના કારણે છઠ્ઠું ગુણસ્થાન નથી. કેમકે આત્માના શુદ્ધ પરિણામને અને વિકારને કર્તાકર્મપણાનો અભાવ છે. રાગ છે તો શ્રદ્ધા છે—એમ નથી, રાગ છે તો જ્ઞાન છે—એમ નથી અને રાગ છે તો ચારિત્ર છે—એમ નથી.

જગતને સત્ય વસ્તુ સાંભળવા મળી નથી. મંદ કષાયના કારણે જ્ઞાનની ઉઘાડરૂપ પર્યાય હોય નહિ, કેમ કે તેને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. કુંભાર વ્યાપક અને ઘડો વ્યાપ્ય નથી, કુંભાર કર્તા અને ઘડો કાર્ય—એમ નથી; તેમ વિકારી પરિણામ કર્તા અને આત્માનું જ્ઞાન તે કાર્ય—એમ નથી. આમ વસ્તુને યથાર્થ સમજ્યા વગર મુનિનું સ્વરૂપ, રાગનું સ્વરૂપ, જ્ઞાનનું સ્વરૂપ વગેરે અનેક પ્રકારે ઊંધું માને છે.

અહીં તો કહે છે કે રાગના પરિણામનું આત્મા જ્ઞાન કરે છે. જેવો રાગ હોય તેવું જ જ્ઞાન થવા છતાં તેના કારણે જ્ઞાન નથી. જેમ કુંભારે ઘડો કર્યો નથી, તેમ વિકારી પર્યાયે આત્માના જ્ઞાનને કર્યું નથી. આત્માને સ્વભાવદ્રષ્ટિના કારણે વિકારભાવના કર્તાકર્મપણાની અસિદ્ધિ છે, એટલે પ્રથમ એમ કહ્યું હતું કે આત્મા વિકારી ભાવોનો કર્તા નથી. માટે આત્મા કર્તા અને વિકારી ભાવ તેનું કાર્ય—એમ નથી. એ રીતે કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને પછી એમ કહ્યું કે વિકારીભાવ કર્તા અને આત્માનું જ્ઞાન તેનું કાર્ય—એમ નથી, એટલે વિકારીભાવને અને આત્માના જ્ઞાનને કર્તાકર્મપણાની અસિદ્ધિ છે.—આ રીતે કર્તાકર્મપણાની અસિદ્ધિ કહી. આત્મા વિકારનો કર્તા નથી અને વિકારીભાવથી એટલે શુભભાવના કારણથી આત્માની નિર્મળ અવસ્થા પ્રગટ થતી નથી.

# પ્રસાદ નં. ૭૧

## સમયસાર ગાથા ૭૫ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૮, સોમવાર, ૨૦૦૭)

ઘડાને અને કુંભારને જેમ વ્યાપ્ય વ્યાપક સંબંધનો અભાવ છે. એટલે કુંભાર કર્તા અને ઘડો તેનું કાર્ય છે—એમ નથી; તેમ આત્માનું જ્ઞાન તે કાર્ય અને રાગાદિ વિકારી પરિણામ તે કર્તા—એમ છે નહિ. જેમ માટી કર્તા અને ઘડો તેનું કાર્ય છે, તેમ આત્મા કર્તા અને ધર્મ તેનું કાર્ય છે. આત્મા જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય શુદ્ધ છે. તેની દ્રષ્ટિએ શુદ્ધ પરિણામ થાય છે માટે તે આત્માનું કાર્ય છે. નિરુપાધિ સ્વભાવ તે કર્તા અને નિરુપાધિ પરિણામ તે કાર્ય છે. આત્મા કર્તા અને શરીર તથા વિકારાદિ તેનું કાર્ય—એમ નથી.

ઘડાના કાર્યને રચનાર માટી છે, તેમ ધર્મના કાર્યને રચનાર આત્માનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે. આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકપણું હોવાથી કર્તાકર્મપણું છે. આત્મપરિણામ એટલે વીતરાગી અવસ્થા તે આત્માના શુદ્ધ સ્વભાવના લક્ષે થાય છે. વીતરાગી પરિણામને અને આત્માને કર્તાકર્મપણું છે, પણ વ્યવહારકારણથી આત્માનું શુદ્ધ કાર્ય થાય—એમ નથી.

ભગવાનની ભક્તિના પરિણામને અહીં પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. તેનાથી ધર્મના પરિણામ થાય નહિ. ભગવાનની પ્રતિમા સમ્યક્ત્વના પરિણામના કર્તા નથી, પણ આત્માના કારણે સમ્યક્ત્વના પરિણામ થાય છે. આત્મપરિણામ એટલે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વ્યાપ્યવ્યાપક સંબંધ આત્માની સાથે છે, વિકારી પરિણામ સાથે નથી. તીર્થંકર નામકર્મનું કાર્ય જડનું છે, આત્માનું નથી. ભગવાનની સમીપે ક્ષાયિક સમ્યક્ત્વ થાય—એમ નથી પણ આત્માના ત્રિકાળી સ્વભાવ સન્મુખ થાય તો તે થાય છે ત્યારે નિમિત્ત કેવું હોય છે, તેનું જ્ઞાન કરાવ્યું છે. માટી કર્તા અને ઘડો કાર્ય જેમ વ્યાજબી છે તેમ આત્મા કર્તા અને વીતરાગી ભાવ તે આત્માનું કાર્ય વ્યાજબી છે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામ એટલે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. આત્મા સ્વતંત્રપણે ધર્મની પર્યાયરૂપે થઈને પુદ્‌ગલના પરિણામને જાણે છે. આત્મામાં વિકારી પર્યાય થાય છે માટે આત્મા તેનો કર્તા છે—એમ નથી. જો વીતરાગી પર્યાયરૂપે સ્વતંત્રપણે ન પરિણમતો હોય તો વિકારી પર્યાયની પરાધીનતાનો અભાવ થાય નહિ, પણ આત્મા સ્વતંત્રપણે ચૈતન્યસ્વભાવી કાર્યરૂપે પરિણમતો હોવાથી વ્યવહારાદિ વર્તે છે તેનું જ્ઞાન કરે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટી છે, તે આત્માના આશ્રયે પ્રગટી છે. જેને અહીં પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન કહ્યું છે. કેમ કે આત્માની સ્વ-પર પ્રકાશકસ્વભાવ હોવાથી સ્વભાવનું જ્ઞાન થતાં વ્યવહાર, રાગ વગેરેને જાણે છે. વસ્તુના આશ્રયે જ્ઞાન થયું છે તે આત્માનું જ્ઞાન છે, પણ તે જ્ઞાન નિમિત્ત કે રાગ છે માટે થયું છે—એમ નથી.

પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી તે કાર્ય છે. આત્મા રાગાદિનો કર્તા નથી એમ સ્વભાવદ્રષ્ટિ થઈ એટલે આત્મા સ્વયં પોતાની શુદ્ધ અવસ્થાનો કર્તા છે. તે અવસ્થા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન છે. પણ તે જ્ઞાન પુદ્‌ગલપરિણામ એટલે વિકારભાવના કારણે થયું નથી. તે પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એટલે વીતરાગી પરિણામ, વ્યાપક એવા આત્મા વડે સ્વયં વ્યપાતું હોવાથી તે આત્માનું કાર્ય છે.

આત્મા પોતાના પરિણામ દ્વારા પોતાના સ્વભાવનું જ્ઞાન કરે છે. તે જ્ઞાનમાં રાગાદિના પરિણામ જેવા થાય તેવું જ જ્ઞાન કરે છે. આત્મા પુદ્‌ગલ પરિણામને જાણે છે; માટે આત્મા પુદ્‌ગલ પરિણામનો કર્તા છે—એમ નથી. વીતરાગી પરિણામ થયા એમ રાગનો કર્તા થઈને કામ કરે એમ તો નથી પણ વીતરાગી પરિણામ થતાં રાગ જેવો હોય તેવું જ જ્ઞાન થાય છે. તેથી કરીને પણ તે રાગ આત્માનું કાર્ય નથી.

રાગની જેવી અવસ્થા હોય તેવું જ્ઞાન કરે તેટલો જ્ઞાનમાં સંબંધ છે, માટે તે રાગને જ્ઞાન કરે છે ? —કે ના. વિકારીપરિણામ છે તેવું જ્ઞાન કરે છે માટે તેવો વિકાર જ્ઞાનમાં આવી જાય છે?—કે ના. પુદ્‌ગલ પરિણામનો એટલે વિકારનો આત્મા કર્તા નથી પણ રાગને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. જેવું નિમિત્ત છે તેવું જ્ઞાન થાય છે, તે તો જ્ઞાનનું સામર્થ્ય બતાવે છે, પણ નિમિત્તની એકતા બતાવતું નથી કારણ કે પુદ્‌ગલપરિણામને અને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહારમાત્ર છે. આત્મા જ્ઞાયક છે અને દયા, દાનાદિના ભાવો તે જ્ઞેય છે. એવો મેળ હોવા છતાં પણ તે પુદ્‌ગલ પરિણામ જેનું, નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું કાર્ય છે, પણ રાગ જણાય છે માટે રાગનું કાર્ય આત્માનું નથી.

આત્મા પોતાના સ્વભાવમાં ઢળીને વીતરાગ પરિણામ કરે તેને અભેદ કરીને આત્મા કહ્યો છે અને વિકારીભાવને પુદ્‌ગલપરિણામ કહ્યા છે. આત્મા જાણનાર છે અને પુદ્‌ગલપરિણામ જણાવાયોગ્ય છે; એવો જ્ઞેયજ્ઞાયક સંબંધ છે, તેથી કરીને આત્મા પુદ્‌ગલ પરિણામમાં વ્યાપતો નથી, પણ આત્મા જ્ઞાનપણે વ્યાપે છે. જ્ઞાન જ જ્ઞાતાનું કાર્ય છે, વિકાર જ્ઞાતાનું કાર્ય નથી. જો કે પુદ્‌ગલ પરિણામ એટલે

વ્યવહાર તે જ્ઞેય છે અને જ્ઞાન તેને જાણે છે, પણ તે વ્યવહારરૂપે થતું નથી. વીતરાગી પર્યાયનો આધાર વ્યવહાર નથી પણ આત્મા છે, તેથી આત્મા જ્ઞાનનો કર્તા છે.

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે. ગાથા ૭૫ની અદ્‌ભુત ટીકા કર્યા પછી પણ અમૃતચંદ્રાચાર્યે આ કળશ મૂક્યો છે.

## કળશ ૪૯

**અર્થ** :—વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય. આત્મા છે તે જ્ઞાનસ્વરૂપે થાય તે તત્સ્વરૂપ છે પણ આત્મા વિકારસ્વરૂપે થાય તે તત્સ્વરૂપ નથી. આત્મા પોતે કારણ થઈને વ્યાપ્ય કરે તો વીતરાગી અવસ્થાને કરે તે તત્સ્વરૂપ કાર્ય છે. શરીરની અવસ્થા થાય તેનો આત્મા કર્તા હોય—એમ થાય નહિ. નિર્મળ પરિણામ તે આત્માનું તત્સ્વરૂપ છે પણ વિકૃત સ્વરૂપ તે આત્માનું નથી.

કર્તાકર્મ એક દ્રવ્યમાં હોય, ભિન્ન દ્રવ્યમાં ન હોય. વસ્તુદ્રષ્ટિએ વિકાર તે ભિન્નદ્રવ્ય છે. માટે વિકારી પર્યાય તે અતત્સ્વરૂપ છે, તે દ્રવ્યદ્રષ્ટિથી કહ્યું છે પણ અતત્સ્વરૂપ કહ્યું છે માટે તે જડદ્રવ્યની પર્યાય છે—એમ નથી. સ્વભાવદ્રષ્ટિના જોરમાં જે અલ્પ રાગ થાય છે તે રાગનો કર્તા, કર્મ છે—એમ કહ્યું છે.

વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તાકર્મની સ્થિતિ કેવી ? એટલે કે આત્મા કર્તા અને વિકાર તેનું કાર્ય એવો કારણકાર્ય સંભવ નથી. માટે કર્તાકર્મપણું નથી. આવો પ્રબળ વિવેક કરતો એટલે જ્ઞાનસ્વભાવ તરફ વળતો રાગના કર્ત્તાપણે થતો નથી, તે પ્રબળ વિવેક છે. આત્માના જ્ઞાનનો સ્વ-પર બધાને જાણવાનો સ્વભાવ છે, એવા જ્ઞાનપ્રકાશથી તે શોભે છે. જ્ઞાનપ્રકાશ પોતાના સામર્થ્યથી અજ્ઞાન અંધકારને ભેદે છે. જ્ઞાનસ્વરૂપ થઈને તે કાળે કર્તૃત્વરહિત થયેલો શોભે છે.

આત્માનું તત્સ્વરૂપ શું ? આત્મા વીતરાગી પરિણામે થાય તે તેનું તત્સ્વરૂપ છે. પણ આત્માની અવસ્થામાં વિકારી પર્યાય થાય તે તત્સ્વરૂપ નથી. અહીં તો નિત્ય તાદાત્મ્ય સંબંધની વાત છે. પુણ્ય—પાપ તે અનિત્ય તાદાત્મ્ય સંબંધે છે તે આત્માનું તત્સ્વરૂપ નથી, કેમ કે ત્રિકાળી સંબંધ નથી. આવો પ્રબળ વિવેક થતાં દ્રવ્યદ્રષ્ટિ થઈ એટલે સ્વને જાણતાં રાગ પણ જણાય, એવો સર્વને જાણી લેવાનો આત્માનો સ્વભાવ છે. સ્વભાવદ્રષ્ટિએ જ્ઞાન ખીલ્યું તો તેમાં વ્યવહાર તો જણાય પણ સર્વને જાણી લેવાનો આત્માનો સ્વભાવ છે—તેમ કહે છે.

આમ ભેદજ્ઞાન થવાથી સ્વ—પરને જાણવાનો સ્વભાવ પ્રગટ્યો, તેના ભારથી અજ્ઞાનને ભેદે છે. એટલે કે સમ્યગ્જ્ઞાનના બળથી અજ્ઞાન અંધકારનો નાશ

કરે છે. એનો અર્થ એ છે કે આત્માએ ભેદજ્ઞાન કર્યું એટલે અજ્ઞાન થતું જ નથી. પણ અજ્ઞાન છે અને એને જ્ઞાન ભેદે છે—એમ નથી. પણ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનની ઉત્પત્તિ જ થતી નથી.

આત્મા જે રીતે જ્ઞાનસ્વરૂપ થઈને તે સમયે જ કર્તૃત્વરહિત થઈને શોભે છે, જ્ઞાનપ્રકાશ વગર શોભતો ન હતો, એટલે અજ્ઞાનમાં ચૈતન્યની શોભા ન હતી. જ્ઞાતાદ્રષ્ટા તરફ વળ્યો એટલે જ્ઞાનથી શોભતો કર્તૃત્વપણાથી રહિતપણે શોભે છે. જ્ઞાનપ્રકાશ તે ધર્મરૂપી કાર્ય છે. તે કાર્યરૂપે થઈને જ્ઞાની સ્વભાવનો કર્તા થયો થકો શોભે છે.

# પ્રસાદ નં. ૭૨

## સમયસાર કળશ ૪૯ ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૯, મંગળવાર, ૨૦૦૭)

**ભાવાર્થ :—**વ્યાપ્ય અને વ્યાપકનો અર્થ કહે છે કેમકે આત્મા શેમાં વ્યાપે છે અને તેનું શું વ્યાપ્ય છે, તે જાણ્યા વગર સમ્યગ્જ્ઞાન થાય નહિ. જે પદાર્થ પોતાની બધી અવસ્થામાં ફેલાય તેને વ્યાપક કહેવાય છે અને કોઈ એક અવસ્થાવિશેષને વ્યાપ્ય કહેવાય છે.

આત્મા વ્યાપક છે અને તેની પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય—પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા એટલે દ્રવ્યનું સ્વરૂપ અથવા તો સત્ત્વ છે તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અને સત્ત્વ છે. આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્ય- વ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, એટલે અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ હોય પણ અતત્સ્વરૂપમાં ન જ હોય. એટલે કે જેમની સત્તા—સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકપણું હોય ત્યાં જ કર્તાકર્મપણું હોય છે, પણ વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું હોતું નથી.

આમ કર્તાકર્મપણાને જાણતાં તે જ્ઞાની થાય છે. આત્મા કર્તા અને તેની વીતરાગીપર્યાય તે કાર્ય છે, પણ વિકારી પર્યાય તે આત્માનું કાર્ય નથી—એમ તે જાણે છે. જીવ અને પુદ્‌ગલ બંને ભિન્ન વસ્તુ છે તેથી પુદ્‌ગલનું કાર્ય આત્મામાં નથી અને આત્માનું કાર્ય પુદ્‌ગલમાં નથી. આત્મદ્રવ્ય પોતાની વીતરાગી પર્યાયનો કર્તા છે અને પોતાની નિર્મળ પર્યાય કાર્ય છે—એમ જોનાર પરપદાર્થને જોતો નથી, વિકારભાવને પણ જોતો નથી; પણ પોતા સામે જુએ છે. જ્ઞાતા સ્વભાવ છે તે કાર્યરૂપે પરિણમે તો પોતાના જ્ઞાનસ્વરૂપે પરિણમે પણ વિકારરૂપે પરિણમે નહિ. આમ જાણતાં તે જ્ઞાની થાય છે.

કોઈ ચીજ મને પરિણમાવી શકે નહિ અને બીજાને હું પરિણમાવી શકું નહિ— આ સમજ્યા વગર આત્માની સાચી શ્રદ્ધા થઈ શકે નહિ. જડ વસ્તુનું કાર્ય તો જડમાં આવે, મારામાં આવે નહિ અને મારે લઈને જડમાં આવે નહિ, તો મારું કાર્ય કરવા માટે મારે મારા સામું જોવાનું રહે છે—એમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મપણાથી રહિત થાય છે અને જગતનો સાક્ષી—જ્ઞાતાદ્રષ્ટા થાય છે.

જ્યારે પર્યાય મારાથી થાય છે, એમ નક્કી થયું ત્યારે મારું દ્રવ્ય તો શુદ્ધ છે તો શુદ્ધમાંથી શુદ્ધ પર્યાય જ થાય, એમ જાણતાં પરદ્રવ્યના કર્તાકર્મપણાથી રહિત થાય છે અને જ્ઞાતા થઈને સાક્ષીભૂત થાય છે.

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ ભાવ છે કે નહિ ? આત્મા પોતે પરને જાણવાનું કામ તો કરે છે તો પછી પરને જાણતાં પરની સાથે કર્તાકર્મપણું હોય તો શું વાંધો છે ? કર્તાકર્મ ભાવ છે કે નહિ ? તેનો ઉત્તર :

## ગાથા ૭૬

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

**અન્વયાર્થ :**—જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને એટલે જેવા વિકારી ભાવો થાય તેને જાણવા છતાં નિશ્ચયથી એટલે ખરેખર પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે–રૂપે ઊપજતો પણ નથી.

**ટીકા :**—પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્ય લક્ષણવાળું—એટલે કે વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ કર્મ છે. જેમ કોઈ માણસ ગામને પહોંચી વળે છે. એટલે કે 'છે' તેને પહોંચી વળવું, તેને પ્રાપ્ય કહે છે. લોટ બદલીને રોટલી થાય 'તે બદલવું' તે વિકાર્ય છે અને તંતુનું કપડું 'થવું તે' નિર્વર્ત્ય છે. તેમ પુદ્‌ગલપરિણામ સ્વરૂપ જે કર્મ છે તેને પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે રૂપે પરિણમતું અને તે રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે.

શરીરની અવસ્થા થઈ તેને પુદ્‌ગલદ્રવ્ય પહોંચી વળે છે. દ્રવ્ય છે તે વર્તમાન પર્યાયને પહોંચી વળે છે. પરમાણુનો તે સમયનો પ્રાપ્ય કાળ છે, તે સમયે પુદ્‌ગલદ્રવ્ય પહોંચી વળે છે. પરમાણુની પર્યાય તે કાળે થવાની તે થવાની, તે તેનું પ્રાપ્ય છે. શરીરમાં નીરોગ અવસ્થાનું કાર્ય તે શરીરના પરમાણુ કરે છે, દવાના પરમાણુની તે પ્રાપ્ય અવસ્થા નથી. **<u>પ્રાપ્ય થવાયોગ્ય જે પર્યાય છે, તેને તે સમયે દ્રવ્ય પહોંચી વળે છે</u>**. ખરેખર રાગના કાળને કર્મ જ પહોંચી વળે છે, વિકાર્ય પણ કર્મ જ છે અને નિર્વર્ત્ય પણ કર્મ જ છે.

શરીરની અવસ્થા બદલી તેને વિકાર્ય કહેવાય છે. આત્મામાં જે પુણ્યપાપાદિના પરિણામ થાય છે તે પુદ્‌ગલના પરિણામ છે. તેને ખરેખર આદિ-

મધ્ય-અંતમાં વ્યાપીને પુદ્‌ગલકર્મરૂપી દ્રવ્ય જ પહોંચી વળે છે. પુદ્‌ગલદ્રવ્ય જ પરિણમીને બદલે છે અને પુદ્‌ગલદ્રવ્ય જ નિર્વર્ત્ય એટલે ઊપજે છે.

આત્મામાં જે જ્ઞાનની અવસ્થા થઈ તે પુદ્‌ગલપરિણામને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને પહોંચી વળતા નથી, તેમ તેને બદલાવતી નથી અને ઉપજાવતી પણ નથી. વિકારની આદિમાં કહો તો પુદ્‌ગલ, મધ્યમાં કહો તો પુદ્‌ગલ અને અંતમાં કહો તો પણ પુદ્‌ગલ જ વ્યાપે છે. તે એક જ સમયે છે.

ચૈતન્ય દ્રવ્યની દ્રષ્ટિ થઈ તેમાં આત્મા પોતાના જ્ઞાનપરિણામમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે, પણ પરની અવસ્થાને તે વ્યાપતો નથી. પરની અવસ્થાનો એક કાળ હોવા છતાં અને તેને જાણવા છતાં પરની અવસ્થાને આત્મા વ્યાપતો નથી, પણ પરની અવસ્થાને એટલે કે રાગને તો કર્મ વ્યાપે છે. આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્‌ગલપરિણામને જાણવા છતાં આત્મા તેને ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે—રૂપે ઊપજતો પણ નથી.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને પહોંચી વળે છે, કુંભાર તેને પહોંચી વળતો નથી. નજરે જોનારને તો ઘડો અને કુંભાર બે ભિન્ન વસ્તુ દેખાય છે, તો બંનેનાં કાર્ય પણ જુદાં જુદાં હોવા જોઈએ જ, છતાં જુદાં ન માને તો નજરે જોયેલું ઊંધું માન્યું કહેવાય.

<u>ઘડાની અવસ્થાનો—પ્રાપ્યનો એ કાળ છે, તે નિમિત્તના કારણે તો નથી પણ માટીના કારણે તે પ્રાપ્ય છે, તેમ કહેવું તે પણ વ્યવહાર છે.</u> વસ્તુ સત્‌ છે તેમ તેની પર્યાયનો તે સમયનો કાળ પણ સત્‌ છે, તેને અહીં પ્રાપ્ય કહે છે. જ્ઞાતા જાણવા—દેખવાનું કામ કરે છે તે પુદ્‌ગલના પરિણામનું જ્ઞાન છે, માટે તે પુદ્‌ગલમાં વ્યાપે છે—એમ નથી. તે પુદ્‌ગલના પરિણામને પુદ્‌ગલ ગ્રહે છે, તે—રૂપે પરિણમે છે અને તે—રૂપે ઊપજે છે. જ્ઞાન તેમાં વ્યાપતું નથી.

જેને વીતરાગી પર્યાય પ્રગટ કરવી હોય તે દ્રવ્યને શોધે છે પણ પર્યાયને કે નિમિત્તને શોધે નહિ. પર્યાયને અને નિમિત્તને શોધે છે તે મિથ્યાત્વને શોધે છે. આત્મા ચૈતન્યમૂર્તિ છે. તેની દ્રષ્ટિ થતાં આત્માના પરિણામ પોતાને જાણે છે, તે વખતે પરને પણ જાણે છે. તેથી કરીને પુદ્‌ગલના પરિણામને આત્માનું જ્ઞાન આદિ-મધ્ય-અંતમાં ગ્રહતું નથી, તે—રૂપે પરિણમતું નથી અને તે—રૂપે ઊપજતું પણ નથી.

જ્ઞાન પરને જાણવાનું કામ કરે માટે પરને કરવાનું કામ કરે અથવા તો પરના કાર્યરૂપે તેને થવું પડે—એમ નથી. ઘડાના કાર્યમાં, આદિમાં—મધ્યમાં અને અંતમાં માટી જ તેને ગ્રહે છે, તે—રૂપે પરિણમે છે અને તે—રૂપે ઊપજે છે. પણ

કુંભારના આંગળા માટીમાં વ્યાપતા નથી; તેમ જ્ઞાની રાગ અને શરીરાદિમાં આદિમાં—મધ્યમાં કે અંતમાં અંતર્વ્યાપક થઈને તેને ગ્રહતો નથી, તે—રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઊપજતો નથી કેમ કે રાગાદિ તથા શરીરાદિ બાહ્યસ્થિત પદાર્થો છે. આત્મા જ્ઞાની તો પોતાના જ્ઞાનપરિણામમાં અંતર્વ્યાપક થઈને પોતાના જ્ઞાનપરિણામને ગ્રહે છે, તે રૂપે પરિણમે છે અને તેરૂપે ઊપજે છે.

જ્ઞાનીને સંસારની પર્યાયને પ્રાપ્ત થવાનો કાળ નથી, સંસારની પર્યાયરૂપે પરિણમવાનો કાળ નથી અને સંસારરૂપે ઊપજવાનો કાળ પણ નથી. સંસારને પ્રાપ્ત થવાનો કાળ પુદ્ગલનો જ છે, પુદ્ગલ જ સંસારરૂપે પરિણમે છે અને પુદ્ગલ જ સંસારરૂપે ઊપજે છે. પુદ્ગલ જ સંસારની આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે, આત્મજ્ઞાની સંસારની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપતો નથી. એ રીતે જ્યારે વિકારી પર્યાયનું કાર્ય પુદ્ગલનું કહ્યું ત્યારે નિર્વિકારી કાર્ય આત્માનું છે, એમ સ્વીકાર કર્યા વગર રાગાદિ પરનું કાર્ય છે એમ યથાર્થ બની શકે નહિ.

શરીરરૂપે, કર્મરૂપે કે વિકારરૂપે વ્યાપ્ત થઈને આત્મા પ્રાપ્ત થતો નથી, બદલતો નથી અને ઊપજતો પણ નથી કેમ કે શરીર, કર્મ ને વિકાર સાથે આત્માને અભેદપણું નથી, પણ જ્ઞાનની પર્યાયને અને આત્માને અભેદપણું છે.

# પ્રસાદ નં. ૭૩

## સમયસાર ગાથા ૭૬ ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૦, બુધવાર, ૨૦૦૭)

અહીં પ્રશ્ન કરે છે કે આત્મા પુદ્‌ગલના પરિણામને જાણે છે, તેથી પુદ્‌ગલના પરિણામને અને જ્ઞાનને વ્યાપ્યવ્યાપક સંબંધ છે કે નહીં ? તેનો ઉત્તર કહે છે કે :– જ્ઞાની અનેક પ્રકારના પુદ્‌ગલના પરિણામને જાણતા છતાં તેને ગ્રહતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઊપજતો નથી.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને એટલે ઘડામાં પસરીને ઘડાના થવાને કાળે ઘડાને પ્રાપ્ત કરે છે, ઘડાની શરૂઆતમાં માટી, મધ્યમાં માટી અને અંતમાં પણ માટી જ છે; માટી ઘડારૂપે પરિણમે છે અને ઘડાની અવસ્થારૂપે માટી થાય છે પણ કુંભાર ઘડાની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને પહોંચતો નથી, પરિણમતો નથી અને ઊપજતો નથી. તેમ ધર્મી જીવ પોતે બાહ્યસ્થિત એટલે પુણ્યપાપાદિ તથા દયાદાનાદિ અને શરીરાદિ પદાર્થો જે બધા બાહ્યસ્થિત છે તેમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને રાગાદિ પરિણામને પ્રાપ્ત થતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઊપજતો પણ નથી.

જેમ ઘડામાં કુંભાર પેસતો નથી તેમ શરીર, વાણી, મન અને રાગાદિમાં આત્મા પેસતો નથી, રાગમાં આત્મા પ્રસરતો નથી. પુણ્યપાપાદિના પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા નથી પણ આત્મા તો વીતરાગી પરિણામની આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે તેથી આત્મા હતો તો શરીર, વાણી અને મન છે—એમ નથી. માટી ઘડાને પહોંચી વળે છે પણ કુંભારને પહોંચી વળતી નથી, તેમ આત્મા વીતરાગી પરિણામને પહોંચી વળે છે પણ રાગને પહોંચી વળતો નથી, તે રૂપે પરિણમતો નથી અને તે રૂપે ઊપજતો નથી.

ધર્મી જીવ સ્વભાવરૂપે પરિણમે છે. તેમાં પુદ્‌ગલના પરિણામને જાણે છે. તોપણ શરીરાદિ બાહ્ય પદાર્થો અને વિકારીદિ કે જે પરદ્રવ્યના પરિણમનનું કાર્ય છે તેને જ્ઞાની કરતો નથી. એવા જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ ભાવ નથી. પુણ્યપાપાદિ ભાવો પરદ્રવ્ય પરિણામસ્વરૂપ કાર્ય હોવાથી જ્ઞાની તેને કરતો નથી એટલે કે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી. જ્ઞાનીને પરની રુચિ નથી તેથી વિકારી કાર્ય પરની રુચિપૂર્વક થતા નથી. સ્વભાવની રુચિએ વિકાર પરદ્રવ્ય પરિણામસ્વરૂપ કાર્ય છે, તેનો આત્મા કર્તા નથી, તેથી જ્ઞાનીને તેની સાથે કર્તાકર્મભાવ નથી.

**ભાવાર્થ :—**જીવનો સ્વભાવ સ્વ–પરને જાણવાનો હોવાથી તે પુદ્ગલકર્મને જાણે છે છતાં પુદ્ગલદ્રવ્યની સાથે તેને કર્તાકર્મપણું નથી.

સામાન્ય પ્રકારે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે—નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. (૧) કર્તા વડે, જે પ્રથમ ન હોય અને નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે. જેમ કે તંતુમાંથી કપડું થાય છે, તે નિર્વર્ત્ય છે. (૨) કર્તા વડે, પદાર્થમાં ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. જેમ લોટમાંથી રોટલી થાય છે, તે વિકાર્ય છે. (૩) કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે. જેમકે ગામ છે તેને પહોંચી વળવું તે પ્રાપ્ય છે.

જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી કેમકે ધર્મીની દ્રષ્ટિમાં રાગ છે જ નહિ. સ્વભાવદ્રષ્ટિમાં જીવ રાગને ઉપજાવી શકતો નથી કેમકે ચૈતન્યસ્વભાવમાં રાગ નથી. આત્મા નવું ઉપજાવે તો શુદ્ધપરિણામને ઉપજાવે, રાગને ઉપજાવવો તે ધર્મીનું કાર્ય નથી. જ્ઞાની—અંતરાત્મદ્રષ્ટિવાળો જીવ વિકારને ઉપજાવતો નથી. કારણ કે જ્ઞાન, જાગૃતસ્વભાવ તે અજાગૃત વિકારભાવને એટલે કે જડને કેમ ઉપજાવી શકે? ધર્મરૂપ સ્વભાવ તે અધર્મને કેમ ઉપજાવી શકે? ભગવાન આત્મા, ચૈતન્યસ્વભાવી આત્મા ચૈતન્યની અજાગૃતિ કરવાવાળા રાગાદિને કેમ ઉપજાવી શકે? ન જ ઉપજાવી શકે. માટે વિકારાદિનું કામ સ્વભાવદ્રષ્ટિનું નથી.

આત્મશ્રદ્ધાદ્રષ્ટિ, આત્મજ્ઞાનદ્રષ્ટિ અને સંયમદ્રષ્ટિ અજાગૃત એવા રાગના પરિણામને ઉપજાવે નહિ. અહો! આચાર્ય ભગવાને આ એક ગાથામાં ચૌદ બ્રહ્માંડનો સાર મૂકી દીધો છે. જ્ઞાની પોતાના જ્ઞાનને ગ્રહે છે પણ વિકારને ગ્રહતો નથી. જેમ માટીને અને કુંભારને એકબીજામાં અભાવ છે, તેમ ધર્મીને જ્ઞાતાના પરિણામ વખતે રાગના પરિણામનો અભાવ છે. તેથી તે રાગાદિરૂપે પરિણમતો નથી અને ઊપજતો પણ નથી.

જીવ પુદ્ગલને કે વિકારને ફેરવી શકે નહિ. સ્વભાવદ્રષ્ટિએ વીતરાગભાવને પ્રગટ કરી શકે. ચૈતન્ય જાગૃતસ્વભાવ, અજાગૃત એવા વિકારભાવનો કેમ ફેરફાર કરે ? ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ પડી છે તે વખતે રાગ થયો, તે પર્યાયકાળે નબળાઈના કારણે થયો છે. તેને ફેરવું કે ઓછો કરું એવી દ્રષ્ટિ જ્ઞાનીને હોતી નથી. કેમકે ચૈતન્ય સ્વભાવી આત્મા વિકારી ભાવરૂપ જડદ્રવ્યને કેમ ફેરવી શકે ? જ્ઞાની તેને ફેરવતો નથી, એટલે પુદ્ગલકર્મનું કાર્ય જ્ઞાનીનું નથી. જ્ઞાનનું સામર્થ્ય અને સત્ત્વ એવું છે કે પોતાના સ્વભાવનું જ્ઞાન થતાં પરને જાણે પણ ફેરફાર કરે નહિ.

આત્મા ચૈતન્ય સ્વભાવી છે, એવી દ્રષ્ટિમાં સ્વ—પર પ્રકાશક જ્ઞાન થયું, તેમાં વિકારને ફેરવું એવું રહેતું નથી, કેમ કે જ્ઞાનીને વિકારની રુચિ નથી. રાગની એકત્વબુદ્ધિને જોવો કે સ્વભાવની એકત્વબુદ્ધિને જોવી? અહીં કહે છે કે સ્વભાવની એકત્વબુદ્ધિની વાત ચાલે છે, તેમાં જો રાગની એકત્વબુદ્ધિ કરે તો મિથ્યાત્વ થાય છે. આત્મા ચૈતન્ય સ્વભાવી જ્ઞાતા થઈને વીતરાગતારૂપે પરિણમે છે પણ રાગરૂપે પરિણમતો નથી, માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી.

પરમાર્થે જ્ઞાની, સ્વભાવની પર્યાયને પ્રાપ્ત કરે છે પણ રાગની પર્યાયને પ્રાપ્ત કરતો નથી, કેમ કે સ્વભાવની એકત્વબુદ્ધિવાળો વિકારની એકત્વબુદ્ધિ કેમ કરે? અમૂર્ત જીવ મૂર્ત એવા રાગાદિરૂપ પરિણમીને રાગને કેમ પ્રાપ્ત થાય? અમૂર્ત મૂર્તને પહોંચી વળે નહિ. આત્માનો સ્વભાવને પહોંચી વળવાનો કાળ, વિકારને પહોંચી વળતો નથી.

પરમાર્થે જીવ જાગૃત સ્વભાવવાળો છે તે અજાગૃત એવા વિકારી પરિણામને શી રીતે ગ્રહણ કરી શકે ? એટલે કે ગ્રહણ કરી શકતો નથી. ચૈતન્યસ્વભાવી વસ્તુ ચૈતન્ય સ્વભાવના પરિણામ છોડીને અચેતન એવા રાગાદિને કેમ ગ્રહે ? માટે શરીર અને રાગાદિ પરિણામને પહોંચી વળવાનું કાર્ય આત્માનું નથી.

ચૈતન્ય સ્વભાવને પંથે પડેલો જ્ઞાતાસ્વભાવને પ્રાપ્ત કરે, પણ વચમાં રાગાદિના પરિણામ આવે તેનો સ્વીકાર કરતો નથી, માટે પુદ્‌ગલકર્મનું કાર્ય જીવનું નથી.

જીવનો સ્વભાવ જાણવા-દેખવાનો હોવાથી જ્ઞાનરૂપે થઈને પોતે પુદ્‌ગલ કર્મને જાણે છે. શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગી પરિણામરૂપે થતો તે રાગને જાણે છે.

કોઈ એમ કહે કે રાગને જાણે છે તો રાગને કરે તો શું વાંધો છે ?

ઉત્તર :–આર્ય માણસ રોટલા ખાય છે પણ માંસ ખાતો નથી. તેમ આત્મા સ્વભાવનું કાર્ય કરતાં પરનું જ્ઞાન કરે છે, પણ પરનું કાર્ય કરતો નથી. તેથી જીવને પરની સાથે કર્તાકર્મ ભાવ નથી. ॥૭૬॥

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પરદ્રવ્યની સાથે કર્તાકર્મપણું છે કે નહિ? પ્રથમની ગાથામાં કહ્યું હતું કે પરને જાણતા એવા જીવને પરની સાથે કર્તાકર્મપણું છે કે નહિ; અહીં તો કહે છે કે સ્વ રૂપે પરિણમીને સ્વને જાણતા એવા આત્માને પુદ્‌ગલકર્મ એટલે વિકારની સાથે કર્તાકર્મપણું છે કે નહિ? તેનો ઉત્તર :–

## ગાથા ૭૭

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

જ્ઞાની–આત્મદ્રષ્ટિવંત જીવ ક્ષણે ક્ષણે અનેક પ્રકારના એટલે જ્ઞાનના, શાંતિના વગેરેના પરિણામ થાય તેને જાણતો હોવા છતાં, ખરેખર પરદ્રવ્યના પર્યાયમાં એટલે કે રાગાદિમાં પરિણમતો નથી, તેને ગ્રહતો નથી અને તે–રૂપે ઊપજતો નથી.

**ટીકા :**—પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્ય લક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ, તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો, તે–રૂપે પરિણમતો અને તે—રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે.

આત્માનું વ્યાપ્યવ્યાપકપણું પોતાના વીતરાગી પરિણામ સાથે છે. આત્માનું કર્મ એટલે કાર્ય સ્વભાવની દ્રષ્ટિએ વીતરાગી પરિણામ છે. તેમાં આત્મા પોતે વ્યાપે છે પણ શરીર, વાણી, મન કે વિકારમાં વ્યાપતો નથી.

# પ્રસાદ નં. ૭૪

## સમયસાર ગાથા ૭૭ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૧, ગુરુવાર, ૨૦૦૭)

પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી, તે કહે છે. તેમાં આત્માનો ધર્મ શું ? અને આત્મા કોને કહેવો ? તે કહે છે. શરીર, વાણી, મન તે આત્મા નથી. ધર્મીની દ્રષ્ટિ આત્મા ઉપર હોય છે. તે શરીર, વાણી, મનને તો પોતાના માનતો નથી પણ પુણ્ય-પાપાદિના ભાવો થાય તેને પણ આત્મા માનતો નથી. તેનો તે કર્તા નથી. એવી સ્વભાવદ્રષ્ટિ થતાં ધર્મ થાય છે. દયા દાનાદિની જેને રુચિ નથી પણ ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય છે તેની રુચિ છે, તે પર સન્મુખ થતો નથી, એવો ધર્મી જીવ કેવો હોય છે, તે કહે છે.

હું આત્મા શુદ્ધ ચૈતન્ય છું, તેના લક્ષે પર્યાય શુદ્ધ થાય, તેને પ્રાપ્ય કહે છે. ધર્મી ક્ષણે ક્ષણે શુદ્ધ પરિણામને એટલે સ્વભાવના આશ્રયે થયેલા જ્ઞાન, દર્શન, ચારિત્રના પરિણામને પહોંચી વળે છે, તે-રૂપે જ્ઞાની પરિણમે છે અને તે-રૂપે ઊપજે છે.

સ્વભાવદ્રષ્ટિએ પ્રથમની નિર્મળ અવસ્થા બદલીને નવી નિર્મળ અવસ્થા થાય છે, તે વિકાર્ય કહેવાય છે. આત્મા શરીર, વાણી, મનને કે રાગાદિની પર્યાયને પલટાવતો નથી, રાગની રુચિએ રાગને પલટાવતો નથી, પણ સ્વભાવદ્રષ્ટિએ જ્ઞાતાના પરિણામ થયા તે પૂર્વ પર્યાય બદલીને નવા થયા છે, તેને વિકાર્ય કહેવાય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ છું એવી પ્રતીતિ, શુદ્ધ છું એવું જ્ઞાન તથા વીતરાગતાના પરિણામ તે આત્માનું કાર્ય છે. તે કાર્યને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એમ ત્રણ પ્રકારે ગણવામાં આવ્યા છે, પણ કાર્ય તો એક જ છે.

સ્વભાવસન્મુખ દ્રષ્ટિ તે જ ધર્મ છે. તે ધર્મની પર્યાયમાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને એટલે દ્રવ્યસ્વભાવ પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને આત્મપરિણામને પ્રાપ્ત કરે છે. દયા, દાનના વિકલ્પ, સંઘયણ આદિ બાહ્ય પદાર્થો કારણ છે-એમ નથી, પણ ચૈતન્યસ્વભાવના લક્ષે શુદ્ધતા પ્રગટ થાય છે તેમાં આદિમાં પણ આત્મા, મધ્યમાં પણ આત્મા અને અંતમાં પણ આત્મા છે. પણ આદિમાં કોઈ વ્યવહાર હોય તો ધર્મીની પર્યાય થાય-એમ નથી. પહેલાં વ્યવહાર દયાદાનાદિના ભાવ થાય, ને પછી નિશ્ચય સ્વભાવ પ્રગટ થાય, એમ શરૂમાં વ્યવહાર નથી પણ શરૂમાં આત્મા છે.

જ્ઞાયક શક્તિ તો ધ્રુવ છે તેની શ્રુતજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાન સુધીની જે જે અવસ્થા થઈ તેમાં શરૂમાં, મધ્યમાં તથા અંતમાં પણ ધ્રુવ આત્મા જ છે. આત્મા જ્ઞાનપર્યાયરૂપે થઈને તેને ગ્રહતો, તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજતો થકો આત્માના પરિણામને કરે છે. અને શરીરાદિના કાળે શરીરાદિની પર્યાયો થાય છે અને વિકારાદિના કાળે વિકારાદિની પર્યાયો થાય છે. તેને આત્મા કરતો નથી. અહીં તો કહે છે કે આત્મપરિણામ એટલે મોક્ષમાર્ગના પરિણામ તેના કાળે પ્રાપ્ત થાય છે, તેને આત્મા પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે.

રાગાદિ વિકાર તે આત્માનું સત્ નથી, પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ સત્ છે, તેને આત્મા પ્રાપ્ત કરે છે. સત્ છે તે પરને લીધે નથી પણ સત્ સત ને લીધે છે. અને તે સત ની પર્યાયને આત્મા પ્રાપ્ત કરે છે. તે-રૂપે આત્મા પરિણમે છે ને તે-રૂપે તે જ ઊપજે છે.

આમ આત્મા વડે કરવામાં આવતા વીતરાગી પરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં પરદ્રવ્યના પરિણામને તે ગ્રહતો નથી. આ વિધિ ને આ રીત ધર્મની છે. તે સાંભળવા મળે નહિ તેને ચૈતન્ય સ્વભાવ તરફ વળવાનો અવકાશ મળતો નથી. તે બહાર જ જોયા કરે છે. કર્મથી બધું થાય તેમ માને તેને સ્વભાવ સન્મુખ થવાનો અવસર છે જ નહિ.

જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે, તેમ જ્ઞાની પોતાના સ્વભાવની દ્રષ્ટિમાં વીતરાગી પરિણામ જે થાય તે જ જાણતો હોવા છતાં, બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામને અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ગ્રહતો નથી, તે-રૂપે બદલતો નથી અને તે-રૂપે ઊપજતો પણ નથી.

ધર્મી જીવ-જ્ઞાની જીવ-મોક્ષમાર્ગને પંથે પડેલો એવો આત્મા બાહ્યસ્થિત એવા પુણ્ય-પાપાદિના ભાવોમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, વિકાર આદિને ગ્રહતો નથી. જીવ આદિમાં હોય તો વીતરાગી પરિણામ થાય પણ રાગાદિના પરિણામ થાય નહિ.

આત્માના જ્ઞાનનાં જ્ઞેયો એવા છ પદાર્થો જગતમાં છે ખરા, પણ તે જ્ઞેયના કારણે આત્મા પરિણમતો નથી અને પુણ્ય-પાપાદિના વિકારી પરિણામો પર્યાયમાં થાય છે ખરા પણ જ્ઞાની સ્વભાવની દ્રષ્ટિએ તેને ગ્રહતો નથી. તે-રૂપે બદલતો નથી અને તે-રૂપે ઊપજતો નથી. આત્મા તો સ્વભાવને યોગ્ય છે, માટે સ્વભાવરૂપે થાય છે, પણ વિકારરૂપે થતો નથી.

જ્ઞાની પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્ય લક્ષણવાળું પરદ્રવ્ય પરિણામસ્વરૂપ, વિકારી કાર્ય તેને કરતો નથી, તેથી તેને (જ્ઞાનીને) પુદ્‌ગલની સાથે કર્તાકર્મભાવ નથી.

અનંત નિરુપાધિક દ્રવ્યના ઉત્સાહમાં રાગનું કાર્ય કરવાનો જ્ઞાનીને ઉત્સાહ હોતો નથી. સ્વરૂપની સાવધાનીના જોરમાં સ્વભાવની હોંશ છે. તે ભાવમાં અસાવધાન એવા રાગાદિભાવોની મુખ્યતા નહિ હોવાથી જ્ઞાની તેને ગણતો નથી.

દીકરા-દીકરાનાં લગ્ન હોય તેમાં તેની માને એટલી બધી હોંશ હોય કે કંઠ બેસી ગયો હોય તોપણ તેને તે હોંશમાં ગણતી નથી; તેમ ચૈતન્ય સ્વભાવની લગનીના લગ્નમાં વર્તમાનમાં અલ્પ રાગાદિ હોય તેને સ્વભાવની હોંશવાળો જ્ઞાની ગણતો નથી. છોકરાનાં લગ્ન પહેલા ને છેલ્લા એક જ હોય એટલે તેમાં ખૂબ હોંશ કરે છે. તેમ અહીં પણ કહે છે કે પહેલો ને છેલ્લો આત્મા જ છે. તેના ઉત્સાહમાં વિભાવની પર્યાયને જ્ઞાની ગણતો નથી. એટલે રાગનો ઉત્સાહ જ્ઞાનીને હોતો નથી.

જેમ સંસારમાં પુણ્યના યોગે લક્ષ્મી આદિની પ્રાપ્તિ થાય તો પોતે ફૂલાય છે. “હું પહોળો ને શેરી સાંકડી”-એમ માને છે. તેમ અહીં જ્ઞાનીને ચૈતન્યસ્વભાવ, અનંત જ્ઞાનસાગર સુખનિધિ અંતરમાં છે, તે પોતાના જ્ઞાનમાં ફેલાવ કરે છે, ફૂલાય છે અને પ્રસરે છે; પણ વિકારરૂપે ફૂલાતો નથી. આત્માના સ્વભાવમાં પોતાના ફેલાવ સિવાય બીજું કાંઈ છે જ નહિ.

ભાવાર્થ :-ગાથા ૭૬માં એમ કહ્યું હતું કે પરદ્રવ્ય એવા રાગાદિને જાણવા છતાં પણ તેની સાથે જ્ઞાનીને કર્તાકર્મપણું નથી, અને આ ગાથામાં એમ કહ્યું છે કે પોતાના પરિણામને જાણતા એવા જ્ઞાનીને પુદ્‌ગલદ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી. ॥૭૭॥

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા આત્માને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું છે કે નહિ ? એટલે આત્મા પોતાના સ્વભાવને જાણતાં કર્મનાં ફળને પણ જાણે છે તો તેને જાણતાં તેને અને આત્માને કર્તાકર્મભાવ છે કે નહિ ? તેનો ઉત્તર :-

## ગાથા ૭૮

**પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

**અન્વયાર્થ :**—જ્ઞાની પુદ્દગલકર્મનું ફળ કે જે અનંત છે, તેને જાણતો હોવા છતાં પરમાર્થે પરદ્રવ્યના પર્યાયરૂપ પરિણમતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી.

પુણ્યના ઉદયે બહાર અનુકૂળતાની સામગ્રીના ઢગલા મળે છે તે તે કર્મફળ અનંતું છે, તેને જાણવા છતાં જ્ઞાની તેને પોતાનું માનતો નથી. કર્મનું ફળ અનંતું કહ્યું છે કેમ કે આત્માના ત્રિકાળી સ્વભાવનું સામર્થ્ય અનંતું છે. તો વિકાર અને તેના ફળને પણ અનંતું કહ્યું છે. તેને જ્ઞાની જીવ પોતાનું માનતો નથી.

પુદ્દગલકર્મનું ફળ આત્મામાંથી ફળ્યું નથી, તેમ જ્ઞાની માને છે. કેમ કે ચૈતન્ય દ્રવ્યબીજમાંથી શાંતિ ફળે છે, પણ જડનો પાક થતો નથી. હરખશોકના પરિણામ થાય તેને જ્ઞાની પોતાના જાણતો નથી. જેમ નાટકશાળામાં કોઈ નાટક જોવાવાળો બેચાર કલાક નાટક જુએ, તો તેમાં તે નાટકશાળાને અને પાત્રોને પોતાના માનતો નથી. અને ત્યાં જોવા રોકાયો તેથી નાટક તેનું થઈ જતું નથી. તે સમજે છે કે ટીકીટ લીધી છે, તેથી ચાર કલાક જોવાનું છે, પણ ધણી થવાનું નથી. તેમ જ્ઞાની પુણ્ય-પાપનું ફળ કે જે અનંતું છે, તેમાં ઊભેલો દેખાતો હોય તો પણ, તેને તે પોતાનું માનતો નથી, તેનો ધણી થતો નથી, તેને જાણવા છતાં તે-રૂપે પરિણમતો નથી. મેં પૂર્વે પુણ્ય કર્યાં હતાં માટે આ મળ્યું છે, તેમ પુણ્યનું ધણીપણું કરતો નથી.

**ટીકા :**—લક્ષ્મી, મકાન, આબરૂ, ઘોડા, હાથી, સ્ત્રી, કુટુંબ વગેરે એના પરિણામના સ્વકાળે, એના કારણે હાજર થઈને ઊભાં છે. તે પરિણામને તેનું દ્રવ્ય પહોંચી વળે છે. પણ મારું દ્રવ્ય પહોંચતું નથી. એટલે મારા કારણે તે પ્રાપ્ત થયાં નથી, મારા કારણે તો વીતરાગી ભાવ હોય, પહેલા આવા સંયોગો ન હતા અને એકદમ ફેરફાર થયો. જેમકે ચક્રવર્તીના નિધાનમાં પ્રથમ ચક્રરત્ન ન હતું અને એકદમ નવું ઊપજ્યું તે બધું તેના કાળે તેના કારણે થયું છે પણ મારા કારણે નથી, તેમ જ્ઞાની માને છે.

તેમ નરકની અંદર સખત ઠંડી હોય તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ જ્ઞાની જાણે છે કે આ ફળ મારું નથી. એના કાળે એના કારણે આવ્યું છે. આત્મામાં થતી હરખશોકની પર્યાય અને બહાર નિમિત્તો તે પરદ્રવ્યથી નીપજેલું કાર્ય છે, તેને જ્ઞાની પોતાનું કાર્ય માનતો નથી.

# પ્રસાદ નં. ૭૫

## સમયસાર ગાથા ૭૮ ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૨, શુક્રવાર, ૨૦૦૭)

અહીં પ્રશ્ન છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જ્ઞાનીને પુદ્‌ગલની સાથે કર્તાકર્મપણું છે કે નહિ ? તેનો ઉત્તર કહે છે કે, ધર્મી પૂર્વનાં કર્મનું જે ફળ આવે તેને જાણવા છતાં, તે મારા કારણે આવ્યું છે, તેમ માનતો નથી. કેમ કે ચૈતન્ય સ્વભાવનું ભાન થવાથી શરીર, વાણી, મનાદિ જે પુદ્‌ગલકર્મનું ફળ છે તે તથા હરખ-શોક, અનુકૂળતા-પ્રતિકૂળતા મારા કારણે છે, એમ જ્ઞાની જાણતો નથી.

ધર્મીનો આત્મા તો ચૈતન્યનિધિ છે, તેમાંથી તો જ્ઞાનદર્શન જ નીકળે છે પણ એ નિધિમાંથી હરખ-શોક, શરીરાદિ આવે નહિ. બહારના સંયોગો-શરીરમાં રોગ કે નિરોગતા, સધનતા કે નિર્ધનતા, આબરૂ કે અણાબરૂ, તે બધું જડના આવવાના કાળે આવ્યું છે. તે બધું પૂર્વકર્મનું પરિણામ છે, પણ આત્માનું નથી અથવા પૂર્વે આત્માએ કર્યું હતું માટે આવ્યું છે-એમ નથી. આત્માનું કરવા-ભોગવવાનું આત્મામાં જ હોય છે. તેથી જ્ઞાનીને ચક્રવર્તીની અનુકૂળતાના ઢગલા હોય કે નરકની પ્રતિકૂળતાના સંયોગ હોય પણ તેને તે આત્માનું કાર્ય માનતો નથી.

શરીરમાં ફેરફાર થાય કે હરખને બદલે શોક થાય તો તે બધો જડ, રૂપી, પુદ્‌ગલનો પાક છે; પણ તે ચૈતન્યસ્વભાવી આત્માનો પાક નથી. શરીરને ઘાણીમાં ઘાલીને પીલે કે શરીરને ચંદન ચોપડે તે બધું જડનું કામ છે. રોગ હોય તો ચૈતન્યને ઠીક ન પડે-એમ નથી. અને શરીર ઘાણીમાં પીલાય ત્યારે ચૈતન્યની એકાગ્રતા ન થઈ શકે, એમ ચૈતન્યની દ્રષ્ટિમાં નથી.

ખરેખર તો રોગ શરીરમાં આવે છે, તેની વેદના આત્માને છે જ નહિ, પણ તે વેદનારૂપ શરીરની પર્યાય થઈ તેને તે જાણે છે. અજ્ઞાની પોતાને થાય છે, એમ માને છે અને જ્ઞાની તેને પોતાનું કાર્ય માનતો નથી. મેં પૂર્વે અશાતાનાં કર્મો બાંધ્યા હતાં તેથી આ પ્રતિકૂળતા આવી છે, તેમ જ્ઞાની માનતો નથી, કેમકે ચૈતન્ય દ્રવ્ય અશાતાને બાંધે જ નહિ અને પૂર્વે શાતા બાંધી હતી તેથી વર્તમાન લક્ષ્મી મળી છે, તેમ ધર્મીની દ્રષ્ટિમાં નથી. જ્ઞાની સ્વને જાણતાં, વર્તમાનમાં જે સંયોગ કે વિયોગ થાય છે તેને પણ જાણે છે, પણ તે મારું કાર્ય છે, એમ માનતો નથી.

અજ્ઞાનીને નિમિત્તબુદ્ધિ, વર્તમાનબુદ્ધિ, પરની એકત્વબુદ્ધિ હોવાથી વર્તમાન હરખ-શોકને તથા સંયોગ-વિયોગને તે પોતાનું કાર્ય માની લે છે. પણ તે યથાર્થ

નથી. સુખ-દુઃખાદિરૂપ કર્મફળને અજ્ઞાની પર્યાયબુદ્ધિથી વેદે છે. જ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ હોવાથી તે પોતાના ચૈતન્ય સ્વભાવને જ વેદે છે. આત્મપદાર્થની દ્રષ્ટિમાં ચૈતન્યસ્વભાવની ખાણ ખોદતાં એટલે કે તેમાં એકાગ્ર થતાં આકુળતાવાળાં સુખદુઃખ પ્રગટે નહિ માટે તે સુખદુઃખની આદિમાં, મધ્યમાં અને અંતમાં જડ જ છે. અંતર ચૈતન્યદળની દ્રષ્ટિમાં શાતા અશાતા બાંધવામાં પૂર્વે હું હતો જ નહિ–એમ જ્ઞાની માને છે.

પૂર્વની પર્યાયમાં સુખદુઃખની કલ્પના કરેલી, તેના સંસ્કારના કારણે વર્તમાન સુખદુઃખ છે, તેમ નથી. ધર્મીને આત્મદ્રષ્ટિ હોવાથી તે પૂર્વે હરખશોકરૂપે થયો હતો, તેમ માનતો નથી. કેમકે સ્વભાવમાં હરખશોકનો વિકાર છે જ નહિ. આત્મા તો ધ્રુવજ્ઞાયક ચૈતન્ય શક્તિનો ભંડાર છે. તેની પ્રતીતિ ન રહી એટલે વર્તમાનને જુએ છે અને એ રીતે અજ્ઞાની પર્યાયબુદ્ધિમાં એકાકાર થાય છે. પણ જ્ઞાની એકાકાર થતો નથી તેથી તે સુખદુઃખના કાર્યને પુદ્ગલનું કાર્ય માને છે.

આમ પુદ્ગલ દ્રવ્ય વડે કરાતું જે સુખદુઃખાદિરૂપ કર્મફળ તેને જ્ઞાની જાણે છે ખરો પણ તેને ગ્રહતો નથી, તે–રૂપે પરિણમતો નથી, તે–રૂપે ઊપજતો પણ નથી. જ્ઞાની પોતાના આત્માને જાણતાં કર્મના ફળને જાણે છે પણ તેને અને મારે કાંઈ લેવા–દેવા નથી, એમ તે માને છે.

જેમ માટી પોતે ઘડારૂપ થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે, તેમ આત્મા સ્વભાવને જાણતાં પરદ્રવ્ય એવા સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મના ફળને જાણે છે પણ તે–રૂપે પરિણમતો નથી, તેથી જ્ઞાનીને પુદ્ગલની સાથે કર્તાકર્મભાવ નથી.

**ભાવાર્થ :**—પુદ્ગલકર્મના ફળને જ્ઞાની જાણે છે તોપણ તેનો આત્મા કર્તા નથી.

હવે પૂછે છે કે પુદ્ગલદ્રવ્ય કે જે જીવના પરિણામને, પોતાના (પુદ્ગલના) પરિણામને અને પોતાના પરિણામના ફળને જાણતું નથી. તે પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ છે કે નથી ? તેનો ઉત્તર કહે છે :–

## ગાથા ૭૯

**એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

**અન્વયાર્થ :**—એવી રીતે પુદ્ગલદ્રવ્ય પણ જીવના પરિણામરૂપ પરિણમતું નથી, તેને ગ્રહતું નથી અને તે–રૂપે ઊપજતું નથી; કારણ કે તે પોતાના ભાવોથી જ પરિણમે છે.

**ટીકા :**—જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે. તેમ પુદ્‌ગલદ્રવ્ય કે જે જીવના પરિણામને જાણતું નથી, વળી તે પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને પણ જાણતું નથી તે પુદ્‌ગલદ્રવ્ય, જીવના પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપતું નથી. તે જીવના પરિણામને ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી અને તે-રૂપે ઊપજતું નથી. એટલે કે આત્માના ધર્મની શરૂઆતમાં, મધ્યમાં કે અંતમાં ક્યારેય પણ અંતર્વ્યાપીને કર્મ તે રૂપે થતું નથી. કર્મ ખસ્યું એટલે આત્મામાં ઢળવાનું થયું-એમ નથી, પણ સ્વભાવમાં ઢળવાનું કાર્ય તો જીવનું છે.

જ્ઞાનાવરણીય કર્મને ખસવાની શરૂઆત થઈ માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની શરૂઆત થઈ-એમ નથી. દર્શનમોહની પ્રકૃતિનો ઉપશમ થયો માટે સમ્યક્દર્શનના પરિણામ થયા છે-એમ નથી. પણ ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિપૂર્વક પર્યાય પોતાના સ્વભાવ તરફ ઢળે છે ત્યારે કર્મની પર્યાય કેવી હોય છે, તેનું જ્ઞાન કરાવ્યું છે.

જેમ ઘડારૂપે માટી થાય છે તેમ ધર્મની પર્યાય આત્મા સ્વતંત્રપણે પ્રગટ કરે છે, તેમાં કર્મનો સહારો નથી. એટલે કર્મનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થયો માટે આત્માની પર્યાય નિર્મળ થઈ, એમ નથી. પુદ્‌ગલદ્રવ્ય જીવના નિર્મળ પરિણામરૂપે પરિણમતું નથી, પણ પુદ્‌ગલ પોતાના સ્વભાવરૂપ કર્મપણે પરિણમે છે. "**સ્વભાવરૂપ કર્મ**" કહેવાનું કારણ એ છે કે **કર્મની પર્યાયના કાળે પુદ્‌ગલના કારણે કર્મ થયું છે. તે પુદ્‌ગલનો સ્વભાવ છે.** પણ આત્માના કારણે તે નથી. ક્ષયોપશમ આદિરૂપે થવું તે જડના સ્વભાવનું કાર્ય છે. જડનું તે સમયનું સ્વભાવરૂપી કાર્ય છે. તે કાર્યને પુદ્‌ગલ પહોંચી વળે છે, પુદ્‌ગલ તે-રૂપે પરિણમે છે ને તે-રૂપે ઊપજે છે.

આગળની ગાથાઓમાં "સ્વભાવરૂપ કર્મ" એવો શબ્દ વાપર્યો ન હતો અને આ ગાથામાં વાપર્યો છે, તે એમ સૂચવે છે કે કર્મનું કાર્ય સમયે સમયે થાય છે તે જડસ્વભાવના કારણે થાય છે. કર્મરૂપી કાર્યમાં આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય જ પરિણમે છે માટે જીવના પરિણામને, જડના પરિણામને કે જડના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલ દ્રવ્ય આત્માના પરિણામને નહિ કરતું હોવાથી તે પુદ્‌ગલને જીવ સાથે કર્તાકર્મપણું નથી.

**ભાવાર્થ :**—કોઈ એમ જાણે કે પુદ્‌ગલદ્રવ્ય કે જે જડ છે અને કોઈને જાણતું નથી તે ચૈતન્યના કાર્યમાં કર્તા થાય એવો મેળ હશે ? તો કહે છે કે, એમ છે જ નહિ. પુદ્‌ગલદ્રવ્ય આત્માની વીતરાગી પર્યાયને ઉપજાવી શકતું નથી. અજ્ઞાની

માને છે કે કર્મ ખસવાથી આત્મામાં લાભ થાય છે—પણ તે ભ્રમ છે. ખરેખર પુદ્‌ગલદ્રવ્ય જીવને ઊપજાવી શકતું નથી, પરિણમાવી શકતું નથી. તેમ જ ગ્રહી પણ શકતું નથી, તેથી પુદ્‌ગલને જીવ સાથે કર્તાકર્મપણું નથી. પરમાર્થે કોઈપણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય સાથે કર્તાકર્મભાવ નથી.

હવે ચાર ગાથાના સારરૂપ કળશ કહે છે :—

## કળશ ૫૦

જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે અને પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની અવસ્થાને જાણતું નથી. આમ તેમનામાં સદા અત્યંત ભેદ છે, એટલે વિકારી પરિણામને અને અવિકારી જીવદ્રવ્યને અત્યંત ભેદ છે, એટલે બંને ભિન્ન દ્રવ્ય છે. માટે પુદ્‌ગલદ્રવ્યને જીવદ્રવ્ય સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી અને જીવદ્રવ્યને પુદ્‌ગલદ્રવ્ય સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ નથી.

જીવ અને પુદ્‌ગલને કર્તાકર્મપણું છે, એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ભાસે છે. એટલે કે જ્યાંસુધી અજ્ઞાન છે ત્યાં સુધી કર્તાકર્મપણું છે. પણ જ્યારે ભેદજ્ઞાન કરનારી વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે એટલે ઉગ્ર પુરુષાર્થ દ્વારા જીવ પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થાય છે એટલે કર્તાકર્મ બુદ્ધિ રહેતી નથી. જ્યાં સુધી પરદ્રવ્યથી મને લાભ થાય અને મારાથી પરદ્રવ્યની પરિણતિ થાય, એમ માન્યતા છે ત્યાંસુધી કર્તાકર્મપણું રહે છે પણ એવું અજ્ઞાન ટળે એટલે પરદ્રવ્યનું કર્તાકર્મપણું રહેતું નથી.

# પ્રસાદ નં. ૭૬

## સમયસાર કળશ ૫૦ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૩, શનિવાર, ૨૦૦૭)

## જીવનાં પરિણામને અને પુદ્‌ગલનાં પરિણામને માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે.

અહીં કર્તાકર્મનો અધિકાર છે. આત્માને ભેદ જ્ઞાન થયા પછી કર્તાકર્મની બુદ્ધિ રહેતી નથી. જ્યાં સુધી અજ્ઞાનીને વિકારભાવની રુચિ રહે છે ત્યાંસુધી કર્તાકર્મની બુદ્ધિ રહે છે. જડની પર્યાયનો તો અજ્ઞાની પણ કર્તા નથી, પણ હું પરનો કર્તા છું એમ અજ્ઞાની માને છે અને ત્યાં સુધી કર્તા કર્મપણું છે.

જ્યારે આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવને યથાર્થ જાણે ત્યારે કર્તા કર્મની બુદ્ધિ રહેતી નથી. અજ્ઞાનથી કર્તા કર્મ બુદ્ધિ હતી, પણ ભેદ જ્ઞાન થતાં પરનો હું કર્તા છું અને પર મારું કાર્ય છે, તે બુદ્ધિ રહેતી નથી.

હવે કહે છે કે, જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને નિમિત્તનૈમિત્તિકપણું હોવા છતાં પણ કર્તા કર્મપણું નથી, તે જણાવે છે. અહીં જીવના પરિણામ જે કહ્યા છે તે અજ્ઞાનીના પરિણામ કહ્યા છે. આ પહેલાંની ગાથાઓમાં જીવના પરિણામની વાત હતી તે જ્ઞાનીના શુદ્ધ પરિણામની વાત હતી. અહીં તો કહે છે કે અજ્ઞાનીને જે અજ્ઞાનભાવ છે તે પોતાના અપરાધને કારણે છે. તે વખતે પુદ્‌ગલની સાથે નિમિત્તપણું હોય છે, પણ પુદ્‌ગલને જીવ કરતો નથી.

નવું જડ કર્મ બંધાય છે તે અજ્ઞાનમાં જ બંધાય છે. જ્ઞાન દ્રષ્ટિએ નવું બંધન થતું નથી. ચૈતન્ય સ્વભાવની અંતરદ્રષ્ટિમાં વિભાવનું કર્તા–ભોક્તાપણું હોતું નથી. આ ગાથામાં તો વિકારી ભાવના કર્તાપણાવાળો અજ્ઞાની જીવ છે, તેને પુદ્‌ગલ નિમિત્ત થાય છે પણ અજ્ઞાની જીવ જડ એવા પુદ્‌ગલ કર્મનો કર્ત્તા નથી પણ અજ્ઞાનના થવાના કાળે અજ્ઞાન કરે છે. તેને પુદ્‌ગલનું નિમિત્ત હોય છે તેની વાત કરી છે. અજ્ઞાનીના અજ્ઞાન ભાવરૂપી પરિણામને અને નવી કર્મની અવસ્થા થાય તેને નિમિત્ત-નૈમિત્તિકપણું છે પણ કર્તા કર્મપણું નથી.

## ગાથા ૮૦ થી ૮૨

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**
**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**

**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણાં બને. ૮૧.**
**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

**અન્વયાર્થ :—**પુદ્‌ગલો જીવના પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણમે છે, તેમ જ જીવ પણ પુદ્‌ગલ કર્મના નિમિત્તથી પરિણમે છે. જીવ કર્મના ગુણોને કરતો નથી, તેમ જ કર્મ જીવના ગુણોને કરતું નથી; પરંતુ પરસ્પર નિમિત્તથી બંનેના પરિણામ જાણો. આ કારણે આત્મા પોતાના જ ભાવથી કર્તા કહેવાય છે, પરંતુ પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલા સર્વ ભાવોનો કર્તા નથી.

**ટીકા :—**જીવ પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે. ગાથા—૭૫ થી ૭૯ સુધી જીવના પરિણામ જે કહ્યા હતા તે જ્ઞાનીના સમ્યક્ દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપ વીતરાગી પરિણામ કહ્યા હતા. અહીં અજ્ઞાનીના વિકારી પરિણામની વાત છે. અજ્ઞાની જીવ પણ શું કરી શકે? કે અજ્ઞાનભાવ કરે તે પરિણામનું નિમિત્ત પામીને પુદ્‌ગલ કર્મ પરિણમે છે એટલે જડ કર્મની પર્યાયના કાળે જે કર્મના પરિણામ થાય છે તે વખતે અજ્ઞાની જીવના રાગાદિ પરિણામ હોય છે, તેને કાળભેદ નથી, તેમ બતાવે છે.

રાગાદિ પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલ કર્મ પરિણમે છે, તે તો જ્ઞાની જાણે છે, અને બીજા કેવળી જાણે છે. અજ્ઞાનીને તો તેની ખબર પણ નથી. જીવના રાગાદિ પરિણામનું નિમિત્ત પામીને કર્મ પોતાના કાળે પરિણમતા તે સમયે કર્મરૂપ થાય છે. કર્મની પર્યાય થવાની યોગ્યતા તે સમયે પુદ્‌ગલની છે. કેમ કે રાગાદિ પરિણામનો પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યનો કાળ આત્માનો છે. તે જ વખતે કર્મનો પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યનો કાળ છે, તેને સમયભેદ નથી. જ્ઞાનીને વિકારનો પ્રાપ્યાદિનો કાળ પુદ્‌ગલનો કહ્યો હતો. અહીં અજ્ઞાનીને વિકારનો પ્રાપ્યાદિ કાળ છે, તે જ વખતે કર્મનો પ્રાપ્યાદિ કાળ પુદ્‌ગલનો છે. તેવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ખરો પણ તેમને કર્તા-કર્મ સંબંધ નથી. અજ્ઞાની તેના ભેદને સમજતો નથી.

જીવના પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મરૂપે પરિણમે છે. અને પુદ્‌ગલ કર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે. એટલે કે અહીં આત્મા વિકારરૂપે પરિણમ્યો એનો સમય અને કર્મના ઉદયનો સમય એક છે, તે બતાવ્યું છે. 'નિમિત્ત કરીને' કહ્યું છે. એટલે કાંઈ કર્મને ખબર પડતી નથી કે જીવ પરિણામને નિમિત્ત કરે, તેમ આત્મા પણ એક સમયની પર્યાયને પકડીને નિમિત્ત કરે છે, એમ નથી. કેમ કે છદ્મસ્થ આત્મા પણ એક સમયની પર્યાયને જાણતો નથી, પણ અહીં તો આત્માના વિકારી પરિણામને અને કર્મના પરિણામને કાળ

ભેદ નથી, એ બતાવવું છે. એનો અર્થ એવો નથી કે જેવો કર્મનો ઉદય આવે એવો વિકાર કરવો પડે અને જેવો વિકાર કરે તેવું કર્મને બંધાવું પડે. એકબીજાને કર્તા-કર્મભાવ માને તો તે સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે, તે તો બન્ને દ્રવ્યની ભિન્ન ભિન્ન પરિણતીને માનતો નથી.

જીવ દ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્ય બંને સ્વતંત્ર પદાર્થો છે. આત્મામાં જેવા વિકારી ભાવ થાય તે સમયે તેને અનુરૂપ કર્મની પર્યાયપણે પરિણમવાને લાયક અનંતાપરમાણુ હોય છે. વિકારને આધીન થઈને તેને બંધાવું પડે, એમ નથી. કર્મના ઉદય પ્રમાણે વિકાર કરવો પડે—એમ પણ નથી. કર્મના ઉદય પ્રમાણે વિકારભાવ થાય તો તો નિગોદના પરિણામ ફેરવીને મનુષ્ય અગર બીજી ગતિ થઈ શકે નહિ. કર્મના ઉદય પ્રમાણે રાગ થાય તેમ માનનાર નિગોદના પરિણામ ફરી શકે નહિ, તેવી માન્યતા ધરાવે છે. તે માન્યતા ખરેખર નિગોદમાં ઊપજવાના સ્થૂળ મિથ્યાદ્રષ્ટિની છે.

આ રીતે જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ (કથન) છે. પણ બંનેને અરસપરસ (માંહોમાંહે) વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ હોવાથી જીવને પુદ્‌ગલ પરિણામ સાથે અને પુદ્‌ગલને જીવ પરિણામ સાથે કર્તાકર્મપણું નથી. જીવને અને પુદ્‌ગલને અરસપરસ હેતુપણાના ઉલ્લેખનો અર્થ એ છે કે જીવ વિકારભાવ કરે છે ત્યારે તેને સ્વભાવનો આશ્રય હોતો નથી. તે વખતે તેનું લક્ષ પર તરફ હોય છે. તે શું છે? તે જ્ઞાની બતાવે છે. તેને બદલે આ ગાથા વાંચીને અજ્ઞાની માને છે કે નિમિત્તના કારણે વિકાર થાય છે, પણ તેમ નથી. જીવ પુદ્‌ગલને આ રીતે બંનેના સ્વતંત્ર પરિણમનમાં સમયભેદ નથી છતાં પણ એકબીજાને વ્યાપ્ય-વ્યાપકપણાનો અભાવ હોવાથી કર્તાકર્મપણાનો અભાવ છે.

ગાથા ૭૫ થી ૭૯ સુધી જ્ઞાનીની વાત હતી. ત્યાં તો સ્વભાવદ્રષ્ટિ એ આત્માની વિકારી પર્યાયનું વ્યાપ્ય-વ્યાપકપણું પુદ્‌ગલની સાથે હતું, તેમ કહ્યું હતું પણ અહીં તો અજ્ઞાનીની વાત છે. તેથી વિકારને જીવના પરિણામ કહ્યા છે. અજ્ઞાની પર સન્મુખતા વખતે પણ પરનું કાર્ય તો કરી શકતો જ નથી પણ પોતાના અજ્ઞાનભાવને જ કરે છે, પર્યાયબુદ્ધિ કરે છે.

જીવના પરિણામને અને કર્મના પરિણામને નિમિત્તનૈમિત્તિકપણાનો ઉલ્લેખ છે. એટલે કથન છે તે તો બન્નેનું ભિન્નપણું સિદ્ધ કરે છે. પણ જીવના પરિણામ કર્મ કરે અને કર્મના પરિણામ જીવ કરે એવો વ્યાપ્યવ્યાપક સંબંધ નથી અને તેથી જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મપણું નથી. સૂક્ષ્મપણે જેવો વિકારભાવ જીવ કરે

તેવાં જ કર્મનો બંધ થાય છે. છતાં તેમાં વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી કર્તાકર્મપણું નથી તો પછી સ્થૂળ એવા ઘર, કુટુંબનું કે શરીર આદિનું જીવ કાંઈ કરી દે, એમ તો બનતું જ નથી. વિકાર પ્રમાણે કર્મ થાય એવો મેળ હોવા છતાં તેને આત્મા કરતો નથી. તો પછી આત્માની ઇચ્છા પ્રમાણે સ્ત્રી, કુટુંબ આદિનું રક્ષણ થાય અને દ્વેષ પ્રમાણે દુશ્મનાદિનો નાશ થાય એમ તો બને જ નહિ. શરીરાદિની ક્રિયા તો આત્માની ઇચ્છા પ્રમાણે ત્રણકાળમાં થતી નથી છતાં અજ્ઞાની તેનો કર્તા થાય છે. તે મિથ્યાઅભિમાની છે. આ ઉપદેશ અજ્ઞાનીની પર્યાય બુદ્ધિ ટાળવા માટે છે, પણ અજ્ઞાનદશામાં ઉભો રાખવા માટે નથી. જીવને અને પુદ્‌ગલને માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો નિષેધ નથી. એટલે આત્માએ વિકારના સમયે વિકાર કર્યો તે નૈમિત્તિક અને તે સમયે કર્મો તેના કારણે હોય છે તેને નિમિત્ત કહેવાય છે, તેવો મેળ છે, તેનો નિષેધ નથી.

જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાય છે. એટલે કે અજ્ઞાની પોતાના અજ્ઞાનભાવ વડે વિકારભાવને કરે છે. શુભ ભાવ કરે કે અશુભ ભાવ કરે, નિગોદના ભાવ કરે કે સ્વર્ગના ભાવ કરે, તેનો કર્તા આત્મા પોતે છે, પોતાના ભાવ વડે તે ભાવ કરે છે. તેથી જીવ જ્યાં સુધી કદાચિત્ એટલે અજ્ઞાનભાવ કરે છે ત્યાંસુધી, વિકારભાવનો કર્તા છે પણ જ્ઞાની થાય એટલે વિકારભાવનો કર્તા થતો નથી. માટે 'કદાચિત્' શબ્દ વાપર્યો છે.

દ્રવ્ય સ્વભાવ વડે તો વિકારનો કર્તા અજ્ઞાની પણ નથી પણ—પર્યાય સ્વભાવ વડે અજ્ઞાની વિકારનો કર્તા છે. જો દ્રવ્ય સ્વભાવથી વિકારનો કર્તા અજ્ઞાની થાય તો વિકારનો કદી નાશ થાય નહિ.

મિથ્યાદ્રષ્ટિપણાનો ભાવ પોતાથી કરતો હોઈને નિગોદનો જીવ પણ પોતાના ભાવ વડે અજ્ઞાન અને વિકાર કરી રહ્યો છે ત્યાં પણ કર્મના કારણે કે કર્મથી વિકાર થાય છે—એમ નથી પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી એટલે કે માટી વડે કપડું થતું નથી તેમ અજ્ઞાનીના રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ભાવ વડે દ્રવ્ય કર્મનું કરાવું અશક્ય છે.

પ્રથમ જીવ પુદ્‌ગલ બન્નેને અરસપરસ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે વાત જણાવી છે ખરી પણ અહીં તો ખાસ વાત એ સિદ્ધ કરવી છે કે જીવ કદાચિત્ પોતાના ભાવનો કર્તા થાય છે પણ કર્મના ભાવને તો કદી પણ કરતો નથી.

જીવના વિકારમાં કર્મનું નિમિત્તપણું હોય છે અને કર્મના પરિણામમાં જીવના પરિણામનું નિમિત્તપણું હોય છે. પણ કર્મનો ઉદય હોય ત્યારે આત્મામાં વિકાર થાય જ, એવો નિયમ નથી. એટલે એ વાત અહીં સિદ્ધ કરવી નથી પણ પોતાના

અપરાધને કારણે અજ્ઞાનીને વિકાર થાય છે તે વખતે કર્મ તેના કારણે તેવાં જ બંધાય છે, છતાં આત્મા તેનો કર્તા ત્રણકાળમાં નથી. પણ અજ્ઞાનમાં પોતાની પર્યાયનો કર્તા થાય છે. કોઈ કાળે આત્માથી જડની પર્યાય થતી નથી એમ પરથી જુદો માને તો જીવની સ્વતંત્રતા જણાય અને તો સમ્યક્દર્શન થાય.

# પ્રસાદ નં. ૭૮

## સમયસાર ગાથા ૮૦—૮૨ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૪, રવિવાર, ૨૦૦૭)

**ભાવાર્થ :—**જીવ પોતાના પર્યાયને ક્ષણે ક્ષણે કરે છે, અજ્ઞાન કરે અથવા તો જ્ઞાન કરે પણ પરનું તો કાંઈ કરી શકે જ નહિ. રાગાદિ પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સબંધ છે તો પણ પરસ્પર કર્તાકર્મ સંબંધ નથી. પરપદાર્થનો કર્તા તો જીવ કદી પણ નથી, પણ પરના નિમિત્તથી પોતામાં અજ્ઞાનભાવ થાય છે, તેનો કદાચિત્ (અજ્ઞાનદશામાં) કર્તા કહેવાય.

પરના નિમિત્તથી પોતાના ભાવ કહ્યા એટલે પોતે અજ્ઞાન, રાગદ્વેષ કરે છે ત્યારે પુદ્‌ગલકર્મનું નિમિત્ત હોય છે. પોતાના સ્વભાવના લક્ષે તે થતા નથી માટે પરના નિમિત્તથી પોતાના કારણે અજ્ઞાનભાવ પોતે કરે તો થાય છે, માટે 'કદાચિત્' કહ્યું છે. પણ 'કદાચિત્'નો અર્થ એવો નથી કે અજ્ઞાનભાવમાં કોઈ વખત પરનો કર્ત્તા થાય અને કોઈ વખત ન થાય. જ્ઞાનદશા કરે તો પરનો કર્તા થતો નથી માટે કદાચિત્ કર્ત્તા છે, તેમ કહ્યું છે.

તેથી એમ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામ સાથે કર્તાકર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ છે, એટલે કે અજ્ઞાની દયાદાનાદિના ભાવ કરે તે તેનું કાર્ય છે અને સુખદુઃખાદિનું વેદન કરે તો તેનો ભોક્તા આત્મા છે—એમ હવે કહે છે :—

### ગાથા ૮૩

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

**અન્વયાર્થ :—**નિશ્ચયનયનો એટલે યથાર્થ દ્રષ્ટિનો એમ મત છે કે આત્મા પોતાને જ કરે છે અને વળી આત્મા પોતાને જ ભોગવે છે, એમ હે શિષ્ય! તું જાણ.

ખરેખર આત્મા લાડવાને ખાઈ શકતો નથી અને લાડવાને બનાવી શકતો પણ નથી. પણ હરખ—શોક ભોગવે છે અને રાગદ્વેષાદિ કરે છે. મકાન, પૈસા વગેરે જડ પદાર્થો છે, તેને રાગના કારણે લાવી શકાય નહિ અને તેને આત્મા બનાવી શકે પણ નહિ. વળી પોતાના આત્મા સિવાય બીજાં અરૂપી દ્રવ્યો તથા બીજા આત્માની પર્યાયને આ આત્મા કરી કે ભોગવી શકે નહિ પણ આત્મા પોતાના ભાવને પર્યાયબુદ્ધિએ કરે અને હરખ—શોકને ભોગવે અને આકુળતાના દુઃખને વેદે.

**ટીકા** :—જેમ દરિયામાં મોજા ઊઠે છે અને સમાઈ જાય છે તેને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત કહેવાય છે. દરિયામાં મોજાં પોતાના કારણે ઊઠે તો પવનને નિમિત્ત કહેવાય અને મોજાં પોતાના કારણે સમાય ત્યારે પવનને અભાવરૂપ નિમિત્ત કહેવાય છે. પણ પવનના કારણે મોજું ઊઠ્યું નથી અને પવનના અભાવના કારણે મોજું સમાયું નથી. જો પવનના કારણે મોજાનું ઊઠવું અને સમાવું થાય તો પરદ્રવ્ય સાથે કર્તાકર્મ થાય છે, પણ એમ છે નહિ. દરિયાની અવસ્થા વ્યાપ્ય અને પવન વ્યાપક, એમ વ્યાપ્યવ્યાપક સંબંધ નથી.

પવનનું નિમિત્ત હતું તો મોજું થયું છે અને પવન નથી માટે મોજું નથી—એમ અજ્ઞાની માને છે પણ પવનના કારણે મોજાની અવસ્થા માનવામાં આવે તો કર્તાકર્મપણું થાય છે. વળી દરિયામાં મોજું ઊઠવાનું હતું માટે પવનને આવવું પડ્યું છે—એમ પણ નથી અને મોજું નથી ઊઠવાનું માટે પવનની ગેરહાજરી છે—એમ પણ નથી. એ રીતે શબ્દ ન હતા માટે જ્ઞાનની અવસ્થા ન થઈ અને જ્ઞાનની અવસ્થા થવાની હતી માટે શબ્દને આવવું પડ્યું—એમ નથી. પણ જ્ઞાન થવાના સમયે શબ્દ હોય છે પણ એકબીજાના કારણે કોઈ નથી. પવન કર્તા અને મોજું તેનું કાર્ય, એમ નથી, પણ દરિયાનો પોતાનો મોજાંરૂપે થવાનો કાળ છે, તે દરિયાના કારણે છે.

દરિયામાં મોજાં ઊઠવાની સહજતાના કાળે મોજાં ઊઠે છે, તે વખતે પવનની હાજરી હોવા છતાં પણ પવનને અને મોજાંને વ્યાપ્યવ્યાપક સંબંધનો અભાવ હોવાથી કર્તાકર્મ સંબંધ નથી; ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અજ્ઞાની સંયોગને જુએ છે પણ સ્વભાવને જોતો નથી. સંયોગ જોનારની મૂઢ દ્રષ્ટિ છે. અજ્ઞાની પવનને જુએ છે, જ્ઞાની દરિયાની મોજાંરૂપ અવસ્થા થવાની યોગ્યતાને જુએ છે, તે દ્રવ્યના પર્યાયસ્વભાવને જુએ છે.

સમુદ્ર પોતે મોજાંની શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં કારણ છે, પવન કારણ નથી. અજ્ઞાની સમુદ્રના સ્વભાવને દેખતો નથી, જ્યારે જ્ઞાની સ્વભાવને દેખે છે. તેથી જ્ઞાનીને સમુદ્રના કારણે મોજું થયું એમ ભાસે છે, પણ પવનના કારણે મોજું થયું એમ ભાસતું નથી. જો પવનના કારણે મોજું થતું હોય તો લાકડામાં પણ મોજું ઊઠવું જોઈએ પણ લાકડામાં મોજું ઊઠતું નથી.

વળી જેમ તે સમુદ્રને અને પવનને ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી તે પવનને અનુભવતો નથી, પણ પોતાની પર્યાયને એટલે મોજાને અનુભવે છે. સમુદ્ર વડે પવનનું અનુભવાવું અશક્ય હોવાથી પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે પણ પવનને અનુભવતો પ્રતિભાસતો નથી. આ દ્રષ્ટાંત થયું.

તેવી રીતે સંસાર એટલે વિકારી દશા આત્મા પોતે સ્વતંત્રપણે કરે છે, કર્મ વિકાર કરાવતું નથી, કર્મ છે માટે વિકાર છે—એમ નથી. અને સિદ્ધમાં કર્મ નથી માટે વિકાર નથી—એમ નથી. નિગોદમાં પણ નિગોદનો જીવ પોતે તે વિકારી ભાવોને કરે છે, ત્યાં પણ કર્મના કારણે વિકાર નથી. અજ્ઞાની નરકમાં જાય તો ત્યાં પણ રાગદ્વેષાદિ વિકારી અવસ્થાનો કરનાર તે પોતે છે. એ રીતે ચાર ગતિમાં વિકાર જીવ પોતે પોતાના કારણે કરે છે, કર્મના કારણે નહિ. કર્મના કારણે જીવને ગતિમાં જવું પડે, એમ તો છે નહિ, પણ જીવના કારણે કર્મને બંધાવું પડે, એમ પણ નથી. અજ્ઞાની માને છે કે શ્રેણિક રાજાને નરકમાં જવાની ઇચ્છા ન હતી પણ કર્મના કારણે જવું પડ્યું.–તે વાત બરાબર નથી. પણ શ્રેણિક રાજા પોતાના વિકારને કારણે અને ક્રિયાવતી શક્તિના કારણે નરકમાં ગયા છે, કર્મના કારણે ગયા નથી.

કર્મનો વિપાક સંસારમાં નિમિત્તરૂપે છે અને મોક્ષ અવસ્થામાં કર્મના વિપાકનું અસંભવપણું છે. પણ કર્મનો અભાવ થાય છે માટે સમ્યગ્દર્શન થાય છે–એમ નથી. સંસાર એટલે ચૌદ ગુણસ્થાન સુધી કર્મનું નિમિત્ત છે, પણ કેવળજ્ઞાની કાંઈ કર્મના કારણે સંસારમાં રહ્યા નથી, કેમ કે પુદ્‌ગલ વ્યાપક થઈને જીવનું કાર્ય કરે અથવા તો જીવ પુદ્‌ગલ કર્મનું કાર્ય વ્યાપક થઈને કરે, એમ છે જ નહિ. જીવનો મોક્ષ થયો માટે કર્મને અભાવરૂપે થવું પડ્યું—એમ નથી, બંને સ્વતંત્ર છે.

આ રીતે યથાર્થ વાત આવતાં અજ્ઞાનીને એમ લાગે છે કે તમે નિમિત્ત ઉડાડો છો—એટલે કે નિમિત્તને માનતા નથી. નિમિત્તથી ઉપાદાનમાં કાંઈક થાય એમ માનીએ તો નિમિત્તને માન્યું કહેવાય, એમ અજ્ઞાની કહે છે. પણ અહીં તો કહે છે કે આત્મામાં વિકારભાવ થાય તે જ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે પરિણમે છતાં જીવને અને કર્મને વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. તો પછી નોકર્મ એવાં શરીર આદિને વ્યાપ્યવ્યાપક સંબંધ તો હોય જ શેનો ?

જીવ પોતે સંસારદશામાં વ્યાપ્ત થઈને આદિ-મધ્ય-અંતમાં પોતાની યોગ્યતાના કારણે વિકારી ભાવરૂપે પરિણમે છે, પણ કર્મ છે માટે પરિણમે છે—એમ નથી અને વિકાર ટળવામાં આદિ-મધ્ય-અંતમાં જીવની જ યોગ્યતા છે. પોતામાં વ્યાપવાની જીવની તાકાત છે પણ પરમાં કાંઈ કરવાની જીવની તાકાત નથી.

આત્મા ત્રિકાળી શુદ્ધસ્વભાવી હોવા છતાં વર્તમાન પર્યાયમાં વિકાર થાય છે, તે જીવની પર્યાયની યોગ્યતા છે. ત્રિકાળ ધ્રુવ ચૈતન્યશક્તિમાં વિકાર છે જ નહિ અને પરદ્રવ્ય વિકાર કરાવતું નથી એટલે વર્તમાન પર્યાયની યોગ્યતાથી જ એ વિકાર થયો છે. એટલે સંસારદશામાં રાગાદિના પરિણામ થાય છે, તે સંયોગ

આવ્યો અને કર્મનો ઉદય આવ્યો માટે થાય છે, તે વાતને કાઢી નાખી છે એટલે આદિ-મધ્ય-અંતમાં પોતાની પર્યાય જ છે.

આમ પર્યાયની યોગ્યતા કહેતાં ચક્રકદોષ આવતો નથી. એકથી બીજું ને બીજાથી ત્રીજું કારણ એમ કહેવામાં આવે તો ચક્રકદોષ આવે પણ આત્માની તે સમયની પર્યાયની યોગ્યતા જ કારણ છે, તેથી ચક્રકદોષ આવતો નથી. આદિ-મધ્ય-અંત એક પર્યાયમાં ત્રણ પ્રકારથી શબ્દ પ્રયોગમાત્ર કર્યો છે, તેમ નથી, તે સાર્થક છે, તે દ્રઢતા બતાવે છે.

સંસારમાં અને સંસારના અભાવમાં, આદિ-મધ્ય-અંતમાં પોતે આત્મા કારણ છે, બીજી કોઈ ચીજ કારણ નથી. આનંદ આદિ દશાનું કારણ આત્મા જ છે, બીજું કોઈ નથી.

સમુદ્રના દ્રષ્ટાંતમાં એમ કહ્યું હતું કે સમુદ્રના તરંગો ઊઠે છે અને સમાય છે, તે સમુદ્રના કારણે થતાં પ્રતિભાસે છે. અહીં સિદ્ધાંતમાં કહ્યું કે આત્મા પોતે વિકાર અને અવિકારપણે થાય છે, એમ પ્રતિભાસો. 'પ્રતિભાસો' શબ્દમાં અજ્ઞાની પોતાથી કષાય—અકષાય ભાવો થાય છે, તે માનતો નથી, તેને તું આમ જાણ—એમ સંબોધન કરે છે. અજ્ઞાની પોતાના ભાવનું કારણ પર ઉપર નાખે છે તેથી તેને કહે છે કે આત્મા પોતાને એકને જ કરતો પ્રતિભાસો. એટલે કે જીવ કર્મની પર્યાયને કરતો નથી, એમ પ્રતિભાસો.

વળી તેવી જ રીતે આ આત્માને અને પરદ્રવ્યને ભાવ્યભાવકપણાનો અભાવ હોવાને લીધે પરભાવનું પરભાવ વડે અનુભવાવું અશક્ય છે. એટલે કે આત્મા જડની પર્યાયને ભોગવે નહિ, જીવ પોતાની પર્યાયનો ભોક્તા છે. પરને ભોગવવાની લાયકાતનો જીવમાં અભાવ હોવાથી જડનું આત્મા વડે ભોગવવું અશક્ય છે, પણ આત્મા ભોગવનાર અને પોતાની હરખ-શોકની પર્યાય તે ભોગ્ય છે અથવા આત્મા ભોગવનાર અને અવિકારી પર્યાય તે ભોગ્ય છે પણ આત્મા કર્મને ભોગવતો જ નથી, એમ પ્રતિભાસો.

# પ્રસાદ નં. ૮૦

## સમયસાર ગાથા ૮૩ના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૫, સોમવાર, ૨૦૦૭)

જેવી રીતે સમુદ્રના મોજાં ઊઠવામાં અને મોજાં સમાવામાં સમુદ્ર જ વ્યાપે છે, સમુદ્ર જ મોજાંને અનુભવે છે પણ પવનનો સદ્‌ભાવ કે અભાવ મોજામાં વ્યાપતો નથી, તેમ તેને અનુભવતો નથી, કેમ કે મોજાંને અને પવનને વ્યાપ્યવ્યાપકપણાનો અને ભાવ્યભાવકપણાનો અભાવ છે તેથી સમુદ્ર મોજાંને કરતો પ્રતિભાસે છે પણ પવન કરતો પ્રતિભાસતો નથી. વળી મોજાંને સમુદ્ર જ અનુભવે છે, પણ પવન અનુભવતો નથી.

તેવી રીતે આત્મામાં દયાદાનાદિ તથા કામક્રોધાદિના પરિણામ થાય છે, તે સંસાર છે અને મોક્ષના પરિણામ તે નિઃસંસાર છે. તેમાં પોતે વ્યાપીને તે પરિણામને કરતો ભાસે છે અને આત્મા પોતે પોતાના પરિણામને અનુભવે છે પણ કર્મના વિપાકનો સદ્‌ભાવ કે અભાવ કરતો કે અનુભવતો પ્રતિભાસતો નથી.

આ જીવને અને કર્મને ભાવ્યભાવકપણાના અભાવને લીધે જીવ ભાવક થઈને કર્મની અવસ્થાને ભોગવે તેવી આત્મામાં તાકાત નથી. જડનું આત્મા વડે અનુભવાવું અશક્ય હોવાથી સંસારમાં કે મોક્ષમાં પણ જીવ પોતાના ભાવને અનુભવે છે. કોઈ કહે કે ચાર ગતિને જીવ ભોગવે છે. તો કહે છે કે જડને કોઈ ભોગવતો નથી પણ સંસારમાં પર્યાયદ્રષ્ટિ જીવ પોતાના વિકારને અનુભવે છે, તેમ જાણ!

સંસારમાં કે નિઃસંસારમાં પોતાને એકને જ અનુભવ એટલે કે તું તારી પર્યાયને જ જો, પરને ન જો. જુવાન અવસ્થામાં શરીરની અનુકૂળતા લાગે અને વૃદ્ધાવસ્થામાં પ્રતિકૂળતા લાગે તે બંનેમાં અજ્ઞાની પોતાની લાગણીને અનુભવે છે પણ શરીરની અવસ્થાને તો ભોગવતો નથી. બહારની સામગ્રીને જીવ ભોગવે છે—એમ અજ્ઞાની માને છે પણ કોઈ જીવ પર પદાર્થને અડતો નથી, તો તેને કેવી રીતે ભોગવે ? જીવ પોતે સંસાર કે નિઃસંસાર અવસ્થાનો અનુભવ કરે છે પણ બીજો કોઈ અનુભવ કરે છે—એમ નથી અને બીજાને કોઈ ભોગવતો પણ નથી. અજ્ઞાનદશામાં પણ સંયોગને અનુભવી એટલે ભોગવી શકતો નથી.

સંસારદશામાં શુભાશુભભાવનો—હરખ-શોકનો અનુભવ અને મોક્ષમાં પોતાની નિર્વિકાર શાંતિનો અનુભવ જીવ પોતે એકલો કરે છે. સંસારમાં ચાર ગતિના સંયોગને કોઈ ભોગવતું નથી અને મોક્ષમાં સિદ્ધશિલાનો અનુભવ કેવળી

કરતા નથી. કેવળજ્ઞાની સમુદ્‌ઘાત કરે ત્યારે તેમના આત્માના અમુક પ્રદેશો સાતમી નરકના ક્ષેત્રે પણ હોય છે, છતાં તે નરકના સંયોગનું દુઃખ કેવળીને નથી. અને નારકીના જીવને પણ નરકક્ષેત્રનું દુઃખ નથી પરંતુ દ્વેષનું અને અજ્ઞાનભાવનું દુઃખ છે, એમ જાણો.

સંસારમાં બહાર સંયોગો બધા અનુકૂળતાના હોવા છતાં પણ કલ્પના કરે કે દીકરો મારું કહ્યું માનતો નથી, ક્યાંય અપમાન થાય તેની કલ્પના ઉઠાવીને દુઃખી થાય તો અનુકૂળ સંયોગો હોવા છતાં પણ તે સંયોગ સુખનું કારણ થતા નથી, તે પ્રત્યક્ષ છે. સંકલ્પ–વિકલ્પથી દુઃખ થાય છે. તેમ જ બહારમાં પ્રતિકૂળતાના સંયોગો હોય એટલે કે શરીરમાં રોગ હોય, નિર્ધનતા હોય છતાં કલ્પનામાં ચડ્યો કે છોકરો મોટો થશે, તે કમાઈને આપશે, ચાકરી કરશે ને તેથી હું સુખી થઈશ; તો તે વખતે સંયોગનું દુઃખ લાગતું નથી. એવી રીતે કોઈ પણ જીવને સંયોગોનું દુઃખ નથી પણ અજ્ઞાનભાવ અને રાગદ્વેષનું દુઃખ છે, એમ પ્રતિભાસો.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોને દુઃખ તો મિથ્યાત્વનું અને રાગદ્વેષનું છે. લીલોતરીનો જીવ કષાય કે તેલમાં તળાય તેનું તેને દુઃખ નથી પણ શરીર અને વિકારમાં એકત્વબુદ્ધિનું દુઃખ છે, તેમ જાણો. આત્મા તો ત્રિકાળ શુદ્ધ જ્ઞાતાસ્વભાવી છે, તેને ન જાણતાં પરમાં એકત્વ કરીને આકુળતા કરે છે, તેનું જ જીવને દુઃખ છે, એમ પ્રતિભાસો એટલે કે જાણો.

અનાર્ય તીવ્રકષાયી લોકો પોતાના ખોરાક માટે જીવતા ભુંડને પગ બાંધીને અગ્નિમાં શેકે છે. તે વખતે ભુંડને દુઃખ થાય છે તે અગ્નિનું નથી, પણ શરીરને અગ્નિના સંયોગે હું દુઃખી છું, એવી ભ્રમણાથી દ્વેષબુદ્ધિ કરે છે તેનું તે જીવને દુઃખ છે. તેમ હે જીવો! તમો જાણો. ચૈતન્ય ભગવાન, સ્વભાવદ્રષ્ટિ છોડીને વિકારભાવનું કર્તાકર્મપણું માને છે, તેનું તેને દુઃખ છે.

પ્રશ્ન :—જો પરદ્રવ્ય દુઃખનું કારણ નથી, તો પછી મુનિને કપડાં શું નુકશાન કરતાં હશે ? કપડાં હોય ત્યાંસુધી છઠ્ઠું ગુણસ્થાન થતું નથી, તેનું શું કારણ ?

ઉત્તર :—મુનિને કપડાં નુકશાન કરતાં નથી અને કપડાં છે માટે છઠ્ઠું ગુણસ્થાન અટક્યું છે, એમ પણ નથી, પરંતુ કપડાં તરફનો રાગ છે, તે રાગના કારણે ગુણસ્થાન અટક્યું છે, તેમ જાણો. રાગ છોડીને સ્વભાવમાં સ્થિર થવું જોઈએ. અસ્થિરતાના ભાવને છોડીને સ્થિરતાના ભાવ કરે ત્યારે વસ્ત્ર એના કારણે છૂટી જાય છે, તેવો મેળ છે. કપડાંને મુનિ છોડતાં નથી પણ ખરેખર કપડાંના રાગને છોડે છે, તેમ જાણો.

બહાર પુણ્યનો ઠાઠ હોય તેને અને તારે કાંઈ સંબંધ નથી. અજ્ઞાનીને એમ થાય છે કે મુનિ થયા પણ બહારમાં હજારો માણસો ઉપદેશ સાંભળવા આવતા નથી એટલે બહારમાં ગણતરી થતી નથી, પણ પરનાં કામ ઘણાં થાય તો મુનિપણાની ગણતરી થાય—એમ તે માને છે. પણ હજારો માણસો ભેગાં થાય તેથી કાંઈ મુનિપણાની ગણતરી નથી. એની સાથે કાંઈ સંબંધ નથી. આત્મામાં શુભાશુભભાવ થાય કે નિર્વિકાર સ્વભાવભાવ થાય તે બન્ને ભાવમાં જે વેદન થાય તે તારાથી છે, પણ પરદ્રવ્યથી નથી. તારા ચૈતન્ય સ્વભાવને ભૂલે તેટલું દુઃખ છે અને સંભારે તેટલું સુખ છે. તેમ પ્રતિભાસો. તારા આત્માને એકને જ અનુભવતો જો.

એકત્વભાવના કરી છે. હું એક અસંગતત્ત્વ છું, અસંગતત્ત્વનું ભાન તેટલું સુખ અને અસંગતત્ત્વનું ભૂલવું એટલું દુઃખ છે. સુખદુઃખ કોઈ પર સંયોગમાં નથી. ખોરાક અનુકૂળ હોય તો શરીરમાં સ્વાસ્થ્ય રહે અને તેથી પરિણામ સુધરે, એમ છે જ નહિ. માટે પરના કારણે આત્માના પરિણામ સુધરે તેવી માન્યતા કાઢી નાખ. મૂઢની કલ્પના છે કે બહાર સ્ત્રી, પુત્ર આદિ ઠીક હોય તો સુખી થવાય અને એકલો હોઉં તો સુખ નથી. પણ તેમ છે જ નહિ. છોકરા સારા હોય તો જીવને ઠીક રહે તેમ છે નહિ. સંસાર અને મોક્ષ બન્નેમાં આત્મા પોતાના પરિણામને અનુભવતો પ્રતિભાસો. 'પ્રતિભાસો' કહ્યું છે, તે એમ બતાવે છે કે આવો ઉપદેશ છે ત્યાં સમજનાર હોય જ. ન હોય એમ બને નહિ—એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

**ભાવાર્થ :**—પુદ્‌ગલ કર્મની હાજરીમાં આત્મા વિકારભાવ કરે છે, તે આત્માની દશા છે, અને પુદ્‌ગલકર્મની હાજરી ન હોય તે વખતે આત્મા અવિકારી ભાવ કરે છે. તે પણ આત્માની દશા છે. એટલે કે તારા વર્તમાનથી તું છો, પણ પરના વર્તમાનથી તારું વર્તમાન નથી.

આ પ્રમાણે યથાર્થ જાણે તો પરની મમતા છૂટ્યા વગર રહે જ નહિ. ક્ષણે અને પળે એકલો છું—એમ જાણો. સ્વભાવરૂપે પરિણમવાથી ધર્મ અને વિકારરૂપે પરિણમવાથી અધર્મ છે, પરથી કાંઈ નથી. એક રજકણ પણ મારો નથી, એમ સંયોગીદ્રષ્ટિ ગઈ એટલે સ્વભાવની દ્રષ્ટિ થયા વગર રહે નહિ.

અજ્ઞાની પર સંયોગને જોઈને કહે છે કે આ લક્ષ્મીનો ખજાનો આખી જિંદગી સુધી ખૂટશે નહિ, માટે હું દુઃખી થઈશ નહિ. તે અજ્ઞાનબુદ્ધિ છે, તેને છોડ. પોતાની નિર્મળ પર્યાયથી જ સુખી અને પોતાની વિકારી પર્યાયથી જ દુઃખી છે, એમ જાણતાં પોતાની પર્યાય કે જે એક સમયની છે, તેના ઉપરથી દ્રષ્ટિ ખસીને ધ્રુવ ઉપર ગયા વગર રહેશે નહિ. પુદ્‌ગલની હાજરીમાં સંસાર અને ગેરહાજરીમાં

નિઃસંસાર—એ બંનેમાં આત્મા પોતે જ છે. આમ આત્મા પોતે પોતાના પરિણામનો કર્તા અને ભોક્તા છે પણ પુદ્‌ગલકર્મોનો કર્તા કે ભોક્તા કદી નથી—એમ જાણવું. ॥૮૩॥

હવે અજ્ઞાનીનો વ્યવહાર દર્શાવે છે :—

## ગાથા ૮૪

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

**અન્વયાર્થ :**—વ્યવહારનયનો એ મત છે (અહીં સમ્યક્ વ્યવહાર નયની વાત નથી, પણ વ્યવહારાભાસની વાત છે) કે આત્મા અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને કરે છે અને વળી તે જ અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને તે ભોગવે છે. જ્ઞાની પર પદાર્થને કરે કે ભોગવે નહિ પણ પર પદાર્થને જાણે છે. તે સાચો વ્યવહાર છે. અજ્ઞાની તો પરપદાર્થને કરું છું અને ભોગવુ છે, એમ માને છે, તેથી તે પર્યાયબુદ્ધિ છે, તેથી વ્યવહારાભાસ છે. ખરેખર તો અજ્ઞાની પણ પુદ્‌ગલકર્મને કરી કે ભોગવી શકતો નથી પણ અજ્ઞાનથી માને છે.

**ટીકા :**—જેમ અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે. માટી તે વ્યાપક છે અને ઘડો તે વ્યાપ્ય છે. તેમ જ અંદરમાં માટી ભાવક થઈને ઘડારૂપી ભાવ્યને ભોગવે છે અને બહારમાં કુંભાર તેની ઇચ્છા અને હાથની ક્રિયા કરે છે અને ઘડા વડે કરેલા પાણીના ઉપયોગથી ઊપજેલી પોતાની તૃપ્તિને ભોગવે છે. કુંભાર, હાથની ક્રિયાને અને ઇચ્છાને માટીથી બહાર રહીને કરે છે અને પોતાની વિકારી પર્યાયમાં વ્યાપીને ઘડાની ઉત્પત્તિને અનુકૂળ વ્યાપાર કરે છે, પણ ઘડાની ક્રિયાને કરતો નથી. માટીની ઘડારૂપે થવાની ક્રિયા વખતે કુંભારની ઘડાને અનુકૂળ ક્રિયા હોય છે, તેવો મેળ છે. ઘડો થવાનો હોય ત્યારે કુંભારની પર્યાય નિમિત્તરૂપે ન હોય, એમ બને જ નહિ, પણ તે કુંભારના પોતાના કારણે હોય છે.

કુંભાર ઘડા વડે કરેલા પાણીના ઉપયોગથી ઊપજેલી તૃપ્તિને અનુભવે છે. પાણીના ઉપયોગથી તૃપ્તિને અનુભવે છે, એ તો વ્યવહારનું કથન છે. ખરેખર તો કુંભાર પોતાના રાગને અનુભવે છે, તેમ સમજવું. આમ સિદ્ધાંત હોવા છતાં ઘડાને કુંભાર કરે છે અને ભોગવે છે, એમ કહેવું તે અજ્ઞાનીનો અનાદિરૂઢ વ્યવહાર છે.

તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપક થઈને પુદ્‌ગલ જ કર્મને કરે છે અને ભાવ્યભાવકપણે પુદ્‌ગલ જ કર્મને ભોગવે છે. તો પણ, બહારમાં વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે જીવ પુદ્‌ગલકર્મને અનુકૂળ એવા પોતાના રાગાદિ પરિણામને કરે છે, ત્યારે જીવે કર્મ કર્યાં એવો અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. જ્ઞાનીને એવો વ્યવહાર હોતો નથી. વળી પુદ્‌ગલકર્મના વિપાકથી વિષયોની નિકટતા થાય છે. એટલે કે પુદ્‌ગલકર્મના વિપાકને કારણે નરક કે મનુષ્ય આદિના સંયોગો હોય છે. બહારના સંયોગો, કર્મના કારણે પ્રાપ્ત થાય છે, તેમ તો અહીં અમૃતચંદ્રાચાર્ય કહે છે, છતાં અજ્ઞાની એમ માને છે કે વર્તમાન પુરુષાર્થના કારણે તે મળે છે, પણ તેની તે વાત ખોટી છે. બહારની સામગ્રીનું નિમિત્ત કારણ કર્મનો વિપાક છે પણ વર્તમાન આત્માનો પુરુષાર્થ તે નિમિત્તકારણ નથી. તે વિષયોને અજ્ઞાની ભોગવે છે, તેમ કહેવું તે અજ્ઞાનીનો અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર છે. જ્ઞાની વિષયોને ભોગવતો નથી, તેથી તેને આવો વ્યવહાર હોતો નથી.

# પ્રસાદ નં. ૮૧

## સમયસાર ગાથા ૮૪ ટીકાના પ્રવચનમાંથી.

(પોષ સુદ ૧૫, મંગળવાર, ૨૦૦૭)

પુદ્ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતાની વાત ચાલે છે. આત્મા જડને ભોગવી શકતો નથી, કેમ કે તે પરપદાર્થ છે. આત્મા તો પોતાની અવસ્થામાં રાગદ્વેષને કરે અને સુખદુઃખની કલ્પનાને ભોગવે છે. પુદ્ગલકર્મનો ઉદય હોય તે અનુસાર સામગ્રી મળે છે. આત્મા તેને ભોગવતો નથી. આત્મા તો સુખદુઃખના ભાવ કરે છે અને તેને ભોગવે છે.

પર ચીજને હું ભોગવું છું એવો અજ્ઞાનીનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. પણ ખરેખર આત્મા પરનો કર્તા કે ભોક્તા નથી. વિષયોની નિકટતા પ્રાપ્ત થાય છે તે પૂર્વ કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી છે. તેને હું ભોગવું કે કરી શકું છું, એમ અનાદિના અજ્ઞાનીને એ જ પ્રસિદ્ધ છે. તેને આત્મા પ્રસિદ્ધ નથી, પણ વ્યવહાર જ પ્રસિદ્ધ છે.

સામગ્રીના કારણે સુખદુઃખની પરિણતિ થાય છે, એમ કહ્યું અનો અર્થ એ છે કે સુખદુઃખના પરિણામમાં સામગ્રી નિમિત્ત છે પણ સામગ્રીના કારણે સુખદુઃખની પરિણતિ નથી.

**ભાવાર્થ** :—પુદ્ગલ કર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોને પુદ્ગલ દ્રવ્ય જ કરે છે, આત્મા કર્મોને કરતો નથી. જડની પર્યાય જડ જ કરે. આત્મા તો પુદ્ગલકર્મને અનુકૂળ પોતાના રાગાદિ પરિણામને કરે છે. એટલે કે જેવો કર્મનો નવો બંધ થાય છે તેને અનુકૂળ પોતાના રાગાદિ પરિણામને આત્મા કરે છે. વળી પુદ્ગલ દ્રવ્ય જ પુદ્ગલકર્મને ભોગવે છે. જીવ તો પુદ્ગલકર્મના નિમિત્તથી થતા પોતાના સુખદુઃખાદિના ભાવને ભોગવે છે. કર્મ તો જડ, અચેતન અને રૂપી છે, તેને જીવ ભોગવી શકે નહિ. જીવ તો ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ આદિને ભોગવે છે.

પરંતુ, અજ્ઞાનીને જીવ અને પુદ્ગલનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેખીને એવો ભ્રમ થાય છે કે આત્મા કર્મને બાંધે છે અને ભોગવે છે, પણ ખરેખર આત્મા કર્મને બાંધતો નથી. આત્મા પોતાના ભાવ પોતાના કારણે કરે છે, ત્યારે કર્મ તેના કારણે બંધાય છે. પરનો હું કર્તા છું, એવો અજ્ઞાનીનો અનાદિકાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

પરમાર્થે જીવ—પુદ્ગલની પરિણતિ જુદી હોવા છતાં, જ્યાંસુધી ભેદજ્ઞાન ન હોય ત્યાંસુધી બહારથી જડ અને ચૈતન્યની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે. જેવી

ઇચ્છા આત્મા કરે તેવી શરીરની પ્રવૃત્તિ થાય છે, તેમ અજ્ઞાનીને લાગે છે. અજ્ઞાનીને જીવ–પુદ્‌ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી સ્થૂલદ્રષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે; તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રીગુરુ ભેદજ્ઞાન કરાવીને એટલે કે ભેદજ્ઞાન દ્વારા જીવનું સ્વરૂપ બતાવીને, અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે. ॥૮૪॥

હવે આ વ્યવહારને દૂષણ બતાવે છે :—

## ગાથા ૮૫

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા કરે. ૮૫.**

**અન્વયાર્થ :**—જો આત્મા આ પુદ્‌ગલકર્મને કરે અને તેને જ ભોગવે તો તે આત્મા બે ક્રિયાથી અભિન્ન ઠરે, એવો પ્રસંગ આવે છે—જે જિનદેવને સંમત નથી.

જો આત્મા જડની અવસ્થાને કરે અને ભોગવે તો આત્મા બે ક્રિયાનો કર્તા થાય એવો પ્રસંગ આવે. પણ આત્મા પોતાની ક્રિયાને કરે અને જડની ક્રિયાને પણ કરે, એમ વીતરાગમાર્ગમાં બનતું નથી. એક દ્રવ્ય બે ક્રિયા કરી શકે જ નહિ અને એક દ્રવ્ય બે ક્રિયા કરે, એમ માનવામાં આવે તો બે ક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ ઠરે.

**ટીકા :**—પ્રથમ તો જગતમાં જે ક્રિયા છે, તે બધીયે પરિણામસ્વરૂપ છે. એટલે દરેક પદાર્થમાં જે અવસ્થા થાય છે, તે પદાર્થનો પરિણામ છે. ખરેખર તે પરિણામ, પરિણામસ્વરૂપ જ છે. ક્રિયાથી ક્રિયા ભિન્ન હોતી નથી; પરિણામ પણ પરિણામીથી ભિન્ન હોતા નથી. ચૈતન્ય પરિણામ ચેતનથી ભિન્ન નથી અને પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલથી ભિન્ન નથી. પરિણામી એટલે દ્રવ્ય અને પરિણામ એટલે અવસ્થા. દ્રવ્યથી તેની અવસ્થા જુદી ન હોય.

ભગવાને કેવળજ્ઞાનમાં છ પદાર્થ જોયા છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ પદાર્થ જગતમાં છે. પરિણામ દ્રવ્યથી જુદા ન હોય. જેમ આંગળી ચાલે છે તે પરિણામ છે અને પુદ્‌ગલદ્રવ્ય તે પરિણામી છે. પરિણામીથી પરિણામ થાય છે પણ નિમિત્તથી તે પરિણામ થતા નથી. આત્માના વિકારી કે અવિકારી પરિણામ થાય તે આત્માથી જ થાય છે અને પરના પરિણામ થાય છે, તે પરના કારણે થાય છે એટલે કોઈના પરિણામ અન્ય કોઈ કરી શકતું નથી. એનો અર્થ એ થયો કે આત્મા જડના પરિણામ કરી શકે નહિ.

માટે એમ સિદ્ધ થયું કે જે કોઈ ક્રિયા છે, તે બધીયે ક્રિયાવાનથી જુદી હોતી નથી. ચેતન અને જડમાં જે અવસ્થા થાય છે તે અવસ્થાના કરવાવાળાથી પૃથક્

હોતી નથી. આત્માનો વિકાર આત્માની ક્રિયાથી જુદો નથી. આમ હોવાથી, નિમિત્ત આવે તો ક્રિયા થાય અને ન આવે તો ન થાય એમ માનનાર પણ દ્વિક્રિયાવાદી છે.

જેમ જીવ પોતાના ભાવમાં પ્રસરીને રાગાદિ પરિણામને કરે છે અને ભાવકપણે ભાવ્યરૂપ અવસ્થાને જ ભોગવે છે, તેમ જો પુદ્‌ગલને કરે અને ભોગવે તો બે દ્રવ્ય એક થઈ જાય છે, ભિન્ન દ્રવ્યો રહેતાં નથી. તેથી તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે, એટલે કે તે જૈન નથી. એક દ્રવ્ય પોતાની ક્રિયા કરે અને પરની પણ ક્રિયા કરે તો જડને અને આત્માને એક માનતાં તે સર્વજ્ઞની આજ્ઞાને માનતો નથી.

પરમાત્મા કહે છે કે જે કોઈ જીવ એમ માને કે હું રાગ પણ કરું છું અને પૈસા પણ કમાઉં છું તો તેમ માનનાર સર્વજ્ઞના મતની બહાર છે, મિથ્યાદ્રષ્ટિ છે, મૂઢ છે.

આત્મા આત્માના પરિણામ કરે અને જડના પણ પરિણામ કરે તો આત્મા અને જડ એમ પૃથક્ પૃથક્ પદાર્થ રહેતા નથી. બે દ્રવ્યનું એકપણું થાય છે. કર્મ આત્માને રખડાવે અથવા તો કર્મ જેમ નચાવે તેમ આત્મા નાચે, તેમ માનનાર બે દ્રવ્યને જુદાં માનતો નથી. કર્મ અને આત્મા બંને ભિન્ન પદાર્થ છે. કર્મની ક્રિયા જડથી જુદી નથી અને આત્માની રાગની ક્રિયા આત્માથી જુદી નથી, તેથી નિગોદમાં પણ જે જીવો રહ્યા છે તે કર્મના કારણે રહ્યા નથી. બે દ્રવ્યની એક ક્રિયા માનવામાં આવે તો બે દ્રવ્ય જુદાં રહેતાં નથી માટે તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

સદ્ધર બેંકમાં રૂપિયા રાખીએ તો સચવાઈ રહે—તે માત્ર કલ્પના છે. આત્માની કલ્પનાના કારણે રૂપિયા રહે નહિ અને બેંક સારી હોય માટે રહે નહિ કેમકે એક પદાર્થના પરિણામ બીજા પદાર્થને કારણે થાય નહિ. એક પદાર્થના પરિણામ બીજા પદાર્થથી થાય તેવી માન્યતા વીતરાગધર્મની બહાર છે. તેમ મિથ્યાદ્રષ્ટિ જીવ દેવ—ગુરુ—શાસ્ત્રને પણ માનતો નથી કેમ કે દેવ—ગુરુ—શાસ્ત્ર તો કહે છે કે એક દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યથી થતી નથી ને આ તેમ માનતો નથી.

શાસ્ત્રથી જ્ઞાન થાય, એમ માનનાર શાસ્ત્રને માનતો નથી અને અધિગમ સમ્યક્દર્શનમાં દેવ—ગુરુ—શાસ્ત્રનું નિમિત્ત હોય છે માટે તેમનાથી સમ્યગ્દર્શન થાય છે—એમ નથી. દેવ—ગુરુના કારણે સમ્યગ્દર્શન થાય છે, એમ માનનાર દેવ—ગુરુને પણ માનતો નથી. અધિગમ સમ્યગ્દર્શન પણ પોતાના કારણે થાય છે, પરના કારણે થતું નથી. જગતમાં અજ્ઞાનીએ એવું ઘુંટાવ્યું છે કે દેવ—ગુરુ—શાસ્ત્રથી આત્માને લાભ થાય પણ તે મિથ્યાદ્રષ્ટિનો મત છે.

પર પદાર્થથી લાભ થાય, એમ શાસ્ત્ર કહેતું નથી, ગુરુ કહેતા નથી અને સર્વજ્ઞની વાણીમાં કે જ્ઞાનમાં પણ આવ્યું નથી. ભગવાનના જ્ઞાનમાં અને વાણીમાં તો એમ આવ્યું છે કે દરેક પદાર્થની ક્રિયા પોતાથી થાય છે, પરથી થતી નથી અને ગુરુ પણ એમ જ કહે છે. જો એક દ્રવ્યથી બીજાની ક્રિયા થાય તો બે દ્રવ્ય જુદાં રહે નહિ. પર દ્રવ્યથી આત્મામાં લાભ થાય, તેમ માનનાર સર્વજ્ઞના મતની બહાર છે એટલે કે તે જૈન નથી, અજૈન છે.

જેવા ભાવ કરે એવાં કર્મ બંધાય, તેમ લખાણ આવે છે પણ ખરેખર તો આત્માએ કર્મને બાંધ્યા નથી. આત્મા રાગ પણ કરે અને કર્મને પણ બાંધે, એમ બે ક્રિયા કરે તો બે દ્રવ્યનું ભિન્નપણું રહેતું નથી. બંને દ્રવ્યની જુદી જુદી ક્રિયા થાય છે છતાં બંનેમાં એકપણું માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. ગુરુના ઉપદેશ વખતે જ્ઞાન થાય છે, તેમાં અજ્ઞાનીને ભ્રમ પડે છે કે ગુરુનો પ્રભાવ પડે છે, પણ ખરેખર એમ નથી. પોતાની યોગ્યતાથી જ્ઞાનની ક્રિયા થાય છે તે આત્માની પોતાની છે, ગુરુના આત્માની ને વાણીની ક્રિયા, જ્ઞાનની ક્રિયાથી ભિન્ન છે, છતાં જે બંને દ્રવ્યની એક ક્રિયા માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

# પ્રસાદ નં. ૮૩

## સમયસાર ગાથા ૮૫ ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૧, બુધવાર, ૨૦૦૭)

### બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે, એમ માનનાર જૈન નથી.

આત્મા ને જડ બે પદાર્થો જુદેજુદા છે. શરીર અને કર્મની અવસ્થા તે જડ પદાર્થોથી થાય છે. આત્માથી થતી નથી ને આત્માની અવસ્થા આત્માથી થાય છે, જડ કર્મ અથવા શરીરથી થતી નથી.

આવી રીતે જડ ને ચેતન સ્વતંત્ર હોવા છતાં જે જીવ જડની ક્રિયા ચેતનથી થાય છે ને ચેતનની ક્રિયા જડથી થાય છે, એમ માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. તેનાં દ્રષ્ટાંતોઃ—કર્મનો ઉદય આવે તો જીવને રાગ કરવો જ પડે, જીવ રાગ કરે છે માટે જડ કર્મને બંધાવું જ પડે, એક જીવ પોતાના દયાના ભાવને કરે અને પરને પણ બચાવી શકે, એક જીવ કમાવાનો ભાવ કરે ને પૈસા પોતા પાસે લાવી પણ શકે, વગેરે પ્રકારની ઊંધી માન્યતાઓ અજ્ઞાની જીવ સેવી રહ્યો છે. ત્યાં જડની ક્રિયા જડથી થાય છે ને આત્મા રાગની ક્રિયા કરે છે. પણ રાગ કર્યો માટે જડની અવસ્થા થાય છે અને કર્મનો ઉદય આવ્યો માટે આત્માને રાગ કરવો પડ્યો, એવું કોઈ દ્રવ્ય પરાધીન નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, દરેક પર્યાય સ્વતંત્ર છે, એવો વસ્તુસ્વભાવ છે, તેવો સર્વજ્ઞના જ્ઞાનમાં ને વાણીમાં આવ્યો છે, છતાં પણ જે જીવ દ્રવ્યોને પરાધીન માની એક દ્રવ્ય બે દ્રવ્યની ક્રિયા કરે છે—એમ માને છે, તે વસ્તુસ્વભાવને માનતો નથી, સર્વજ્ઞ ભગવાનને માનતો નથી, તેથી તે જૈન નથી. ।।૮૫।।

હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદ્રષ્ટિ કઈ રીતે છે ? તેનું સમાધાન કરે છે :—

### ગાથા ૮૬

**જીવભાવ, પુદ્‌ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,**
**તેથી જ મિથ્યાદ્રષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.**

**અન્વયાર્થ :—**જેથી આત્માના ભાવને અને પુદ્‌ગલના ભાવને—બન્નેને આત્મા કરે છે, એમ તેઓ માને છે, તેથી એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા મિથ્યાદ્રષ્ટિ છે.

### દ્વિક્રિયાવાદીઓને અધર્મી કહેવાનું કારણ.

**ટીકા :**—જે જીવ એક દ્રવ્યને બે અવસ્થા હોવાનું માને છે, તે અધર્મી છે. જીવ શુભ–અશુભ પરિણામ કરે ને જડ પદાર્થની ક્રિયા પણ કરે, જીવ ઇચ્છા કરે ને વાણીની ક્રિયા પણ કરે, જીવ ઇચ્છા કરે ને પ્રેરક થઈને શરીરને ચલાવે, ગુરુ પોતાનું કરે ને શિષ્યને પણ ધર્મ પમાડી દે–એવું માનનાર જીવ દ્વિક્રિયાવાદી છે એટલે કે એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માને છે. એક દ્રવ્યની એક જ ક્રિયા હોય, બે હોઈ શકે નહિ. આત્મા પોતાની સ્વસત્તામાં રહે છે, પરની સત્તામાં પ્રવેશતો નથી ને પર પદાર્થો તેમની સત્તામાં રહે છે, તે આત્મામાં પ્રવેશતા નથી. આમ હોવા છતાં વસ્તુનો જે સ્વભાવ છે તેવો જે જીવ માનતો નથી, તેને ધર્મી કહેવામાં આવતો નથી. સર્વજ્ઞની આજ્ઞા બધા દ્રવ્યોને સ્વતંત્ર માનવાની છે પણ તેમ તે માનતો નથી, તેથી તે જૈન નથી.

## એક દ્રવ્ય બે દ્રવ્યની ક્રિયા કરતો ન પ્રતિભાસો.

જે શિષ્ય પાત્રતાથી વિનયપૂર્વક સમજવા માટે આવ્યો છે તેને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી આપે છે તેમ તું માનીશ નહિ. દરેક દ્રવ્યની સત્તા જુદે જુદી છે. તારો ધર્મ કર્મને લીધે અટક્યો નથી તેમ જ દેવ, ગુરુ, શાસ્ત્રથી તને ધર્મ થતો નથી. તારે તારું હિત કરવું હોય તો તારા પરિણામ બીજા કરાવી આપે છે ને તું બીજાના પરિણામ કરી આપે છે, એમ માનીશ નહિ; પણ તારા પરિણામ તું કરે છે, એમ માનજે.

## કુંભારની ક્રિયા ને ઘડાની ક્રિયા સ્વતંત્ર છે, એકબીજાને પરાધીન નથી.

કુંભારના નિમિત્તે ઘડો બને છે ત્યારે કુંભાર ઘડાની ઉત્પત્તિને અનુકૂળ પોતાની ઇચ્છા ને હાથની ક્રિયા કરતો દેખાય છે. અહીં કુંભારની ઇચ્છા ને હાથની ક્રિયા બન્ને સાથે કુંભારની ક્રિયા તરીકે લેવામાં આવેલ છે. એથી કુંભાર હાથ ચલાવી શકે છે, એમ સમજવું નહિ. પણ ઘડાની ક્રિયાથી કુંભારની ક્રિયા જુદી પાડવા માટે કુંભારનો આત્મા ને કુંભારનો હાથ એક ગણી દ્રષ્ટાંતરૂપે સમજાવેલ છે. કુંભારની ઇચ્છા ને તેના હાથની ક્રિયા બંનેને અહીં કુંભારના વ્યાપારપરિણામ કહ્યા છે. આ વ્યાપારપરિણામ કુંભારથી અભિન્ન છે એટલે જુદા નથી, તેથી કુંભાર પોતાના રાગને તથા હાથ ચલાવવાની ક્રિયા કરતો દેખાય છે, પણ તે કુંભાર પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘડારૂપ પરિણામને કરતો દેખાતો નથી.

માટીના ઘડારૂપ પરિણામ માટીથી અભિન્ન છે એટલે માટીથી જુદા નથી અને ઘડો માટી સાથે એકમેક થયેલી પરિણતિથી બનેલો છે. તેથી કુંભાર માટીમાંથી ઘડારૂપ બનવાની કોઈ ક્રિયાને કરતો દેખાતો નથી. માટીમાંથી ઘડાની ઉત્પત્તિનો જે કાળ છે, તે સમયે ઘડો બન્યો છે. ઘડાની ઉત્પત્તિ થઈ તે કુંભારના વ્યાપારને અનુરૂપ કહેવાય છે ને કુંભાર તેને અનુકૂળ કહેવાય છે. ઘડો બનવા વખતે તેવા વિકલ્પ કરવાવાળો કુંભાર હાજર હોય પણ ડોક્ટર ન હોય માટે કુંભારને અનુકૂળ નિમિત્ત કહ્યું છે. ને કુંભારની ઇચ્છા ને હાથની ક્રિયા મુજબ માટીમાં માટીના કારણે ઘડો થાય છે, માટે ઘડાના કાર્યને અનુરૂપ કહ્યું છે પણ તેથી કુંભારે ઘડો બનાવ્યો–એમ નથી ને ઘડો બનવાનો હતો માટે કુંભારને ખેંચાઈને આવવું પડ્યું–એમ પણ નથી. માત્ર કુંભાર ઘડો કરવાના અહંકારથી ભરેલો છે પણ ઘડાની કોઈ ક્રિયા કરવાને તે સમર્થ નથી. માટે કુંભાર પોતાથી એકમેક પોતાના પરિણામ કરતો દેખાય છે પણ પોતાથી જુદા એવા ઘડાની ક્રિયા કરતો દેખાતો નથી.

## ‘અનુરૂપ’ તથા ‘અનુકૂળ’નું સ્પષ્ટીકરણ.

ઉપાદાનમાં થતાં નૈમિત્તિક કાર્યને નિમિત્તને અનુરૂપ કહેવાય ને તે વખતે સંયોગરૂપે જે બીજો પદાર્થ હોય તેને અનુકૂળ નિમિત્ત કહેવાય. ઘડાની ઉત્પત્તિ તે અનુરૂપ ને કુંભાર તે અનુકૂળ નિમિત્ત છે, તેનું જ્ઞાન કરાવે છે.

સુંદર શરીર, પૈસો, કુટુંબ વગેરે ચીજોનો સંયોગ થતાં અજ્ઞાની જીવ હરખ કરે છે. તેમાં હરખનાં પરિણામ અનુરૂપ છે ને બાહ્ય પદાર્થો તે પરિણામને અનુકૂળ છે, પણ પદાર્થોએ હરખના પરિણામ કરાવ્યા નથી.

સંસારમાં પ્રતિકૂળ સંયોગો આવતાં અજ્ઞાની જીવ દ્વેષના પરિણામ કરે છે. તેમાં દ્વેષના પરિણામ તે અનુરૂપ છે ને પ્રતિકૂળ સંયોગો તે પરિણામને અનુકૂળ છે પણ પ્રતિકૂળતાએ દ્વેષ કરાવ્યો નથી.

નિશાળમાં છોકરા ભણે તેમાં છોકરાની જ્ઞાનપર્યાય અનુરૂપ છે ને શિક્ષક તે પર્યાયને અનુકૂળ છે. હિંસાના ભાવ નિમિત્ત હોય ને તીર્થંકરપ્રકૃતિ બંધાય, એમ બને નહિ. કારણ કે તીર્થંકર પ્રકૃતિ હિસાના ભાવને અનુરૂપ નથી પણ હલકી ગતિનું બંધાવું અનુરૂપ છે ને હિંસાના ભાવ તેને અનુકૂળ છે. જીવ શાસ્ત્ર વાંચી જ્ઞાન કરે તો જ્ઞાનની પર્યાય અનુરૂપ છે ને શાસ્ત્ર તેને અનુકૂળ છે. જીવ સમ્યગ્દર્શન પ્રગટ કરે તો સમકિતની પર્યાય અનુરૂપ છે ને સાચા દેવ—ગુરુ—શાસ્ત્ર અનુકૂળ છે પણ કુદેવ—કુગુરુ, કુશાસ્ત્ર અનુકૂળ નથી. જ્ઞાનની વિરાધનાના ભાવ કરે તો જ્ઞાનાવરણીય કર્મનો બંધ અનુરૂપ છે પણ અંતરાય કર્મનું બંધાવું તે ભાવોને અનુરૂપ નથી. શુભભાવ કરે

તો શાતાવેદનીય કર્મનું બંધાવું તેને અનુરૂપ છે પણ અશાતાવેદનીય કર્મનું બંધાવું અનુરૂપ નથી.

## અનુકૂળ નિમિત્તને લીધે નૈમિત્તિક અનુરૂપ થયું નથી, નૈમિત્તિક અનુરૂપ થયું માટે અનુકૂળ નિમિત્ત આવ્યું નથી.

અનુકૂળ ને અનુરૂપનાં દ્રષ્ટાંતો આપ્યાં. તે બંને સ્વતંત્ર છે. એકબીજાને લીધે એકબીજામાં કામ થતું નથી, છતાં અજ્ઞાની જીવ દલીલ કરે છે કે અમે એકબીજાના કર્તા માનતા નથી પણ કુંભાર આવે તો ઘડો થાય ને કુંભાર ન આવે તો ઘડો ન થાય. કેવળી ભગવાન હોય તો ક્ષાયિક સમકિત થાય ને ન હોય તો ન થાય. એવી નિમિત્તને કારણે વિલક્ષણતા છે. આવી અનેક પ્રકારની ભ્રાંતિ અજ્ઞાની સેવે છે. નિમિત્ત એક દ્રવ્ય છે ને નૈમિત્તિક તે પરદ્રવ્ય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકે નહિ. તેમ જ અસર પહોંચાડી શકે નહિ.

પ્રશ્ન :—જો નિમિત્ત કાંઈ કરતું નથી તો તમો સ્વાધ્યાય કરતી વખતે સમયસારશાસ્ત્ર કેમ લ્યો છો ને પદ્મપુરાણ કેમ લેતા નથી ?

ઉત્તર :—પ્રથમ તો શાસ્ત્ર પર પદાર્થ છે, તેને આત્મા લાવી શકતો નથી કે મૂકી શકતો નથી. નિમિત્તોનો ફેરફાર આ જીવ કરી શકતો નથી અને નિમિત્તમાં ફેર પડ્યો માટે નૈમિત્તિકમાં ફેરફાર થાય, એમ છે જ નહિ. અધ્યાત્મના વિષયમાં જ્ઞાનની પર્યાયમાં સમયસારશાસ્ત્ર અનુકૂળ નિમિત્ત હોય છે પણ પદ્મપુરાણ નિમિત્તરૂપે હોતું નથી. જ્ઞાનની પર્યાય અનુરૂપ છે ને તે વખતે સમયસારશાસ્ત્ર અનુકૂળ નિમિત્ત છે. સમયસાર ન લાવ્યા હોત ને પદ્મપુરાણ લાવ્યા હોત તો ? તે પ્રશ્ન જ અસ્થાને છે કારણ કે પરપદાર્થોને લાવી શકાતા નથી. વળી નિમિત્ત-નૈમિત્તિક બંનેનો સમકાળ છે, પહેલાં—પછી નથી. નિમિત્તે નૈમિત્તિકમાં કાંઈ કરી આપ્યું નથી, ને નૈમિત્તિકને લીધે અનુકૂળ નિમિત્ત આવતું નથી; બંને સ્વતંત્ર છે.

## અજ્ઞાનીનો મિથ્યાનિયતવાદ—તેનું ફળ સંસાર.

જડ દ્રવ્યકર્મો જીવને સંસાર કરાવે છે ને દેવ—ગુરુ—શાસ્ત્ર જીવને ધર્મ પમાડે છે—એમ અજ્ઞાની માને છે. પર પદાર્થના કાળની અનુકૂળતા જોનારો જીવ સંયોગદ્રષ્ટિવાળો છે. તેની દલીલ એમ છે કે "નૈમિત્તિકમાં નિમિત્ત કાંઈ કરી આપે તો નિમિત્ત મળ્યું કહેવાય પણ તમો તો એમ માનતા નથી. પણ નિમિત્ત હાજરમાત્ર હોય છે એટલું કહો છો માટે તમો નિમિત્તને માનતા નથી." તેનો જવાબ એમ છે કે નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરી આપે છે, એમ માનવામાં આવે તો નિમિત્તનું કાર્ય પર ચીજમાં કરી આપવાનું થયું, પણ તટસ્થપણે રહેવું તે તેનું કાર્ય છે તે ન રહ્યું. નિમિત્ત ઉપાદાનથી જુદું છે—એમ નહીં માનતા નિમિત્ત પોતે ઉપાદાન થયું. વળી ઉપાદાનનું

કાર્ય સ્વતંત્ર પોતાથી થાય છે, એમ પણ તેણે નહિ માનતાં ઉપાદાનને નમાલું ને પરાધીન માન્યું. વળી નિમિત્ત આવે પછી ઉપાદાનમાં કામ થાય એમ તે માનતો હોવાથી બંનેને બંનેનો સમકાળ માન્યો નહિ. આવી રીતે ઉપાદાન અને નિમિત્ત બંનેને અજ્ઞાની ઉથાપે છે. **વસ્તુને તેના સ્વભાવથી નહીં જોતાં સંયોગીદ્રષ્ટિથી જોવું તે અધર્મ છે ને 'મિથ્યાનિયતવાદ' છે ને તેના ફળમાં સંસાર ચાલુ રહે છે.**

## સમ્યક્ નિયતવાદ ને તેનું ફળ

**પદાર્થની જે વખતે જે પર્યાય થવાની હોય તે થાય છે, તેને જીવ ફેરવી શકતો નથી. જડની પર્યાય જડમાં ને જીવની પર્યાય જીવમાં થાય છે. પર પર્યાયનું જ્ઞાન કરે પણ પરની પર્યાયને ગ્રહણ કરી શકે નહિ. નૈમિત્તિક કાર્ય જે વખતે થાય છે ત્યારે બીજી ચીજ નિમિત્તરૂપે હોય છે, પણ તે ઉપાદાનમાં કાંઈ કરતું નથી. તેથી જ્ઞાની પુરુષો જ નિમિત્તને યથાર્થ માને છે. તેમજ ઉપાદાન સ્વતંત્ર કામ કરે છે ને ઉપાદાનને નિમિત્તની રાહ જોવી પડે એમ પરાધીન માનતા નથી. ઉપાદાન—નિમિત્તનો બન્નેનો સમકાળ માને છે. આ રીતે ઉપાદાન-નિમિત્તને બંનેને જેમ છે તેમ જ્ઞાનીઓ જાણે છે ને માને છે. તે સમ્યક્-નિયતવાદ છે ને તેના ફળમાં સમ્યગ્દર્શન પ્રગટ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

અહીં આચાર્ય ભગવાન કહે છે કે કુંભાર પોતાના રાગાદિ પરિણામ ને હાથની ક્રિયા કરતો દેખાય છે પણ ઘડાની ક્રિયા કરતો દેખાતો નથી. તેમ આત્મા પોતાના વિકારી કે અવિકારી પરિણામ કરતો પ્રતિભાસો પણ પરના પરિણામ કરતો ન પ્રતિભાસો. રાગ થાય તે પરને લીધે નથી પણ જીવનો પર્યાયમાં અપરાધ છે. ને ધર્મ થાય તો પોતાના ચૈતન્યનો આશ્રય છે, એમ સમ્યક્પણે નક્કી કરતાં પરના કર્તૃત્વનો અહંકાર ટળે છે, સંયોગીદ્રષ્ટિ નાશ પામે છે ને પર્યાયવાન તરફ દ્રષ્ટિ જાય. છે. વર્તમાન પર્યાયમાં રાગ હોવા છતાં સ્વભાવમાં રાગ નથી ને રાગ પરને લીધે નથી તેથી રાગ ઉપરથી દ્રષ્ટિ ટળીને દ્રવ્યગુણો જે શુદ્ધ છે તેના ઉપર દ્રષ્ટિ જાય છે ને તેથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અને સ્થિરતા વધતાં મોક્ષદશા પ્રગટે છે.

આ રીતે સમ્યક્ નિયતવાદનું ફળ ધર્મ ને ધર્મનું ફળ મોક્ષ છે.

# પ્રસાદ નં. ૮૫

## સમયસાર ગાથા ૮૬ની ટીકાના પ્રવચનમાંથી.

(પોષ વદ ૨, ગુરુવાર, ૨૦૦૭)

અહીં કર્તાકર્મનો અધિકાર છે. તેમાં દ્રષ્ટાંત આપ્યું છે કે કુંભાર ઘડાની અવસ્થાને અનુકૂળ પોતાના હાથની ક્રિયાને અને પોતાની ઇચ્છાને કરતો પ્રતિભાસે છે પણ ઘડાની અવસ્થાને કરતો પ્રતિભાસતો નથી. ઘડાની અવસ્થા માટીથી થતી પ્રતિભાસે છે. તેવી રીતે આત્મા અજ્ઞાનને લીધે પુદ્‌ગલ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને કરે છે. અજ્ઞાની જીવને સંયોગ દ્રષ્ટિ હોવાથી તે પોતામાં અજ્ઞાન, રાગદ્વેષાદિના વિકારી પરિણામને કરે છે. અને તે પરિણામ નવાં જડ કર્મ બંધાય છે તેને અનુકૂળ છે પણ તે પરિણામથી કર્મ બંધાય છે—એમ નથી. અજ્ઞાની જેવા પરિણામ કરે તેવો કર્મનો નવો બંધ થાય છે છતાં પણ તે કર્મની પર્યાયને તેનો આત્મા કરતો નથી. જ્ઞાનીના પરિણામ તો નવાં કર્મના બંધને અનુકૂળ છે જ નહિ.

રાગાદિના પરિણામ અજ્ઞાની આત્માથી અભિન્ન છે એટલે કે એકમેક છે, તેથી અજ્ઞાની અજ્ઞાનના પરિણામ કરતો પ્રતિભાસો, એટલે કે દયાદાનાદિ ભાવો થાય છે, તે તેનાથી થાય છે, એમ જાણો; પણ પરદ્રવ્યથી થતા નથી, એમ જાણો.

પ્રથમ ગાથા ૭૫માં તો રાગાદિને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, ત્યાં તો સ્વભાવદ્રષ્ટિના જોરમાં વિકાર સ્વભાવમાં નથી અને પરના નિમિત્તે થાય છે માટે પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા અને અહીં તો અજ્ઞાનીને પરથી જુદો પડાવવો છે તેથી વિકારી પરિણામનો કર્તા પોતે છે, એમ પ્રતિભાસો-એમ કહ્યું પણ કાંઈ પુદ્‌ગલદ્રવ્ય તેનો કર્તા છે, એમ ન જાણો.

પરંતુ પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો જીવ એમ માને છે કે પરદ્રવ્યનાં કામ અમારાથી થાય છે. પણ ખરેખર તેનાથી તે થતું નથી. અજ્ઞાની પુદ્‌ગલકર્મની પર્યાયનો કર્તા થઈને અહંકાર કરે છે અને કહે છે કે જેવા અમોએ કર્મ બાંધ્યા હશે તેવાં ભોગવવાં પડશે, તે પરદ્રવ્યનો અહંકાર કરે છે. આત્મા પોતે પોતાના ભાવનો કર્તા હોવા છતાં પરદ્રવ્યને કરવાનો અહંકાર કરે છે પણ પરદ્રવ્યની પર્યાય તે કરી શકતો નથી.

અજ્ઞાની માને છે કે વેપાર રોજગાર અમારા ડહાપણથી ચાલે છે. અમારી હાજરી હતી એટલે આ કામ થયાં. અમારી ગેરહાજરીમાં આ કામ ન થાય, એમ

અજ્ઞાની પોતાની અજ્ઞાનપર્યાય કરે છે. તેને અનુરૂપ પુદ્‌ગલકર્મની પર્યાય છે પણ પુદ્‌ગલની પર્યાય તે અહંકારને લઈને થતી નથી.

આત્માની ઊંધાઈમાં જોર કર્યું હોય તો તેને અનુરૂપ વીર્યાંતરાય કર્મ બંધાય છે, પણ જીવ તે કર્મનો કર્તા નથી. દાનાંતરાયના ભાવ કર્યાં હોય તો અહીં પણ દાનાંતરાય જ બંધાય છતાં તે કર્મની પર્યાયનો આત્મા કર્તા નથી. એ પ્રમાણે મોહનીય આદિ આઠે કર્મોનું લઈ લેવું. દયાના શુભ પરિણામમાં નરકનો બંધ પડે નહિ પણ શાતાનો બંધ પડે છતાં તે બંધને આત્મા કરતો નથી. આત્મા તો પોતાની પર્યાયનો કર્તા છે.

કોઈની દયાના પરિણામને કારણે અગર તો સેવાના પરિણામને કારણે કુટુંબ, દેશ, નાત–જાત વગેરે નભે, એમ બનતું નથી. અજ્ઞાની પોતાના પરિણામને કરે છે. કોઈ વખત પરિણામ કરે તેવી ક્રિયા બહાર દેખાય અને કદાચ પરિણામ પ્રમાણે ક્રિયા બહાર ન પણ હોય. પણ આત્મા જેવા ભાવ કરે તેવો કર્મનો બંધ પડે છતાં તે કર્મનો કર્તા આત્મા નથી. અજ્ઞાની તો પોતાથી અભિન્ન એવા વિકાર પરિણામને કરે છે, તેમ જાણો પણ તે પરિણામને અનુરૂપ એવા પુદ્‌ગલકર્મના પરિણામને કે જે પુદ્‌ગલથી અભિન્ન છે, તેનો કર્તા ન પ્રતિભાસો.

અજ્ઞાની એમ માને છે કે હસતાં કર્મ બાંધ્યા હોય તે રડતાં ભોગવવાં પડે છે. પણ પોતે તો પોતાના પરિણામ કર્યા છે, તેમ જાણે તો પરિણામી એવા દ્રવ્યમાં વિકાર છે જ નહિ–એવી દ્રષ્ટિ થયા વગર રહે નહિ. અજ્ઞાની તો એમ માને છે કે કુટુંબમાં કોઈ બિમાર હોય અને થોડા દિવસ સુધી અસાધ્ય રહે ત્યારે કહે કે એણે પાપ કર્યાં હશે અને આપણે અનુમોદન આપ્યું હશે એટલે જ આપણે જોવું પડે છે, પણ તે વાત ખોટી છે. પોતે પરિણામ કર્યા હતા, કર્મોને કર્યાં જ નથી. એમ માને તો પરિણામ સામું જુએ અને પરિણામ સામું જુએ તો તે પરિણામ જેને આધારે થયા એવા પરિણામીની દ્રષ્ટિ થાય. કર્મ તો પુદ્‌ગલથી એકમેક છે. તેનો કર્તા આત્મા નથી, એમ પ્રતિભાસો. જ્યારે આત્માએ કર્મ બાંધ્યાં જ નથી, તો પછી કર્મના કારણે સંયોગ આવે, તેનો તો આત્મા કર્તા છે જ નહિ.

આત્મા કર્મ સામું ન જુએ પણ આત્મા સામું જુએ, તો સુખી થાય. દરેક આત્મા પોતાના પરિણામને કરે છે પણ કર્મના પરિણામને કરતો નથી. પોતાના નિર્મળ પરિણામથી સુખી અને પોતાના વિકારી પરિણામથી દુ:ખી છે, પણ કર્મના કારણે કોઈ સુખી કે દુ:ખી નથી.

**ભાવાર્થ :**—અજ્ઞાની પોતાના વિકારને કરતો પ્રતિભાસો પણ પુદ્‌ગલકર્મની અવસ્થાનો કર્તા કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની–બન્નેની ક્રિયા એક

આત્મા જ કરે છે—એમ માનનારા મિથ્યાદ્રષ્ટિ છે—મૂઢ છે. જડ ચેતનની ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થાય. પુદ્‌ગલની ક્રિયા આત્મા કરે તો પુદ્‌ગલ દ્રવ્યનો લોપ થાય અને આત્માની ક્રિયા કર્મ કરે તો આત્મદ્રવ્યનો લોપ થાય, એ મોટો દોષ આવે.

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :–

કળશ ૫૧

**અર્થ** :–જીવ પુદ્‌ગલની વાત પહેલાં કહી હતી. હવે બધાં દ્રવ્યોનો સામાન્ય નિયમ કહે છે કે જે પરિણમે છે, તે કર્તા છે. રોટલી લોટથી થાય છે માટે રોટલીનો કર્તા લોટ છે, પણ બાઈ રોટલીની કર્તા નથી. રાગ આત્માથી થાય છે માટે રાગનો કર્તા આત્મા છે, પણ કર્મ રાગનો કર્તા નથી. જે બદલે છે તે તેનો કર્તા છે અને બદલનારની જે અવસ્થા થઈ, તે તેનું કાર્ય છે. આત્માથી રાગ થયો, લોટથી રોટલી થઈ, પરિણમનારની પર્યાય થઈ, તે કર્તાનું કામ છે. માટીના પિંડનું બદલીને ઘડારૂપે થવું, તે ક્રિયા છે, એટલે કે જે પરિણતિ છે, તે ક્રિયા છે. કર્તા, કર્મ અને ક્રિયા એ ત્રણે વસ્તુપણે ભિન્ન નથી. જ્ઞાની હોય તો અવિકાર સ્વભાવનો કર્તા, કર્મ અને ક્રિયા છે; અને અજ્ઞાની હોય તો વિકારભાવનો કર્તા, કર્મ અને ક્રિયા છે.

**ભાવાર્થ** :–દ્રવ્યદ્રષ્ટિએ તો પરિણામ અને પરિણામી અભેદ છે. ધર્મ તે પરિણામ ને આત્મા તે પરિણામી છે. ધર્મના પરિણામ આત્માથી થાય છે માટે આત્માથી અભિન્ન છે. પર્યાયદ્રષ્ટિએ ભેદ છે એટલે પરિણામી અને પરિણામ એમ ભેદ પડે છે, માટીથી ઘડો થયો તેમાં માટી અને ઘડો એમ ભેદ પાડો તો પણ એક વસ્તુમાં જ ભેદ પડે છે, પણ પર વસ્તુમાં તે લાગુ પડતું નથી. ભેદ પાડો તો આત્મા કર્તા અને વિકાર તેનું કાર્ય અને પરિણતિ તેની ક્રિયા એમ ભેદ પડે છે, પણ અભેદદ્રષ્ટિમાં કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ નથી, એક જ છે, જુદી જુદી વસ્તુ નથી, પ્રદેશભેદ નથી.

અજ્ઞાની આત્મા વિકારનો કર્તા, વિકાર તેનું કાર્ય, રાગાદિરૂપ બદલવું તે તેની ક્રિયા છે. તે ત્રણ ભેદ પર્યાયદ્રષ્ટિએ પડે છે પણ દ્રવ્યદ્રષ્ટિએ એ ત્રણ ભેદ હોતા નથી કેમ કે પ્રદેશ ભેદરૂપ જુદી વસ્તુઓ નથી.

## કળશ ૫૨

**અર્થ** :–વસ્તુ એક જ સદા પરિણમે છે, ત્રણે કાળે આત્મા પોતાથી જ પરિણમી રહ્યો છે. એક એક પરમાણુ સદા પોતાથી પરિણમી રહ્યો છે. શરીરનું બળ તે આત્માનું બળ નથી, શરીરના બળને આત્માનું બળ માનવું તે મૂર્ખાઈ છે. જીવની મૂર્ખાઈ જીવથી જુદી હોતી નથી.

કોઈની પર્યાય કોઈ બદલાવે નહિ, છતાં કુદેવાદિ પોતાનું કલ્યાણ કરી દેશે, એવી ભ્રમણા અજ્ઞાની કરે છે, તે મૂઢતા છે. જ્ઞાની તો માને છે કે સાક્ષાત્ ભગવાન હોય તો પણ તેઓ મારું કલ્યાણ કરી શકે નહિ, કેમ કે આત્મા પોતાની અવસ્થાને બદલાવે છે પણ પરની અવસ્થાને બદલાવવાનો કોઈ આત્માનો સ્વભાવ નથી.

એકનાં જ સદા પરિણામ થાય છે. એક પરમાણુ બે ગુણ ચીકાશવાળો હોય અને બીજો પરમાણુ ચાર ગુણ ચીકાશવાળો હોય અને સ્કંધ થાય તેમાં બે ગુણવાળો ચાર ગુણવાળો થયો તે પરમાણુ એકનાં જ સદા પરિણામ છે, બીજો પરમાણુ ચારગુણવાળો હતો તેમાંથી બે ગુણવાળો ચાર ગુણવાળો થયો નથી. સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે તેથી એક અવસ્થાથી બીજી અવસ્થા એકની જ થાય છે અને એકની જ પરિણતિ અથવા તો ક્રિયા થાય છે કારણ કે અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.

# પ્રસાદ નં. ૮૭

## સમયસાર કળશ ૫૨ ભાવાર્થના પ્રવચનમાંથી.

(પોષ વદ ૩, શુક્રવાર, ૨૦૦૭)

આત્મા અને પરમાણુ સ્વતંત્ર વસ્તુ છે. કોઈ વસ્તુ અન્ય કોઈ વસ્તુની ક્રિયા કરી શકે નહિ. આત્મા છે અને પરમાણુ પણ છે. તે એક એક ચીજમાં અવસ્થાઓ અનેક થાય છે. તેને પરિણામ પણ કહેવાય છે. જડની અવસ્થા જડમાં અને આત્માની અવસ્થા આત્મામાં થાય છે. જેમ કે આત્મા પોતાની રાગની અથવા તો જ્ઞાની હોય તો જ્ઞાનની અવસ્થાને કરે છે પણ આત્મા પરાત્મા કે પુદ્ગલની અવસ્થાને કરતો નથી.

એક ચીજ, એક અને અનેક સ્વરૂપે છે પણ પર સ્વરૂપે નથી. જેમ સોનું વસ્તુએ એક છે અને કુંડળ, કડાં આદિની પર્યાયો થાય છે, તે અનેક છે. વસ્તુપણે એક છે અને ગુણ–પર્યાયપણે અનેક છે. આત્મા તેની અનેક અવસ્થાઓને કરે એટલે કે અનેક હાલતો રૂપે થાય પણ જડની અવસ્થારૂપે અનેકતા કરે તેવી તાકાત આત્મામાં નથી અને પરમાણુ પોતાની અનેક અવસ્થા કરે છે પણ આત્માની અવસ્થાને કરે એવી તાકાત પરમાણુમાં નથી. શરીરમાં અનેક પ્રકારની અવસ્થાઓ થાય તે કરવાની તાકાત આત્મામાં નથી. અને આત્મામાં અનેક પ્રકારની અવસ્થા થાય તે કરવાની શરીરમાં તાકાત નથી. જગતના લોકોને વાસ્તવિક સ્વરૂપની ખબર નથી. ધર્મનો માર્ગ લોકો જાણતાં નથી.

વસ્તુ એક છે છતાં તેનામાં કર્તા, કર્મ અને ક્રિયા એમ ત્રણ ભેદ ભલે હો! પણ એક દ્રવ્ય પર દ્રવ્યનું વ્યવહારે કે ઉપચારે કાંઈ કરી શકે—એમ બનતું નથી. પરમાણુની લીલામાંથી લાલ અવસ્થા થાય, તેની પોતાની સત્તામાં અનેકપણું થાય પણ પરમાં અનેકપણે થાય એવો વસ્તુનો સ્વભાવ નથી. આ રીતે હું મારામાં એકમાં રહીને અનેકપણે થાઉં છું અને પર પદાર્થ તેનામાં એકપણે રહીને અનેકપણે થાય છે, પણ બીજા પદાર્થરૂપે થાય, એમ કદી બનતું નથી.

એક વસ્તુમાં અનેક પર્યાયો થાય છે—એ રીતે એક વસ્તુમાં એકપણું અને અનેકપણું સાબિત કર્યું. આત્મા એક છે, તે જ્ઞાન, દર્શન આદિની પર્યાયરૂપે અનેક થાય છે. પણ પરપદાર્થપણે થતો નથી. આ રીતે એક અને અનેક છે, તે સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિથી જુદાજુદા પ્રતિભાસે છે, તે હવે કહે છે.

**સંજ્ઞા** :–આત્માનું નામ આત્મા છે અને પર્યાયનું નામ પર્યાય છે. જ્ઞાનભેદે ભેદ હોવા છતાં પણ આત્માનાં અને રાગાદિનાં ક્ષેત્ર જુદાં નથી.

**સંખ્યા** :–આત્મા એક તેના જ્ઞાનદર્શનાદિ ગુણો તથા તેની પર્યાયો અનેક છે. અનેક હોવા છતાં વસ્તુ અને પર્યાય ક્ષેત્રે જુદી નથી. આત્માને ભેદાભેદપણે સ્વને વિષે જાણવો પણ પરને લઈને આત્મા ભેદાભેદરૂપ છે, તેમ જાણવું નહિ કેમ કે આત્મા અને પર તો જુદે જુદા છે.

આવું એક એક આત્મા અને પરમાણુનું પૃથક્ પૃથક્ સ્વરૂપ છે. આત્મા અને પરમાણુને કાંઈ સંબંધ નથી. એમ જાણ્યા વગર સમ્યક્દર્શન થાય નહિ અને સમ્યક્દર્શન વગર વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિની બધી ક્રિયા એકડા વગરનાં મિંડા જેવી છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું જાણ્યું તેવું તેમની વાણીમાં આવ્યું છે. ભગવાને વસ્તુનું સ્વરૂપ કર્યું નથી, પણ જાણ્યું છે કે આત્મા કર્તા છે, પરિણામ તેનું કર્મ છે અને પરિણતિ તે ક્રિયા છે—એમ ત્રણ ભેદ પડવા છતાં વસ્તુએ એક છે. વસ્તુએ એક અને પર્યાયે અનેક એમ સંખ્યાભેદે ભેદ છે પણ વસ્તુએ ભેદ નથી.

**લક્ષણ** :–આત્માનું લક્ષણ ગુણોને ધારણ કરવું તે છે અને પર્યાયોનું લક્ષણ ક્ષણે ક્ષણે બદલવું તે છે. તેમ લક્ષણભેદે ભેદ છે. તેવી રીતે પરમાણુ પણ તેના વર્ણ, ગંધાદિ અનેક ગુણોને ધારણ કરે છે, તે તેનું લક્ષણ છે અને સમયે સમયે રૂપાંતર થવું તે પર્યાયનું લક્ષણ છે. આ રીતે લક્ષણભેદે ભેદ હોવા છતાં વસ્તુએ ભેદ નથી, પણ પર પદાર્થ સાથે તો લક્ષણભેદ અને પ્રદેશભેદ પણ છે.

**પ્રયોજન** :–આત્માનું પ્રયોજન મોક્ષનું થવું તે છે અને પર્યાયનું પ્રયોજન પરિણમવું તે છે. વસ્તુનું પ્રયોજન બધા ગુણોને આશ્રય આપવો તે છે, ત્યારે પર્યાય તો દ્રવ્યના આશ્રયે થાય છે. તેમ પ્રયોજન ભેદે ભેદ હોવા છતાં વસ્તુમાં ને પર્યાયમાં પ્રદેશભેદ નથી. પરવસ્તુથી પ્રયોજને અને પ્રદેશે બંને પ્રકારે ભેદ છે.

આ રીતે સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી વસ્તુ અને પર્યાય જુદા જુદા ભાસે છે. આત્મા નિત્ય છે અને પર્યાય અનિત્ય છે; આત્મા અન્વય છે અને પર્યાય વ્યતિરેક છે; આત્મા અખંડ છે અને પર્યાય ખંડવાળી છે—એમ અનેક પ્રકારથી વસ્તુ અને પર્યાયમાં ભેદ છે, છતાં વસ્તુએ એક છે.

વસ્તુપણે એક છે એટલે બધું થઈને એક છે—એમ નથી પણ એક એક વસ્તુ વસ્તુપણે એક છે. આત્મા પોતાની પર્યાયપણે અનેકરૂપ થાય છે પણ પુદ્ગલપણે થાય નહિ. અજ્ઞાની જીવ ઘરમાં વ્યવસ્થા બરાબર સચવાય છે તે મારા ડહાપણથી સચવાય છે એમ માની અહંકાર કરે છે પણ તે અજ્ઞાનીને ખબર નથી કે આત્મા પોતાની અવસ્થા બદલી શકે પણ બીજાની અવસ્થાને બદલાવી શકે નહિ. પોતાની મર્યાદા છોડીને પરની અવસ્થા કરવાનું અભિમાન કરે તે મિથ્યાદ્રષ્ટિ છે. કોઈ વખત પોતાનું ધાર્યું ન થાય તો આકુળ વ્યાકુળ બની આત્મઘાત કરવા સુધીના

પરિણામ પણ કરે છે પણ તેને ખબર નથી કે બહારની ક્રિયા કરવાને કોઈ આત્મા સમર્થ નથી.

ભગવાન સર્વજ્ઞદેવ કહે છે કે આત્મા ગુણ—પર્યાયપણે ભલે અનેક હો પણ પરને લઈને આત્મામાં અનેકપણું નથી. તેમ પુદ્ગલપરમાણુ તેના ગુણ—પર્યાયપણે અનેક હોય છે પણ આત્માના કારણે પરમાણુમાં અનેકપણું થાય નહિ. આત્મા તીવ્ર આકુળતા કરે તો તેનું દુઃખ તેને જ ભોગવવું પડે છે પણ પરને ભોગવવું પડતું નથી.

આત્માએ સાવધાની ન રાખી માટે શુદ્ધ આહાર ન મળ્યો—તેમ નથી અને બીજાને શુદ્ધ આહાર મળ્યો છે તે સાવધાનીથી મળ્યો છે—તેમ પણ નથી. કેમકે આહારના પરમાણુની અવસ્થા જડના કારણે થાય છે. આત્માની હોશિયારીથી શુદ્ધ આહાર આવતો નથી. પુદ્ગલ પરમાણુ તેનામાં એકપણે રહીને અનેકપણે થાય છે અને આત્મા પોતે પોતામાં એક અને અનેકપણે થાય છે પણ પુદ્ગલના અનેકપણે આત્મા થતો નથી.

આત્મા સમજણ કે અણસમજણ કરે તે પરના કારણે થતી નથી પણ પોતે એકપણે રહીને અનેકપણે થાય છે, પણ પરપણે થતો નથી.–એવો ભેદાભેદ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુએ એક છે અને પર્યાયે અનેક છે. તે વસ્તુનું સ્વરૂપ છે પણ પરને લઈને વસ્તુમાં ભેદ અને અભેદપણું થાય—એમ નથી.

## કળશ ૫૩

**અર્થ** :–બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી. બંને દ્રવ્યો જુદાંજુદાં રહીને પરિણમે છે. આત્મા અને શરીર એક થઈને ચાલતા નથી પણ આત્માની પર્યાયથી આત્મા ચાલે છે અને શરીરની પર્યાયથી શરીર ચાલે છે. કોઈ કહે કે આત્માના કારણે શરીર ચાલે છે તો તે વાત ખોટી છે. કેમકે આત્માની ઇચ્છા હોવા છતાં પક્ષઘાત આદિ થાય છે ત્યારે શરીર ચાલતું નથી અને આત્માને શરીર સ્થિર રાખવાની ઇચ્છા હોવા છતા શરીર સ્થિર રહેતું નથી. કોઈ વખત પોતાની ઇચ્છા પ્રમાણે શરીર ચાલે તો પણ આત્માના કારણે ચાલતું નથી કેમ કે બે દ્રવ્યો એકપણે થઈને કામ કરતાં નથી.

આત્મા અને શરીર ભિન્ન પદાર્થ છે. છતાં આત્માના કારણે શરીરની ક્રિયા થાય છે, તેમ માનવામાં આવે તો બે દ્રવ્ય ભિન્ન રહેતાં નથી, એક દ્રવ્ય થઈ જાય છે. બાઈ માને કે હું રોટલી બરાબર કરી શકું છું અને પુરુષ માને કે હું દુકાન બરાબર ચલાવી શકું છું, તે માન્યતા બધી અજ્ઞાનપૂર્વકની છે, કેમ કે બે દ્રવ્ય મળીને એક ક્રિયા કરે નહિ, બન્ને દ્રવ્યો ભિન્ન ભિન્ન પરિણમે છે.

www.vitragvani.com



આત્મા શબ્દ બોલી શકતો નથી કેમ કે શબ્દ અને આત્મા બન્ને ભિન્ન દ્રવ્યો છે. તે બન્ને એક થઈને શબ્દરૂપી ક્રિયા કરી શકે નહિ અને બે દ્રવ્યો મળીને એક પરિણતિ થઈ નથી કેમ કે અનેક દ્રવ્યો છે તે અનેક જ છે. અનેક દ્રવ્યો પલટીને એક થઈ જતાં નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# પ્રસાદ નં. ૮૯

## સમયસાર કળશ ૫૩ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૪, શનિવાર, ૨૦૦૭)

કર્તાકર્મ અધિકાર ચાલે છે. આત્મા અને પુદ્ગલ ભિન્ન ભિન્ન પદાર્થ છે. અજ્ઞાની જીવ હોય તે વિકારનું કામ કરે છે અને સમ્યક્જ્ઞાની હોય તે વીતરાગતાનું કામ કરે છે, પણ કોઈ પર દ્રવ્યનું કામ તો કરતા જ નથી.

બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી. આત્મા અને પરમાણુ ભેગાં થઈને બદલતાં નથી, બે ભાગીદાર ભેગા થઈને કામ કરતા નથી. એક ભાગીદાર બીજા ભાગીદારનું કામ કરી શકતો નથી, કેમ કે બન્ને ભિન્ન પદાર્થો છે. જડનું કામ જડથી થાય છે ને આત્માનું કામ આત્માથી થાય છે. આત્મા હોય તો શરીર ચાલે છે, તેમ માનવું તે ભયંકર ભૂલ છે કેમકે આત્મા અને શરીર બન્ને ભિન્ન ભિન્ન કામ કરે છે.

બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. એટલે આત્મા અને શરીર બન્નેનું એક કામ નથી, બે પદાર્થનાં બે કામ છે. અજ્ઞાની આત્મા સ્ત્રી—પુત્રાદિ ઉપર રાગ કરી શકે છે પણ સ્ત્રી—પુત્રનું કામ કરી શકે નહિ. કોઈના પરિણામ કોઈમાં થતા નથી.

બે દ્રવ્યની એક પરિણતિ થતી નથી. આત્મા અને જડ બન્ને મળીને એક ક્રિયા થતી નથી. આત્માની ક્રિયા આત્મામાં થાય છે અને શરીરની ક્રિયા શરીરમાં થાય છે. પ્રત્યેક પરમાણુમાં અનંત ગુણ છે. એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ચાલ્યો જાય છે એટલી તાકાત પરમાણુમાં છે, ચૈતન્યને કારણે જડની તાકાત નથી. મિથ્યાદ્રષ્ટિને ભ્રમ થાય છે કે બે પદાર્થ મળીને એક ક્રિયા થાય છે.

આ આત્મા શરીરની ક્રિયા કરી શકતો નથી તો પછી સંસ્થાનું, દેશનું, કુટુંબનું આત્મા કરી શકે—એમ બનતું નથી. અજ્ઞાની જીવ પર પદાર્થનું હુ કરી શકું છું એવું અભિમાન કરે પણ પરનું કામ કરી શકે નહિ, કેમ કે પર દ્રવ્યો અનેક છે તે અનેક જ છે, તે પલટીને એક થઈ જતાં નથી. આત્મા છે તે કર્મ થઈ શકે નહિ અને કર્મ છે તે આત્મા થઈ શકે નહિ.

**ભાવાર્થ** :–બે વસ્તુઓ છે, તે સર્વથા જુદી છે. પરમાણુએ પરમાણુ જુદા છે અને આત્માએ આત્મા જુદા છે. દરેક દ્રવ્યને પ્રદેશભેદ છે. બે ચીજ થઈને એક અવસ્થા થતી નથી, બે પદાર્થ થઈને એક પરિણામ થતું નથી અને બે ભેગા થઈને એક ક્રિયા થતી નથી—એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થાય.

આત્મા આત્મામાં છે અને શરીર શરીરમાં છે. દરેક પદાર્થ ભિન્ન ભિન્ન છે. એક પદાર્થ બીજા પદાર્થનું કરી શકે નહિ. ભાષા આત્મા બોલી શકે નહિ. ભાષાની પર્યાય અનંત પરમાણુનો સમૂહ છે. આત્મામાં ભાષાનો ભંડાર નથી માટે આત્મામાંથી ભાષા નીકળે નહિ. આત્મા તો જ્ઞાન-સુખાદિ અનંત ગુણોનો ભંડાર છે. જો ભાષાની પર્યાય આત્માથી થાય તો જડનો લોપ થઈ જાય છે. ચેતન પદાર્થથી જડની ક્રિયા માનવામાં આવે તો જડ પલટીને ચેતન થવાનો પ્રસંગ આવે. આત્મા કર્મને કરે તો કર્મ ચેતન થઈ જાય અને કર્મથી રાગ થાય તો રાગ અચેતન થાય. શબ્દથી જ્ઞાન થાય તો શબ્દ જડ હોવાથી જ્ઞાન પણ જડ થઈ જાય અને ભાષાને આત્મા કરે તો ભાષા ચેતન થઈ જાય. માટે કોઈ પદાર્થ કોઈ પદાર્થનું કરી શકે નહિ. દરેકે દરેક પદાર્થ ભિન્ન ભિન્ન પરિણમી રહ્યો છે, એવું સમ્યક્જ્ઞાન જેને ન હોય તે બહારની ક્રિયાથી ધર્મ થાય એમ માનીને શરીર, શુદ્ધ આહાર આદિની ક્રિયામાં સાવધાન રહે છે, તે મહાન અજ્ઞાન છે. અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિને આત્માનું ભાન નથી એટલે વ્રત ધારણ કરીને આધાકર્મી આહાર પણ લે છે, તે તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે, તેને તો વ્યવહારનાં પણ ઠેકાણાં નથી. ખરેખર તો સમ્યગ્જ્ઞાન વિના સાચાં વ્રત હોતાં નથી.

મોહનીય કર્મના જોરથી આત્મામાં રાગ થાય છે, એમ જે માને છે તે અજ્ઞાની છે. આત્માની એક વર્તમાન પર્યાય પરના કારણે માને તો પર્યાયનો લોપ થાય છે અને પર્યાયનો લોપ થતાં આત્માનો લોપ થાય છે અને એ રીતે બીજાં દ્રવ્યની પર્યાય પણ પરથી માનતાં બીજાં દ્રવ્યનો પણ લોપ થાય છે એટલે તેની માન્યતામાં આત્માનો અને બધા પદાર્થોનો લોપ થાય છે.

હું પૈસાને સાચવી શકું છું કે પૈસાને આપી શકું છું, તેમ માનનાર પુદ્ગલ દ્રવ્યનો લોપ કરે છે. ભગવાનની મૂર્તિ જોઈ તો મને શુભભાવ થયો, એમ માનનારે ચારિત્રગુણની વિપરીત અવસ્થા પોતાથી થાય છે, એમ ન માન્યું. તેની ચારિત્રગુણની અવસ્થાને ન માનતાં ચારિત્રગુણ અને ગુણી એટલે આત્માને માન્યો નહિ. તેથી તેની માન્યતામાં આત્માનો લોપ થયો. વસ્તુની પર્યાયને ન માને તો વસ્તુને માની નહિ કેમ કે પર્યાય વગર વસ્તુ હોય નહિ અને તેવી રીતે બધા પદાર્થોને પર્યાય વગરના માનતાં સર્વ દ્રવ્યનો લોપ માનવામાં આવ્યો.

શુદ્ધ આહાર લ્યે તો આત્મામાં શુદ્ધતા થાય, તેમ માનનારે આહારની પર્યાયથી આત્માની શુદ્ધ પર્યાય થાય છે, એમ માન્યું. તેણે આત્માથી શુદ્ધ પર્યાય થાય છે તેમ માન્યું નહિ, તેથી આત્માની પર્યાય નહીં માનતા આત્મા માન્યો નહિ એટલે તેની શ્રદ્ધામાં આત્માનો નાશ થયો, દ્રષ્ટિ મિથ્યા થતાં તેને ધર્મ થતો નથી. મેં પર જીવ ઉપર અનુકંપા કરી એટલે તે જીવ બચ્યો, તેમ માનનાર મિથ્યાદ્રષ્ટિ

છે. ખરેખર તો આયુકર્મના કારણે પણ તે જીવ બચ્યો નથી કેમકે કર્મના પરમાણુ આત્માથી ભિન્ન છે. તે જીવની એવી યોગ્યતાથી જ તે ટકી રહ્યો છે અને શરીર, શરીરની યોગ્યતાથી રહેલ છે. શરીરની પર્યાયને જીવ કરી શકતો નથી.

રાગના કારણે શરીરની, પૈસાની, ઘર વગેરેની અવસ્થા જળવાઈ રહે છે, તેમ માનનાર પરદ્રવ્યોનો લોપ કરે છે. કેમકે તે બધાં દ્રવ્યોની અવસ્થા તેના દ્રવ્યથી થાય છે, એમ તે માનતો નથી અને અવસ્થાને ન માની તો અવસ્થાથી અભિન્ન એવા પદાર્થને પણ માન્યો નહિ. આ રીતે આત્મા અને પરપદાર્થને નહિ માનનાર મિથ્યાદ્રષ્ટિ ગમે તેટલી બહારની ક્રિયા—વ્રત, પૂજા, ભક્તિ આદિ કરે તો તે અધર્મ છે; તેને ધર્મ થતો નથી અને આત્માની શાંતિ તેને મળતી નથી.

## કળશ ૫૪

અર્થ :–એક દ્રવ્યના બે કર્તા ન હોય, એક દ્રવ્યના પરિણામ બે દ્રવ્ય ભેગાં થઈને કરતાં નથી. એક દ્રવ્યના બે કાર્ય ન હોય. આત્મા રાગ પણ કરે અને પૈસાને પણ મેળવે—એમ ન બને. આત્મા રાગ કરે પણ પરનું કામ કરી શકે નહિ. જડની અસર આત્મામાં નહિ અને આત્માની અસર જડમાં નહિ, કોઈનો પ્રભાવ કોઈ ઉપર પડતો નથી.

દર્પણની સામે વસ્ત્ર રાખે ને વસ્ત્ર ચાલે ત્યારે તે વસ્ત્ર પોતાની ક્રિયા પણ કરે અને દર્પણની ક્રિયા પણ કરે—એમ બને નહિ. એમ એક વસ્ત્ર બે ક્રિયા કરે નહિ. એક પદાર્થની બે અવસ્થા ન હોય. અજ્ઞાની સંયોગને જુએ છે, પણ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે, તેને જોતો નથી. આત્મા બરાબર ખ્યાલ રાખે તો શુદ્ધ આહાર લેવાય—એમ નથી. કેમ કે આત્મા પોતાના પરિણામ પણ કરે અને આહારના પરિણામ પણ કરે, એમ બે ક્રિયા કરી શકે નહિ.

આત્મા શાસ્ત્રને ફેરવી શકે નહિ કેમકે આત્મા રાગ પણ કરે અને શાસ્ત્ર ફેરવવાની ક્રિયા પણ કરે—એમ બને નહિ. કેમકે એક દ્રવ્ય બે ક્રિયા કરે નહિ. દરેકે દરેક પદાર્થ પોતપોતાની ક્રિયા કરે છે, એમ ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન છે અને એવી પ્રતીતિ નિરંતર રહેવી જોઈએ.

આત્મા પરદ્રવ્યથી જુદો હોવાથી પોતાના પરિણામ સ્વતંત્રપણે કરે છે. પરદ્રવ્યથી તો ત્રિકાળ જુદો છે પણ ખરેખર પોતાના વિકારભાવથી પણ જુદો છે તેમ જાણે તો ભેદજ્ઞાન છે. જે કોઈ સિદ્ધ થયા છે, તે બધા ભેદજ્ઞાનથી થયા છે.

ભાવાર્થ :—આ પ્રમાણે ખરેખર દ્રષ્ટિથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો. નિશ્ચયનય અથવા તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આ નિયમ કહ્યો છે એટલે કે

સમ્યગ્દર્શન કેવી રીતે થાય, તે કહ્યું. પરથી જુદો આત્મા જ્ઞાતા પોતે પોતાના શુદ્ધ ભાવનો કર્તા છે, એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે અને તે પ્રમાણે સ્થિરતા કરવી, તે ચારિત્ર છે.

# પ્રસાદ નં. ૯૦

## સમયસાર કળશ ૫૫ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૫, રવિવાર, ૨૦૦૭)

આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે, તે જો પરમાર્થનયના ગ્રહણથી એકવાર પણ વિલય પામે તો ફરીથી ન આવે, તે કહે છે :–

## કળશ ૫૫

**અર્થ :—**આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો "પરદ્રવ્યને હું કરું છું" એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાન અંધકાર છે. મોહી જીવો કે જે આત્માના અજાણ છે, તે એમ માને છે કે હું જડની ક્રિયા કરી શકું છું.

આ જગતને વિષે મોહી મિથ્યાદ્રષ્ટિ આત્માનું લક્ષણ શું છે ? એટલે અજ્ઞાની છે. તે કેવી રીતે ઓળખાય ? તો કહે છે કે મોહી જીવો 'પર પદાર્થને હું કરી શકું છું'–એમ માને છે. શરીર, વાણી, પૈસાની ક્રિયા હું કરી શકું છું, પરની દયા કે પરની હિંસા હું કરી શકું છું, એવો પરદ્રવ્યને કરવાનો મહા અહંકારરૂપી અજ્ઞાન અંધકાર અજ્ઞાની જીવને છે, તે આત્માની જાગૃતદશાને રોકે છે. તે અજ્ઞાન અંધકાર ટાળવો અત્યંત મુશ્કેલ છે. પરદ્રવ્યના કર્તૃત્વની રુચિ એવી દ્રઢ કરી છે કે તે કાઢવી કઠણ પડે છે. પરદ્રવ્યનું કર્તાપણું છે. તેને અજ્ઞાન કહો, અધર્મ કહો કે પાખંડ કહો, તે બધું એક જ છે. પર્યાયદ્રષ્ટિ હોવાથી સ્વસન્મુખ થવાનું અજ્ઞાનીને સૂઝતું નથી, તેથી અત્યંત દુર્નિવાર છે, એમ કહ્યું છે.

એક તણખલાના બે ટુકડા કોઈ અજ્ઞાની કે જ્ઞાની જીવ કરી શકતો નથી કેમ કે તણખલાના ટુકડા થવા કે ન થવા તે પુદ્‌ગલનો સ્વભાવ છે, આત્માનો સ્વભાવ નથી. તેવો આત્માનો સ્વભાવ અનાદિથી અજ્ઞાની જીવ જાણતો નથી તેથી અજ્ઞાનરૂપી અંધકાર અનાદિનો ચાલ્યો આવે છે. દ્રવ્યલિંગી મુનિ થયો, પંચ મહાવ્રત પાળ્યા છતાં પણ પરદ્રવ્યના કર્તાપણાના અહંકારનો નાશ કર્યો નહિ. હું જ્ઞાતાદ્રષ્ટા છું અને પરદ્રવ્યનું હું કાંઈ કરી શકું નહિ એવી સાચી માન્યતા અનાદિથી એકવાર પણ કરી નથી. અજ્ઞાન નવું નથી પણ ધર્મ નવો છે કેમકે અનાદિથી અજ્ઞાનીને ધર્મ થયો નથી.

સર્વજ્ઞ ભગવાનને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. તેમાં જીવ, પુદ્‌ગલાદિ છ દ્રવ્યો અનાદિઅનંત છે. આત્માથી તે બધા ભિન્ન પદાર્થો છે. તે બધાં પરદ્રવ્યનું હું કરી શકું છું, એવી અજ્ઞાની મોહી જીવની માન્યતા છે, એ મહાન

અંધકારમાં અજ્ઞાની જીવ ડૂબી રહ્યો છે. જેમ અંધારામાં સોનું, કોલસા, વિષ્ટા, લાડવા વગેરે પડ્યા હોય, તો તે બધું એક જેવું લાગે છે પણ પ્રકાશમાં તે બધા પદાર્થો ભિન્ન ભિન્ન જણાય છે, તેમ અજ્ઞાનરૂપી અંધકારમાં આત્મા અને પુદ્‌ગલાદિ બધા પદાર્થો એક જેવા લાગે છે; પણ જુદા જુદા ભાસતા નથી.

અજ્ઞાની મૂઢ જીવ પરદ્રવ્યના કર્તૃત્વમાં શરીરની ક્રિયાથી કે શુભભાવની ક્રિયાથી સંવર-નિર્જરારૂપ ધર્મ માનીને અહંકાર કરે છે પણ એક સમયનો પણ સાચો સંવર તો મુક્તિને આપે છે, તેની તેને ખબર નથી. તેને કહે છે કે :-

અહો ! પરમાર્થનયનું એકવાર ગ્રહણ કરે તો અજ્ઞાન અંધકાર નાશ પામે છે. પછી ફરી બંધન થતું નથી. એકવાર પણ પરપદાર્થ-વિકારાદિની રુચિ છોડીને સ્વભાવદ્રષ્ટિ કરે તો અનાદિનું મિથ્યાત્વ હોવા છતાં તેનો નાશ થાય છે. જેમ કોઈ બાળાનું જ્યાંસુધી સગપણ ન કર્યું હોય ત્યાંસુધી તે તેના બાપની મૂડીને પોતાની મૂડી માને છે, પણ તેનું સગપણ થતાં વેંત જ તેનો અભિપ્રાય ફરી જાય છે કે પિતાની મિલ્કત છે તે મારી નહીં, પણ આ જ્યાં સગપણ કર્યું તે મારું ઘર ને મારી મિલ્કત છે, એમ તે માનવા લાગે છે.

તેમ અનાદિનો અજ્ઞાની પર પદાર્થમાં એકત્વબુદ્ધિ કરીને પરનું હું કરી શકું છું, એવો મિથ્યાભાવ સેવી રહ્યો છે પણ જ્યારે તે પોતાના જીવસ્વભાવની એકવાર દ્રષ્ટિ કરે છે, ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે. પરસન્મુખ દ્રષ્ટિ છોડી સ્વભાવદ્રષ્ટિ કરવી તે પરમાર્થદ્રષ્ટિ છે. વિકારાદિ ભાવો તે પરભાવ છે અને પરદ્રવ્યથી ભિન્ન જ્ઞાતા મારો સ્વભાવ છે, તેમ એકવાર દ્રષ્ટિ કરે તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તે દ્રષ્ટિ થવાથી અજ્ઞાન અંધકારનો નાશ થાય છે. દયાદાનાદિના પરિણામ તથા સંકલ્પ-વિકલ્પાદિ તે ભેદ છે અને આત્મા ચૈતન્યપૂર તે અભેદતત્ત્વ છે. જે રાગાદિના ભેદ પડે છે તેનાથી રહિત હું અભેદ છું-એવી સ્વભાવદ્રષ્ટિ કરવી તે અભેદનય છે. તે અભેદદ્રષ્ટિ એકવાર કરે તો મિથ્યાત્વનો નાશ થાય છે.

શરીર, વાણી, કર્મ આદિ તો પર છે. દયાદાનાદિ વિકાર છે. તે હું નહિ અને આત્મામાં જ્ઞાનદર્શનાદિ અનંતશક્તિઓ છે, તેવો ભેદ પણ નહિ કરતાં હું એકરૂપ જ્ઞાતા ચૈતન્યઘન છું, અભેદ છું, એવું જ્ઞાન તે અભેદનય છે.

પરસન્મુખ દ્રષ્ટિ છૂટી સ્વભાવસન્મુખ થાય, તે દ્રવ્યદ્રષ્ટિ છે. તે દ્રવ્યદ્રષ્ટિ એકવાર થાય તો અજ્ઞાનનો નાશ થાય ને ફરી બંધન થાય નહિ. જેમ ચણામાંથી છોડ થાય અને તે છોડમાંથી ચણો થાય છે-એમ પરંપરા ચાલે છે. પણ તે ચણાને અગ્નિમાં નાખી ને શેકી નાખો તો પછી તે ચણો ઊગે નહિ અને પરંપરા ચાલે

નહિ. તેમ અનાદિથી અજ્ઞાનઅંધકારના કારણે સંસાર હોવા છતાં પણ એકવાર પુણ્ય-પાપાદિ તે હું નહિ, તે કાયમ ટકવાવાળા નથી, મારો જ્ઞાનઘન સ્વભાવ નિત્ય ટકવાવાળો છે, એમ સ્વભાવ તરફ વળે તો પરમાર્થદ્રષ્ટિ, શુદ્ધદ્રષ્ટિ અને અભેદદ્રષ્ટિ થઈ કહેવાય અને તે દ્રષ્ટિ થઈ એટલે અનાદિની જે સંસારની પરંપરા ચાલતી, તેનો નાશ થાય છે. સંસારના કારણરૂપી ભાવથી વિરુદ્ધ એવા આત્મસ્વભાવનું ભાન કરે તો અનાદિ સંસારનો નાશ થાય અને પછી બંધન થાય નહિ.

એકવાર પરમાર્થ દ્રષ્ટિ કરે તો સંસારના નાશ થાય, એમ કહ્યું પણ બહારની શરીરની ક્રિયા કરવાથી કે વ્રત, પૂજા આદિના શુભભાવ કરવાથી સંસારનો નાશ થાય, તેમ કહ્યું નથી. પર પદાર્થ તો આત્માથી ત્રણે કાળે જુદા છે અને રાગાદિ છે તે આત્માનો સ્વભાવ નથી કેમ કે જો તે સ્વભાવ હોય તો આત્માથી જુદો પડે નહિ માટે પરમાર્થે તો ખરેખર હું જ્ઞાનઘન છું, એમ એકવાર સ્વભાવદ્રષ્ટિ થાય તો મિથ્યાત્વની ઉત્પત્તિ જ થતી નથી. મિથ્યાત્વનો નાશ કરવો પડતો નથી.

અહો! જ્ઞાનઘન આત્માને ફરી બંધ કેમ હોય ? શિયાળામાં જે ઘી જામી જાય છે, તે એટલું બધું કઠણ હોય છે કે એમાં આંગળી પણ પ્રવેશ કરી શકે નહિ. તેમ આત્મા જ્ઞાનઘન નિબિડ છે, તેમાં રાગદ્વેષાદિ પ્રવેશ કરી શકતા નથી. આત્મા ચૈતન્ય જ્ઞાન, દર્શનથી ભરેલો થેલો છે એમાં શ્રદ્ધારૂપી બંબી એવી રીતે નાખવી કે પુણ્યપાપાદિરૂપ કણકી (ભૂકી) આવે નહિ. એ રીતે રાગાદિ મારો સ્વભાવ નથી, જ્ઞાનઘન તે હું છું, એવી સ્વભાવદ્રષ્ટિ એકવાર થાય તો પછી મિથ્યાત્વ થાય નહિ.

અહીં ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત છે. શ્રેણિકરાજા ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ છે, તેમને હવે મિથ્યાત્વ થશે નહિ. તેમને પોતાના જ્ઞાનઘન આત્મસ્વભાવનું ભાન હતું. રાજપાટ, સ્ત્રી, કુટુંબના સંયોગમાં હોવા છતાં પણ રાગાદિના પરિણામ થાય તે મારો સ્વભાવ નથી-એવું તેમને ભાન હતું. અત્યારે નરકમાં હોવા છતાં પણ હવે મિથ્યાત્વ થશે નહિ. ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય અને જો આત્માનું ભાન ન રાખે તો પાછો નિગોદમાં પણ ચાલ્યો જાય, પણ અહીં તેની વાત નથી.

જેમ એકવાર બીજ બળી ગયા પછી અંકુર થાય નહીં, તેમ અહીં ક્ષાયિકની જ વાત છે. ઝાડનું મૂળ બાળી નાખવાથી ઝાડ સુકાઈ જાય છે, પણ જો મૂળ બાળે નહિ અને ઉપરથી ડાળખાં કે પાંદડાં તોડે તો ઝાડ સુકાય નહિ. તેમ એકવાર ક્ષાયિક સમ્યક્-દર્શન પ્રગટ કરે તો પછી સંસારનું મૂળ એવા મિથ્યાત્વનો નાશ થાય છે એટલે પછી સંસાર રહે નહિ; પણ આત્માના ભાન વગર વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ કરે તો સંસારનો અભાવ થાય નહિ. સમ્યક્-દર્શન વગર શરીરની

ક્રિયા, શુદ્ધ આહારની ક્રિયા, ઉપવાસાદિની ક્રિયા–એ બધામાં અહંકાર થાય છે. તેવા મિથ્યાદ્રષ્ટિને સાધુ કે વ્રતી કેમ કહેવાય ? ગણધરદેવ પંચપરમેષ્ઠી મંત્ર ભણે છે, તેમાં મુનિપદનો પણ સમાવેશ થાય છે. તે મુનિ કેવા હોય ? હે સંત! તારા ચરણમાં નમસ્કાર છે, એમ ગણધરનો નમસ્કાર જેમને પહોંચે, તે મુનિ કેવા હોય ? અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ ન હોય. તે મુનિ તો એવા હોય કે દયાદાનાદિથી મારું તત્ત્વ ભિન્ન છે, પરની ક્રિયા હું કરી શકું નહિ–એવી સ્વભાવદ્રષ્ટિપૂર્વક અંતરમાં લીનતા હોય, તે મુનિ છે. આ સિવાય સાચું મુનિપણું હોતું નથી. સમ્યગ્દર્શન વગર સાધુપણું હોય નહિ. એકવાર યથાર્થ જ્ઞાન થયા પછી, તે જ્ઞાનનો અભાવ કેવી રીતે થાય ? કદી ન થાય. પોતાના ઘરમાં તિજોરીમાં મૂડી રાખીને ચાવી પોતાની પાસે રાખી હોય તેને કોઈ કહે કે તું ભિખારી છો, તો તેને પોતે મૂડીવાળો છે કે નહિ, તેવી શંકા પણ પડતી નથી. તેમ જ્ઞાનીને આત્માનો અનુભવ થયો તો તે અનુભવ પછી જતો નથી. હું જ્ઞાનઘન છું, એવી દ્રષ્ટિ થયા પછી બંધન થતું નથી, તે ક્ષાયિક સમ્યક્ત્વની વાત છે. ઉપશમ, ક્ષયોપશમ સમ્યક્ત્વનો નાશ થાય તો પછી અનુભવ રહેતો નથી—તેમ સમજવું. અહીં તો એકવાર આત્માનો અનુભવ થયો તે થયો, પછી અજ્ઞાનનો બંધ થતો નથી.

# પ્રસાદ નં. ૯૩

## સમયસાર કળશ ૫૫ના પ્રવચનમાંથી.

(પોષ વદ ૭, સોમવાર, ૨૦૦૭)

આ જગતમાં મોહી જીવોનો "પરદ્રવ્યને હું કરું છું" એવા પરદ્રવ્યના કર્તૃત્વપણાનો મહા અહંકારરૂપ અજ્ઞાન અંધકાર છે. તે અત્યંત દુર્નિવાર છે-એમ કહેવામાં બે વાત સ્થાપી છે. જ્યારે અનાદિનો અજ્ઞાન અંધકાર ટાળવો દુર્નિવાર કહ્યો છે, ત્યારે સામે એમ કહ્યું કે એકવાર સ્વભાવદ્રષ્ટિ થઈ એટલે પાછો પડે નહિ. એવી રીતે ગુલાંટ મારીને વાત કરી છે.

આ જગતમાં મોહી પ્રાણીઓ પરદ્રવ્યને હું કરી શકું છું, એવા અજ્ઞાનઅંધકારમાં ડૂબી રહ્યા છે તેમ કહ્યું છે, એટલે મોહરહિતવાળાની વાત નથી. મોહનો અર્થ પરની સાવધાની અથવા અફળ છે. અજ્ઞાની મોહી જીવ પરમાં સાવધાન હોય છે અને મોહ ચૈતન્યને માટે અલાભનું કારણ છે માટે અફળ છે. પરદ્રવ્યના કર્તાપણાનું અભિમાન તે આત્માને માટે લાભનું કારણ નથી માટે મોહ અફળ છે.

મોહી જીવો એટલે વર્તમાનદ્રષ્ટિવાળા, પરસન્મુખદ્રષ્ટિવાળા કે પર્યાયબુદ્ધિવાળા જીવો. પરદ્રવ્યનું હું કરી શકું છું એટલે રાગ વિકાર, શરીર વગેરે બધું પરદ્રવ્ય છે, તે વિકારદશા અને સંયોગનું કામ મારું છે અને એનો હું કર્તા છું, એમ તે માને છે. સ્વદ્રવ્યનું કર્તાપણું તે જ્ઞાન છે અને પરદ્રવ્યનું કર્તાપણું તે અજ્ઞાન છે. જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચૈતન્ય તે સ્વદ્રવ્ય છે અને રાગવિકારાદિ તે પરદ્રવ્ય છે. અજ્ઞાની મોહી પરદ્રવ્યનો કરનારો હું છું, તેમ માને છે. ચૈતન્ય સ્વભાવનો હું કરનાર છું, એવું તેને ભાન નથી.

પરદ્રવ્યના કર્તાપણાના મહા અહંકારરૂપી અજ્ઞાન અંધકારમાં મોહી જીવ ડૂબી ગયો છે, તે અત્યંત દુર્નિવાર છે. પરદ્રવ્યના કર્તાપણાથી અજ્ઞાન અંધકારનો ત્રણ કાળમાં નાશ થઈ શકે એમ નથી. એટલે કે કર્તૃત્વબુદ્ધિથી પર્યાયબુદ્ધિનો નાશ થઈ શકે નહિ, માટે અત્યંત દુર્નિવાર છે. નિકાચિત કર્મબંધન છે માટે દુર્નિવાર છે, એમ નથી, પણ અજ્ઞાન અંધકારને લીધે અત્યંત દુર્નિવાર છે.

પર્યાયદ્રષ્ટિ અનાદિકાળથી ચાલી આવે છે. તે નવી નથી એટલે કે પહેલાં પર્યાયબુદ્ધિ વગરનો હતો અને પછી પર્યાયબુદ્ધિવાળો થયો, એમ નથી. આચાર્ય ભગવાન કહે છે કે અહો! જ્ઞાન અને જ્ઞાતાની એકવાર અભેદદ્રષ્ટિ થઈ એટલે મોહનો નાશ થાય છે, તે ફરી ઉત્પન્ન થતો જ નથી.

પરમ જ્ઞાન–અદ્‌ભુત જ્ઞાનનિધિ તેનું નામ ભૂતાર્થ એટલે કાયમનો પદાર્થ આત્મા છે અને પર્યાય અભૂતાર્થ છે, કાયમની નથી. તેથી પર્યાયને ગ્રહણ કરવાથી મોહનો નાશ થાય નહિ પણ ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે તેના તરફનું વલણ તે શુદ્ધ દ્રવ્યાર્થિક નય છે અને રાગ વિકારાદિ તે અશુદ્ધ દ્રવ્યાર્થિક નય છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી મોહનો નાશ થાય નહિ પણ ચૈતન્ય સ્વભાવ કે જે નિરુપાધિક છે તથા પરની અપેક્ષા વગરનો છે, તેની દ્રષ્ટિ તે જ અભેદનય છે. તેને એકવાર ગ્રહણ કરવાથી મહા અજ્ઞાન અંધકારનો નાશ થાય છે. રાગાદિ સંકલ્પવિકલ્પ છે તે તો ભેદરૂપ છે. તે અભેદ એકરૂપ પ્રવાહને તોડે છે. તેથી તે આત્માને લાભદાયક નથી. અભેદનયને ગ્રહણ કરવાથી સ્વભાવબુદ્ધિ થાય છે. જ્યાંસુધી સ્વભાવબુદ્ધિ નથી ત્યાંસુધી પરના વલણથી પર્યાયબુદ્ધિ છે, તે ટાળવી દુર્નિવાર છે, તેમ કહ્યું છે. અહીં તો સ્વભાવદ્રષ્ટિ પૂર્વક એકવાર નાશ કરે તો પછી બંધન થાય નહિ. પર્યાયબુદ્ધિમાં દુર્નિવાર કહ્યું હતું ત્યારે સ્વભાવદ્રષ્ટિમાં એકવાર નાશ કરે તો ઉત્પન્ન થાય નહિ, તેમ ગુલાંટ મારીને વાત કરી છે.

દ્રવ્યસ્વભાવદ્રષ્ટિમાં પડવાની વાત જ ન હોય કેમકે દ્રવ્યસ્વભાવની ખાણમાં સંસાર જ નથી. એટલે કે સ્વભાવમાં ભવ જ નથી. તો પછી ભવમાં પડવાની વાત જ હોય નહિ. એક વખત સંસારનો કટ થયો પછી સંસાર હોય જ નહિ. દ્રવ્યદ્રષ્ટિ હોય અને હું પડી જઈશ એમ શંકા રહે–એમ બને નહિ. સ્વભાવની રુચિ રહે અને તે જ વખતે અગિયારમે ગુણસ્થાનેથી પડવાની શંકા વેદવી એમ એક સમયે બન્ને સાથે રહી શકે નહિ.

વર્તમાન પર્યાય ને ધ્રુવની સાથે સંધી વર્તમાન પર્યાયથી જ થાય છે. પર્યાય અને પર્યાયવાનની જ વાત છે. પર્યાય કે વિકલ્પવાળા આત્માની વાત લીધી નથી. સ્વભાવ જ્ઞાનસમુદ્ર પારાવાર છે, તે વડે સંસાર સમુદ્રનો અંત લાવીને જ્ઞાનવિદ્યાને ગ્રહણ કરી છે. અહો! જ્ઞાનઘન આત્માનું એકવાર પણ ગ્રહણ કર્યું, પછી તેને બંધન કેમ રહે ? ન જ રહે.

છોકરાના લગ્નમાં ઉલ્લાસમાં હોય છે ત્યારે ‘‘થાળ ભર્યો સગ મોતીએ’’ અને ‘‘હાથી ઝૂલે બારણે’’ વગેરે પ્રકારે ગીત ગાય છે અને ‘‘નાણાંનો બળિયો તોરણેથી પાછો ફરશે નહિ’’ એમ પણ કહે છે. અહીં કહે છે કે ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિનો બળિયો મુક્તિના તોરણે આવ્યો તે હવે પાછો ફરશે નહિ. જ્ઞાનઘન ભગવાન સન્મુખ દ્રષ્ટિ થઈ પછી પાછો ફરે નહિ, એટલે કે મુક્તિ થયા વગર રહે નહિ.

ચૈતન્ય સ્વભાવનો ભરોસો પોતે કરે તો કામ લાગે. બીજાને પૂછવા જવાની જરૂર પડે તેમ નથી. અહો! ઘેર મૂડી થઈ અને નિર્ધન કહેવડાવે, એમ કેમ બને ?

અનાદિકાળથી એક સમય પણ પોતાના સ્વભાવનો ભરોસો કર્યો નથી. હવે જેને વસ્તુસ્વરૂપની દ્રષ્ટિ થઈ તેને બંધન કેમ હોય ? કદી ન હોય.

આત્મસ્વભાવ તરફ ઢળ્યો એટલે વર્તમાન પર્યાય સ્વભાવ તરફ રહેશે કે સ્વભાવ તરફ નહિ રહે એવા વિકલ્પને અવકાશ જ નથી. એટલે સ્વભાવ તરફ ઢળ્યા પછી પર્યાયબુદ્ધિ થતી જ નથી. યથાર્થ દ્રષ્ટિ થયા પછી જ્ઞાન ક્યાં જાય ? સમ્યગ્દર્શન થયા પછી સમયે સમયે પુરુષાર્થ પોતાથી પોતા તરફ કામ કર્યા જ કરે છે, તેથી પદે પદે ભેદજ્ઞાનને અવધારવું, તેમ પ્રવચનસારમાં કહ્યું છે. ત્યાં પર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. પણ અહીં તો ખરેખર સ્વભાવમાં ઢળતાં પર્યાય તરફ લક્ષ હોતું નથી એટલે સ્વભાવ તરફ ઢળ્યો તે ફરી જ્ઞાનનો અભાવ થતો નથી, કર્મનું બંધન થતું નથી. સ્વભાવની દ્રષ્ટિ પછી ભેદ રહેતો નથી, એમ અહીં કહ્યું છે. સ્વભાવ સન્મુખ થવું તે તો સહજ છે, તેમાં જરા પણ મુશ્કેલી નથી.

**ભાવાર્થ :—**અહીં તાત્પર્ય એમ છે કે–અજ્ઞાન તો અનાદિનું જ છે, પરંતુ પરમાર્થનયના ગ્રહણથી દર્શનમોહનો નાશ થઈને એકવાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય અને મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે ? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય, એમ જાણવું.

ફરીને વિશેષતાથી કહે છે :–

## કળશ ૫૬

અર્થ :–આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે અને પરદ્રવ્ય પરના ભાવોને કરે છે; કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે અને પરના ભાવો છે તે પર જ છે. એ નિયમ છે–એમ પરદ્રવ્યથી ભિન્નપણું જાણવાથી સ્વભાવદ્રષ્ટિ થયા વગર રહે નહિ. પરદ્રવ્યનું પરિણમન પરદ્રવ્યથી છે અને આત્માનું પરિણમન આત્માથી છે.

પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કે જે એવું માને તે મિથ્યાદ્રષ્ટિ છે. ત્યાં આશંકા ઊપજે છે કે–આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે ? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્ગલના પરિણામ કહ્યા હતા, તે કથન સાથે વિરોધ આવે છે અને જો પુદ્ગલના પરિણામ કહેવામાં આવે, તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી તેમનું ફળ જીવ કેમ પામે ? આ આશંકાને દૂર કરવાને હવે ગાથા કહે છે :–

## ગાથા ૮૭

### મિથ્યાત્વ જીવ, અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
### અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.

**અન્વયાર્થ :**—વળી જે મિથ્યાત્વ કહ્યું તે બે પ્રકારે છે–એક જીવમિથ્યાત્વ અને એક અજીવ મિથ્યાત્વ. અને એવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ કષાયો–આ સર્વ ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.

પ્રથમ રાગાદિ ભાવોને પુદ્‌ગલના કહ્યા હતા, તેથી કોઈ અજ્ઞાની જીવ એકાંતે પરદ્રવ્યના માની લ્યે તો તેને સમજાવવા માટે કહે છે કે મિથ્યાત્વ જીવ પણ છે અને અજીવ પણ છે. પરના કારણે આત્માની પર્યાય થાય એમ માને તો પર્યાયને સ્વભાવમાં વાળવાનું રહે નહિ અને કષાયની તીવ્રતામાંથી મંદતા પણ થઈ શકે નહિ. પરના કારણે પોતાની પર્યાય માનનાર તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. તેને કહે છે કે મિથ્યાત્વાદિ, જીવ અને અજીવ એ બે પ્રકારે છે. આ યથાર્થ ભાવો જાણવા માટે દીર્ઘ દ્રષ્ટિ કરવી પડે છે, સ્વતંત્ર દ્રવ્ય અને સ્વતંત્ર પર્યાય છે એમ નક્કી કરવું જોઈએ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહ્યો છે તે અજ્ઞાની પકડી શકતો નથી.

આત્મામાં વિપરીત જ્ઞાન અને અલ્પજ્ઞાન તે આત્માની પર્યાય છે, અને જ્ઞાનાવરણીય કર્મ તે જડની પર્યાય છે. કામક્રોધાદિ આસક્તિના ભાવો તે જીવના છે, તેમાં નિમિત્ત જડ કર્મ છે, તે પુદ્‌ગલની અવસ્થા છે. અવિરતભાવ અને યોગનું કંપન તે આત્માની પર્યાય છે અને તેનાં નિમિત્ત જે કર્મ તે જડની પર્યાય છે. મોહ તે આત્માની અસ્થિરતાનો ભાવ છે અને તેનું નિમિત્ત જે ચારિત્ર મોહનીયકર્મ છે, તે જડ છે. ક્રોધાદિ તે જીવની પર્યાય છે અને તેનું નિમિત્ત કર્મ, તે જડ છે. આ સર્વે ભાવો જીવ અને અજીવ બન્ને પ્રકારે છે.

**ટીકા :**—મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયુર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. મોર અજીવ છે અને દર્પણ જીવ છે. મોર મોરમાં છે અને દર્પણ દર્પણમાં છે. મોર બળતાં દર્પણ બળે નહિ, મોર લીલો છે માટે દર્પણ લીલું થાય, એમ નથી. અરીસામાં પંચરંગી અવસ્થા દેખાય છે તે અરીસાની છે.

તેમ અજીવ જડકર્મનુ થવું તે જડને લઈને છે. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો છે તે જડની અવસ્થા છે, તે જીવના રાગના કારણે થતા નથી. જેમ મોર એની અવસ્થાથી છે અને અરીસામાં જે અવસ્થા થાય છે તે મોરને લઈને થતી નથી;

તેમ જીવ વડે ભાવવામાં આવતા મિથ્યાત્વાદિ તે જીવના છે. જેમ મોરના કારણે અરીસાનું પરિણમન નથી, તેમ જડકર્મના કારણે આત્માની મિથ્યાત્વાદિ અવસ્થા થતી નથી.

# પ્રસાદ નં. ૯૪

## સમયસાર ગાથા ૮૭ ટીકાના પ્રવચનમાંથી.

(માહ સુદ ૨, ગુરુવાર, ૨૦૦૭)

પ્રશ્ન એમ છે કે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ આદિના પરિણામ, તે શું વસ્તુ છે ? જો તેને જીવના પરિણામ કહો તો પહેલાં તો તેને જડનાં પરિણામ કહ્યા હતા અને જો તેને પુદ્‌ગલના પરિણામ કહો તો જેની સાથે જીવને કાંઈ સંબંધ નથી, તેનું ફળ જીવને કેમ આવે ? તેનો ઉત્તર કહે છે :–

**ટીકા** :–મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક મોર અને અરીસાની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ ભાવો જે મોરના છે તેપણે પોતાના સ્વભાવથી મોર પરિણમ્યો છે. મોરને અહીં અજીવની ઉપમા આપી છે. મોરના શરીરની અવસ્થા તેના સ્વ ભવનથી થયેલી હોવાથી મોર જ છે, પણ દર્પણ નથી. અને દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા ઘેરો વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો તે દર્પણની સ્વચ્છતાનો વિકારમાત્ર છે, તે દર્પણ વડે ભાવવામાં આવતા હોવાથી દર્પણ જ છે, પણ મોર નથી. તે દર્પણની સ્વચ્છતાની વિકારી પર્યાય છે. મોર છે માટે તે દર્પણ ઘેરો વાદળી આદિ પંચરંગરૂપે થયો નથી પણ તે સ્વતંત્રપણે દર્પણનું સ્વભવન હોવાથી દર્પણ જ છે.

તેવી રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો જે અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે પરિણમેલા હોવાથી તેઓ અજીવ જ છે. દર્શનમોહ, જ્ઞાનાવરણીય અને અપ્રત્યાખ્યાનાવરણીય કર્મ આદિ તથા યોગ, ક્રોધાદિ જે જડની પર્યાય છે, તે અજીવ છે. આત્માએ મોહ, રાગ કર્યો છે માટે તે થયા છે–એમ નથી.

આત્માના શુદ્ધ સ્વભાવનું વર્ણન કરતાં રાગાદિને પુદ્‌ગલના પરિણામ ગાથા ૭૫માં કહ્યા હતા. તે આ અત્યારે કહેવાય છે, તે પુદ્‌ગલના પરિણામ નહિ. અહીં અજીવ મિથ્યાત્વાદિ કહ્યા છે તે તો પુદ્‌ગલ જડની અવસ્થા છે, ને તે આત્માની મિથ્યાત્વાદિ પર્યાયથી તદ્દન ભિન્ન છે. પ્રથમ મિથ્યાત્વાદિ પરિણામને પુદ્‌ગલ પરિણામ તો જીવમાંથી કાઢી નાખવા માટે કહ્યા હતા, તે પરિણામને અહીં જીવના પરિણામ કહ્યા છે. દ્રવ્યદ્રષ્ટિથી તે પુદ્‌ગલના છે અને પર્યાયદ્રષ્ટિથી તે આત્માના છે. પણ જડ છે માટે વિકારી પરિણામ છે, એમ માનવામાં આવે તો જીવના પરિણામને સ્વતંત્ર નહીં માનતાં તેનો નાશ પણ થઈ શકશે નહિ. પણ ખરેખર તે

મિથ્યાદર્શનાદિના પરિણામ જીવ વડે ભાવવામાં આવતા હોવાથી જીવ જ છે. અહીં તો ચોખ્ખી વાત લીધી છે કે જીવના પરિણામ જીવથી અને જડના પરિણામ જડથી થાય છે, બન્ને ભિન્ન ભિન્ન છે.

**ભાવાર્થ** :–પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો ઉદય થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે, તે અજીવ છે અને કર્મના નિમિત્તથી એટલે જીવ પોતે વિકાર કરે ત્યારે કર્મ નિમિત્ત છે તેથી કર્મના નિમિત્તથી જીવનો વિકાર થાય છે —એમ કહ્યું છે; તે જીવના પરિણામ હોવાથી તે મિથ્યાત્વાદિ ભાવો જીવ જ છે.

અહીં એમ જાણવું કે મિથ્યાત્વાદિ જે કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્‌ગલના પરમાણુ છે. જીવ ઉપયોગ સ્વરૂપ છે. તે ઉપયોગની સ્વચ્છતા એવી છે કે પુદ્‌ગલકર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે તેના આકારે ઉપયોગ થઈ જાય છે. એટલે કે જીવ પોતે પોતાના સ્વભાવનું લક્ષ ચૂકે છે અને પરનું વલણ કરે છે ત્યારે આત્મામાં જે મિથ્યાત્વ આદિના વિકારી ભાવો થાય છે તેમાં કર્મનું નિમિત્ત હોય છે. તેથી કર્મના સ્વાદના આકારરૂપે ઉપયોગ થાય છે–એમ કહેવાય છે.

અફીણની કડવાશનું જ્ઞાન થતાં, પોતે પોતાના જ્ઞાતાસ્વભાવરૂપે ન રહેતાં હું કડવાશરૂપે થઈ ગયો તેમ અજ્ઞાની માને છે, તેને કડવાશના સ્વાદના આકારે થયો, એમ કહેવાય છે પણ ખરેખર અફીણની કડવાશનો સ્વાદ આત્માને આવતો નથી અને કડવાશના આકારે પણ ઉપયોગ થતો નથી. આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવને ભૂલીને કલુષિતતાના ભાવો પોતાની પર્યાયમાં કરે છે તેને કર્મના સ્વાદના આકારે થયો, એમ કહેવાય છે, પણ ખરેખર આત્મા કર્મના સ્વાદના આકારે થતો નથી, કેમ કે બન્ને અત્યંત ભિન્ન પદાર્થો છે. આત્માને વિકારનો સ્વાદ આવે છે, પણ જડનો સ્વાદ તો કદી પણ આવતો નથી.

અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું એટલે વિકારી મલિન પરિણામનું અને જાણવા–દેખવાના ઉપયોગનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે મલિન પરિણામને જ પોતાનો સ્વભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય છે, એટલે કે જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે ત્યારે મિથ્યાત્વનો નાશ થઈને સમ્યગ્જ્ઞાન થાય એટલે ધર્મ થાય. લખાણમાં તો આ રીતે આવે છે પણ તેનો ખરેખરો અર્થ એમ છે કે વિકારીભાવનો સ્વાદ અને આત્માનો જાણવા–દેખવાનો સ્વભાવ બન્ને ભિન્ન છે, તેમ બન્નેમાં ઉપયોગ રાખવાથી ભેદજ્ઞાન થાય નહિ પણ પોતાના જ્ઞાતા સ્વભાવને જાણતાં વિકારની ઉત્પત્તિ જ ન થાય, તેને ભેદજ્ઞાન

કહેવાય છે–એમ એનો અર્થ છે. સ્વભાવભાવ જાણતી વખતે ઉપયોગ કાંઈ વિકારી ભાવને જાણવાનું કામ કરતો નથી કેમ કે વિકારભાવને જાણવા જતાં રાગ થાય છે. તેથી ખરેખર તો સ્વભાવનું લક્ષ થતાં વિકાર તરફનું લક્ષ છૂટી જાય છે, તેને જીવના ભાવ તથા અજીવના ભાવોને જુદા જુદા જાણ્યા એમ કહેવાય છે અને એ રીતે ભેદજ્ઞાન થતાં સાચો ધર્મ થાય છે. ॥૮૭॥

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તો તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે ? તેનો ઉત્તર કહે છે :–

## ગાથા ૮૮

**મિથ્યાત્વ અને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે,**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

**અન્વયાર્થ** :–જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદ્‌ગલ કર્મ છે અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે, એટલે કે જીવની પર્યાય તે જીવ છે અને તે ઉપયોગ છે.

**ટીકા** :–ખરેખર આત્માની ઊંધી શ્રદ્ધામાં નિમિત્ત જે દર્શનમોહ કર્મ, અજ્ઞાનમાં નિમિત્ત જે જ્ઞાનાવરણીય કર્મ તથા આત્માના અસ્થિરતાના ભાવમાં નિમિત્ત જે પ્રત્યાખ્યાનાવરણીયાદિ કર્મો છે, તે અજીવ છે. અમૂર્તિક એવા ચૈતન્ય આત્માના પરિણામથી જુદું એવું મૂર્તિક પુદ્‌ગલ કર્મ છે અને આત્માની ઊંધી શ્રદ્ધા, અજ્ઞાન ને અવિરતિનો ભાવ અમૂર્તિક એવા ચૈતન્યના પરિણામ હોવાથી જીવ છે. પુદ્‌ગલકર્મ જે મૂર્તિક છે તેનાથી આ ચૈતન્યપરિણામનો વિકાર જુદો છે. ॥૮૮॥

હવે પૂછે છે કે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ આદિ ભાવ કે જે ચૈતન્ય પરિણામનો વિકાર છે, તે ક્યાંથી થયો ? એટલે આત્મામાં ઊંધી માન્યતા વગેરે થયા ક્યાંથી ? તેનો ઉત્તર કહે છે :–

## ગાથા ૮૯

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**–મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

**અન્વયાર્થ** :–આત્મા અનાદિથી મોહયુક્ત હોવાથી તેના ઉપયોગના પણ અનાદિથી માંડીને ત્રણ પરિણામ છે. અહીં આ ગાથામાં ઉપયોગનું વર્ણન કરે છે. તેમાં ઉપયોગના મિથ્યાત્વ, અજ્ઞાન અને આસક્તિભાવ, એમ ત્રણ પ્રકારના પરિણામ જાણવા.

**ટીકા** :–ગાથામાં તો આચાર્યદેવે ઉપયોગનું વર્ણન કર્યું છે. પણ તેની વાત કરતાં પહેલાં અમૃતચંદ્રાચાર્યદેવ દરેક પદાર્થના સ્વભાવની વાત કરે છે કે : જો કે, નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ–પરિણમનમાં સમર્થપણું છે,— દરેક આત્મા અને દરેક પરમાણુ પોતાના સ્વભાવભૂત નિજ સામર્થ્યથી પરિણમે છે. વસ્તુ વસ્તુપણે પરિણમે તેવું જ તેનું સમર્થપણું છે. આત્મા પોતાના સ્વભાવથી વીતરાગી અવસ્થાપણે પરિણમે તે પર્યાયનું સમર્થપણું છે. શક્તિ અપેક્ષાએ તો વીતરાગી સ્વભાવ છે પરંતુ અહીં તો પર્યાયમાં પણ સ્વભાવભૂત પરિણમન કરવું તે આત્માનું સમર્થપણું છે–આમ હોવા છતાં આત્માને અનાદિથી અન્ય વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર છે. પરમાત્મસ્વભાવની રુચિનો અભાવ, પરમાત્મસ્વભાવના જ્ઞાનનો અભાવ અને સ્વભાવના આચરણનો અભાવ–એવો ત્રણ પ્રકારનો ઉપયોગ અનાદિથી પોતાથી પોતામાં મલિન પરિણામ થઈ રહ્યો છે તેમાં અન્ય વસ્તુ એવા મોહકર્મનું નિમિત્તપણું હોય છે.

તે મલિન ઉપયોગ, સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ પરને લીધે ઉત્પન્ન થતો દેખાય છે; તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે. :–જેવી રીતે સ્ફટિકનો સ્વભાવ ઉજ્જવળતારૂપે પરિણમવાનો હોવા છતાં કદાચિત્ કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના પાત્રના સંયોગે કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે. પરસંયોગે આવું ત્રણ પ્રકારનું મલિનપણું દેખાય છે, તે કહેવાનો આશય એ છે કે સ્ફટિકનો મૂળ સ્વભાવ તો ત્રણ પ્રકારે ઉપાધિરૂપે થવાનો નથી. તેનો સ્વભાવ તો સ્વચ્છતારૂપે રહેવાનો છે. પરના સંયોગે મલિનતા થઈ છે એટલે પરે મલિનતા કરાવી છે—એમ નથી. પણ સ્ફટિકની અવસ્થાની એ સમયની યોગ્યતાથી જ તે ત્રણ પ્રકારે ઉપાધિને પામ્યો છે.

તેવી રીતે આત્માને અનાદિકાળથી મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્ય-વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી આત્માના ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર દેખવો અર્થાત્ માનવો. અહીં જે અન્ય વસ્તુભૂત એવા મોહના નિમિત્તે આત્મામાં મિથ્યાદર્શનાદિની મલિનતા થાય છે, તેમ કહ્યું છે ત્યાં, આત્માનો સ્વભાવ તો નિજશક્તિથી શુદ્ધ પરિણમવાનો છે. પણ તે સ્વભાવરૂપે નહિ પરિણમતા પરલક્ષે મિથ્યાત્વાદિરૂપે પરિણમે છે તેમાં મોહનું નિમિત્ત છે. પણ પરવસ્તુ ઉપાધિ કરાવે છે–એમ નથી.

અનાદિથી આત્માનો ઉપયોગ ત્રણ પ્રકારના વિકારવાળો છે–એમ જાણવું. પણ તે વિકાર સ્વભાવથી થયો છે કે કોઈ પરચીજે કરાવ્યો છે, તેમ જાણવું નહિ પણ પોતાના અજ્ઞાનને લીધે થયો છે. નિજરસરૂપે પરિણમવાનો સ્વભાવ હોવા છતાં પણ મલિનતારૂપે પરિણમી રહ્યો છે તે આત્માની પોતાની ભૂલ છે, તેમ જાણવું.

# પ્રસાદ નં. ૯૫

## સમયસાર ગાથા ૮૯ ના પ્રવચનમાંથી.

(માહ સુદ ૩, શુક્રવાર, ૨૦૦૭)

પ્રશ્ન એ હતો કે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ જે ચૈતન્યપરિણામનો વિકાર છે, તે ક્યાંથી થયો ? એનો જવાબ એ હતો કે આત્માના ઉપયોગને વિષે ઊંધી માન્યતા, અજ્ઞાનભાવ અને અવિરતિ—એ ત્રણ પ્રકારના વિકારી પરિણામને દેખો એટલે કે તે ચૈતન્યના વિકારી પરિણામ તારાથી થાય એમ જો. કોઈ પર દ્રવ્યથી થતા નથી, તેમ એ વિકાર પરિણામ તારો સ્વભાવ પણ નથી, તેમ જાણો.

**ભાવાર્થ** :–આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે. એમ નથી કે પહેલાં આત્મા શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામ વિકાર થયો છે. જો પહેલાં શુદ્ધ જ હોય અને પછી નવો વિકાર થાય તો સિદ્ધોને પણ નવો પરિણામ વિકાર થવો જોઈએ, પણ એમ તો થતું નથી, માટે તો અનાદિથી છે, એમ જાણવું. પુણ્ય, પાપ, શરીર, વાણી, મન તે હું અને તે મારાં છે, તેવો મિથ્યાત્વભાવ અનાદિનો છે. તે કર્મે કરાવ્યો નથી પણ આત્મા પોતે પોતાના સ્વભાવને ભૂલીને મિથ્યાત્વાદિનો ભાવ અનાદિથી કરે છે, તેમ જાણવું.

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામ વિકારનું કર્તાપણું દર્શાવે છે :–

### ગાથા ૯૦

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

**અન્વયાર્થ** :–અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામ વિકારો હોવાથી, આત્માનો ઉપયોગ—જોકે શુદ્ધનયથી તે શુદ્ધ, નિરંજન (એક) ભાવ છે તો પણ ત્રણ પ્રકારનો થયો થકો તે ઉપયોગ જે વિકારીભાવોને પોતે કરે છે, તેનો તે કર્તા થાય છે. અનાદિથી વસ્તુસ્વરૂપે જોતાં આત્મામાં અનાદિઅનંત શુદ્ધ નિરંજન એકરૂપ ધ્રુવ ઉપયોગ છે છતાં તે ઉપયોગ વર્તમાન મલિનપણે થયો થકો વિકારી ભાવને કરે છે, તેથી તે ભાવનો કર્તા થાય છે. અહીં જે ઉપયોગ કહ્યો છે, તે પ્રગટ છે તે નહિ, પણ અનાદિ—અનંત ધ્રુવ ઉપયોગની વાત છે.

**ટીકા** :–એ પ્રમાણે અનાદિથી અન્યવસ્તુભૂત એવા મોહકર્મના સંયુક્તપણાને લીધે એટલે આત્માનો ઉપયોગ સ્વભાવનું લક્ષ ચૂકીને પરની એકત્વબુદ્ધિએ

પોતામાં થતાં મિથ્યાત્વ, અજ્ઞાન અને અવરિતિપણાના પરિણામ વિકારના કારણે અજ્ઞાની થયો થકો જે ભાવો કરે છે, તેનો કર્તા થાય છે.

જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાવપણાને લીધે એક પ્રકારનો છે. વસ્તુનું સર્વસ્વ એટલે આખો આત્મા છે તે ચૈતન્યમાત્રભાવપણે એક જ પ્રકારનો છે. તે શુદ્ધ, નિરંજન એકભાવપણે હોવા છતાં, પર્યાયમાં અશુદ્ધ, સાંજન એટલે મલિન અનેકભાવપણાને પામતો ત્રણ પ્રકારનો અનાદિથી છે.

અનાદિથી ઉપયોગ શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધ છે. નિરંજન છે ત્યારે પર્યાયમાં મલિનતાવાળો છે. ચૈતન્યમાત્રભાવ એક પ્રકારનો છે ત્યારે પર્યાયમાં અનેકપણાને  પામતો ત્રણ પ્રકારનો છે. એ રીતે અનાદિથી ઉપયોગ શુદ્ધ હોવા છતાં પર્યાયમાં અજ્ઞાન થયો થકો વિકારનો કર્તા થાય છે પણ કર્મને લઈને થતો નથી. આત્માનો તે ઉપયોગ વિકારનો કર્તા થાય છે.

ઉપર કહેલો ઉપયોગ અને આત્મા અભેદ હોવાથી આત્મા જ વિકારનો કર્તા થાય છે, તેમ પણ કહેવાય છે. અહીં કર્તાકર્મનો અધિકાર છે. તેમાં ઉપયોગ ત્રિકાળ એકરૂપ શુદ્ધ હોવા છતાં તે ઉપયોગ જે જે પ્રકારે પરિણમે છે તે તે પ્રકારે તે ભાવનો તે કર્તા થાય છે. પણ તે પરિણામનો કર્તા કર્મ થતું નથી, એમ અહીં સિદ્ધ કર્યું છે.

**ભાવાર્થ** :–આગળ કહ્યું હતું કે જે પરિણમે છે, તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો. આ રીતે ઉપયોગને કર્તા જાણવો. જોકે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે જ નહિ, તો પણ ઉપયોગ અને આત્મા અભેદ હોવાથી આત્માને અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી કર્તા કહેવામાં આવે છે.

આત્મા અને ઉપયોગ અભેદ છે. આત્મા જુદો રહે છે અને પર્યાય જુદી થાય છે–એમ નથી. આત્મા દ્રવ્યદ્રષ્ટિએ અશુદ્ધ નહિ હોવા છતાં પર્યાયદ્રષ્ટિથી અશુદ્ધ થયો છે. આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તેની પર્યાયમાં વિકાર થયો છે. તે પર્યાય આત્માથી જુદી નથી, માટે આત્મા જ અશુદ્ધ થયો છે. ઘંટીનું ઉપરનું પડ ફરે છે અને નીચેનું ફરતું નથી, તેવી રીતે આત્માની પર્યાય બદલે છે અને આત્મા ધ્રુવ એકરૂપે જુદો રહે છે–એમ નથી પણ પર્યાયદ્રષ્ટિએ આખું દ્રવ્ય તે રૂપે થાય છે.

પુણ્ય–પાપના પરિણામ આત્મામાં પ્રતિષ્ઠા પામતા નથી, એનો અર્થ એવો નથી કે તે પરિણામ અદ્ધરથી થાય છે; દ્રવ્યદ્રષ્ટિએ શુદ્ધ હોવા છતાં પર્યાયદ્રષ્ટિએ આત્મા પોતે આખો અશુદ્ધ થાય છે–તેમ જાણવું. ॥૯૦॥

હવે, આત્માને ત્રણ પ્રકારના એટલે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતભાવનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મરૂપે પરિણમે છે, તે કહ્યું છે.

## ગાથા ૯૧

**જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

**અન્વયાર્થ :—**આત્મા જે ભાવને કરે છે, તે ભાવનો તે કર્તા થાય છે; તે કર્તા થતાં, પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મપણે પરિણમે છે. અહીં વિકારી ભાવોનો આત્મા કર્તા થાય છે, તેમ કહ્યું છે. કેમ કે ઉપયોગ અને આત્મા અભેદ છે. માટે આત્મા વિકારભાવનો કર્તા છે, પણ કર્મનો કર્તા નથી.

**ટીકા :—**આત્મા પોતે જેવા ભાવો ખરેખર કરે છે, તેવા ભાવોનો તે કર્તા થાય છે. તે આત્માના વિકારી ભાવોનું નિમિત્ત પામીને, પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મરૂપે પરિણમે છે. ગાથા્ ૭૫માં કહ્યું હતું કે આત્માના વિકારીભાવોનો ખરેખર કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે અને અહીં વિકારનો ખરેખર કર્તા આત્મા છે, તેમ કહ્યું છે કેમકે અહીં વિકાર થાય છે તે આત્માની પર્યાયમાં પોતે કરે છે તો થાય છે, તેમ સિદ્ધ કરવું છે અને ગાથા ૭૫માં વિકાર તે આત્માનો સ્વભાવ નથી અને પરલક્ષે થાય છે તેથી પુદ્‌ગલનો કહ્યો હતો.

અહીં દ્રષ્ટાંતથી સમજાવે છે કે જેમ મંત્ર સાધનાર જે પ્રકારના ધ્યાનના ભાવો કરે છે તે ભાવનો તે સાધક કર્તા થાય છે. તે સાધકના ભાવોનું નિમિત્તમાત્ર પામીને સર્પાદિકનું ઝેર એની મેળે ઊતરી જાય છે. સર્પનું ઝેર ઊતરવામાં તે સાધકનો ભાવ અનુકૂળ નિમિત્તમાત્ર છે, પણ તેના કારણે ઝેર ઊતર્યું નથી.

મંત્રના નિમિત્તે સ્ત્રી ગાંડી થઈ જાય છે અને ધૂણે છે, છતાં તે મંત્રને લીધે નહિ પણ તે સ્ત્રીની પોતાની પર્યાયની યોગ્યતાના કારણે સ્વયં ગાંડી થાય છે. માનતુંગ આચાર્યે ભક્તામર દ્વારા ભગવાનનું સ્તવન કર્યું તેથી તેમનાં બંધનનાં તાળાં તૂટી ગયાં, એમ નિમિત્તથી કથન કરાય, પણ સ્તવનના કારણે તાળાં તૂટ્યાં નથી. સ્વયં પરના કારણ વિના તૂટ્યાં છે. ચંદનબાળાની બેડી તૂટી તે પણ બેડીના સ્વયં કારણે તૂટી છે. કોઈના ભાવના કારણે તૂટી નથી. તે વખતના ભાવને અનુકૂળ નિમિત્ત કહેવાય ખરું, પણ નિમિત્તના કારણે તે કાર્ય થતું નથી. તેમ અહીં મંત્રનું નિમિત્તમાત્રપણું છે, તેમ કહીને મંત્રના કારણે ઝેર ઊતરે છે, એમ કહેવું નથી પણ મંત્રના કારણ વગર સ્વયં ઝેર ઊતરી જાય છે, એમ અહીં સિદ્ધ કરવું છે.

તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે જે જે પ્રકારના વિકારીભાવો કરે છે, તેનો પોતે ખરેખર કર્તા થાય છે. તે વિકારી ભાવોનું નિમિત્તમાત્રપણું પામીને પુદ્‌ગલદ્રવ્ય સ્વયં પોતાના કારણે કર્મપણે થાય છે, આત્મા તેને પરિણમાવતો નથી. આત્મા કર્તા સિવાય તે પોતાની મેળે કર્મરૂપે થાય છે. આત્મા કર્મને બાંધતો નથી. આત્મા તેને અનુકૂળ નિમિત્તમાત્ર છે પણ તે કર્મનો કર્તા નથી.

**ભાવાર્થ :**—આત્મા તો અજ્ઞાનરૂપે પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે, કોઈ સાથે રાગ કરે છે, કોઈ સાથે દ્વેષ કરે છે; એ રીતે અજ્ઞાની તે ભાવોનો કર્તા થાય છે. અહીં તો મુખ્યપણે મિથ્યાત્વાદિ ત્રણ પ્રકાર લીધા છે. યોગાદિને ગૌણ કર્યા છે. આત્મા અજ્ઞાનપણે તે ભાવોનો કર્તા થાય છે અને તે ભાવોનું નિમિત્ત પામીને પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મરૂપે થાય છે. આ રીતે પરસ્પર નિમિત્તનૈમિત્તિક ભાવમાત્ર છે. એટલે આત્માનો વિકારી ભાવ તે નિમિત્ત અને કર્મનું થવું તે નૈમિત્તિક છે. અને કર્મનો ઉદય તે નિમિત્ત અને આત્મામાં વિકારી ભાવ થવા તે નૈમિત્તિક છે. એ રીતે પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકમાત્રપણું છે પણ કર્તા તો બન્ને પોતપોતાના પરિણામના થાય છે, એ નિશ્ચય છે. ૥૯૧૥

હવે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે, તે વાત સમજાવે છે :—

## ગાથા ૯૨

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

**અન્વયાર્થ :**—જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પર કરે છે, તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા થાય છે.

**ટીકા :**—અજ્ઞાનથી આ આત્મા પોતાનો અને પરનો માંહોમાંહે તફાવત જાણતો નથી તેથી પરને પોતારૂપ કરતો અને પોતાને પરરૂપે કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો કર્મોનો કર્તા પ્રતિભાસે છે. અજ્ઞાની અજ્ઞાનથી પરનું હું કરી દઉં અને પર મારું કરે છે, એમ માને છે. આગળની ગાથામાં કહ્યું હતું કે મોહને નાચવું હોય તો નાચો પણ મોહ મારો કાંઈ લાગતો—વળગતો નથી. ત્યાં તો સ્વભાવદ્રષ્ટિએ મોહનો કર્તા આત્મા નથી, એમ કહી તેના ઉપરનું લક્ષ છોડાવ્યું છે. અહીં તો અજ્ઞાની પરને પોતાનું માનવારૂપ એકત્વબુદ્ધિ કરે છે તેથી તે વિકારનો કર્તા થાય છે, તેમ કહેવું છે. હવે તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે.

જેમ શીત કે ઉષ્ણ તો પુદ્‌ગલદ્રવ્યની અવસ્થા છે. તેની તાકાત જ્ઞાન કરાવવામાં નિમિત્ત થવાની છે અને આત્મામાં તેને જાણવાની તાકાત છે પણ આત્મા ટાઢો કે ઊનો થતો નથી. ટાઢા કે ઊનાની અવસ્થા પુદ્‌ગલદ્રવ્યથી અભિન્ન છે (જુદી નથી), અને આત્માથી સદા અત્યંત ભિન્ન છે. જેવી અવસ્થા છે તેવું આત્મા જ્ઞાન કરે છે પણ તે અવસ્થાને આત્મા અડતો નથી. તે જ્ઞાન આત્માથી અભિન્ન હોવાથી આત્માના કારણે થાય છે.

તેવી રીતે આત્મામાં રાગદ્વેષાદિ ને સુખદુઃખાદિ થાય છે, તે જે જે પ્રકારે થાય છે તેવું જ જ્ઞાન આત્મા કરે છે, છતાં રાગને કારણે જ્ઞાન થતું નથી અને રાગરૂપ જ્ઞાન થતું નથી. તે રાગદ્વેષાદિ પુદ્‌ગલના પરિણામ છે તેથી પુદ્‌ગલથી અભિન્ન છે અને જ્ઞાનથી અત્યંત ભિન્ન છે.

આત્માની અવસ્થામાં અનુકંપાના ભાવ થાય કે હિંસાના ભાવ થાય તો જ્ઞાન પણ તેવું જ થાય છે. ત્યાં તો જ્ઞાનની સ્વ—પરપ્રકાશક શક્તિ ખીલી ગઈ છે તે જણાવે છે. રાગદ્વેષમાં તે જ પ્રકારે જ્ઞાન કરાવવાનું નિમિત્તરૂપે સામર્થ્ય છે અને જ્ઞાન કરવાની તાકાત જ્ઞાનની છે. રાગદ્વેષાદિ જ્ઞેય છે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે. રાગાદિની અવસ્થા પુદ્‌ગલદ્રવ્યથી અભિન્ન છે અને જ્ઞાનની પર્યાય આત્માથી અભિન્ન છે.

# પ્રસાદ નં. ૯૭

## સમયસાર ગાથા ૯૨ના પ્રવચનમાંથી.

(માહ સુદ ૪, શનિવાર, ૨૦૦૭)

જેમ પુદ્‌ગલની શીત તથા ઉષ્ણ અવસ્થા જ્ઞાન કરાવવામાં નિમિત્તપણે સમર્થ છે, તે શીત તથા ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે અને તેનું જ્ઞાન આત્માથી અભિન્ન છે. તેથી પુદ્‌ગલના પરિણામ જ્ઞાનથી સદાય અત્યંત ભિન્ન છે તેમ આત્મામાં થતા રાગદ્વેષ સુખદુઃખાદિના વિકારી ભાવો તે પુદ્‌ગલના પરિણામ છે. રાગાદિને અહીં પુદ્‌ગલના પરિણામ કહ્યા છે કેમકે આત્માના સ્વભાવમાં રાગાદિના પરિણામ છે નહિ. વળી સ્વભાવના લક્ષે તે છૂટી જાય છે. માટે તેને પુદ્‌ગલપરિણામ કહ્યા છે.

તે રાગાદિના પરિણામ પર્યાયદ્રષ્ટિથી આત્માના છે પણ વસ્તુસ્વભાવથી જોતાં તે રાગાદિના પરિણામ જડ સાથે સંબંધ ધરાવે છે, કેમકે તેનું ફળ જડ છે. કામ, ક્રોધ, દયા, દાનાદિના ભાવો તે બધા દુઃખદાયક છે. તે રાગાદિ કાંઈ પરમાણુની પર્યાય નથી. છે તો આત્માની વિકારી પર્યાય પણ તે આત્મસ્વભાવ નથી, માટે તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે.

આત્મા ચૈતન્ય અખંડ જ્ઞાયક છે. તેનો આશ્રય કર્યો તે આત્મા અને તેને ચૂકીને ખંડનો અને ભેદનો આશ્રય કર્યો તે પરિણામને પુદ્‌ગલના કહ્યા છે. ગાથા ૮૦ થી ૯૧ સુધીમાં રાગાદિ વિકારી ભાવો આત્માના છે પણ પુદ્‌ગલના નથી, એમ કહ્યું હતું, કારણ કે આત્માની સ્વતંત્રતાથી થયેલા છે પણ પુદ્‌ગલે કરાવ્યા નથી, તેમ ત્યાં બતાવ્યું હતું.

હવે અહીં કહે છે કે જે રાગાદિના પરિણામ થાય છે તે જ્ઞાનમાં જણાવામાં નિમિત્ત છે પણ જ્ઞાન સાથે એકમેક થતા નથી, તેથી તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. તે રાગાદિના પરિણામો આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. તે રાગાદિ પર્યાયમાં એક સમયનો ઔપાધિકભાવ છે અને આત્મા તો ત્રિકાળ નિરુપાધિકભાવ છે.

સમ્યગ્દ્રષ્ટિ, ધર્મી જીવ પોતાના આત્માને જાણતો સ્વમાં રહીને રાગાદિની પર્યાયને જાણે છે, પણ રાગરૂપે થતો નથી. રાગાદિનું જ્ઞાન થયું, તે આત્માથી એકમેક છે. રાગાદિ તે ચૈતન્ય તત્ત્વ નથી તેથી તેને અજીવતત્ત્વ પણ કહેવાય છે. ચૈતન્યતત્ત્વમાં રાગાદિના વિકારી ભાવો કદી પેઠા નથી.

અજ્ઞાની, આત્મામાં થતા હરખશોકાદિના પરિણામોનો તથા તેના જ્ઞાનનો તફાવત નહિ જાણતો થકો તેના એકપણાના અધ્યાસથી અજ્ઞાનને લીધે હરખ શોકના પરિણામોનો કર્તા થાય છે.

જેમ ટાઢી-ઊની અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એટલે ટાઢી-ઊની અવસ્થાને જાણતાં આત્મા ટાઢો-ઊનો થતો નથી. તેમ હરખ-શોક, દયા-દાનાદિરૂપે આત્મા વડે થવું અશક્ય છે. આત્માનો સ્વભાવ કદી રાગાદિરૂપે થતો નથી. પર્યાયમાં થાય તેને અહીં આત્મા ગણ્યો નથી. આગળ ગાથા ૮૩માં કહ્યું હતું કે આત્મા સસંસાર અને નિઃસંસારપણે થાય છે. ત્યાં તો આત્માની પર્યાયની વાત હતી, સંસારરૂપે જડ થતું નથી તેમ બતાવવું હતું અને અહીં તો આત્માનો સ્વભાવ સંસારરૂપે થવાને અશક્ય છે, એમ બતાવ્યું છે.

પ્રથમ આત્માની વિકારી કે અવિકારી પર્યાય પોતાથી થાય છે, તેમ નક્કી કર્યા પછી વિકારભાવનો કર્તા સ્વભાવથી આત્મા કદી નથી, તેમ કહે છે.

અજ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવનું કર્તવ્ય ચૂકીને દયા, દાન, વ્રત, તપાદિ મારું કર્તવ્ય છે, તેમ માને છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં વિકારી ભાવનું મુખ્યપણું કરતો થકો તે અજ્ઞાનરૂપે થાય છે. આ રીતે પોતાના સ્વભાવને જાણ્યા વગર જાત્રા, ભક્તિ વગેરેમાં મુખ્યપણું કરે છે, તે જ્ઞાનમાં અજ્ઞાનપણું પ્રગટ કરે છે. એટલે કે તેને ધર્મ થતો નથી. તે, આ હું દયા પાળનાર છું, આ હું ભક્તિ કરનાર છું. આ હું સેવા કરનાર છું, આ હું દાન કરનાર છું-એમ પર્યાયદ્રષ્ટિએ થયો થકો અજ્ઞાનમાં પ્રવર્તે છે. તેને, હું જ્ઞાનનો કરનાર છું, એવું ભાન નથી તેથી વિકારી પરિણામનો અજ્ઞાનમાં કર્તા ભાસે છે. જ્ઞાની જ્ઞાતા સ્વભાવના લક્ષે વિકારી ભાવનો કર્તા થતો નથી.

આત્માનો સ્વભાવ રાગાદિને જાણવાનો છે, પણ રાગાદિને કરવાનો નથી, એમ નહિ માનતાં વિકારીભાવનું કર્તવ્ય સ્વીકાર્યું તે જ અજ્ઞાનમય અધર્મનો કર્તા થાય છે. દયા, દાન, સેવાનાં કામ કરવાં, પુણ્યભાવ કરવા એ અમારી ફરજ છે, કર્તવ્ય છે, તેમ માનનાર વિકારભાવનો કર્તા થાય છે. તે જીવ અજ્ઞાન અને અધર્મને પ્રગટ કરે છે. આ અધર્મનો અભાવ કરી આત્માનો જ્ઞાનસ્વભાવી ધર્મ પ્રગટ કરવો અધર્મીને રુચતો નથી. તેને તો બહારની ક્રિયામાં રુચિ છે, તે જ અજ્ઞાન અને અધર્મ છે.

**ભાવાર્થ** :-રાગદ્વેષ સુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે. એટલે કે કર્મના આશ્રયનો તે ભાવ છે તેથી તે ભાવ શીત-ઉષ્ણપણાની માફક પુદ્‌ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને

તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે. ચૈતન્ય ધ્રુવ એકસ્વભાવી આત્મા છે, તેના ભાન વિના અજ્ઞાની એમ જાણે છે કે વિકારી ભાવ તે મારું સ્વરૂપ છે. વિકારી ભાવ તો એક સમયનો ભેખ છે, છતાં અજ્ઞાની તેને પોતાનો માને છે.

આત્માનો સ્વભાવ જાણવાનો છે. તો તે જ્ઞાનની સ્વચ્છતામાં રાગ જણાયા વગર રહે નહિ. તેથી રાગનું જ્ઞાન થતાં જાણે કે હું રાગી છું. શુભભાવનો કર્તા છું, પુણ્યશાળી છું, પાપી છું, ભાગ્યહીન છું, તેમ અજ્ઞાનીને ભાસે છે. અજ્ઞાની ક્રોધ કરે છે ત્યારે કહે છે કે મારા જેવો ભૂંડો કોઈ નથી માટે મને છંછેડશો નહિ. ક્રોધરૂપે જ પોતે છે, એમ તે માને છે, પણ મારા જેવો સિદ્ધ કોઈ નથી એવા સ્વભાવને તે જાણતો નથી.

આ રીતે આત્માનો સ્વભાવ રાગદ્વેષાદિ કરવાનો નથી. તેનો નિર્ણય કરવામાં અનંત પુરુષાર્થ જોઈએ છે. અજ્ઞાનીને તે વાત બેસતી નથી અને કહે છે કે ભગવાને કેવળજ્ઞાનમાં જેટલા ભાવ દેખ્યા છે તેટલા થશે, ગમે તેટલો પુરુષાર્થ કરીએ તો પણ એક ભવ ઓછો થાય નહિ–તેમ માનનારને પોતાના સ્વભાવની ખબર નથી અને તેથી ખરેખર કેવળજ્ઞાનીની પણ શ્રદ્ધા નથી, તેથી તે અનંત સંસારી છે. પુરુષાર્થને નહિ માનનાર પર્યાયમાં એકત્વબુદ્ધિ કરી અજ્ઞાનને પ્રગટ કરે છે. ॥૯૨॥

જ્ઞાન સ્વભાવથી સંસાર ઉત્પન્ન થતો નથી, એમ હવે કહે છે :–

## ગાથા ૯૩

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

**અન્વયાર્થ :**—જે પરને પોતારૂપ કરતો નથી અને પોતાને પણ પર કરતો નથી, તે જ્ઞાનમય જીવ કર્મોનો અકર્તા થાય છે. જે આત્મા પોતાના વિકારી ભાવમાં રુચિ કરતો નથી તે પોતાના જ્ઞાનસ્વભાવનો કર્તા થાય છે; તે રાગાદિનો કર્તા થતો નથી.

**ટીકા** :–જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણે છે એટલે કે ભેદજ્ઞાન વડે વિકારી ભાવોને અને તેને જાણનાર જ્ઞાનને જુદો જાણે છે ત્યારે તે પરને પોતારૂપ કરતો નથી એટલે કે પર્યાય તરફનું વલણ કરતો નથી અને પોતાને પરરૂપ કરતો નથી એટલે કે સ્વભાવનું વલણ છોડતો નથી તે આત્મા, હું ચૈતન્ય જ્ઞાતા છું, રાગ–દ્વેષાદિનો સાક્ષી છું એટલે કે જાણનાર છું, એમ

જ્ઞાનમય થયો થકો એટલે પોતાના જ્ઞાનને કરતો થકો રાગાદિનો અકર્તા પ્રતિભાસે છે.

અહીં સાધકદશાની વાત છે. રાગદ્વેષાદિ બિલકુલ થતા નથી—એમ નથી, અલ્પ રાગદ્વેષાદિ થાય છે પણ તેને પોતાનું કર્તવ્ય માનતો નથી. જેમ ટાઢી-ઊની અવસ્થા જ્ઞાન કરાવવામાં નિમિત્તરૂપે સમર્થ છે, તે પુદ્ગલ દ્રવ્યની અવસ્થા છે, તે પુદ્ગલથી અભિન્ન છે; અને આત્માથી ત્રણેકાળે ભિન્ન છે. જેવી ટાઢી કે ઊની અવસ્થા હોય તેવું જ જ્ઞાન થાય. તે જ્ઞાન આત્માથી અભિન્ન છે અને ટાઢી-ઊની પુદ્ગલની અવસ્થાથી ત્રણેકાળે ભિન્ન છે. આ દ્રષ્ટાંત થયું. હવે સિદ્ધાંત કહે છે.

આત્મામાં થતા રાગદ્વેષ સુખદુઃખાદિના પરિણામો આત્માને જ્ઞાન કરાવવામાં નિમિત્ત રૂપે થવા સમર્થ છે, તે રાગદ્વેષાદિ પુદ્ગલના પરિણામ છે. કેમ કે તે આત્માનો સ્વભાવ નથી. માટે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે, અને પુદ્ગલથી અભિન્ન છે. જ્ઞાનીને અલ્પ રાગાદિના ભાવો થાય છે ખરા પણ તે જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, જ્ઞાતામાં તે એકમેક થતા નથી. તે રાગના પરિણામ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી પુદ્ગલમાં જાય છે. પરપદાર્થ તો એક સમયમાત્ર પણ આત્માના થતા નથી. પણ અહીં તો આત્માની પર્યાયમાં એક સમયનો સંસાર છે, તે આત્માનો સ્વભાવ નથી, એમ બતાવીને પર્યાયબુદ્ધિ છોડાવવી છે. તે રાગાદિ પર્યાયનું જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માથી અભિન્ન છે અને પુદ્ગલથી તદ્દન ભિન્ન છે.

# પ્રસાદ નં. ૯૯

## સમયસાર ગાથા ૯૩ ના પ્રવચનમાંથી.

(માહ સુદ ૫, રવિવાર, ૨૦૦૭)

ધર્મી જીવને ધર્મ કેમ થાય છે ? અને ધર્મી વિકારનો કર્તા કેમ થતો નથી? – તે વાત ચાલે છે.

જેમ આત્મા ટાઢા–ઊના સ્પર્શરૂપે થવાને અશક્ય છે, તેમ આત્મા સ્વ–પરના વિવેકને લીધે ટાઢા ને ઊનાની માફક રાગદ્વેષ, સુખદુઃખાદિરૂપે થવાને અશક્ય છે. સાધકપણાની વાત અહીં લીધી છે. રાગદ્વેષ, સુખદુઃખાદિના પરિણામ થાય છે તો ખરા, પણ જ્ઞાયક ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિએ, રાગાદિના પરિણામ જ્ઞાનમાં ભાસે છે, પણ તે રૂપે જ્ઞાની જરાએ પરિણમતો નથી.

દયાદાનાદિ સ્વરૂપે પરિણમવાને આત્મા અશક્ય છે. પર્યાયની રુચિ જેનામાંથી ગઈ છે અને સ્વભાવની દ્રષ્ટિ જેને થઈ છે તે રાગાદિરૂપે જરાએ પરિણમતો નથી, પણ રાગનો જ્ઞાતા રહે છે અને અજ્ઞાની, રાગદ્વેષાદિ પર્યાયમાં થાય છે, તેની રુચિ કરે છે તેથી તે અજ્ઞાનરૂપે થાય છે.

શરીર, મન, વાણીનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી; પરંતુ પોતાની પર્યાયમાં રાગાદિના ભાવો થાય છે તેની રુચિ કરીને અજ્ઞાની વિકારનો કર્તા થઈને ચાર ગતિમાં રખડે છે; જ્ઞાની, સ્વભાવની રુચિપણે પરિણમતો જ્ઞાન સ્વભાવભાવપણું પ્રગટ કરતો, શ્રદ્ધા, જ્ઞાન અને અરાગીપણું પ્રગટ કરતો, આ હું, રાગને જાણું જ છું, રાગી તો પુદ્‌ગલ છે. એટલે કે રાગનું કાર્ય પુદ્‌ગલ કરે છે. હું તો જાણવા–દેખવાનું કાર્ય કરું છું. સ્વભાવ સન્મુખ દ્રષ્ટિને લઈને રાગ પુદ્‌ગલનું કાર્ય છે, રાગ મારું કાર્ય નથી–તેમ જ્ઞાની માને છે.

આગળ રાગાદિ વિકાર તે આત્માની પર્યાય છે માટે જીવ જ છે, તેમ કહ્યું હતું. પણ અહીં તો જ્ઞાની સ્વભાવદ્રષ્ટિએ વિકારનો કર્તા નથી. ધર્મી દયા, દાનના ભાવને કરતો નથી, એમ કહે છે. જે દયા દાનાદિના ભાવો થાય છે, તેને જ્ઞાતા તરીકે જાણવાનું કામ જ્ઞાની કરે છે. લડાઈમાં સમ્યક્ત્વી ઊભો હોય અને અલ્પ દ્વેષ થતો હોય તેનો પણ જ્ઞાની તો જાણનાર છે.

આ હું રાગને જાણું છું. રાગી તો પુદ્‌ગલ છે. એટલે રાગ તો પુદ્‌ગલ કરે છે. એનો આશય એ છે કે જ્ઞાનીનું સ્વભાવ તરફ વીર્યનું ઘણું જોર છે તેથી વર્તમાન નબળાઈથી જે રાગ થાય છે તેને પુદ્‌ગલનો કહ્યો છે પણ વિકારની રુચિ કરીને જ્ઞાની સ્વચ્છંદી થતો નથી.

શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિમાં રાગ મારું કાર્ય છે, એમ જ્ઞાની સ્વીકારતો નથી. અજ્ઞાની સ્વભાવને સમજ્યા વગર અજ્ઞાનપૂર્વક કષ્ટ ઉઠાવે છે. જાત્રા, ઓળી, ઉપવાસાદિ ક્રિયાઓ કરે છે પણ તેથી તેને ધર્મ થતો નથી. સ્વભાવદ્રષ્ટિ થયા વગર ધર્મ થાય નહિ.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, એવા સ્વભાવના નિર્ણયમાં જ્ઞાની રાગાદિને મારાપણે માનતો નથી. જેને પુણ્ય—પાપાદિ ભાવની રુચિ છે અને અંશ ઉપર દ્રષ્ટિ છે, તે જો એમ કહે કે વિકારનો હું કર્તા નથી, તો તે યોગ્ય નથી.

જ્ઞાની જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ વિકારી ભાવનો કર્તા થાય છે.– આવું પ્રથમ જ્ઞાન કરે તો ધર્મની શરૂઆત થાય. આત્મા ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, તેની જેને રુચિ નથી તેને ક્ષણિક પર્યાયની રુચિ થયા વગર રહેશે નહિ. જેણે ધર્મ કરવો હોય તેણે અંશ એટલે પર્યાયની રુચિ છોડી ત્રિકાળી અંશી એવા આત્માની રુચિ કરવી, તે પ્રથમ આચરણ છે. જ્ઞાનરૂપી આચરણ થયા વગર મિથ્યાત્વરૂપી આચરણમાં ઘૂંટાઈ ગયો છે તેને ચારિત્રરૂપી આચરણ થતું નથી. માટે ત્રિકાળી ધ્રુવ આત્માની રુચિ કરવી તે જ ધર્મની શરૂઆત છે.

અજ્ઞાની તો શરીરની ક્રિયામાં ધર્મ માને છે પણ જડની ક્રિયાથી આત્મામાં ધર્મ થતો નથી. જો કષાયની મંદતા કરે તો પુણ્યબંધ થાય છે, પણ મંદકષાય છે તે આત્માનો સ્વભાવ નથી પણ અધર્મ છે; તે અધર્મનું આચરણ કરતાં ધર્મ પ્રગટે નહિ. આત્મવસ્તુ અનંત શક્તિનો પિંડ છે. એક સમયની પર્યાય જેટલો આત્મા નથી—એવું ભાન ન કરે ત્યાંસુધી સમ્યક્ત્વરૂપી ધર્મ થતો નથી. જેમ શરીર ઉપર મેલ ચોપડતાં નિર્મળ થવાય નહિ તેમ શુભરાગ કરતાં કરતાં વીતરાગ થવાય નહિ.

અનંતવાર બહારનું ચારિત્ર પાળ્યું. શુક્લ લેશ્યાના પણ પરિણામ કર્યા છતાં તેનાથી સમ્યક્દર્શનરૂપી ધર્મ થયો નહિ. વિકારની ક્રિયાના બળથી ધર્મ પ્રગટે નહિ. આ વાત સાંભળવા મળવી મુશ્કેલ છે અને રુચવી તો મહાદુર્લભ છે. ચૈતન્યતત્ત્વને જાણ્યા વગર અને રુચિ કર્યા વગર વીર્ય ઠરશે ક્યાં ? આત્મસ્વભાવની દ્રષ્ટિ વગર વીર્ય નિવૃત્તિનું કામ કરશે નહિ. મંદ કષાયથી તો ચાર ગતિમાં રખડશે પણ ધર્મ થશે નહિ.

**ભાવાર્થ :**—જ્યારે આત્મા રાગદ્વેષ સુખદુઃખાદિને પોતાના જ્ઞાનસ્વભાવથી ભિન્ન જાણે એટલે કે જેમ ટાઢા—ઊનાની અવસ્થા પુદ્ગલની છે તેમ રાગદ્વેષાદિની અવસ્થા પણ પુદ્ગલની છે તેવું ભેદજ્ઞાન થાય, ત્યારે હું તો જાણનાર—દેખનાર છું

અને રાગાદિ મારું કાર્ય નથી તેમ જાણે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે. ॥૯૩॥

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે ?—આત્માનો સંસાર જડમાં હોતો નથી. આત્માની અજ્ઞાનદશા તે જ સંસાર છે. તે સંસાર કઈ રીતે થાય છે, તે કહે છે :—

## ગાથા ૯૪

**'હું ક્રોધ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.**

**અર્થ :**—ત્રણ પ્રકારનો આ ઉપયોગ—એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણ તે વિકાર દ્રષ્ટિવાળો ઉપયોગ. 'હું ક્રોધ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે; આત્માની અરુચિ અને પુણ્યની રુચિ તેને અહીં મિથ્યાત્વસહિતનો ક્રોધ કહ્યો છે. સ્વભાવના અણગમારૂપ, ક્રોધ તે હું છું, એવી એકત્વબુદ્ધિ કરે છે તે વિકારની રુચિવાળો આત્મા વિકાર મારું કાર્ય છે, એમ માનીને વિકારનો કર્તા થાય છે, તે મિથ્યાત્વભાવ છે.

**ટીકા :**—ખરેખર આ સામાન્યપણે એટલે એકપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન—અજ્ઞાન અને અવિરતિભાવ એ ત્રણ પ્રકારના સવિકાર ચૈતન્યપરિણામ તે પર છે અને સ્વ એટલે આત્માનો નિર્વિકાર સ્વભાવ. તે સ્વ અને પર બન્નેને અવિશેષપણે એટલે એકપણે માનવાથી, વિકાર પરિણામ અને ત્રિકાળી સ્વભાવની જુદી શ્રદ્ધા નહિ કરવાથી મિથ્યાદર્શન થાય છે. પર અને પોતાની જુદાઈના જ્ઞાનના અભાવથી મિથ્યાજ્ઞાન થાય છે તથા વિકાર અને અવિકાર એ બન્નેની અવિશેષ—જુદા પાડ્યા વગરની લીનતાથી. એમ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા લીનતાથી સ્વ—પરના સમસ્ત ભેદને છૂપાવીને, અજ્ઞાની પર્યાયદ્રષ્ટિથી વિકારનો કર્તા થાય છે.

વિકારી પરિણામની અને ત્રિકાળી સ્વભાવની—એ બન્નેની જુદાઈને ઢાંકી દઈને સમસ્ત પ્રકારે આવરણ કરીને, જેમ અંધારામાં લોઢું અને સોનું એકરૂપ લાગે છે તેમ વિકાર અને અવિકારને અજ્ઞાનપણે ઢાંકી દીધા છે—જુદા રહેવા દીધા નથી. ચૈતન્ય નિરુપાધિ એવા પરમભાવના અને વિકારના જુદાપણાનું ભાન પર્યાયદ્રષ્ટિમાં રહેતું નથી.

ભાવ્યભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનું સામાન્ય અધિકરણ એટલે કે જાણે તે બન્નેનો આત્મા એક આધાર હોય તેમ અનુભવન

કરવાથી, હું ક્રોધ છું એવો પોતાનો વિકલ્પ અજ્ઞાની ઉત્પન્ન કરે છે. ચેતનનો વિકારી પરિણામ જાણે કે ચેતન દ્રવ્યથી જ ઉત્પન્ન થયો હોય તેમ ભાવ્યભાવકભાવને કરે છે. સ્વ–પરની સમસ્ત જુદાઈને ઢાંકી દઈને જાણે કે વિકારની ખાણ જ આત્મા છે, એમ ચૈતન્યદ્રષ્ટિ ભૂલીને માને છે, તે મિથ્યાત્વભાવ છે.

જે ખેતરમાં કળથી ઊગે તે ખેતરમાં તે જ વખતે ચોખા ઊગે, એમ ન બને. છતાં તે બન્નેનું એક ખેતર જે માને છે તે મૂઢ છે; તેમ અજ્ઞાની, વિકાર અને અવિકારનું ખેતર એક આત્મા છે એટલે તે બન્નેનો આધાર આત્મા છે, તેમ માને છે, તે મૂઢ છે. પણ ખરેખર અસંખ્યાત પ્રદેશી આત્માના ખેતરમાં તો અનંતગુણોનો સ્વભાવ ભર્યો છે. તેની એક સમયની પર્યાયમાં ઉપર ઉપર ઉદયભાવ એટલે કે રાગદ્વેષાદિ થાય છે, આત્માની ખાણમાં ઉદયભાવ નથી. આત્માનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે તે ગુણની શુદ્ધ પર્યાયને ઉત્પન્ન કરવાનું ધામ છે, તેમ ન માનતાં વિકારભાવને ઉત્પન્ન કરનાર છે, એમ માનવું તે જ અજ્ઞાન ને મિથ્યાત્વ છે.

અચેતન કર્મના લક્ષે થતો આત્માનો વિકારી ભાવ અને આત્મદ્રવ્ય તે બન્નેનું એકપણું માને, તે આત્માને ભૂલીને મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે. આત્મા વિકારનો રચનાર છે, એમ માનતાં તો વિકાર રહિત આત્માની શ્રદ્ધા કરવાનો અવકાશ રહેતો નથી. અજ્ઞાની–વર્તમાન પર્યાયદ્રષ્ટિ જીવ, અચેતન કર્મ તરફ રુચિ કરીને પરદ્રવ્યથી ઉત્પન્ન થયેલો જે વિકારીભાવ તેને પોતાનો કરતો સ્વભાવ ને વિકારની જુદાઈ જાણતો નથી. વિકાર પરને આશ્રયે થાય છે, પણ પોતાના અનંતગુણના ધામમાંથી તે થતો નથી, તેની જુદાઈને અજ્ઞાની જાણતો નથી.

અહીં બે દ્રવ્યની વાત છે. એક અચેતનદ્રવ્ય તથા બીજું ચેતનદ્રવ્ય. તેમાં શુદ્ધદ્રવ્યની દ્રષ્ટિ નથી. એટલે પર તરફ દ્રષ્ટિ થઈ તેથી વિકાર ઉત્પન્ન થાય છે, તેમાં પોતાપણું અજ્ઞાની માને છે ને વિકારીપર્યાયનો કર્તા થાય છે. વિકારનો આધાર આત્માને માને છે પણ સમ્યક્ પર્યાયનો આધાર આત્મા છે, તેમ તે માનતો નથી.

અજ્ઞાની લિંગને દેખે છે, આત્માના સ્વભાવને દેખતો નથી. વિકલ્પ જેટલો ઊઠે છે તે બધો પરને આશ્રયે ઊઠતો ભાવ છે માટે પરના ભાવકનો તે ભાવ છે. અચેતનના લક્ષે થયેલો હોવાથી અચેતનનો ભાવ છે તેને પોતાનો માનીને અજ્ઞાની ‘હું ક્રોધ છું’ એવો પોતાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે.